માનવી મોંઘા મૂલનાં



વી. એસ. ગઢવી

VISIT…

LANZAROTE
Caliente.COM


માનવી
મોંઘા મૂલનાં

અનુક્રમણિકા

Manvi Mongha Moolna

(Gujarati Novel)

By: V. S. Gadhavi

This Epub Edition 2017

Published by

PRAVIN PRAKASHAN PVT. LTD.

Rajkot | INDIA

Website : www.pravinprakashan.com

E-mail : pravinprakashan@yahoo.com

અર્પણ

જેમની પ્રેરણા અને હૂંફથી જીવતર જીવાયું એવા –

પૂ. શક્તિદાનભાઈ તથા ફઈબાબહેન

પૂ. સામતભાઈ તથા તખતબા

પૂ. પ્રવીણભાઈ બોક્ષા તથા કૃષ્ણાબા

પૂ. ડૉ. મોરારદાન તથા રમાબાને

આ પુસ્તક અર્પણ કરતા કૃતાર્થતા અનુભવું છું.

|| રામ ||

ચિત્રકૂટધામ
તલગાજરડા

તા. 25-7-2017

આદરણીય વી. એસ. ગઢવીસાહેબની યોગ્યતા - ક્ષમતા - વિવેક - વિચારશીલતા - સ્વાધ્યાય - અભ્યાસ - પ્રસ્તુતિ - બધાં માટે શું શું કહું?

મારા અનુભવમાં મેં જોયું અને જાણ્યું એ આધારે દૃઢપણે કહી શકું કે એમનું શીલવાનપણું – કોઈપણને નમન કરવા વાધ્ય કરે એવું છે.

એમના અનુભવ અને અભ્યાસપૂર્ણ લેખોનું સંકલન - પ્રવીણ પ્રકાશન વડે થઈ રહ્યું છે એનો ખૂબ જ હરખ છે. આવા અનેક ઉત્તમ પ્રકાશનો માટે પ્રવીણ પ્રકાશનને ખૂબ ખૂબ ધન્યવાદ!

આ ગઢવીસાહેબનો આ પ્રાસાદિક પ્રયાસ સૌને પ્રેરણા અને પ્રકાશ આપશે એવી દૃઢ શ્રદ્ધા છે.

રામ સ્મરણ સાથે.

– મોરારિબાપુ

મિત્રકુટિર [illegible]
[illegible] ॥ [illegible] ॥ તા. ૨૪-૭-૨૦૧૭

આદરણીય ડૉ. [illegible] સાહેબની
[illegible] - [illegible] - [illegible] -
[illegible] - [illegible] - [illegible] -
માટે શું શું કહું ?

મારા જીવનમાં [illegible]
[illegible]
[illegible]
[illegible] છે

[illegible]
[illegible]
[illegible]
માટે [illegible] !

[illegible]
[illegible]
[illegible] [signature]

શુભેચ્છા સંદેશ

ગુજરાત રાજ્યના સહકાર વિભાગમાં અધિકારી તરીકે કારકિર્દીનો પ્રારંભ કરનાર શ્રી વસંતભાઈ ગઢવીએ નિષ્ઠા, ક્ષમતા અને નમ્રતા સાથે સ્વપુરુષાર્થથી જે સિદ્ધિઓ હાંસલ કરી છે, તે એક પ્રેરક જીવનનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

શ્રી વસંતભાઈની વિશેષતા એ છે કે ખૂબ શાંત-સ્વસ્થ ચિત્તે જટિલ પ્રશ્નોનો વિચાર-અભ્યાસ કરી દક્ષતાપૂર્વક તેનો ઉકેલ સુમેળભરી પદ્ધતિથી કરે છે. તેમની આવી આગવી કુનેહ માટે પ્રશ્ન એ થાય કે તેમણે આ શક્તિ કઈ રીતે વિકસાવી હશે?

આ પ્રશ્નનો ઉત્તર એ છે કે શ્રી વસંતભાઈ પૂરતા પ્રમાણમાં અભ્યાસ સાથે સંબંધિત સર્વે બાબતોનો વિચાર કરી સૌના સુખને ધ્યાનમાં રાખીને વિચાર, વાણી અને વર્તનમાં એકસૂત્રતા રાખે છે. આવા અભ્યાસુ અધિકારીનું પ્રમાણમાં અલ્પ ઉજાગર થયેલું પાસું એ છે કે તેઓ મૂળભૂત રીતે સાહિત્યના સંસ્કારથી રંગાયેલા છે. ગઢવી પરિવારમાં મા સરસ્વતીની સાધના પરંપરારૂપે હોય જ, પરંતુ આ વૈભવી વારસાને આત્મસાત્ કરી તેના આધારે વ્યક્તિત્વ અને કારકિર્દીનું ઘડતર કરવું તે એક અનોખી ઘટના છે. સરકારી સેવામાંથી નિવૃત્તિ બાદ તેમની કલમ-પ્રસાદીનો લાભ ગુજરાતની પ્રજાને મળતો રહે તે આનંદની બાબત છે.

તેમના લેખો જે કટાર સ્વરૂપે વર્તમાનપત્રોમાં પ્રકાશિત થયા તેનો સંચય પુસ્તકાકારે આપણી સમક્ષ આવે તો તેને વધાવીએ. જીવનનો મર્મ પામવા માટે જે ઉપયોગી છે તેવા પ્રસંગો, જીવનચરિત્રો, પુસ્તકો, કાવ્યોના વિવરણ દ્વારા શ્રી વસંતભાઈએ સંસ્કાર, સેવા અને સાહજિકતાનો ત્રિવેણીસંગમ રચ્યો છે. તેમની સરળ શૈલી ખૂબીપૂર્વક મહત્ત્વના મુદ્દાની છણાવટ કરે છે. સાહિત્યનો રસ તેને મધુર બનાવે છે અને અનુભવોનો અર્ક વસંતઋતુની જેમ સર્વત્ર ઉલ્લાસ અને ઉમંગ ફેલાવે છે. તેમના લખાણો આપણી ભાષાની અને વ્યક્તિવિશેષોની વિશિષ્ટતાઓ પ્રગટ કરતા રહે તેવી શુભેચ્છાઓ.

– પ્રવીણ ક. લહેરી

પૂર્વ મુખ્ય સચિવ, ગુજરાત રાજ્ય

સર પટ્ટણી અને કવિ કાગનું સહઅસ્તિત્વ

શ્રી વી. એસ. ગઢવી મૂળ તો મૌખિક પરંપરાના માણસ. એ ભાષાના માણસ છે એમ કહેવા કરતાં વાણીના માણસ છે એમ કહેવું ઘટે. રાજ્યના વરિષ્ઠ અધિકારી તરીકે એ ભલે વી. એસ. ગઢવી તરીકે ઓળખાય, પણ શ્રોતાના હકથી હું એમને વસંતભાઈ કહું. મિત્રો સાથેની વાતચીતમાં ગઢવીસાહેબ તરીકે ઉલ્લેખ થાય. આઈ.એ.એસ. અધિકારીઓમાં - આ ગુજરાત બહારના અને આ ગુજરાતના - એવું વર્ગીકરણ કરવાની મને ટેવ નથી. ભાષા-સાહિત્યમાં રસ હોય અને કુશળ વહીવટકર્તા હોય એ જ આદર માટેનું કારણ.

બે દાયકા કે એથી થોડો ઓછો સમય હશે. ગઢવીસાહેબ અમદાવાદમાં કલેક્ટર હતા. ચૂંટણી પૂર્વે મતદાર જાગૃતિ માટે એમણે ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હૉલમાં સંગોષ્ઠિ રાખી હતી. મને બોલવાની તક મળેલી. એ પછી સંપર્ક વધતો ગયો. પરોક્ષ સંબંધ તો સતત રહ્યો. શ્રી મોતીભાઈ ર. ચૌધરી ફાઉન્ડેશન ઉત્તર ગુજરાતના પાણીના પ્રશ્નો ઉકેલવા વિવિધ યોજનાઓ સાથે જોડાઈ કામ કરે. અમારા નિયામક જાસ્કણભાઈ ગઢવીસાહેબનું નામ લેતાં ધન્યતા અનુભવે. પ્રજાકીય કામોમાં સામે ચાલીને માર્ગદર્શન આપતા અધિકારીઓમાં ગઢવીસાહેબ સદા તત્પર. કર્તૃત્વની સભાનતા સહેજે નહીં. ઇષ્ટના અમલ પરત્વે મક્કમ. સાદ્યંત સાગના સોટા જેવા રહ્યા. સ્ફૂર્તિથી ભા થાય અને વક્તવ્ય લંબાવવા સમય માગે નહીં. શ્રોતાઓને થાય કે હજી વધુ બોલ્યા હોત તો સારું. એમની પાસે કહેવાનું તો ઘણું છે. લોકસાહિત્ય, સાહિત્ય અને જાહેર વહીવટના અનુભવો છે. સ્વકીય અને પ્રજાકીય સ્મૃતિ છે, સ્વસ્થ અવાજ છે.

નિરંજન વર્મા - નાનભા બારહઠ વિશેનો લેખ લાઘવયુક્ત રેખાચિત્ર છે. છેવાડાના વર્ગના બાળકો માટે ગૃહપતિ તરીકે નિરંજનભાઈએ કરેલા કામની વિશિષ્ટતાઓ પર ગઢવીસાહેબે ભાર મૂક્યો છે. બાળકોને મંદિરમાં જતાં રોકનાર સામે સંઘર્ષમાં તરવાની પણ તૈયારી. આશ્રમના એક બાળકને સર્પદંશ થતાં તેનું માથું ખોળામાં લઈને નિરંજનભાઈ આખી રાત બેસી રહે છે. અંતે માતાનું આક્રંદ કરતા આ ગૃહપતિ શિક્ષણનો મર્મ વ્યક્ત કરે છે. કરુણ ગાન એમના કંઠને અનુકૂળ હતું.

‘ચરિત્ર નિબંધના ઉત્તમ કસબી: સ્વામી આનંદ’. ઉત્તમ ચરિત્ર નિબંધ બને છે. ઉમાશંકરભાઈના નિવાસે બેએક વાર સ્વામીદાદાનાં દર્શન થયેલાં. સંગાડીનો લાભ પણ મળેલો. મેં અને રમેશ ર. દવેએ સ્વામીદાદા વિશે અધ્યયનગ્રંથ તૈયાર કરેલો છે. એ હજી વિનામૂલ્યે સુલભ છે. માત્ર સાત પૃષ્ઠમાં વસંતભાઈ સ્વામીદાદાની છબી ઉપસાવે છે. વર્ણન, કથન, દૃષ્ટાંતનો કેવી રીતે વિનિયોગ કરવો એ વસંતભાઈ બરાબર જાણે છે.

અગિયાર વર્ષ બાદ સ્વામી આનંદ બીમાર માતાને મળવા ગયા. "ફળિયામાં થોડાં ડગલાં માંડ્યાં-ન-માંડ્યાં ત્યાં જ પથારીમાં પડેલાં માતાએ સંન્યાસી થઈ ગયેલા દીકરાને નામ દઈને બૂમ પાડી" એક વાક્ય ઘણું કહી જાય છે: "પ્રભુ પણ મારા પુત્રરૂપે આવીને ઊભો રહે તો ઓળખું."

બારડોલી સત્યાગ્રહમાં સરદારને અને બિહારના ધરતીકંપ વખતે ડૉ. રાજેન્દ્રપ્રસાદને કરેલી મદદ કે સત્યાગ્રહ બદલ જેલવાસ જેવા પ્રસંગો થોડામાં ઘણું કહી જાય છે.

સ્વામી 'દો રોટી એક લંગોટી'ની રહેણીકરણીમાં માનતા. એવા સાધુઓ પણ એમણે જોયેલા. 'મારા પિતરાઈઓ'માં કુંભમેળાનો એક પ્રસંગ સ્વામીએ નોંધ્યો છે: એક સન્નારી વૃદ્ધ-અશક્ત સાધુને એમની કુટિયામાં જઈ લાડુ આપવા-સ્વીકારવા વીનવે છે. સાધુ ના પાડે છે, કેમ કે સવારે ભિક્ષા લીધી હતી, રાત્રે ખાવાની ટેવ નથી. સન્નારી કહે: "લાડુ મૂકી જાઉં છું, કાલ સવારે ખાવા કામ આવશે." સાધુ ના પાડે છે: "સુબહ કી ફિકર કરનેવાલા ભગવાન હૈ, કલ કી કૌન જાને?"

સ્વામીદાદા દ્વારા આપણને ઊજળી સંત-પરંપરાના દર્શન થાય છે એમ કહેવાની સાથે વસંતભાઈ આ પરંપરામાં પોતાની શ્રદ્ધા હોવાનો સંકેત મૂકી જાય છે.

જે.પી. વિશે નવું શું કહેવાનું હોય? પણ વસંતભાઈ સમાજવાદી જે.પી. કાલક્રમે કેવી રીતે ગાંધીમાર્ગી થયા એનો આલેખ આપે છે. ભારતને આઝાદી મળી. જે.પી. સત્તાના રાજકારણમાં ન જોડાયા. સંપૂર્ણ ક્રાંતિનો ન્યાય વધારતા રહ્યા. યુવાનોના નેતા બન્યા. ગુજરાતના નવનિર્માણ આંદોલનના અરસામાં આ લખનારને જે.પી. સાથે ત્રણ દિવસનો સત્સંગ પ્રાપ્ત થયેલો. જે.પી.નો પ્રશ્ન હતો: ગુજરાત કરતાં બિહારમાં અનેકગણો ભ્રષ્ટાચાર થયો, તો પણ ત્યાં આવું આંદોલન કેમ ન થયું? પછી એ પણ થયું. નારાયણભાઈ દેસાઈ જે.પી. વિશે વાત કરતાં થાકતા નહીં. જે.પી.-પ્રભાવતીદેવીએ ગાંધીમાર્ગે બ્રહ્મચર્ય સ્વીકાર્યું હતું. દીકરી દત્તક લીધેલી. એમના જમાઈ કુમાર પ્રશાન્તે જે.પી.નું જીવનચરિત્ર લખ્યું છે. કવિ અને વિચારક છે. શ્રી મોહન દાંડીકરે અનુવાદ માટે સંમતિ માગી છે. હમણાં ચંપારણ સત્યાગ્રહના સો વર્ષ વિશેના રાષ્ટ્રીય પરિસંવાદમાં સાહિત્ય અકાદમી દિલ્હીમાં શ્રી કુમાર પ્રશાંતને મળવાનું થયું. ઉઘરાણી કરી તો કહે: "સુધારું છું, મોકલીશ." ગુજરાતના સર્વોદય કાર્યકરો વિનોબા-જે.પી. વચ્ચે કટોકટીકાળમાં વધેલું અંતર હવે અપ્રસ્તુત માને છે. વસંતભાઈના કેટલાંક વાક્યો અહી ટાંકવા જેવા છે:

"વિનોબાજી પ્રેમપૂર્વક કહેતા કે જયપ્રકાશ એ આપણાં સર્વોદય આંદોલનમાં જોડાયેલા સંત છે."

"મહાત્મા ગાંધીએ એક વાર કહેલું કે સમાજવાદ વિશે જે જયપ્રકાશ નથી જાણતા તે આ દેશમાં બીજું કોઈ નથી જાણતું."

નાતાલ વિશેના લેખ 'જીવન અંજલિ થાજો' અંતર્ગત ભગિની નિવેદિતા, મધર ટેરેસા અને ગાંધીજી જેને 'ચાર્લી' કહેતા એ દીનબંધુ એન્ડ્રુઝનો સુરેખ પરિચય મળે છે. વિદ્યાર્થીઓને ભણાવવો ઘટે આ લેખ.

'દર્શકના દેશની યાત્રા'માં 'દર્શક'ના વ્યક્તિત્વ અને સાહિત્ય વિશે સરળ-સુબોધ પરિચય છે. વસંતભાઈને નાનાભાઈ-મનુભાઈ સાથે આત્મીયતાભર્યો આદર છે એ અહીં સ્પષ્ટ થાય છે. રાજ્યના અવિચારી આદેશને વશ ન થવાની વાત અહીં રેખાંકિત થઈ છે.

સ્વામી દયાનંદ સરસ્વતીનું આ સૂત્ર યાદ કરી લેવા જેવું છે:

"જન્મપત્ર કિમર્થં કર્મપત્રં શ્રેષ્ઠમ્."

કેશવચંદ્ર સેન(કલકત્તા)ના સૂચન પછી સ્વામી દયાનંદ સંસ્કૃતને બદલે હિન્દીમાં વ્યાખ્યાનો આપવાનું સ્વીકારે છે, જેથી એમની વાત વિશાળ જનસમુદાય સુધી પહોંચે.

કવિ કાગ વિશે તો વસંતભાઈ આખું પુસ્તક લખી શકે. ગુજરાતી લોકકવિતા માટે કવિ કાગ અનેક દૃષ્ટિએ મહત્ત્વ ધરાવે છે. ચારણો-ગઢવીઓ-બારોટોની અટપટી વાણીને કવિ કાગ સાવ સરળ, રસપ્રદ અને વિચારની વાહક બનાવે છે. ગાંધી, વિનોબા, રવિશંકર મહારાજ સાથેના પરિચય અને વધતા જતા સંબંધમાં મેઘાણી પણ નિમિત્ત બને છે. વસંતભાઈ ભારપૂર્વક કહે છે: "કાગબાપુ રાજદરબારી કવિ નથી, પણ રાજાઓમાં સાદગી અને લોકકલ્યાણને વરેલ ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી સાથે એમને પરસ્પર સ્નેહાદરનો સંબંધ હતો. સર પ્રભાશંકર પટ્ટણી સાથે પણ.

ગાંધીજી વિશેની રચના 'મોભીડો'માં કવિ કહે છે:

પોતે ચણેલામાં પોલ ભાળે તો,
પાયામાંથી જ પાડનારો.

આ તો સાદગીનો છેડો આવી ગયો. લોક સુધી ગાંધીવિચાર પહોંચાડવા ચણતર, પોલ અને પાયો જેવી સંજ્ઞાઓ સૌથી વધુ અસરકારક નીવડે. દરેક માણસને ચણતર સાથે અનિવાર્ય સંબંધ હોય છે.

'માડી! તુજને કોક જ જાણે કાગ' નામે બીજા લેખમાં વસંતભાઈ માતૃઉપાસના વિષયક રચનાઓનો પરિચય કરાવે છે. માતૃવંદના આ લેખકના લોહીમાં છે. એ પોતાની શ્રદ્ધા અનેક સ્થળે વ્યક્ત કરે છે.

“ઊજળા આચરણના બળ થકી જ જોગમાયાના આશીર્વાદ મળે છે અને ફળે છે. વિદ્યાનો પરંપરાગત વારસો જાળવીને બેઠેલા કવિ કાગ સહિતના સર્જકો એ ખરેખર તો એક સંસ્થાગત અને સ્થાયી વ્યવસ્થા છે. આ વ્યવસ્થા કે પરંપરાની ભવ્યતા જગતે જોઈ છે અને પ્રમાણી છે. આ જળી પરંપરાની મશાલ હાથમાં લેનારા બદલાયા કરે, પરંતુ તેનું તેજ તો યજ્ઞશિખાની જેમ સદાયે ઉજ્જ્વળ તથા પાવક રહે છે.”

(માતૃઉપાસના)

નારી આંદોલનના અદ્યતન સંદર્ભો સાથે ઘૂંટાયેલો લેખ છે: ‘યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે રમન્તે તત્ર દેવતા’ એવો જ બીજો લેખ છે: ‘યા દેવી સર્વભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા’:

જયમલ્લ પરમારની પ્રશંસા અતિશયોક્તિ લાગે, પણ છે વાસ્તવિક. એમણે સૌરાષ્ટ્રનો ‘રસધોધ વહાવ્યો’ છે. શ્રી રાજુલ દવેએ જયમલ્લભાઈના ગ્રંથો સતત સુલભ કરાવ્યા એ પણ અહીં ઉમેરવું જોઈએ.

રુસ્વા મઝલૂમી પાજોદના પ્રજાવત્સલ રાજવી હોવાની સાથે કેવું જીવંત વ્યક્તિત્વ ધરાવતા હતા એ વસંતભાઈ આલેખે છે. અહીં અમૃત ‘ઘાયલ’ પણ ગેરહાજર કેવી રીતે રહી શકે?

મહાન કવિ બ્રહ્માનંદ સ્વામી અને વિદ્વાન કવિ પિંગળશીભાઈ નરેલા વિશેના સુદીર્ઘ લેખ વિગતપ્રધાન વિવેચનમાં નમૂના બને છે. મહાકવિ ન્હાનાલાલ પિંગળશીભાઈને ભાવનગર મહારાજાના મુગટના એક અમૂલ્ય હીરા તરીકે ઓળખાવે છે. ચારણી સાહિત્યની જૂની જર્જરિત હસ્તપ્રતો ઉકેલવાની સૂઝ પિંગળશીભાઈમાં હતી.

‘ભગવતી આઈ શ્રી જીવામા’ વિશે લખતાં વસંતભાઈ જે શ્રદ્ધા વ્યક્ત કરે છે એ સામે મને પ્રશ્ન થતો નથી. મેં ‘સોમતીર્થ’ નવલકથામાં આઈની અલૌકિક લાગે એવી શક્તિનું એક પ્રકરણમાં નિરૂપણ કર્યું છે.

‘માંડી, મેં તો મનના ઉમંગ કેરી લહાણી રે’ એ નારાયણ દેસાઈની કથામાં ગવાતી પંક્તિ છે. નારાયણભાઈના પિતાશ્રી મહાદેવભાઈથી વાત શરૂ કરીને ગાંધીના ખોળામાં ઉછરેલા આ બાબલાના વિશ્વવ્યાપી પુરુષાર્થની કથા કહી છે. ગાંધીજી જાતિવિચ્છેદ થતો હોય એવા લગ્નમાં જ હાજરી આપતા. નરહરિભાઈને આશા હતી કે બાપુ બાબલાના લગ્ન પરત્વે અપવાદ કરશે, પણ બાપુનો ઐતિહાસિક જવાબ જુઓ: “બાબલો તો આપણો દીકરો ગણાય. દીકરો છે તેથી તેના માટે તો મારા સંકલ્પમાં અપવાદ ન થઈ શકે. દુર્ગાને કહેજો કે બાબલાને મારા આશીર્વાદ જરૂર મળશે, પરંતુ મારી હાજરી નહીં.”

વસંતભાઈએ નારાયણભાઈ વિશે વિસ્તારથી લખ્યું છે એથી રાજી થવાયું. અમારા સૂર-તાલ મળ્યા.

સર પ્રભાશંકર પટ્ટણી (પ્રગટાવ દીવો) શંકરદાન દેથા, ગોંડલના વિદ્વાન કોશકાર અને ન્યાયપ્રિય રાજવી ભગવતસિંહજી (સંવેદનશીલ શાસકનું પાવન સ્મરણ) અને વિનોબાજી વિશેના વિસ્તૃત લેખો આ પુસ્તકનું ગૌરવ વધારે છે.

અહીં વાર્તારસ જગવતા પ્રસંગો સરવાળે પ્રેરક વિચારમાં પરિણમે છે. સમગ્ર ગોહિલવાડ પ્રત્યે વસંતભાઈ માયા અનુભવે છે એવું લાગતું હતું. અહીં કારણ જડ્યું. ભાવનગરની બૉર્ડિંગમાં રહીને ભણ્યા છે. જે જીવનમૂલ્યોએ એમને પોષણ આપ્યું છે એ એમને આ દેશકાળમાંથી પ્રાપ્ત થયાં છે. વિનોબાજી પ્રત્યે એમને જે શ્રદ્ધા છે એના મૂળમાં નિકટનો પરિચય છે.

અહીં 'હરિરસ'નો મહિમા જાણીને એ ગ્રંથ વસાવવાની ઇચ્છા જાગી છે. વિનોબાજીએ 1916માં ઘર છોડ્યું, 1982માં દેહ છૂટ્યો. માનવમાત્રના કલ્યાણ માટે ચાલ્યા. વસંતભાઈ બાબાનું એક વાક્ય ટાંકે છે: "બાબાને ખુલ્લા આકાશ અને 'ગીતા'ના અઢાર અધ્યાયમાંથી કૅલેરી મળે છે.

શંકરદાન દેથા કેવા મોટા સંપાદક-સંશોધક હતા એ અહીં જાણવા મળ્યું. કાકાસાહેબે, કેદારનાથજી કે શ્રીમદ્ રાજચંદ્ર વિશે લખતા વસંતભાઈને વિધાયક જીવનદૃષ્ટિ અને સંસ્કૃતિનું શોધન-વર્ધન કરનાર પરંપરાના સિંચનમાં રસ છે. આ કર્તવ્ય એ અનાયાસ બજાવી શક્યા છે. સર પટ્ટણી અને કવિ કાગ બેઉનું એમના શબ્દમાં સહઅસ્તિત્વ છે. આનંદ થયો. અભિનંદન આપવાને બદલે આભાર માનું છું.

(અમદાવાદ)
તા. 9-6-2017

— રઘુવીર ચૌધરી

નિવેદન

'ફૂલછાબ', 'કચ્છમિત્ર', 'નવગુજરાત સમય' તથા 'ગાંધીનગર સમાચાર'માં પ્રસિદ્ધ થયેલા મારા કેટલાક લેખોનો આ સંગ્રહ સમાજને સમર્પિત કરતાં હર્ષની લાગણી અનુભવું છું.

જાહેર વહીવટના વિવિધ અનુભવોમાં અનેક મળવા ગમે તેવા લોકોને અનાયાસ મળવાનું થયું. તેમાંના જ કેટલાક લોકોના સંપર્કથી પ્રેરણા મળી અને પુરુષાર્થ કરવાનું બળ મળ્યું. મા સરસ્વતીની સાધના કરવાની સ્ફુરણા પણ આવા કોઈક કારણસર જ થઈ હશે તેમ માનું છું. મારા પિતાશ્રીના કારણે ભગતબાપુ, (દુલાભાઈ કાગ) શંકરદાન દેથા, મેરૂભા ગઢવી તેમજ જયમલ્લભાઈ પરમાર જેવા દિગ્ગજ લોકોના દર્શનનો તથા ક્વચિત્ વાતચીતનો પણ અવસર પ્રાપ્ત થયો. પ્રસંગોપાત ભાવનગર ચારણ બૉર્ડિંગમાં જગદંબા સ્વરૂપ પૂ. સોનબાઈમાના દર્શનના પ્રસંગો બન્યા. પૂ. આઈના આશીર્વાદે તથા પિંગળશીભાઈ પાયકના માર્ગદર્શને જીવનનું ઘડતર કરવામાં મોટો ભાગ ભજવ્યો. પિતાશ્રીની સાહિત્ય તરફની રુચિને કારણે બાળપણથી જ એક દિશાદર્શન થયું. અલગ-અલગ સરકારી યોજનાઓ કે કાર્યક્રમો વિશે તો લાંબા સમયથી લખવાનું શરૂ કર્યું હતું, પરંતુ સાહિત્ય સંબંધિત લખાણ 'અખંડઆનંદ' તથા 'ફૂલછાબ'ના તંત્રીશ્રીઓના આગ્રહથી આરંભાયું. અનેક મુરબ્બીઓએ હાથ પકડીને એ રસ્તે ડગ માંડવા હોંશથી માર્ગદર્શન આપ્યું.

પૂજ્ય મોરારિબાપુનો નિરંતર સ્નેહ તથા આશીર્વાદ હંમેશાં મળતા રહ્યા છે. આ પુસ્તક માટે તેમના આશીર્વાદ એ મારા જીવનની મોંઘેરી મૂડી સમાન છે. આદરણીય રઘુવીરભાઈએ લેખોની ચકાસણી કર્યા પછી પ્રસન્નતાપૂર્વક આ પુસ્તકની પ્રસ્તાવના લખી આપી છે, તેમનો ઋણી છું. અમારા હંમેશના માર્ગદર્શક તથા પ્રેરણાના સ્રોત સમાન મુ. શ્રી લહેરીસાહેબે પોતાની વ્યસ્તતા વચ્ચેથી સમય કાઢીને શુભેચ્છાઓ વ્યક્ત કરી છે. લહેરીસાહેબનો અંતઃકરણપૂર્વક આભારી છું.

પુસ્તક પ્રકાશનની પ્રક્રિયા અંગે મારી જાણકારી નહીવત્ છે. □□ બાબતમાં સતત ખેવના રાખીને ચીવટપૂર્વક મદદ કરનાર ભાઈ શ્રી રાજુલ દવેનું યોગદાન હંમેશાં યાદ રહે તેવું છે. પ્રવીણ પ્રકાશનના શ્રી ગોપાલભાઈ માકડિયા □□ક સમર્પિત પ્રકાશન માધ્યમથી જે રીતે નિષ્ઠાપૂર્વક કામગીરી કરે છે, તે સાંપ્રત સમયમાં □□નંદ તથા □□શ્ચર્ય ઉપજાવે તેવી બાબત છે. પ્રવીણ પ્રકાશનનો સહયોગ □□ સુખદ સહયોગ છે. મારા અધ્યયન કાર્યમાં મારા ધર્મપત્નીનો સતત સહયોગ મળ્યો છે, તેનો ઋણસ્વીકાર કરું છું. અનેક સાહિત્યપ્રેમી મિત્રોને શબ્દપુષ્પોનો □□ ગ્રંથ અર્પણ કરું છું.

(ગાંધીનગર)
તા. 1-8-2017

– વી. □□સ. ગઢવી

અનુક્રમ

*

1

સૃષ્ટિ તણું સનાતન રસાયણ:

પ્રાર્થનાનો ક્રમ જીવનભર જાળવનાર ગઈ સદીના તથા આવનારી અગણિત સદીઓના મહામાનવે જીવનના છેલ્લા દિવસે પણ પ્રાર્થનાનો ક્રમ બરાબર જાળવ્યો. પોતે ઊઠ્યા અને મનુબહેનને પણ ઉઠાડ્યા. સવારના પહોરમાં મનુબહેનને મહાત્માની સૂચના મળી:

"*'આજે મારે થાકે ન થાકે છતાંયે હો, માનવી! ન લેજે વિસામો'* એ ભજન સાંભળવું છે. આપણાં ભજનો-સંતોની વાણીની અવિરત અમૃતધારામાં ગાંધી નામના આ યુગપુરુષને કેટલી શ્રદ્ધા હશે! નિત્યક્રમમાં અસાધારણ નિયમિતતા જાણે એમની જ. સવારના પહોરમાં બંગાળીનો પાઠ પણ કર્યો. જીવનમાં જેને નિરંતર નૂતન દર્શન કરવું હોય તેણે પોતાની વિદ્યાર્થીવૃત્તિને મરવા દેવી જોઈએ નહીં તેવો સંદેશ બાપુના આવા રુટિનમાંથી સહેજે પ્રગટે છે. સાંજની પ્રાર્થનાસભા પહેલા બાપુ સરદારસાહેબ સાથે તન્મયતાથી વાતો કરતા હતા. આથી પ્રાર્થનામાં જવામાં થોડો વિલંબ થયો. આ વાતનો અણગમો પણ સ્પષ્ટ શબ્દોમાં ગાંધીજીએ વ્યક્ત કર્યો તેમ મનુબહેન પોતાની નોંધમાં ટપકાવે છે. આ મહાપુરુષના જીવનના છેલ્લા દિવસોની વ્યસ્તતા અને વ્યગ્રતાની અસામાન્ય વાતો મનુબહેન ગાંધી થકી આપણે મેળવી શક્યા. મનુબહેનના આ લખાણોને મોરારજીભાઈએ ઉચિત રીતે બિરદાવ્યા છે.

આ ભાતીગળ ક્ષણોના વિખરાયેલા ટપકાંઓ મેળવતા એક વિરાટ પુરુષનું દર્શન થાય છે. બીજી ઑક્ટોબર, 1869ના દિવસે જગતમાં આવેલા ગાંધી 30મી જાન્યુઆરી, 1948ના દિવસે મહાપ્રયાણ કરી ગયા. જોકે ગાંધીવિચાર સૂર્ય-ચંદ્રના પ્રકાશની જેમ આવનારા તમામ કાળમાં અનેક લોકોને માર્ગદર્શક અને પોષક બની રહેશે. કવિ જયંત પાઠકે ગાંધી અને તેમના વિચારોને સૃષ્ટિનું સનાતન રસાયણ કહ્યા તે કવિનું સત્યદર્શન છે.

ગયા ગાંધી તમે!
ના-ના, તમે તો નવજીવન
ક્લેશથી લાન્ત સૃષ્ટિનું
રસાયણ સનાતન.

ગાંધીજીના વિરાટ તથા ભાતીગળ વ્યક્તિત્વના અનેક પાસાં હતા. 'ગાંધીજીને જેમણે હસતા જોયા નથી, તેમણે ગાંધીજીને પૂરા ઓળખ્યા નથી' તેવું પંડિત નહેરુજીનું કથન

ગાંધીજીના વ્યક્તિત્વના હળવાશના પાસાંનો નિર્દેશ કરે છે. જ્યારે તક મળે ત્યારે વિનોદ કરવાની વૃત્તિ પણ ગાંધીજીમાં પ્રબળ હતી. 1938માં હરિપુરા કૉંગ્રેસનું અધિવેશન, ત્યારનો એક પ્રસંગ અમૃતલાલ વેગડે આલેખ્યો છે. બાપુને શાંતિનિકેતનવાળા પ્રસિદ્ધ ચિત્રકાર નંદલાલ બસુ પ્રિય હતા. બાપુ નંદબાબુને સર્જનાત્મક કલાકાર ગણાવતા હતા. હરિપુરા આવવા માટે બાપુએ નંદબાબુને આગ્રહ કર્યો. નંદબાબુ સ્વસ્થ ન હતા, છતાં ગાંધીજીના આગ્રહને કારણે આવ્યા. બાપુ તેમને આગ્રહ કરીને તિથલ (વલસાડ) લઈ ગયા. તિથલના દરિયાકાંઠે નંદબાબુ તેમના ચંપલ ઉતારીને ભીની તથા સુંવાળી રેતીના સ્પર્શની અનુભૂતિ કરતા દૂર સુધી ફરવા જતા રહ્યા.

નંદબાબુ પાછા આવીને ચંપલ શોધે છે. તે સમયે તેઓ જુએ છે તો બાપુ તેમના ચંપલની જાગૃત ચોકીદારી કરતા ખડા છે! નંદબાબુને પાછા આવેલા જોઈ બાપુએ એ જ મુક્ત હાસ્ય કરીને કહ્યું: "હું જાણતો હતો કે આ તારા ચંપલ છે. હું એમ ઇચ્છતો નહોતો કે કોઈ કૂતરું આવીને તારું એક ચંપલ લઈ જાય અને બીજું ચંપલ નિસાસા નાખતું પડ્યું રહે!" બાપુની વાત સાંભળી નંદબાબુ તાજ્જુબ થઈ ગયા તથા આ ઘટના પછી કેટલાયે દિવસ ચંપલ પહેરી ન શક્યા. હરિપુરા અધિવેશનમાં બાપુએ નંદબાબુને પોતાની કુટિર પાસે ઉતારો અપાવ્યો. બાપુના દર્શન કરવા આદિવાસી મહિલાઓનું એક ટોળું બાપુની કુટિરમાં આવ્યું. ગાંધીજીને વિનોદ સૂઝ્યો. એમણે મળવા આવેલી બહેનોને કહ્યું: "જુઓ, સામે પેલી ઝૂંપડીમાં બંગાળના એક મોટા મહાત્મા ઉતરેલા છે. એમના દર્શન કરતા જજો." મહિલાઓ આશીર્વાદ લેવા માટે નંદલાલ બસુના ઉતારે ટોળે વળી. નંદબાબુની મૂંઝવણનો પાર નહીં. તેઓ કાંઈ સમજી પણ ન શક્યા. પાછળથી ગાંધીજીએ હસતાં-હસતાં રહસ્યસ્ફોટ કર્યો ત્યારે નંદબાબુને બાપુના આ 'કાવતરા'ની જાણ થઈ!

જન્મજાત કલાકાર નંદબાબુ જિજ્ઞાસારત તથા નિર્દોષ આદિવાસી મહિલાઓનું નયનરમ્ય ચિત્ર આ ઘટના પરથી બનાવી શક્યા હતા અને બંગાળી ભાષામાં બાપુના આ કાવતરાની વાત પણ લખી દીધી હતી. જીવનની રસિકતા તેમજ પવિત્રતા બંનેને સમાંતરે ટકાવી રાખે તેવા બાપુ સર્વગુણસંપન્ન હતા. શાયર શેખાદમ આબુવાલાએ આ વાત સુંદર શબ્દોમાં લખી છે:

નમ્રતામાં ચંદ્ર તો
ગૌરવ મહી સૂરજ હતો,
સ્નેહમાં સાગર હતો,
સંયમ મહી પંકજ હતો,
એમ તો કંઈ કેટલી
ઉપમા તને આપી શકાય,

આટલું શું બસ નથી?
ઈન્સાનોમાં એક જ હતો!

ગાંધીજીના શબ્દોમાં સ્પષ્ટતા તથા ભાષામાં પ્રવાહી સરળતાના કારણે લોકોને સમજાવવી મુશ્કેલ જણાતી હોય તેવી વાત પણ સામાન્ય લોકો સુધી પહોંચી શકતી હતી. ગુજરાત સાહિત્ય પરિષદના યાદગાર અધિવેશનમાં કવિગુરુ ટાગોરની ઉપસ્થિતિ સમગ્ર સભાને એક અનેરું ગૌરવ અપાવનારી બની રહી હતી. ટાગોરે અંગ્રેજીમાં પ્રવચન કર્યું. એક તો કવિગુરુની સાહિત્યકાર તરીકેની હિમાલય સમાન પ્રતિભા અને તેમાંયે સાહિત્ય પરિષદમાં તેમનું મનનીય વક્તવ્ય અંગ્રેજી ભાષામાં થયું, એટલે ભાવકોએ માગણી કરી: "આ પ્રવચનનું ગુજરાતીમાં ભાષાંતર સંભળાવો. કવિગુરુની આ વાણીનું ભાષાંતર અશક્ય છે તેમ સાહિત્યકારોને લાગ્યું. આ પડકાર પણ કોશ ચલાવનાર કિસાનને સમજાય તેવું સરળ સાહિત્ય રચવાની હિમાયત કરનાર મહાત્માએ સ્વેચ્છાએ ઝીલી લીધો. ગાંધીજીએ પરિષદની સભામાં ટાગોરના પ્રવચનનો ગુજરાતી તરજુમો રજૂ કર્યો.

ગાંધીનું ભાષાંતર કવિગુરુના ભાવમય તથા ચિંતનયુક્ત શબ્દોને જનસામાન્યને સમજાય તેવી સરળ ભાષામાં રજૂ કરતું હતું. આ ઘટનાનો સંદર્ભ આપીને ઝવેરચંદ મેઘાણી લખે છે કે તળપદી લોકવાણીના મજબૂત સહારે ગાંધી અશક્યને પણ શક્ય બનાવે છે. સાહિત્યમાં પણ ગાંધીગીરીના જ્વલંત દસ્તાવેજ સમાન આ ઘટના છે. દુલા ભાયા કાગ જે મહામાનવને 'સો-સો વાતુંનો જાણનારો કહે છે, તે સામાન્ય જનસમુદાયની લાગણીને સમજનારો અને 'મેલાંઘેલાંને માનનારો ખરે જ નોખી માટીનો માનવી હતો.

સો-સો વાતુંનો જાણનારો,
ગાંધી મારો ઝાઝી વાતુંનો ઝીલનારો
ભાંગ્યા હોય એનો ભેરુ થનારો
મેલાંઘેલાંને માનનારો
એ... ઉપર ઉજળાં ને મનનાં મેલાં
એવા ધોળાને નહીં ધીરનારો...
મોભી મારો સો-સો વાતુંનો જાણનારો.

જીવન-ઘડતરના મહત્ત્વના બે દાયકા જેવો સમય આફ્રિકામાં ગાળીને બૅરિસ્ટર ગાંધી ભારત આવ્યા. ગોખલેજીની સલાહ મળી અને તે પ્રમાણે દેશનું ભ્રમણ ગાંધીજીએ ખુલ્લી આંખે કર્યું. બનારસની સભામાં રાજા-મહારાજાઓ તથા ગોરા હાકેમોને મોઢામોઢ અને ખુલ્લેખુલ્લા કડવી લાગે તેવી વાસ્તવિક વાતો કરી. તે સમયના માહોલમાં આ પ્રવચન એક અસામાન્ય ઘટના ગણાય તેવું હતું. આવનારા દિવસોમાં આ મહાત્માના 'કિંગ

સાઇઝ રોલ'નું આ નાનું ટ્રેલર હતું. દેશના અનેક વિચારવંત અને જાગૃત નાગરિકોને નવા આગંતુક ગાંધીમાં એક અલગ શક્તિના દર્શન થયા. ગિરમીટિયાઓની અનેક પ્રકારની તકલીફોની પ્રતીતિ ગાંધીજીને તેમના આફ્રિકાના રહેણાક દરમિયાન થઈ હતી. કરારના આધારે આફ્રિકા ગયેલા તથા ગિરમીટિયા નામે ઓળખાતા આ શ્રમિકોને માનવીય મૂલ્યો પ્રમાણે ન્યાય મળે તેની લડત ગાંધીજીએ ચલાવી હતી. પૂરા વિશ્વનું ધ્યાન તેના તરફ ખેંચાયું હતું.

મજૂરવર્ગના સદાકાળ શોષણની વ્યવસ્થાનો સક્રિય પ્રતિકાર કરવાનો ગાંધીજીનો મૂલ્યવાન અનુભવ હતો. આથી ચંપારણના ખેડૂતોની સ્થિતિ તેમની બારીક આંખોએ તરત જ પકડી પાડી. શોષણની એક સ્થાયી વ્યવસ્થા પણ કેવી મજબૂત રીતે ગોઠવાતી હોય છે તેનું જ્વલંત ઉદાહરણ એટલે ચંપારણના ખેડૂતો માથે થોપવામાં આવેલી 'તીનકઠિયા'ની અન્યાયકર્તા પ્રથા. ગળીના કારખાનાની માલિકી ગોરા લોકોની હતી. કારખાના ચાલુ રહે તો જ મબલખ નફો આ માલિક લોકોને મળી શકે, આથી તેમને સમયસર માલ મળતો રહે તે માટે ગળી કાચા માલ તરીકે મળવી જરૂરી હતી. આથી ખેડૂતોએ તેમની જમીનના અમુક ભાગમાં ગળીનું વાવેતર ફરજિયાત કરવું તેમ નક્કી કરવામાં આવ્યું. કિસાનોને આ વાવેતરનો ફાયદો થાય કે ન થાય તે વાત કારખાનાના માલિકો માટે ગૌણ હતી. શ્રમિકોના કલ્યાણનો કોણ વિચાર કરે? વિચાર કર્યા પછી અસરકારક રીતે અવાજ પણ કોણ ઉઠાવે? ગાંધીજીના ચંપારણ આગમનથી કિસાનોમાં એક નવી આશાનો સંચાર થયો. ગોરા જમીન માલિકો તેનાથી ભય પામ્યા. ગાંધીજીની તાર્કિક તથા હકીકતબદ્ધ રજૂઆત થકી શ્રમિકોના શોષણની વાત સ્પષ્ટ થતી હતી.

સાચી વાત માટે સ્થાનિક તંત્રનો ભય દૂર રાખીને સક્રિય પ્રતિકારનો પાઠ રાજ્યના લોકસમૂહને મળ્યો. બિહાર જાગૃત થયું. સમગ્ર દેશ પણ આ નવી ગતિવિધિથી સચેત થયો. અન્યાયનો અહિંસક પ્રતિકાર થયો. ચંપારણના જંગ થકી સમગ્ર દેશને ગાંધી વિચારનો તેજસ્વી સૂર્યોદય થતો દેખાયો. સત્યાગ્રહની સાધનશુદ્ધિ તેમજ કોઈના પણ તરફ કડવાશ દેખાડ્યા સિવાય લડાયેલી આ લડતે ગાંધીજીને સમગ્ર દેશના શોષિતોના વહાલેશ્રી તરીકે સ્થાપી દીધા. શસ્ત્રો-દારૂગોળાની સહેજ પણ ખેવના કર્યા સિવાય પ્રેમ તથા અહિંસાના આયુધોથી વિજય મેળવવાના એક નવા યુગનો ચંપારણથી આરંભ થયો. 'આમ પણ થઈ શકે' તેવી વાત અનેક લોકોની સમજમાં ગાંધીવિચાર થકી તરી. હથિયાર ધારણ કર્યા સિવાય પણ વિજય મેળવવાની એક નૂતન પ્રથાનો સૂર્યોદય ગાંધી વિચાર થકી જગતમાં ફેલાયો અને ફેલાતો રહ્યો. કવિ ભૂદરજી લાલજી જોશીએ લખ્યું છે તેમ લાઠીનો માર ઝીલીને તથા રામનામનું રટણ કરીને આવું વિરોચિત કાર્ય ગાંધી સિવાય કોણ કરી શક્યું હોત?

તોપ તલવાર નહીં,
બંદૂક-બારુદ નહીં,

હાથ હથિયાર નહીં,
ખુલ્લે શિર ફિરતે
વિકૃત વિજ્ઞાન નહીં,
બંબર વિમાન નહીં,
તરકટ તોફાન નહીં,
અહિંસા વ્રત વરતે,
ટેંકોકા ત્રાસ નહીં,
ઝેરી ગિયાસ નહીં,
લાઠીકા સહત માર
રામ-રામ રટતે
ભૂદર ભનંત બિન શસ્ત્ર
ઇસ જમાને મેં ગાંધી બિન
બસુધા મેં કૌન વિજય વરતે.

ગાંધીનું જીવન એક ભવ્યક્તથા ઉજ્જ્વળ અસફળતાની કહાની છે તેવું નારાયણ દેસાઈનું વિધાન વિચાર કરતા કરી મૂકે તેવું માર્મિક છે. એમ તો ઈશુ અને બુદ્ધના કરુણાના સંદેશને સાંભળ્યા પછી પણ જગત ક્યાં હિંસક ઘર્ષણોથી મુક્ત થઈ શક્યું છે? ગાંધીનું જીવન એ સતત પ્રયોગશીલ જણાય છે. ઘણાં અસફળ પ્રયોગો પણ આખરી સફળતા તરફ દોરી જનારા બને છે. ગાંધીજીની જીવનયાત્રા અસફળ હોય તો પણ ગાંધીને માનવતાના ઉચ્ચ શિખરે લઈ ગઈ છે તેવું નારાયણ દેસાઈનું અવલોકન યથાર્થ છે. દક્ષિણ આફ્રિકાની કચડાયેલી અને અનેક પ્રકારના અન્યાય સહન કરીને મૂંગી થયેલી પ્રજામાં ગાંધીએ ચેતનાનો નવસંચાર કર્યો. હિન્દુસ્તાનની પ્રજાના દિલો-દિમાગમાં સત્ય-અહિંસા સાથે જ અભયનો દીપ પ્રગટાવ્યો. બાપુએ એક નવા ઇતિહાસનું સર્જન કર્યું. જગત આજે પણ તેનું સન્માન કરે છે.

ગાંધીની વાતો કાળબાહ્ય થઈ નથી. વિશ્વમાં નેલ્સન મંડેલા જેવા અનેક દિગ્ગજોએ પ્રજાના સાર્વત્રિક તથા સદાકાળના કલ્યાણ માટે ગાંધી વિચારમાંથી પ્રેરણા લીધી છે. ગાંધી એ ખરા અર્થમાં ઇતિહાસના સર્જક હતા. બાપુએ આચાર્ય કૃપલાણીને આ બાબતમાં ઐતિહાસિક જવાબ આપ્યો હતો! કૃપલાણીએ કહેલું: "અહિંસા દ્વારા દેશ સ્વતંત્ર થયો હોય તેવો દાખલો વિશ્વના ઇતિહાસમાં નોંધાયો નથી." ગાંધી કહે છે: "તમે ઇતિહાસ શીખવનારા છો, હું ઇતિહાસ ઘડનારો છું. અહિંસક પ્રતિકારથી આપણે સ્વરાજ્ય મેળવીશું, પછી ઇતિહાસના અધ્યાપકો તેના પર વ્યાખ્યાનો આપશે." નમ્રતા સાથે દૃઢતાના ગિરિશૃંગ સમાન મહાત્માનું જીવન હતું. કવિ પ્રદીપજીના શબ્દો યાદ આવે:

મનમેં થી અહિંસાકી લગન
તન પે લંગોટી, લાખો મેં
ઘૂમતા થા લિયે સત્યકસોટી
વૈસે તો દેખને મેં થી
હસ્તી તેરી છોટી, લેકિન
તુઝે ઝૂકતી થી હિમાલય કી
ભી ચોટી.
દુનિયામેં તું બેજોડ થા
ઇન્સાન બેમિસાલ,
સાબરમતી કે સંત તુને
કર દિયા કમાલ.

*

2

વિનોબાજી: સમાજને પોષક જીવનરસનું ઝરણું

પંચમહાભૂતના બનેલા આ દેહનો સંબંધ જળ-જમીન સાથે નાળ-સંબંધ જેવો સાહજિક છે, આથી જ જમીનથી અળગા થવાનું માનવ કે કદાચ સજીવમાત્ર પસંદ કરતાં નથી. 'અથર્વવેદના ઋષિએ આથી જ ભૂમિ તથા માનવીના જોડાણને માતા-સંતાનના જોડાણ તરીકે ઓળખાવ્યું છે. આથી જમીનની સાહજિક ઝંખના સાથે 18 એપ્રિલ, 1951ના દિવસે કેટલાક ભૂમિહીન લોકોએ નિરંતર યાત્રી વિનોબાજી સમક્ષ ભૂમિની માગણી કરી. તેલંગણના પોચમપલ્લી ગામમાં આ ઘટના બની. પોચમપલ્લી ગામના આ ભૂમિહીન લોકો માટે જમીનની ટહેલ બાબાએ ગામની સભામાં કરી. સભામાં સ્વાભાવિક રીતે જ ગામના કેટલાક જમીનદારો પણ હાજર હતા. પછી જે ઘટના ઘટી તે ચમત્કારિક હતી. સભામાં હાજર રહેલા જમીનમાલિકોએ એકસો એકર જેટલી જમીન બાબાની ટહેલના પ્રતિસાદરૂપે તરત જ દાનમાં આપી, જેથી આ જમીન ભૂમિહીનોને ફાળવી શકાય.

આ ઘટના બની તેના સંદર્ભમાં બાબા લખે છે: "આ ઘટના બની તે રાતે 3-4 કલાક જ ઊંઘ આવી, એ શી ઘટના બની? હું વિચારમાં પડી ગયો. મારી ભગવાનમાં શ્રદ્ધા છે અને ભગવાન બાદ ગણિતશાસ્ત્ર પર વિશ્વાસ છે. મારું ગણિત ફટાફટ ચાલ્યું. જો આખાયે ભારતના ભૂમિહીનો માટે જમીન માગવી હોય તો પાંચ કરોડ એકર જમીન જોઈએ. એટલી જમીન માગવાથી મળે? ઈશ્વર સાથે સંવાદ થયો. ઈશ્વરે કહ્યું: 'જો એમ ડરીશ અને શંકા કરીશ તો તારે અહિંસાનો દાવો છોડવો પડશે. શ્રદ્ધા રાખ અને (જમીન) માગતો જા. જેણે બાળકના પેટમાં ભૂખ મૂકી છે, તેણે માતાના સ્તનમાં દૂધ પણ રાખ્યું છે.' મારી શંકાનું સમાધાન થઈ ગયું. બીજા દિવસથી ભૂમિહીનો માટે જમીન માગવાનું શરૂ થયું. મનુષ્યના દિલમાં રહેલી ભલાઈ જગાડી શકાય છે." ભૂદાનના આવા જગતભરમાં અજોડ આંદોલનના પ્રણેતા વિનોબાજી કુદરતી સંસાધનોની સમુચિત વહેંચણીની અનિવાર્ય આવશ્યકતા પારખી શક્યા અને ભૂદાનયજ્ઞ પ્રજ્વલિત થયો.

સંપત્તિની વહેંચણી વંચિતોને કરવાની વિનોબાની દૃષ્ટિ સર્વકાળે સરખી પ્રસ્તુત છે. આજ તથા આવતીકાલના કાળમાં પણ આ વાત ચૂકી જવાય તો સ્વસ્થ સમાજનું નિર્માણ માત્ર એક દૂરનું સ્વપ્ન બનીને રહે. સર્વજન હિતાય તથા સર્વજન સુખાયની કલ્પના એ ઉપદેશોથી નહીં, પરંતુ વિનોબાજીએ લોકસમૂહની માણસાઈ જગાડીને કરી. આજે આપણે તે દિશામાં જઈ રહ્યા છીએ કે કેમ તેનું મૂલ્યાંકન જાગૃત નાગરિકોએ

અનિવાર્ય રીતે કરવું પડશે. આવક અને તકની અસમાન ઉપલબ્ધિ દેખાતી હોવાના કારણે જે આક્રોશનો અનુભવ સમાજ સમયાંતરે કરતો રહે છે, તેના મૂળમાં સમાજ તથા સરકારે ઊંડા તરવું પડશે. જ્ઞાની ગણાતા વિદ્વાનો જે વાત સમજી ન શક્યા તે વાત વિનોબાજીએ બારીક દૃષ્ટિથી પકડી અને ભૂદાનના કાર્યમાં વેગ લાવ્યા.

વિશ્વના દરેક ભાગમાં જનસમૂહને પ્રવાસ કે યાત્રામાં હંમેશાં રસ પડેલો છે. પ્રવાસમાં શ્રદ્ધા તથા ભક્તિનું તત્ત્વ ભળે ત્યારે તે પ્રવાસનું યાત્રામાં રૂપાંતર થાય છે. અનેક વિચારશીલ લોકોએ સમાજને દોરવણી આપતાં પહેલાં યાત્રા કે દેશાટન કરેલા છે. સ્વામી સહજાનંદ કે મહર્ષિ દયાનંદે પણ વ્યાપક યાત્રા કરીને સમાજની નબળાઈઓ પ્રથમ તો જાણી તથા અનુભવી છે અને ત્યારપછી તે નબળાઈ કે ક્ષતિઓ દૂર કરવાના પ્રયાસ આદરેલા છે. મહાત્મા ગાંધીએ પણ આફ્રિકાથી પાછા આવ્યા બાદ ગોખલેજીની સલાહ અનુસાર હિન્દુસ્તાનના દૂરસુદૂરના ખૂણા યાત્રાના માધ્યમથી જોયા અને જાણ્યા છે. યાત્રાના વાસ્તવિક અનુભવો લીધા પછી જ ગાંધીજીએ સત્યાગ્રહની લાંબી લડતના મંડાણ કરેલા છે. રવિશંકર મહારાજ તો નિરંતર પથિક હતા જ. મહારાજને પોતાની અવિરત પદયાત્રામાં માણસાઈના દીવાના દર્શન થયા હતા. સૂફી સંતો પણ શોષિતોની ઝૂંપડીઓમાં વણનોતરે ગયા છે અને તેમના દર્દની વાતોની પ્રતીતિ કરી છે. વિનોબાજી પણ આવા એક અણનમ યાત્રી હતા. ‘થાકે ન થાકે છતાંયે, ઓ માનવી! ન લેજે વિસામો’ વાળી કવિની વાત બાબા(વિનોબાજી)એ જીવી બતાવી હતી.

1916માં ઘર છોડ્યું ત્યારથી 1982માં દેહ છૂટ્યો ત્યાં સુધી બાબા પગ વાળીને બેઠા નથી. માનવમાત્રના કલ્યાણનો વિચાર તથા સતત સ્વાધ્યાય તેમના જીવનમાં અભિન્ન રીતે વણાયેલાં હતા. બ્રિટિશ સરકારની નાની એવી જેલની કોટડીમાં કેદ વિનોબાજીને એક વાર જેલરે પૂછ્યું: “અહીં તમને દુ:ખનો અનુભવ નથી થતો?” વિનોબાજી કહે: “અહીં આકાશદર્શન દુર્લભ છે તેનું દુ:ખ છે.” તેઓ હંમેશાં કહેતા: “બાબાને ખુલ્લા આકાશ અને ‘ગીતાના અઢાર અધ્યાયમાંથી કેલેરી મળે છે.’ જે ભૂમિની આસક્તિના કારણે અનેક યુદ્ધો ખેલાયા અને વિનાશક સંહાર થયા, તે જ ભૂમિ સ્વેચ્છાએ વંચિતોને આપવાની વાત બાબા અસંખ્ય જમીનમાલિકોને સમજાવી શક્યા, તે વીસમી સદીનો એક અદ્‌વિતીય ચમત્કાર ગણી શકાય. આથી જ આચાર્ય વિનોબા ગાંધીજીના વૈચારિક સ્વરૂપના ખરા વારસદાર હતા.

ગાંધીજીએ 1941માં વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કરવાનો સંકલ્પ જાહેર કર્યો. એક-એક ચુનંદા સત્યાગ્રહીને તૈયાર કરવાની તેમજ આ સત્યાગ્રહના માધ્યમથી વિદેશી સરકાર સામે મુક્તિની મશાલ ધરવાની બાપુની આ નવી રણનીતિ હતી. દેશના અનેક લોકોના મનમાં એ જાણવાની ઉત્કંઠા હતી કે બાપુ પહેલા સત્યાગ્રહી તરીકે કોની પસંદગી કરશે? કોણ એવો સદ્‌ભાગી હશે, જેના નામ પર ગાંધીજી મંજૂરીની મહોર મારશે? ગાંધીયુગના એ કાળના દિગ્ગજ નેતાઓના સમૂહમાંથી કોઈ એકની પસંદગી

પ્રથમ સત્યાગ્રહી તરીકે કરવાની હતી, તેથી તે બાબત તરફ લોકોનું વિશેષ ધ્યાન કેન્દ્રિત થયું હતું. અંતે બાપુની પસંદગીનો કળશ વિનોબાજી પર ઢળ્યો. વિનોબાજી સેવાગ્રામમાં બાપુ સમક્ષ હાજર થયા. બાપુએ પ્રથમ સત્યાગ્રહીની જવાબદારી સ્વીકારવા વિનોબાને જણાવ્યું. વિનોબાની આ કામ માટે અનુકૂળતા તથા સંમતિ જાણવા બાપુએ પ્રયાસ કર્યો. વિનોબાજી કહે: "આપનો હુકમ તથા યમરાજનો હુકમ પાછા ક્યાં ઠેલી શકાય છે?" અને વિનોબાજી દેશના પ્રથમ સત્યાગ્રહી તરીકે અસાધારણ આત્મબળથી ઝળહળી ઊઠ્યાં.

વિનોબાજીના બાપુ સાથેના મિલનની પૂર્વભૂમિકા પણ જાણવામાં રસ પડે તેવી છે. બનારસ હિન્દુ યુનિવર્સિટીના શિલાન્યાસ (1916) સમયનું ગાંધીજીનું તે કાળનું બહુચર્ચિત વક્તવ્ય વાંચીને વિનાયક નરહરિ ભાવે નામનો એકવીસ વર્ષનો તરુણ કાશીથી હિમાલય તરફ જવાનો નિર્ણય બદલીને સાબરમતીના કિનારે આફ્રિકાથી પરત આવેલા ગાંધીભાઈને મળવા અમદાવાદ પહોંચી ગયો. બનારસના એ ગાંધીજીના પ્રવચનમાં મોટા-મોટા અંગ્રેજ અમલદારો તથા રત્નમણિમંડિત રાજાઓની નબળાઈઓ તેમને મોઢામોઢ સંપૂર્ણ નિર્ભયતાથી અને છતાં કડવાશના ભાવ સિવાય કહેનાર આ વીરમાં વિનોબાજીને જુદી માટીના માનવીના દર્શન થયા. ગાંધીજીને મળ્યા અને ગાંધીવિચારના આજીવન જ્યોતિર્ધર બની રહ્યા. ગાંધીજીને પણ આ વિશિષ્ટ અનુયાયીનું તેજ પારખી તેમને 'જ્ઞાનદેવ અને તુકારામના પગલે ચાલતા સાધક' તરીકે ઓળખાવ્યા. વિનોબાજીના પિતાને પત્ર લખીને ગાંધીજીએ જણાવ્યું: "તમારો પુત્ર મારી પાસે છે. આટલી નાની ઉંમરમાં જ વિનોબાએ જે તેજસ્વિતા અને વૈરાગ્ય કેળવ્યા છે તે કેળવતા મને વર્ષો લાગ્યા હતા." દીનબંધુ એન્ડ્રુઝને બાપુએ કહ્યું: "આશ્રમના દુર્લભ રત્નોમાંના તે એક છે. તેઓ (વિનોબા) પામવા નહી, પરંતુ આપવા આવ્યા છે."

સ્વયં બાપુના મનમાં આવું સ્થાન પ્રાપ્ત કરનાર વિનોબાજી-વિનાયકનો જન્મ 11મી સપ્ટેમ્બર, 1895ના દિવસે મહારાષ્ટ્રમાં થયો હતો. ગાંધીવિચારની ગંગોત્રીને ભૂમિ પર ઉતારવાનો સંકલ્પયોગ હૈયે કોતરીને જીવનભર કર્મશીલ રહેનાર વિનોબાજીની વિશેષ સ્મૃતિ સપ્ટેમ્બર માસમાં થાય છે. મહાદેવભાઈ તથા નારાયણ દેસાઈ તેમ જ કાન્તિભાઈ શાહ(પિંડવળ)ની નિષ્ઠાપૂર્વકની લેખન તેમજ સંપાદનની મહેનતને કારણે વિનોબાજીના જીવનની-વિચારની અનેક વાતો આપણા સુધી પહોંચી છે.

વિનોબાજીના અનેક અવિસ્મરણીય કાર્યોમાં તેમના 'ભગવદ્ગીતારુ પરના પ્રવચનો અગ્રસ્થાને છે. અંગ્રેજ સત્તાધીશો સામેની આરપારની લડાઈમાં સત્યાગ્રહીઓ માટે જેલનિવાસ તેમજ ક્રાંતિકારીઓ માટે ફાંસીના માંચડા કે આજીવન કેદની સજા એ નવાઈની વાત રહી ન હતી. વિનોબાજી આ પ્રક્રિયાના જ એક ભાગ તરીકે ધૂળિયા જેલમાં 1932માં હતા, ત્યારે 'ગીતા'ના દરેક અધ્યાયને આવરી લઈને જેલના સાથીઓ સમક્ષ પ્રવચનો કર્યા. સાને ગુરુજીએ આ પ્રવચનો લિપિબદ્ધ કર્યા.

'ભગવદ્‌ગીતાનું મૌલિક વિચાર વિવરણ વિનોબાજીએ કુશળતાપૂર્વક કર્યું. વર્ષો પહેલાં બાળપણમાં પોતાની માતાને આપેલા વચનને પણ વિનોબાજીએ પાળી બતાવ્યું. વિનોબાજી નાના હતા ત્યારે તેમના બા રોજ કથા સાંભળવા જતા. એક વાર સંસ્કારમૂર્તિ સમાન માતાએ પુત્રને કહ્યું: "'ગીતા' સંસ્કૃતમાં છે, તેથી તે સમજવામાં સંસ્કૃતની જાણકારી ન હોય તેને તકલીફ પડે છે. આથી માતાએ પ્રતાપી પુત્રની શક્તિને પારખીને જણાવ્યું: "તું જ કેમ 'ગીતા'નો અનુવાદ નથી કરતો? તું આ કામ કરી શકે તેમ છે." માતાની ચિરવિદાય પછી એક દસકા બાદ વિનોબાજીએ માતાના આગ્રહને હૈયે ધરીને 'ગીતાઈ'ની રચના કરી.

'ગીતાઈ' એટલે 'શ્રીમદ્ ભગવદ્‌ગીતા'નો સમશ્લોકી મરાઠી અનુવાદ. નામ પણ સુંદર તથા અર્થપૂર્ણ આપ્યું. ગીતા = ગીતા + આઈ. 'મા'ને મરાઠીમાં 'આઈ' કહે છે. આપણે ત્યાં પણ 'માતા' માટે 'આઈ' શબ્દ જાણીતો બન્યો છે. વિનોબાજી લખે છે: "મા શબ્દના બધા ભાવ તેમને 'ગીતા'માં જોવા મળેલા છે. માતાના પુણ્ય-સ્મરણમાં 'ગીતા'માતાનું ગાન એ વિનોબાજી થકી સમાજને મળેલી અમૂલ્ય ભેટ છે. વિનોબાજીએ મરાઠીમાં લખેલા સુંદર શબ્દોનો ગુજરાતી અનુવાદ પણ વાંચવો-સાંભળવો ગમે તેવો છે.

ગીતાઈ મારી મા,
તેનો હું બાળ અબોધ;
પડું છું, રડું છું, ઊંચકીને તે,
ખોળામાં લઈ લે છે.

'ભગવદ્‌ગીતા'ની જેમ વેદ-ઉપનિષદો તથા 'કુરાને શરીફ'નું અધ્યયન પણ વિનોબાજીએ ઊંડાણથી કર્યું. વિનોબાજીનું જીવન એ અસાધારણ બુદ્ધિપ્રતિભા તથા સાતત્યપૂર્ણ અધ્યયનશીલતાનું જવું તથા પ્રેરણાદાયક ઉદાહરણ છે. વિનોબાજી કહે છે: "પચાસ વર્ષ સુધી તેમણે વેદોનું અધ્યયન કર્યું." ચાર-સાડાચાર હજાર શ્લોકનો તો તેઓ મુખપાઠ કરી શકતા હતા. ગાંધીયુગના વિનોબાજી જેવા ઋષિતુલ્ય માનવીઓના જીવનનું જ્ઞાન તેમના આચરણ તથા કર્મોમાં જોઈ શકાતું હતું. વિનોબાજીએ અનેક સમયે આ વાત સ્પષ્ટ પણ કરી છે. તેઓ કહેતા: "પાણીમાં હાઈડ્રોજન તથા ઑક્સિજન હોય છે, તેમજ જીવનમાં પણ વિચાર (ચિંતન) તથા કાર્ય (action) બંનેનું સરખું મહત્ત્વ છે. સ્વાધ્યાયના અભાવે દૃષ્ટિ નિસ્તેજ તથા છીછરી બની રહે છે તેવી વિનોબાજીની વાત સાંપ્રતકાળે પણ કેટલી મહત્ત્વની તથા દિશાસૂચક લાગે છે! આથી જ વિનોબાજી માટે 'આચાર્ય' શબ્દ યથાસ્થાને છે.

આચાર્યના જીવનમાં જીવન તથા કથનની એકરૂપતા હોય છે. અનેક કાર્યો કરવા છતાં તેમનામાં કોઈ કર્તાભાવ લગીરે જોઈ શકાતો નથી. ગાંધીજીની એકાદશ વ્રત

પરની પુસ્તિકાનો મરાઠીમાં વિનોબાજીએ અનુવાદ કર્યો, જે ખૂબ વંચાયો તથા વખણાયો. તેની પ્રસ્તાવનામાં આ મહર્ષિ લખે છે:

પ્રેરણા પરમાત્માચી,
મહાત્માચી પ્રસન્નતા,
વાણી સંતકૃપેચી હી,
વિન્યાચી કૃતિશૂન્યતા.

આ અનુવાદ કર્યો તેની પ્રેરણા પરમાત્માની, બાપુના આશીર્વાદ તથા સંતોની કૃપા, પણ 'વિન્યા'નું કંઈ નહી! માત્ર કૃતિશૂન્યતા! ઋષિકુળના કોઈ આધુનિક મશાલચીની નમ્રતા તથા નિરાભિમાનપણું અનન્ય છે.

ગાંધીજીની વિદાય પછી તેમના વિચારો અનુસાર અનેક કાર્યો વિનોબાજીએ કપરા સંજોગોમાં પણ કર્યા. 1951થી ભૂમિહીનો માટે ભૂમિદાન માગવું શરૂ કર્યું. લગભગ 13 વર્ષ સુધી સતત પગપાળા ભ્રમણ કરીને લાખો એકર ભૂમિ દાનમાં મેળવીને ભૂમિહીનોને આપી. જેમની પાસે જમીન નથી તેમને જમીન તથા પરિશ્રમ સાથે જોડીને તેમણે માન્યામાં ન આવે તેવું અસાધારણ યજ્ઞકાર્ય કર્યું. વિનોબાજીના આ યજ્ઞમાં ગુજરાતે પણ ગણનાપાત્ર આહુતિ આપી. 'ઘસાઈને ઉજળા થવામાં' માનનારા રવિશંકર મહારાજના તેમજ અન્ય ભૂદાન કાર્યકરોની નિષ્ઠા તથા મહેનતનું પરિણામ જોવા મળ્યું. લોકકવિઓએ પણ આ કામ શબ્દપુષ્પોથી વધાવી લીધું. કવિ દુલા ભાયા કાગ લખે છે:

અલેકીઓ માગવા આવ્યો રે...
આ તો દેશ દખણનો બાવો.
થંભી જાજો હો તરવારીઆ!
કાં તરવારો સજાવો?
તેગ તોપને ખાંડો ખાંડણીએ
દાતરડાં નિપજાવો... અલેકીઓ.

સ્વરાજ્ય આશ્રમ-વેડછીના જુગતરામ દવેએ લખ્યું: "ગુજરાતમાં વિનોબાજીના પગલાં પડે તે પહેલાં કવિ કાગ જેવા લોકકવિઓએ અંતરના ભાવથી ભૂદાનના કાવ્યો ગાયા." વ્યાપક લોકજુવાળ પણ વિનોબાજીના આ કાર્યમાં જોવા મળ્યો. આ ઉપરાંત સંતસાહિત્યમાં પણ વિનોબાજીના લખાણો ખૂબ લોકભોગ્ય બની રહ્યાં. એક જેલના જેલરે વિનોબાજીને કહ્યું: "જેમને ફાંસીની સજા થઈ છે તેવા કેટલાક કેદીઓ 'ગીતાઈ' માગતા હતા." તે વાંચીને જેલર મારફતે વિનોબાજીને 'દીર્ઘજીવી હો'ની શુભેચ્છા આપતા હતા! વિનોબાજી કહેતા: "બાબા (વિનોબાજી) જશે, પરંતુ 'ગીતાઈ' રહેશે." વિનોબાજીનું જીવનકાર્ય કાળના કપરા પ્રવાહમાં પણ ઝાંખું પડે તેવું નથી.

*

3

જયપ્રકાશ કા બિગુલ બજા, તો જાગ ઊઠી તરુણાઈ હૈ

દુર્ગાપૂજાના પવિત્ર દિવસોમાં હજારીબાગ જેલની ઊંચી તથા તોતિંગ દીવાલો સામે કેટલાક કેદીઓ વ્યૂહાત્મક દૃષ્ટિએ જોતા હતા. લગભગ 1,700 ફૂટની ઊંચાઈએ આવેલી તથા આસપાસ ગાઢ જંગલથી ઘેરાયેલી આ જેલ બ્રિટિશ સત્તાધીશોના મતે 'સેફ' હતી. અહીંથી કોઈ કેદી ભાગી શકે તે અશક્યવત્ હતું. પરંતુ જયપ્રકાશ નામધારી એક સ્વાતંત્ર્ય સેનાની – જેઓ જેલમાં હતા તે તથા તેમના સાથીઓ જુદી માટીના બનેલા લડવૈયાઓ હતા. ગાંધીજીએ આપેલો 'હિન્દ છોડો'નો લલકાર તથા 1942નો ઐતિહાસિક સમય હતો. દેશમાં ગાંધીજીના લલકારથી નવી ચેતનાનો પ્રાણ ફૂંકાયો હતો. જયપ્રકાશ નારાયણના મનઃચક્ષુ સામે દેશની આ સ્થિતિ જેમ જેમ સ્પષ્ટ થતી જતી હતી, તેમ તેમ તેમના અંતરની પ્રસન્નતા વધતી જતી હતી. પરંતુ એક બાબત જયપ્રકાશને સતત ખૂંચતી હતી. દેશમાં જ્યારે આવી ભવ્ય જાગૃતિ તથા સંઘર્ષનો કાળ હોય ત્યારે તેમણે અંગ્રેજોની કહેવાતી સેફ જેલમાં પડ્યા રહેવાનું? મુક્તિના મહાસંઘર્ષની આ ઐતિહાસિક ક્ષણે અંતરાત્મા કંઈક કરી છૂટવાની પ્રેરણા આપતો હતો. આથી જ જેલની દીવાલોને મહાત કરી નાસી છૂટવાના પ્રયાસો જયપ્રકાશ એકચિત્તે વિચારતા હતા.

વિચારણાને અંતે નિર્ણય થયો. નિર્ણય ઘણો જોખમી અને પડકારરૂપ હતો, પરંતુ જયપ્રકાશ તો મોતને પણ હંફાવનારા હતા. 1942ની દિવાળીની ઉજવણીના દિવસોમાં જયપ્રકાશ તેમના થોડા ચુનંદા સાથીઓ સાથે સેફ ગણાતી જેલની તોતિંગ દીવાલો આયોજન તથા યુક્તિપૂર્વક કૂદીને મુક્તિનો શ્વાસ લઈ શકાય તેવા વિશાળ જગતમાં ગરકાવ થઈ ગયા. મુક્તિની આ યાત્રા કષ્ટદાયક હતી, પરંતુ સ્વયં સ્વીકૃતમ્ કાર્યના આ નાયક ઝંઝાવાતને પી જનારા હતા. સમગ્ર દેશના અગણિત યુવાનોમાં આ સમાચારથી વીજળીનો સંચાર થયો. 'હિન્દ છોડો' આંદોલનને નવું બળ મળ્યું. દેશના યુવાનોને એક વીરોચિત ઉદાહરણ મળ્યું. જયપ્રકાશ જિંદગીના છેલ્લા શ્વાસ સુધી અસંખ્ય યુવાનોના પ્રિય આદર્શ બનીને જીવ્યા હતા. જયપ્રકાશની ખુલ્લી અને સ્પષ્ટ વિચારધારા તેમજ વીરતાના ગુણોએ દેશની જનતા પર ભૂરકી છાંટેલી હતી.

જયપ્રકાશ નારાયણે આજીવન વીરતા સાથે વેદનાની પણ ઊંડી અનુભૂતિ કરી છે. સંપૂર્ણ ક્રાંતિના પ્રણેતા જેપીના અંતરની વેદના તેમણે લખેલા નીચેના શબ્દોમાં પ્રગટ

થયેલી છે:

સંપૂર્ણ ક્રાંતિનું મારું સપનું
જમીન પર સાકાર થયેલું
જોવા, હું તો કદાચ આ
દુનિયામાં નહી રહું
પરંતુ સમાજનો સૌથી
છેલ્લો માણસ જ્યારે
આબરૂભેર જીવન જીવી
શકશે, પોતાની શક્તિ
મુજબ મહેનત કરી શકશે,
પોતાની આવશ્યકતા મુજબ
મેળવી શકશે, ત્યારે મને
સંતોષ થશે.

દેશની આઝાદી મેળવવા માટેના મહાસંગ્રામના કેટલાક સેનાનીઓ એવા પણ હતા કે સ્વતંત્રતા મળ્યા બાદ રાજકીય સત્તાનો ભાગ બનવાનું તેમણે કદી સ્વીકાર્યું નહી. કોઇ પદ કે હોદ્દાની તક સામેથી તેમના દ્વારે આવી ત્યારે પણ તેમણે દૃઢતાપૂર્વક તેનો અસ્વીકાર કર્યો અને સમાજપરિવર્તનના ક્ષેત્રમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું. ગાંધીજીના આ અનુયાયીઓ કે સહકાર્યકરોએ ચોક્કસ સિદ્ધાંતોનું પાલન કરીને આજીવન સમાજનું માર્ગદર્શન કર્યું અને જરૂર પડી ત્યારે તે માટે સંઘર્ષ પણ કર્યો. રાજનીતિ કરતાં લોકનીતિ તેમને પરિવર્તન માટેનું વિશેષ અસરકારક સાધન જણાયું. જયપ્રકાશ નારાયણ આવા માનવો પૈકીના એક હતા. 11 ઑક્ટોબર, 1902ના દિવસે બિહારમાં જન્મ લેનાર આ નેતાએ ખરા અર્થમાં દેશનું નેતૃત્વ લગભગ પાંચ દાયકા સુધી કર્યું. મધ્યમવર્ગી કાયસ્થ કુટુંબમાં જન્મેલા જયપ્રકાશની કેળવણીના અગત્યના વર્ષો અમેરિકામાં ગયા અને ત્યાં તેઓ માર્કસવાદની અસર નીચે આવ્યા. 1922થી 1929 સુધી વિદેશના અભ્યાસકાળ દરમિયાન તેઓ અનુસ્નાતક થયા. અભ્યાસુ, કર્મઠ તથા ઝુઝારુ જયપ્રકાશનું હૃદય દેશના કરોડો સામાન્ય લોકો તરફની અનુકંપાથી ભરેલું હતું. દાદા ધર્માધિકારી કહે છે તેમ: “જયપ્રકાશ એક એવા ગૃહસ્થ છે કે જેમનું હૃદય સંતનું છે.”

અભ્યાસ બાદ અમેરિકાથી વતનમાં પાછા ફર્યા બાદ દેશનું તે સમયનું વાતાવરણ જોઈને તેમણે ગાંધીજીની પ્રેરણાથી શરૂ થયેલા આઝાદી મેળવવા માટેના જંગમાં ઝૂકાવ્યું. ભારતના સામ્યવાદી પક્ષ સાથે વૈચારિક મતભેદ થતા તેઓ કૉંગ્રેસ સાથે જોડાયા. મજૂરોના પ્રશ્ન બાબત ઊંડી સમજ અને તેમની તે તરફની લાગણીને કારણે કૉંગ્રેસમાં પણ મજૂર વિભાગની જવાબદારી ઉપાડી. સમાજવાદી વિચારધારાનું મૂળ પણ

તેમણે આચાર્ય નરેન્દ્રદેવ, અચ્યુત પટ્ટવર્ધન, મીનુ મસાણી, અશોક મહેતા જેવા સુપ્રસિદ્ધ વિચારકો-કર્મશીલો સાથે ચર્ચા-વિચારણા કરીને રોપ્યું, જે પાછળથી એક મહત્ત્વનું પરિબળ બન્યું.

ગાંધીજીના આજીવન તથા પૂર્ણ અનુયાયી પ્રભાવતી ખરા, પરંતુ જીવનના એક તબક્કે જેપી ગાંધીવિચારના આલોચક હતા. વિચારોનું બંધિયારપણું કે કોઈના વિચારોનું અંધ અનુકરણ એ જાણે જયપ્રકાશની પ્રકૃતિમાં ન હતું. ગાંધીજીના વ્યક્તિત્વ તરફ જેપીનું ખેંચાણ હતું. સુભાષબાબુની જેમ જેપી પણ એમ માનતા કે દેશમાં જે વ્યાપક લોકઆંદોલન પ્રસરી શક્યું છે તેના મૂળમાં ગાંધીજી છે. ગાંધીજીની લોકશક્તિની નાડ પારખવાની શક્તિથી જેપી પ્રભાવિત હતા, પરંતુ તેમ છતાં માર્કસવાદની ઊંડી છાપ જેપીના વિચારો પર એક તબક્કા સુધી સતત રહી હતી. આથી ગાંધીજીના અમુક વિચારો તેમને ઉપયોગી જણાતા ન હતા. તેઓ ગાંધીજીની આકરી આલોચના પણ વિચારભેદના કારણસર કરતા હતા. ગાંધીજીના રામરાજ્ય કે ટ્રસ્ટીશિપના સિદ્ધાંતોની જેપીએ આલોચના કરી હતી. જોકે સમય જતાં જયપ્રકાશના વિચારોનું ઝરણું બાપુની બે કાંઠે જતી વિચારધારાની ભાગીરથીમાં ભળી ગયું હતું.

ગાંધીજીના વ્યક્તિગત જીવનનું તેમને ભારે આકર્ષણ હતું. વિશાળ અને અસરકારક લોકઆંદોલનના નિર્માણ માટેની ગાંધીજીની અમાપ શક્તિની જેપીને પ્રતીતિ થયેલી હતી. સમાજવાદ બાબતમાં પણ જેપી તથા તેમના સાથીઓને ગાંધીજી હંમેશાં કહેતા: "તમે લોકો હજી જન્મ્યા નહોતા તે પહેલાથી હું સમાજવાદી છું. સમાજવાદ તો પોતાની જાતથી શરૂ થાય છે. સમાજવાદી પોતે જ સમાજવાદનો વ્યવહાર શરૂ કરે છે. સમાજવાદ કંઈ રાજ્યના કહેવાથી નહી આવી શકે." સમગ્ર જનતાને ક્રાંતિના આકરા માર્ગે અહિંસક રસ્તે લઈ જવાની બાપુની કલ્પના ક્રાંતિકારીઓને પણ અદ્ભુત લાગતી હતી.

1944-1945માં ગાંધીજી સહિતના અનેક નેતાઓ જેલમુક્તિ મેળવી ચૂક્યા હતા, પરંતુ બ્રિટિશ સત્તાધીશો જેપીને છોડવા તૈયાર ન હતા. જેપીની અસાધારણ સંઘર્ષ શક્તિ તેમજ અસામાન્ય નૈતિક બળનો અંગ્રેજ સત્તાધિકારીઓને ભય રહેતો હતો. ગાંધીજીએ બ્રિટિશ સત્તાધારીઓ ઉપર જેપી તથા ડૉ. રામમનોહર લોહિયાને જેલમુક્ત કરવા માટે ભારે દબાણ કર્યું હતું. જેપીની કાર્યશક્તિ તથા સાફ હૃદયની ગાંધીજી પર છાપ હતી. જેપીમાં નેતૃત્વ કરવાની અનોખી શક્તિનો રાષ્ટ્રપિતાને અહેસાસ હતો. આ વાત પછીના કાળમાં વાસ્તવિક હકીકત તરીકે પ્રગટ થઈ. જેપી માત્ર ગાંધીકાળમાં જ નહી, પરંતુ દેશ આઝાદ થયો ત્યારબાદ પણ યુવાનોના સર્વમાન્ય માર્ગદર્શક રહેલા હતા. સિતેરના દાયકામાં કેટલીક જનસામાન્યને સ્પર્શતી ઘટનાઓને કેન્દ્રમાં રાખીને જયપ્રકાશે દેશવ્યાપી આંદોલન ચલાવ્યું હતું. જેપીની પ્રતિભા તેમજ તેમાં સત્યના રણકારવાળા શબ્દોની પ્રચંડ અસર 1942માં યુવાનો પર થતી હતી, તેવી જ અસર

ત્યારપછીના લગભગ ત્રણ દાયકા બાદ પણ તેમના વચનોની થઈ હતી. જેપી નામધારી આ મશાલ કાળના કપરા પ્રવાહમાં કદી ઝાંખીપાંખી થઈ ન હતી.

1942ના 'હિન્દ છોડો'ના આંદોલન પ્રસંગે જયપ્રકાશનું વ્યક્તિત્વ સોળે કળાએ ખીલી ઊઠ્યું. જેલની ઊંચી દીવાલ કૂદીને તેઓ ભાગી છૂટ્યા અને ભૂગર્ભમાં રહીને અંગ્રેજ સત્તાને હંફાવી. આ સમયે લોકમાનસ પર અને ખાસ કરીને દેશના યુવાનો પર જયપ્રકાશના નામની તથા તેમના કાર્યોની ઊંડી અસર હતી. અંગ્રેજ સત્તાની સંપૂર્ણ આણ જ્યારે સમગ્ર દેશ પર પ્રવર્તતી હતી ત્યારે જેલમાંથી ભાગી છૂટ્યા બાદ લગભગ દસ-અગિયાર મહિના સુધી જયપ્રકાશ આઝાદીના જંગનું નેતૃત્વ ભૂગર્ભમાં રહીને કરી શક્યા તે આશ્ચર્ય અને અહોભાવ જન્માવે તેવી ઘટના છે. જોકે ફરી ધરપકડ થયા બાદ લાહોરની જેલમાં બ્રિટિશ સરકારે તેમની સાથે અમાનવીય વ્યવહાર કર્યો તે જાણીતી બાબત છે.

જયપ્રકાશ અને પ્રભાવતીદેવીનું દાંપત્યજીવન પણ પરસ્પર સન્માન અને સહયોગના એક જ્વલંત ઉદાહરણ સમાન છે. પ્રભાવતી ગાંધીજીના સમર્પિત અનુયાયી અને જયપ્રકાશ દરેક બાબતને તર્કની સરાણે ચડાવીને જ સ્વીકારનારા સ્વતંત્ર મિજાજના માનવી. પરંતુ ઉભય પક્ષે સંપૂર્ણ સમજદારી તથા શાલિનતા હોવાથી એકબીજાના વૈચારિક સ્વાતંત્ર્યમાં ખલેલ પહોંચાડવાનો પ્રયાસ બંનેમાંથી કોઈએ પણ કર્યો નહીં. ખરા અર્થમાં એક આદર્શ દાંપત્યનું દૃષ્ટાંત તેઓએ ભાવિ પેઢીઓ સમક્ષ મૂક્યું. દાદા ધર્માધિકારી લખે છે તેમ: "જય-પ્રભાની જોડ અજોડ છે."

એક કાળે જેમનું નામ નહેરુના અનુગામી તરીકે લેવાતું હતું તેવા જયપ્રકાશે કેન્દ્રના મંત્રીમંડળમાં જોડાવાનું નિમંત્રણ ન સ્વીકારીને સમાજ ઘડતરના મુશ્કેલ કામમાં પોતાનું સમગ્ર જીવન સમર્પિત કર્યું. સત્તા મેળવવાની રાજરમતમાં તેમનો જીવ કદી ઠર્યો નહી. જીવનભર માનવગરિમાની પુન:પ્રતિષ્ઠા કરવામાં તેમણે અંતરનો આનંદ અને ઉમળકો બતાવ્યા. વિનોબાજી પ્રેમપૂર્વક કહેતા: "જયપ્રકાશ એ આપણાં સર્વોદય આંદોલનમાં જોડાયેલા સંત છે." સંત જેવા આ મહાપુરુષના પ્રામાણિક પ્રયાસોથી બિહારના ઘણાં ન સલવાદીઓનું હૃદય પરિવર્તન થયું તથા ચંબલ વિસ્તારના ખૂંખાર ડાકુઓએ આત્મસમર્પણ કર્યું. 1974માં બિહારના છાત્રોએ તેમનું માર્ગદર્શન માગ્યું અને ભારતીય રાજનીતિના એક નવા મોડ ઉપર જયપ્રકાશના સ્વરૂપે નૂતન ક્રાંતિનો સૂર્ય ઝળહળી ઊઠ્યો. 70થી 80ના આ દસકામાં 1942ના સ્વાતંત્ર્ય સંગ્રામના અનુભવી વીરનાયક જયપ્રકાશ ફરી લોકનાયક તરીકે પ્રસ્થાપિત થયા અને દેશનું માર્ગદર્શન કર્યું. સફળતા અને નિષ્ફળતામાં દૃઢ રહીને તેમનું વૈચારિક વ્યક્તિત્વ હંમેશાં સતત વિકસતું જોવા મળે છે. સ્વતંત્ર ભારતમાં પણ 1975-77ના જેલવાસ પછી જયપ્રકાશ નારાયણને કોઈની સામે વ્યક્તિગત કડવાશ ન હતી.

મહાત્મા ગાંધીએ એક વાર કહેલું: ‘‘સમાજવાદ વિશે જે જયપ્રકાશ નથી જાણતા તે આ દેશમાં બીજું કોઈ નથી જાણતું.’’ ગાંધીજીએ એમ પણ લખ્યું: ‘‘જયપ્રકાશના કેટલાક મંતવ્યો સાથે તેઓ સંમત નથી, પરંતુ તેમની અખૂટ દેશભક્તિ દરેક બાબતમાં સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. નખશિખ માનવતાવાદી લોકનાયક જયપ્રકાશ નારાયણે પોતાના કાર્યોથી દેશના ગૌરવશાળી ઇતિહાસમાં એક અનોખું સ્થાન અને માન પ્રાપ્ત કર્યા હતા. ગાંધીજી અને લાલબહાદુર શાસ્ત્રીજી સાથે ઑક્ટોબર માસમાં જયપ્રકાશજીનું સ્મરણ આનંદની ગૌરવની અનુભૂતિ કરાવે છે. જેપીના વ્યક્તિત્વના સંદર્ભમાં રામધારીસિંહજી ‘દિનકરે’ લખેલા શબ્દો વાગોળવા ગમે તેવા છે.

કહતે હૈં ઉસકો જયપ્રકાશ
જો નહીં મરણ સે ડરતા હૈ,
જ્વાલાકો બુઝતે દેખ કુંડમેં
સ્વયં કૂદ જો પડતા હૈ.

*

4

સંસ્કૃતિપુરુષ:
કાકાસાહેબ કાલેલકર

શાંતિનિકેતનના યુવાન અધ્યાપક દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકરને ગાંધીજીનો મેળાપ થયો. કોઈ અનેરા આકર્ષણથી આ યુવાન ગાંધીજી તરફ સહજભાવે ખેંચાયા. પરિણામસ્વરૂપે દત્તુબાબુની શાંતિનિકેતનથી સાબરમતી આશ્રમની યાત્રા સંપન્ન થઈ. ગુરુદેવની વિશ્વવિદ્યાલયના અધ્યાપક સદાકાળ ગાંધીવિચારના સક્રિય સમર્થક બની રહ્યા. દત્તાત્રેય 'કાકાસાહેબ' બનીને મહેકતા રહ્યા. ગુજરાતને એક 'સવાઈ ગુજરાતી' સાહિત્યકાર પ્રાપ્ત થયા.

કાકાસાહેબની કલમે અનેક ક્ષેત્રોમાં ખેડાણ કરેલું છે. કાકાસાહેબની અનેક વાતો-પાત્રો તેમનાં સંભારણાં – સ્મરણયાત્રાના ભાગ તરીકે ભાવકોને મળ્યાં. તેમાંના અનેક નામો તે સાથે જોડાયેલી ઘટનાને કારણે ચિરસ્મરણીય બની રહ્યા. બહેનના અવસાનની બાળમાનસ પરની અસર બાબત 'આક્કાની કથા' વિસ્મૃત થાય તેવી નથી. પોતાની બહેન(આક્કા)ના અકાળ અવસાનથી કાકાસાહેબની કલમ આ ઘટના બાદ ઘણાં વર્ષે સ્મરણ લખતાં-લખતાં પણ વ્યગ્ર બને છે. કાકાસાહેબ તેમના બાળહૃદય પર પડેલી છાપને ભાવપૂર્વક વાગોળતાં લખે છે:

"મારા જીવનમાં એવી કેટલીક બહેનો હું જોઉં છું, જેમના પરિચયે હું પાવન તથા ઉન્નત થઈશ તેવી મને ખાતરી છે, પણ હૃદયની ભૂખ તો આક્કાના પવિત્ર સ્મરણથી જ શમાવવી રહી. 'શહાણુ માણુસ લાભત નાહી' એવું આક્કાનું વચન આખરે આક્કા માટે જ સાચું પડ્યું."

સ્મરણયાત્રાના ખાટા-મીઠા સંભારણા હોય કે પ્રવાસવર્ણનો હોય – દરેક બાબતમાં કાકાસાહેબની કલમ ઊંચાઈને આંબતી અનુભવી શકાય છે. "કાકાસાહેબનું ગદ્ય અનેક વાર કાવ્યની કોટિએ પહોંચે છે" તેવું ઉમાશંકર જોશીનું અવલોકન યથાર્થ છે. પત્રલેખન અને વાસરી સાહિત્યમાં કાકાસાહેબે અદ્ભુત યોગદાન આપેલું છે. જે લખ્યું તે જીવાતા જીવનના ભાગરૂપે તેમજ સહજ રીતે લખ્યું. હિમાલયની યાત્રા કરીને લખે છે:

"હિમાલયનો વૈભવ દુનિયાના તમામ સમ્રાટોના વૈભવ કરતાંયે વધારે છે. હિમાલય એ જ આપણો મહાદેવ છે. આખા વિશ્વની સમૃદ્ધિ ખીલવતો છતાં અલિપ્ત, વિરક્ત, શાંત

અને ધ્યાનસ્થ. જબલપુર જેલમાં કાકાસાહેબની સાથે રહેતા જેલના સાથીદાર (1942) લક્ષ્મણસિંહ ચૌહાણ કાકાસાહેબનું શબ્દચિત્ર દોરતાં લખે છે:

"(જેલમાં) સવારે ચાર-પાંચ વાગ્યે ઊઠીને જોયું તો કાકાસાહેબનું ફાનસ બળી રહ્યું છે. વાંચી રહ્યા છે. આગલી રાત્રે પણ જોયું હતું. વાંચી રહ્યા હતા! આ ક્રમ એક-બે દિવસ નહીં, લાગલાગટ ત્રણ વર્ષ જોયો." કાકાસાહેબમાં અધ્યાપકની સાથે જ વિદ્યાર્થીનો આત્મા પણ વસતો હતો તેવું લાગ્યા સિવાય રહે નહીં. નારાયણ દેસાઈએ લખ્યું છે: "જ્યારે કાકાસાહેબને મળીએ ત્યારે એમની આસપાસ જ્ઞાનના ફૂવારાઓ ઊડતા અનુભવવા મળે. "નારાયણભાઈએ કાકાસાહેબને 'સંસ્કૃતિ પુરુષ' તરીકે ઓળખાવેલા છે. ડિસેમ્બર માસમાં આ નિરંતર પ્રવાસી સાહિત્યકારની જન્મજયંતી આવે છે. (1-12-1885થી 20-8-1981).

1930માં દાંડીકૂચ કરીને ગાંધીજીએ બ્રિટિશ સામ્રાજ્યના પાયામાં લૂણો લગાડવાનું ઐતિહાસિક કામ કર્યું તે ઘટના ખૂબ જાણીતી છે. દાંડીકૂચ દરમિયાન ગાંધીજીની ધરપકડ થશે તેવી વ્યાપક માન્યતા હતી. સરકારે સરદારસાહેબની ધરપકડ કરી, પરંતુ બાપુની ધરપકડ કૂચ પૂરી થયા બાદ ઘણાં દિવસો પછી કરી. ધરપકડ કર્યા બાદ ગાંધીજીને યરવડા (મહારાષ્ટ્ર) જેલમાં લઈ જવામાં આવ્યા. આ વખતે ગાંધીજીના જેલવાસ દરમિયાન તેમની સાથે રાખવા માટે સરકારે કાકાસાહેબ કાલેલકરની પસંદગી કરી. કાકાસાહેબ તે સમયે સાબરમતી જેલમાં હતા. તેમને ત્યાંથી ખસેડીને યરવડા લઈ જવામાં આવ્યાં. યરવડા જેલમાં બાપુની પાસે જ્યારે કાકાસાહેબને લઈ જવામાં આવ્યા ત્યારે બાપુને જોતાં જ કાકાસાહેબ હર્ષથી ભાવુક થયા, પરંતુ પ્રયત્નપૂર્વક પોતાની જાતને સંભાળી લીધી. તેમનું યરવડાનું જેલજીવન બાપુની હાજરીથી પ્રસન્નતાથી ચાલવા લાગ્યું.

એવામાં એક દિવસ બાપુએ કાકાને આશ્ચર્ય તથા આઘાત બંનેની અનુભૂતિ કરાવી. (ગાંધીજી કાકાસાહેબને 'કાકા' કહેતા. પત્રોમાં પણ 'ચિ. કાકા' લખતા.) ગાંધીજીએ કાકાસાહેબને કહ્યું: "તેમણે (ગાંધીજીએ) જેલના પોતાના દિવસભરના કામોનો હિસાબ કર્યો છે." પછી કાકાસાહેબને કહે છે: "તેમની પાસે ત્રીસેક મિનિટનો સમય બચે છે. કાકાસાહેબને હાથે લખવાની ટેવ ઓછી, એટલે તેઓ જુગતરામભાઈ કે સ્વામી આનંદ પાસે તેમના લખાણો લખાવતા તે ગાંધીજી જાણતા હતા. આથી ગાંધીજી કહે: "આ બચે છે તે મારા અડધા કલાકનો સમય તમને આપું! તમે લખાવો ને હું લખું!" કાકાસાહેબ લખે છે: "ગાંધીજીની આ ઉદાર ઑફર સાંભળીને તેઓ ભાવવિભોર થયા. માંડમાંડ શબ્દો એકઠા કરીને તેમણે આ યુગપુરુષને કહ્યું: "ભગવાને મને બહુ બુદ્ધિ આપી નથી તે ખરું, પરંતુ હું એટલો બાઘો પણ નથી કે તમને લખાવવા તૈયાર થઈ જાઉં."

કાકાસાહેબ કાલેલકરના વિપુલ ગદ્યરાશિને એક ગ્રંથાવલિ સ્વરૂપે સમાજ સમક્ષ રજૂ કરવાનું ઉત્તમ કાર્ય કાકાસાહેબની જન્મશતાબ્દી નિમિત્તે 1985ના વર્ષમાં થયું. ચિંતક-સંપાદક તથા મોટા ગજાના કવિ ઉમાશંકર જોશીના અધ્યક્ષસ્થાને ગ્રંથાવલિ પ્રકાશન સમિતિની રચના કરવામાં આવી હતી. તેના સંપાદનકાર્યમાં ઉમાશંકર ઉપરાંત સુંદરમ્ તેમજ સતીશ કાલેલકર તથા યશવંત શુક્લ જેવા બહુશ્રુત વિદ્વાનોએ પોતાનો અમૂલ્ય સહયોગ આપ્યો હતો. જીવનના કલ્યાણમય તત્ત્વોમાં જેમની અખંડ શ્રદ્ધા હતી તેવા કાકાસાહેબનું ગદ્ય આપણી ભાષાના ઉત્તમ આભૂષણ સમાન છે. કુદરતનું દર્શન કરીને લખનાર આ મનીષી પોતાના લખાણો અંગે લખે છે:

"કોઈ વગાડે તો ઢબે વાગે, નાદ ઘંટનો પોતાનો, રણકો પણ એનો પોતાનો જ. પરંતુ મુહૂર્ત અને પ્રયોજન સ્વાયત્ત નહીં, પણ દેવાયત્ત." કાકાસાહેબના લખાણોની વિવિધતા, પ્રવાહિતા દરેક ભાવકને આકર્ષે તેવી છે. વર્ષો પહેલાં છેક 1931માં બ. ક. ઠાકોરે દસ શ્રેષ્ઠ ગુજરાતી ગદ્યકારોની યાદીમાં કાકા કાલેલકરનો ઉલ્લેખ કરેલો છે. આમ છતાં વિવેકપુરુષ કાકાસાહેબ હંમેશાં કહેતા: "જીવનના ભાગરૂપે સહજપણે લખવાનું આવે તો જ તેઓ લખે છે, સાહિત્યકાર થવા માટે નહીં. આપણાં મધ્યયુગનાં સંતોની વાણી પણ આમ સહજ રીતે જ પ્રગટ થયેલી છે. જીવનની અનુભૂતિમાંથી સંતોની વાણી કુદરતી ઝરણાંની જેમ વહેતી થયેલી છે." કાકાસાહેબના લખાણોમાં પણ આવા સહજ પ્રાગટ્યનું લક્ષણ જોવા મળે છે.

વર્ષ 2016ના અંતમાં આજે 2015ના વર્ષની ઐતિહાસિક ઘટનાનું સ્મરણ થાય છે. ગાંધીજીએ 100 વર્ષ પહેલાં 1915માં આફ્રિકાથી પરત આવ્યા બાદ અમદાવાદમાં કોચરબ આશ્રમનો પ્રારંભ કર્યો. યુવાન દત્તાત્રેય કવિગુરુના શાંતિનિકેતનને છોડીને કોઈ અપૂર્વ આકર્ષણથી અમદાવાદ આવ્યા અને ગાંધીના થઈને જીવ્યા. રવીન્દ્રનાથના 'દત્તુબાબુ" ફરી શાંતિનિકેતન ગયા નહીં. સાગરને મળ્યા પછી નદીનું અલગ અસ્તિત્વ ક્યાં રહેવા પામે છે! ગાંધીજીના દરેક કાર્ય આ અધ્યાપકે કર્યા, એટલું જ નહીં, પરંતુ હાથમાં લીધેલાં તમામ કાર્યો ઉજાળ્યાં!

કાકાસાહેબના લલિત નિબંધો જ્યારે પણ કોઈ વાંચે ત્યારે તે તરોતાજા લાગે છે. લલિત નિબંધો કાકાસાહેબના લખાણોમાં સોળે કળાએ ખીલી ઊઠ્યા છે એવું ચીમનલાલ ત્રિવેદીનું તારણ યથાર્થ છે. પ્રવાસ પુસ્તકોમાં પણ હિમાલયનો પ્રવાસ આપણાં કિશોરો-તરુણોએ વાંચીને માણવા યોગ્ય છે. રખડવાના આનંદને કાકાએ દેવદર્શનના આનંદ તુલ્ય ગણાવ્યો છે. નદી, તળાવો, ખેતરો તથા ડુંગરો જોઈને પ્રસન્નતાનો ભાવ અનુભવી શકનાર આ બહુશ્રુત વિદ્વાન આપણાં સાહિત્યને રળિયાત કરતા ગયા છે. બે-ત્રણ રાત જો આકાશમાં વાદળને કારણે તારા ન દેખાય તો આ પ્રકૃતિપ્રેમીને જીવન અડવું અને અલૂણું લાગતું હતું. સૂર્યના સ્વરૂપે પ્રગટ થતાં સનાતન સત્યને નમસ્કાર કરતા લોકોની શ્રદ્ધા તત્ત્વજ્ઞાનથી નહીં, પરંતુ પરંપરાથી ઘડાયેલી હોવાનું

અનુભવીને લોકસમૂહનો તે ભાવ તેઓ પ્રસન્નતાથી ઝીલતા હતા. કુદરતની નાની બાબતોનું સૌંદર્ય તેમણે નીરખ્યું તેમજ અનુભવ્યું. આ અનુભૂતિનો ખજાનો તેમના લખાણોમાં છલકાયો.

અપરિગ્રહી કાકાના જીવનનો નિર્દોષ આનંદ આપણાં આજના જીવનમાં મેઘધનુષી રંગો ભરી શકે તેવો જીવંત તથા સમૃદ્ધ છે. જરૂર છે માત્ર આપણી તે તરફની દૃષ્ટિ કેળવવાની.

બાપુ તથા કવિગુરુના મેળાપનું મનોહર શબ્દચિત્ર કાકાસાહેબે દોરેલું છે. ફરીફરી વાંચવી – યાદ કરવી ગમે તેવી આ વાતો છે. બાપુ રવિબાબુને મળવા માટે શાંતિનિકેતન ગયા. બાપુ કવિવરના દીવાનખાનામાં ગયા ત્યારે તેઓ એક મોટા કોચ પર બેઠા હતા. ગાંધીજીને જોઈને કવિગુરુ આદરપૂર્વક ઊભા થઈ ગયા. રવિબાબુની ઊંચી ભવ્ય મૂર્તિ, સફેદ વાળ, લાંબી દાઢી અને ભવ્યતામાં વધારો કરે તેવો પહેરવેશ. તેની સામે ગાંધીજી ટૂંકું ધોતિયું, પહેરણ તથા કાશ્મીરી ટોપી પહેરીને રવિબાબુ સમક્ષ ઊભા રહ્યા. આ બંને મહાનુભાવોને એકબીજા તરફ હંમેશાં સ્નેહાદર રહેલો છે. બંને મહાનુભાવો વચ્ચે એક દિવસ ખોરાક વિશે ચર્ચા થઈ. પૂરી વિશે વાત કરતાં ગાંધીજીએ જણાવ્યું: "ઘી કે તેલમાં તળીને પૂરી બનાવો તો અનાજનું ઝેર બની જાય છે." ગુરુદેવે ગંભીરતાથી જવાબ આપ્યો: "એ બહુ ધીમું ઝેર હોવું જોઈએ! હું વર્ષોથી પૂરી ખાતો આવ્યો છું, પરંતુ તેથી મને કશું નુકસાન થયું નથી!"

કાકાસાહેબ સ્વરાજ્ય પછી પણ પોતાનું યોગદાન આપવામાં સક્રિય રહ્યાં. રાજ્યસભામાં રાષ્ટ્રપતિ દ્વારા નિમાયેલા સભ્ય તરીકે તેમણે દેશની સંસદીય બાબતોમાં સક્રિય યોગદાન આપ્યું. કાકાસાહેબના વ્યક્તિત્વમાં વિનોદવૃત્તિ સહજ હતી. જીવનના છેલ્લા વર્ષોમાં જ્યારે તેમની સ્મરણશક્તિ નબળી પડી ગઈ ત્યારે તે બાબતમાં વિનોદ કરતા કહેતા હતા: "વિસ્મરણ દ્વારા હું મરણનું રિહર્સલ કરી રહ્યો છું." પંડિત સુખલાલજીએ લખ્યું છે તેમ: "કાકાસાહેબ કવિ છે, કલાકાર છે, કર્મશિલ્પી છે, નિર્માણ સ્થપતિ અને વિવેચક છે." કાકાસાહેબના લખાણોમાં લોકશિક્ષકની શૈલી જોવા મળે છે. કાકાસાહેબે જીવનભર અધ્યાપક કાર્ય કરેલું છે. ગાંધીજીના નવરત્નો પૈકી કાકાસાહેબ એક હતા. ગાંધીજીની આજ્ઞા વફાદારીથી ઊઠાવવી એ તેમનો જીવનમંત્ર બની રહ્યો. જીવનભર જેમની વિનોદવૃત્તિ સુકાઈ ન હતી તેવા આ વિદ્યાપુરુષ મીણબત્તીના કારખાનામાં નાના છોકરાઓને કામ કરતા જોઈને અકળાઈ ઊઠતા હતા, વ્યગ્ર થઈ જતા હતા. આવા મજૂરીકામ કરતા બાળકોની વેદના તેમની છાતીમાં બેવડું દર્દ ઉપજાવતી હતી. આ સ્થિતિ જોઈને કાકાસાહેબને કવિ ટોમસ હૂડનું 'પહેરણનું ગીત' (The song of the shirt) યાદ આવી જાય છે. ઉમાશંકર જોશીએ તેનો સુંદર અનુવાદ કરેલો છે:

પરોઢે મંદિર શંખ ફૂંકાયા,
ને સાંજે થયા ઘંટનાદ!
દાડો આખો ઠરી ન બેસવું ઠામ!
રાતે તોયે ભું કામ ને કામ!

કાકાસાહેબના અનેક કાર્યોમાં તેમનું ગુજરાતી જોડણીકોશ અંગેનું કામ ઉપયોગી તથા અમર છે. જોડણીકોશના પ્રારંભે જ શુદ્ધ ભાષાના આગ્રહી એવા બાપુએ યાદગાર શબ્દો લખ્યાં: "હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી."

ગાંધીજીએ આ બાબતમાં ઊંડી ચિંતા તેમના યરવડા જેલનિવાસ દરમિયાન કરી હતી. એક લોકસુલભ જોડણીકોશ તૈયાર થાય તેવા બાપુના આદેશને કાકાસાહેબે ઝીલી લીધો. કાકાસાહેબ ઉપરાંત રામનારાયણ પાઠક, છોટાલાલ પુરાણી તેમજ નરહરિ પરીખ જેવા વિદ્વાનોનો લાભ પણ આવું ગંજાવર કામ પૂરું કરવામાં મળ્યો હતો. કાકાસાહેબનું જીવન પ્રેરણાસ્રોત સમાન છે. જાગૃત તથા અભ્યાસુ અધ્યાપક તથા સર્જક તરીકે કાકાસાહેબનું સ્થાન જનસમૂહના દિલમાં કાયમ થયેલું છે.

*

5

દરબાર ગોપાળદાસ:

"આપ તો કાળના પિતા!"

સૌરાષ્ટ્રના પોરબંદરમાં જન્મ ધારણ કરીને સમગ્ર વિશ્વનું નેતૃત્વ કરનાર ગાંધીજી સૌરાષ્ટ્ર-ગુજરાતની અનેક ઉજળી ઘટનાઓ સાથે સંકળાયેલા છે. ગાંધીજીની કચ્છ-કાઠિયાવાડની મુલાકાતોનું અલગ ઐતિહાસિક મૂલ્ય છે. 1920માં મહાત્મા ગાંધી ટિળક સ્વરાજ ફંડ માટે સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ ખાતે આવ્યા. ફંડ ઉઘરાવવા માટે ઝોળી ફેરવવાની ગાંધીજીની એક પદ્ધતિ હતી. તે જ રીતે વઢવાણની તે સમયની સભામાં પણ ઝોળી ફેરવવામાં આવી. આ ઝોળીમાં કોઈએ પગમાં પહેરવાનો ભારેખમ સોનાનો તોડો (એક પ્રકારનું ઘરેણું) પણ અર્પણ કર્યો. તોડો આપનાર કોણ છે તેની પૂછપરછ ગાંધીજીએ કરતા સભાના એક છેડે દૂર બેઠેલા દરબારસાહેબ ગોપાલદાસ દેસાઈ નમ્રભાવે ઊભા થયા. કિંમતી વસ્તુનું યોગદાન અને તે પણ નિર્લેપ રહીને મૂંગા મોઢે કરનાર દરબારસાહેબની ગાંધીજીએ પ્રશસ્તિ કરી. ગાંધીયુગની આકાશગંગાના આવા સિતારાઓની પ્રતિભા વિશિષ્ટ હતી. સમર્પણભાવ જાણે કે તેમને સહજ વરેલો હતો.

સામાન્ય રીતે દેશી રજવાડાના રાજવીઓ અંગ્રેજ શાસકોની નારાજગી ન વહોરવી પડે તે માટે ગાંધીજીથી તથા આઝાદીની ચળવળના કાર્યક્રમોથી અલિપ્ત રહેતા હતા. પોતાનું રાજ્ય તથા પોતાની વ્યક્તિગત તેમજ અમર્યાદિત સત્તા જળવાઈ રહે તેવી ટૂંકી ગણતરી તેમાં જોવા મળે છે. દરબાર ગોપાળદાસ આવી ગુલામી મનોદશાને સ્વીકારી શકે તેમ ન હતા. આથી દરબારસાહેબનું નામ સૌરાષ્ટ્રના મુક્તિસંગ્રામમાં અગ્રસ્થાને રહેલું છે. એક રાજવી પરિવારમાં જન્મ લઈને રાજવી ઠાઠમાં રહેનારા આ મહામાનવે ગાંધીજીની હાકલ થકી જીવનમાં સંપૂર્ણ પરિવર્તન કર્યું. નાનાભાઈ ભટ્ટે દરબારસાહેબને જનકવિદેહી જેવા નિર્મોહી કહેલા છે તે યથાર્થ છે. દરબારસાહેબને અમરેલી જિલ્લાનું ઢસા તથા સુરેન્દ્રનગરનું રાયસાંકળી ગામ વારસામાં મળેલા. આ નાના રાજ્યના રાજવી, પણ મોટા ગજાના માનવીની પ્રજાવત્સલતા તથા દીર્ઘદૃષ્ટિ જોઈને અહોભાવ ઉપજે છે. તેમણે પોતાના રાજ્ય વિસ્તારમાં પુસ્તકાલય પ્રવૃત્તિ શરૂ કરી. ઉપરાંત બાળશિક્ષણના વિકાસ માટે ખાસ પગલાં લીધાં. તે સમયના માહોલના આવા પગલાં કોઈ રાજવી તરફથી લેવામાં આવે તો તે અસાધારણ ઘટના લેખાય. ખેડૂતને જમીનના માલિકીહો આપીને તેઓ ખરા અર્થમાં પ્રજાવત્સલ રાજવી બન્યા.

છેક 1919ના વર્ષથી માત્ર ખાદીના વસ્ત્રો પહેરવાનો આ રાજવી તેમજ તેમના અર્ધાંગિની ભક્તિબાનો નિર્ણય તે સમયની એક અસાધારણ પહેલ ગણી શકાય. રાજ્યમાં સામાજિક સમરસતાને દરબારસાહેબે અગ્રતા આપી હતી. વર્ણપ્રથા તેમજ તેના કારણે જોવા મળતા માનવ-માનવ વચ્ચેના ભેદભાવ નાબૂદ કરવા દરબારસાહેબે સમાજના છેવાડાના લોકોની પરિષદ ભરી તેમજ તેમને આમ સમાજના પ્રવાહ સાથે ગૌરવભેર જોડવાનો નક્કર પ્રયાસ કર્યો. આઝાદીની ઘોષણા થતાં પોતાના રાજ્યો દરબારસાહેબે એક ક્ષણના વિલંબ સિવાય ભારતીય સંઘ સાથે જોડવાનો નિર્ણય કર્યો. કૃષ્ણકુમારસિંહજી (ભાવનગર) કે ભગવતસિંહજી (ગોંડલ) જેવા ધન્ય નામ રાજવીઓની હરોળમાં મૂકી શકાય તેવા ક્રાંતદ્રષ્ટા રાજવી દરબારસાહેબને ગણી શકાય. તેઓનું જ્યારે રાજતિલક થયું ત્યારે તેમણે પોતાની પ્રિય પ્રજાને વચન આપેલું કે રાજવી પર પ્રજાની સુખાકારીનો ભાર હોય છે. આ વાત કર્યા પછી તેમણે પોતાના કર્મ દ્વારા તેને પાળી બતાવી. ડિસેમ્બર માસમાં દરબારસાહેબની જન્મજયંતિ (19-12-1889) આવે છે.

દરબારસાહેબ વિનમ્રતા તથા સંસ્કારથી એક વ્યક્તિવિશેષ જેવા લાગતા હતા. ગાંધીજીના પારસમણિરૂપી સ્પર્શથી સ્વાતંત્ર્યસંગ્રામમાં ઝુકાવી દીધું. પરિણામની કોઈ પરવા તેમના નિર્ધારમાં વચ્ચે આવી શકી નહીં. 1922માં મુંબઈના અંગ્રેજ ગવર્નર રાજકોટ આવવાના હતા. અંગ્રેજ સત્તાધીશોએ પોતાની સત્તાનો પ્રભાવ ઊભો કરવા માટે રાજવીઓને બોલાવી દરબાર ભરવાની પ્રથા શરૂ કરી હતી. ઘણાં રાજવીઓ આ બળુકી સત્તા તરફ પોતાનો આદરભાવ વ્યક્ત કરવા મને-કમને હાજર રહેતા હતા. દરબારસાહેબે એજન્સીના નિમંત્રણનો અસ્વીકાર કર્યો. સત્યનિષ્ઠ તથા પોલાદી મનોબળ ધરાવતા આ રાજવીને ખબર હતી કે વિદેશી શાસકો પૂરો બદલો લેશે, પરંતુ સ્વમાનના ભોગે કોઈ સલામતી મેળવવાની મહેચ્છા તેમને ન હતી. પરિણામ ધાર્યા મુજબ જ આવ્યું. બ્રિટિશ અમલદારોએ આ સ્વાતંત્ર્યપ્રેમી રાજવીને પાઠ ભણાવવા માટે રાજ્યદ્રોહનો આરોપ ઘડી કાઢવામાં આવ્યો. તેમનું રાજ્ય ખાલસા કરવામાં આવ્યું.

બ્રિટિશ અમલદારોને કદાચ એ વાતની પ્રતીતિ ન હતી કે દરબારસાહેબનું સિંહાસન લોકહૃદયમાં હતું. ત્યાંથી તેમને કોણ હટાવી શકે? દરબારસાહેબ તેમના રાજ્યના એક ગામ રાયસાંકળી ગયા ત્યારે લોકોએ તેમના સામૈયા કરીને વધાવ્યા. બ્રિટિશ અધિકારીઓએ અયોગ્ય રીતે રાજ્ય પરનું દેણું બતાવ્યું હતું, તે પણ તેમણે કુટુંબની અંગત મિલકતો વેચીને ભરી દીધું હતું, આથી લોકજુવાળના ઉત્સાહ તથા સમર્થનથી બ્રિટિશ સરકારના કબજામાં હતો તે પોતાના રાજમહેલમાં પ્રવેશ કરીને પોતાનું ગૌરવ પુન:પ્રસ્થાપિત કર્યું. બ્રિટિશ શાસકો તેમના પ્રભાવ કે બળથી આ ગરિમાયુક્ત તથા લોકપ્રેરિત ઘટનાને કાયદા કે સત્તાના બળે અટકાવી શક્યા નહી. દરબારસાહેબનો ઝુકાવ તો ગાંધીજી તરફ હતો. રાજ્યકર્તાનો ભપકો તેમને કદી આકર્ષી શક્યો નહી.

સ્વાતંત્ર્ય ચળવળની અનેક ગતિવિધિઓમાં પ્રેરક તથા માર્ગદર્શક બન્યા. સરદારસાહેબે તેમના પ્રવચનોમાં દરબાર ગોપાલદાસના રાજવી ખમીરને બિરદાવેલું છે.

સરદાર વલ્લભભાઈ પટેલની ઝીણી દૃષ્ટિમાંથી કોઈ નાના કાર્યકરનું યોગદાન પણ ધ્યાન બહાર જતું નહી. દરબારસાહેબ તથા ભક્તિબા તો તે સમયના પ્રસિદ્ધ આગેવાનો પૈકીના હતા, આથી સરદારસાહેબે તેમને બિરદાવવા માટે ઉચિત રીતે કહ્યું: "વતનની શાન જ્યારે ભયમાં હોય ત્યારે જાતની પરવા કઈ રીતે થાય?" દરબારસાહેબ તથા તેમના અર્ધાંગિની ભક્તિબા આ વાત બરાબર સમજ્યા અને તેથી ગરાસને ઠોકર મારી પગપાળા ફરે છે તેમ પણ સરદારસાહેબે જણાવ્યું. તેમના જેવા સાથી દેશને આઝાદ કરવાના ધર્મયુદ્ધમાં મળ્યાં તેનો વલ્લભભાઈએ સંતોષ વ્યક્ત કર્યો. સરદારસાહેબના શબ્દોથી વિશેષ સન્માન બીજું હોઈ શકે નહી. દરબારસાહેબ તથા ભક્તિબાના નામો આઝાદી સંગ્રામના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયા છે.

સ્વાતંત્ર્યસંગ્રામમાં કસ્તૂરબા તથા મણિબહેન પટેલ સાથે જ સ્મૃતિમાં આવે તેવું નામ ભક્તિબાનું છે. ભક્તિબાનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી નગરમાં 17મી ઑગસ્ટ, 1899ના રોજ થયો હતો. તેમના પિતા લીંબડી રાજ્યના દીવાન હતા. દીવાનના પુત્રી તથા ઢસાના તાલુકદારના આ રાજરાણીએ વૈભવને ઠોકર મારી સ્વેચ્છાએ ગાંધીજીપ્રેરિત સાદગીપૂર્ણ જીવન વ્યતીત કર્યું. દેશની મુક્તિ માટેની ચળવળના મોભી તથા મશાલચી બનીને જીવ્યા. દરબારસાહેબના અવસાન પછી પણ આ ભાતીગળ વ્યક્તિત્વ ધરાવતા મહિલાએ સ્વરાજ્યનું પરિવર્તન સુરાજ્યમાં થઈ શકે તે માટે અનેક પ્રયાસો તથા નક્કર કાર્યો કર્યા. રાજવી પરિવારની તમામ મિલકત લોકહિત માટે વાપરવામાં આવે તેવી વ્યવસ્થા કરી. રાણપુરથી પ્રસિદ્ધ થતાં 'સૌરાષ્ટ્ર' વર્તમાનપત્રમાં અમૃતલાલ શેઠે ભક્તિબાના જીવનની દૃઢતા તથા કર્મઠતાને સંબંધિત બાબતો પ્રકાશિત કરી હતી. કટોકટીના પ્રસંગોએ આ ક્ષત્રિયાણીનું ક્ષાત્રતેજ ઝળકી ઊઠ્યું હતું.

સૌરાષ્ટ્ર રાજ્ય બન્યું ત્યારપછી જમીનદારી નાબૂદી જેવા મહત્ત્વના તથા લાંબા ગાળાની અસર ઊભી કરનારા અનેક કાર્યોમાં ઢેબરભાઈને દરબારસાહેબનો સક્રિય સહયોગ પ્રાપ્ત થયો. આઝાદી પ્રાપ્ત થયા બાદ 1951માં દરબારસાહેબનું અવસાન થયું ત્યાં સુધી તેઓ સામાજિક વિકાસ તેમજ લોકકલ્યાણની તમામ પ્રવૃત્તિઓમાં સક્રિય તથા જાગૃત રહ્યાં.

ભારતને આઝાદી મળ્યા પછી આ ઓજસ્વી દંપતિએ સામાજિક-શૈક્ષણિક સંસ્થાઓના વિકાસ માટે ઘણું કામ કર્યું. નડિયાદમાં વિઠ્ઠલ કન્યા વિદ્યાલય તેમજ રાજકોટમાં વલ્લભ કન્યા વિદ્યાલયની સ્થાપના પાછળ તેઓની પ્રેરણા હતી. આજે જ્યારે

આપણા કિશોરો-યુવાનો તેમના માટે જીવનમાં આદર્શ બની શકે તેવા ‘રોલ મોડલ’ની શોધમાં હોય છે ત્યારે, આપણા ઇતિહાસના ઉજળા પાત્રો જરૂર પ્રેરણારૂપ બની શકે. સમાજ પાસેથી મેળવવા કરતાં સમાજને આપવા તરફ આવા વ્યક્તિવિશેષ લોકોની નજર રહેતી હતી. શિક્ષણ તથા સામાજિક સદ્‌ભાવ તેમની અગ્રતાના વિષયો હતા. આ લોકો સંસ્થાઓ ઊભી કરનારા હતા. જે શૈક્ષણિક સંસ્થાઓ ઊભી કરવામાં દરબારસાહેબનો સિંહફાળો હતો તેવી સંસ્થાઓ વર્ષોથી સામાન્ય લોકોને પરવડે તેવી રીતે શિક્ષણના પ્રચાર-પ્રસારનું કાર્ય કરે છે. દરબારસાહેબની નિષ્ઠા તેમજ મનોબળ તેમના જીવનના મહત્ત્વના અંગ રહેલા છે. યશસ્વી તથા ઉજ્જ્વળ જીવન આ રાજવી દંપતીનું હતું. ‘દર્શક’કદાદાએ પોતાના શબ્દોથી અલગ અંદાજમાં દરબારસાહેબને બિરદાવ્યા છે:

દીઠા રાજા ઘણાં અમે
આપની હેડી નહી જડે,
બીજાએ કાળ સેવ્યો,
આપે કાળ ઉથાપિયો.
કાળના કિંકર બીજા,
આપ તો કાળના પિતા!

*

6

બ્રહ્માનંદસ્વામી અને
ભૂજની વ્રજભાષા પાઠશાળા

વ્રજભાષા પાઠશાળા ભૂજ(કચ્છ)માં સાહિત્ય-સંગીત તેમજ અનેક વિદ્યાઓની જાણકારી ખાણ(રાજસ્થાન)ના કવિ લાડુદાનજીએ પ્રાપ્ત કરી છે. અભ્યાસ પૂર્ણ થયા બાદ પાઠશાળાના નામને ઉજ્જ્વળ કરી શકે તેવા આ સમર્થ કવિ અનેક નાના-મોટા રાજવીઓના દરબારમાં જાય છે. કવિ પોતાની યશસ્વી વિદ્યા તેમજ ઊંચી બુદ્ધિપ્રતિભાના કારણે અનેક રાજવીઓની પ્રસન્નતા પ્રાપ્ત કરીને આદર-સત્કાર પામે છે. આવી યાત્રા દરમિયાન કવિ ભાવનગરના મહારાજા વજેસિંહજીને મળે છે. મહારાજા વજેસિંહજી પણ કવિની કાવ્યશક્તિથી પ્રભાવિત થાય છે. રાજ્યની મહેમાનગતિ માણતા અને રાજવી સાથે વિદ્યાવ્યાસંગ કરતા કવિ ભાવનગરમાં રાજવીના આગ્રહ તથા સ્નેહથી રોકાયા છે. આ સમયે દરબારમાં એક વાત થઈ, જે કવિના જીવનમાં સંપૂર્ણ પરિવર્તન લાવનારી બની રહી.

ભાવનગર તાબાના ગઢડામાં સ્વામિનારાયણ તરીકે ઓળખ પામેલા કોઈ તેજસ્વી પુરુષ પોતાના જ્ઞાન અને વ્યક્તિત્વથી સ્થાનિક લોકોનો અપૂર્વ આદર મેળવી રહ્યા છે તેવી વાત કહેવામાં આવી. આ પ્રતિભાસંપન્ન વ્યક્તિને અનેક લોકો ભગવાન ગણીને પૂજે છે તેવી વાત પણ રાજ્ય દરબારમાં કહેવામાં આવી. ચર્ચા દરમિયાન કોઈકે પ્રતિભાવ આપતાં તર્ક કર્યો: "કળિયુગમાં વળી ભગવાનનો અવતાર ક્યાંથી હોય?" ઉપરાંત સ્વામિનારાયણ નામ પણ દરબારમાં બેઠેલા સૌને અપરિચિત જણાયું. મહારાજાનો આગ્રહ અને પોતાની ઉત્કંઠાના હિસાબે કવિશ્રી સહજાનંદસ્વામી તરીકે ઓળખાવતા આ પ્રભાવી પુરુષના દૈવત્વની કસોટી કરવા સવારી લઈને ગઢડા જવા નીકળ્યા. કવિરાજની સવારી કાઠી દરબારોના ગામ ગઢડામાં પહોંચી. કવિરાજ મળવા ગયા ત્યારે સ્વામી સહજાનંદ મુક્તાનંદસ્વામી તથા કેટલાક ભક્તો સાથે બેઠા હતા. સ્વામી તમામ ભક્તમંડળ પર કૃપા કરી, 'વચનામૃતના વચનો સંભળાવતા હતા.

પ્રથમ દૃષ્ટિએ રાજવી સમાન દેખાતા પ્રભાવી મહાકવિ એભલ ખાચરની ડેલીએ અશ્વ પર સવાર થઈને મહેમાન બનીને પહોંચ્યા. આવી ચડેલા પ્રભાવી અતિથિ શ્રીજી મહારાજનું દર્શન કરતાં જ તેમનામાં ઓતપ્રોત થઈ ગયા. કવિનો સત્કાર શ્રીજી મહારાજે પણ અંતરના ઉમળકાથી કર્યો. મહારાજનું દર્શન કરીને કૃતાર્થ થયેલા શીઘ્ર કવિએ પોતાના મનની વાતનું નીચેના સુંદર શબ્દોમાં બયાન કર્યું:

આજની ઘડી રે ધન્ય, આજની ઘડી,
નેણે નિરખ્યા સહજાનંદ, ધન્ય આજની ઘડી.

પોતાના પ્રિય વતન મારવાડ તરફથી મુખ ફેરવી લાડુદાનજી શ્રીજી મહારાજના થઈને રહ્યાં. પોતાની અસાધારણ કાવ્યસર્જનશક્તિને કારણે મહારાજના અનેક પદોની રચના કરી. આજે પણ બ્રહ્માનંદસ્વામી તરીકે ઓળખાતા આ પ્રતાપી સાધુના પદો-કીર્તનો મોટા પ્રમાણમાં ગવાતા અને ઝીલાતા હોય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના મહાન સાધુ તથા સાહિત્યના સમર્થ સર્જક બ્રહ્માનંદ સ્વામી તેમની ઉત્કટ ભક્તિ તેમજ ઉત્તમ સર્જનો માટે સદાકાળ જીવંત છે. આ જ રીતે આવા મોટા ગજાના કવિને તૈયાર કરનાર કચ્છની વ્રજભાષા પાઠશાળા પણ ઇતિહાસમાં અલગ માન અને સ્થાન ધરાવે છે. આપણે આપણી નાલંદા કે તક્ષશિલા વિદ્યાપીઠનો ગૌરવથી ઉલ્લેખ કરીએ છીએ. વિશ્વમાં નાલંદા કે તક્ષશિલા વિદ્યાપીઠની બરાબરી કરી શકે તેવી તે કાળમાં ઘણી ઓછી સંસ્થાઓ હતી, તેની દેશ-વિદેશના ઇતિહાસકારોએ તેમજ વિશ્વપ્રવાસીઓએ નોંધ કરી છે. આવું જ વિદ્યાનું એક ઉત્તમ ધામ એટલે ભૂજની વ્રજભાષા પાઠશાળા. બ્રહ્મમુનિ પણ ભૂજની આ પાઠશાળાના અમૂલ્ય રત્ન સમાન હતા. કચ્છના વિદ્વાન રાજવી મહારાવ લખપતજી તથા તેમના રાજ્યકવિ હમીરજી રત્નુની સાહિત્યપ્રીતિ તેમજ ઉદારતા અને દીર્ઘદૃષ્ટિને કારણે આ સંસ્થાનો ઉદ્ભવ થયો અને ક્રમશ: વિકાસ થયો. લગભગ બસ્સો વર્ષ સુધી (ઈ.સ. 1749થી 1948) આ પાઠશાળા કાર્યરત રહી.

દેશના અનેક ભાગમાંથી સાહિત્ય તેમજ સર્વગ્રાહી શિક્ષાની દીક્ષા પ્રાપ્ત કરવા માટે વિદ્યાના ઉપાસકો અહીં આવતા હતા. કચ્છના સર્વાંગી ઇતિહાસની નોંધ મુજબ મહારાવ લખપતજીએ ઈ.સ. 1742માં કચ્છ રાજ્યશાસનની બાગડોર સંભાળી. રાજવી લખપતજીનો વિધિસર રાજ્યાભિષેક મહારાવ દેશળજીના નિધન બાદ ઈ.સ. 1752માં કરવામાં આવ્યો. લખપતજી સાહિત્ય, સંગીત અને કળાઓના પ્રેમી હતા. રાજવીએ સ્વયં પણ છંદશાસ્ત્ર, રસશાસ્ત્ર તથા પિંગળનો અભ્યાસ કર્યો હતો. રાજવી ઉર્દૂ, ફારસી તથા સંસ્કૃતનું જ્ઞાન ધરાવતા હતા. મહારાવ પોતે તો જીવનના પાંચ દાયકા પણ પૂરા કરી ન શક્યા, પરંતુ તેમણે આ ટૂંકા આયખામાં અનેક ચિરંજીવી કાર્યો કર્યા. સુવિખ્યાત સર્જક દુલેરાય કારાણીએ લખ્યું છે તેમ કચ્છનો ઇતિહાસ એટલે એક મહાસાગર છે તેમજ આ મહાસાગરને તળિયે અનેક રત્નો પડેલા છે. મહારાવ લખપતજી આવા એક અમૂલ્ય રત્ન સમાન હતા. વ્રજભાષા પાઠશાળાના અંતિમ આચાર્ય શંભુદાનજી અયાચીએ લખપતજીના સંદર્ભમાં ટાંકેલો એક દોહો થોડામાં ઘણું કહે તેવો છે:

ભર્તૃહરિને ભોજ રે (રહ્યા) સમય અધૂરા સાર,
સો પૂરા કરવા કાજે, (કચ્છ) લખપત આયો લાર.

લખપતજી તેમજ તે સમયના રાજ્યકવિ હમીરજી રત્નુની દીર્ઘદૃષ્ટિ તથા સાહિત્યપ્રીતિને કારણે આ સંસ્થા સ્થાપવામાં તથા વિકસાવવામાં આવી. આચાર્યપદે બિરાજેલા જૈન મુનિઓએ પણ પોતાના વિશાળ જ્ઞાનથી આ સંસ્થાનું સંવર્ધન કર્યું હતું. વ્રજભાષા પાઠશાળાના તેજસ્વી આચાર્યોની પરંપરાના છેલ્લા મણકા સમાન રાજ્યકવિ શંભુદાનજી હતા. બ્રહ્માનંદસ્વામી જેવા અનેક મોટા ગજાના વિદ્વાન કવિઓનું નિર્માણ ભૂજની આ ભાતીગળ પાઠશાળામાં થયેલું છે. બ્રહ્માનંદસ્વામીની કવિત્વશક્તિને પારખીને સંત અવિશાનંદજીએ યથાર્થ લખ્યું છે:

બ્રહ્મમુનિ કવિ ભાનુસમ,
પ્રેમમુક્ત દોઉ ચંદ્ર;
ઔર કવિ ઉડુગણ સમ,
કહે કવિ અવિશાનંદ.

બ્રહ્માનંદસ્વામીનું સાહિત્ય સમય તથા સ્થિતિનો તાગ મેળવીને કુદરતી ઝરણાંની જેમ પ્રગટેલું સાહિત્ય છે, આથી તેમનો પ્રભાવ તથા અસરકારકતા ઘણાં વધારે છે. સહજાનંદસ્વામીને મળ્યા તે પહેલાંની કવિની જૂનાગઢની યાત્રાનો પ્રસંગ જાણીતો તથા કવિરાજની કાવ્યશક્તિની પ્રતીતિ કરાવે તેવો છે. વ્રજભાષા પાઠશાળાના અમૂલ્ય રત્ન સમાન આ કવિરાજની ખ્યાતિ સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિસ્તારોમાં પ્રસરેલી છે. જૂનાગઢ તરફ જતા કવિનું ધ્યાન રેવતાચળ પર્વત (ગિરનાર) તરફ ગયું અને મનમાં જન્મભૂમિની સ્મૃતિનો મીઠો ભાવ પ્રસરી ગયો. આબુરાજની તળેટીનું ખાણ ગામ યાદ આવી ગયું. 'ખાણનો આ મૂલ્યવાન હીરો જ્યાં જ્યાં મુલાકાત કરે છે ત્યાં પોતાની ગરવી પ્રતિભા તથા કાવ્યશાસ્ત્રના બળે અજવાળા પાથરતો આવે છે. આજે કવિની સવારી જૂનાગઢના માર્ગે મોજથી વિચરણ કરે છે. જૂનાગઢના મજેવડી દરવાજે નવાબસાહેબના અમીરો કવિને સત્કારવા વિનયપૂર્વક ઊભા છે. કવિનો સત્કાર કરી સરદાર બાગમાં ઉતારો આપવામાં આવે છે.

કવિશ્રીના રસાલાના ઘોડા, ઊંટ તથા માણસોની સુચારુ વ્યવસ્થા રાજ્ય તરફથી કરવામાં આવી છે. નવાબસાહેબ સાથેની મુલાકાતનો દિવસ નક્કી થાય છે. ભરાવદાર તેમજ વીરરસથી ભરપૂર તેજસ્વી મુખારવિંદ, આજાનબાહુ તેમજ બુલંદ અવાજની કુદરતી બક્ષિસ ધરાવતા કવિ લાડુદાનજી ઉત્તમ રાજવંશી પોષાકમાં જૂનાગઢના નવાબસાહેબની રાજ્યસભામાં પ્રવેશ કરે છે. નવાબસાહેબે વિવેક સાથે કવિને ઉજળો આવકાર આપ્યો. સૌની કુશળતા પૂછીને કવિએ આશીર્વાદના વેણ ઉચ્ચાર્યાં. સભામાં કાજીસાહેબનો પરિચય થયો. કવિના ધ્યાન પર કોઈએ આ બાબત મૂકી હતી કે

કાજીસાહેબ જાણકાર છે તથા પોતાની જાણકારીનું ગુમાન ધરાવે છે. નવાબના કહેવાથી કવિ કાજીસાહેબ તરફ એક નજર કરીને પોતાની છટાદાર શૈલીમાં કવિત સંભળાવે છે:

દિયા હૈ ખુદાને ખૂબ
ખુશી કર ગ્વાલ કવિ,
ખાના પીના લેના દેના,
ઓહી રહ જાના હૈ.
કેતેક અમીર ઉમરાવ
બાદશાહ ગયે,
કર ગયે કૂચ તા કા
લગા ના ઠિકાના હૈ.
હિલો મિલો પ્યારે જાન
બંદગીકી રાહ ચલો,
જિંદગી જરાસી તામે
દિલ બહલાના હૈ.
આવ પરવાના બને
એક હુન બાના,
યા તેં નેકી કર જાના
ફિર આના હે ન જાના હૈ.

છટાદાર ચારણી શૈલીમાં બુલંદ કંઠથી પ્રગટ થયેલા આ અર્થપૂર્ણ કવિતના શબ્દો સાંભળી નવાબસાહેબ તથા કાજીને કોઈ ખુદાઈ ફિરસ્તાની પાવક વાણીના પડઘા સંભળાયા. ‘સુભાન અલ્લાહ! કહી નવાબે પ્રસન્નતા વ્યક્ત કરી. કાજીસાહેબ જાણતલ હતા, તેથી આ પ્રવાસી કવિની વિદ્વત્તાને નમી પડ્યા.

મરમી વિદ્વાન જયમલ્લભાઈ પરમાર લખે છે તેમ: “ચારણી સાહિત્ય તથા લોકસાહિત્યમાં રાસલીલાના ચિત્તાકર્ષક છંદો આપણને બ્રહ્માનંદસ્વામી પાસેથી મળ્યા તે ઉત્તમોત્તમ પ્રકારના છે.” બ્રહ્માનંદસ્વામીના રેણકી છંદથી ભાગ્યે જ કોઈ અજાણ હશે.

ઘણ રવ પટ ફરર ઘરર પદ ઘૂંઘર
રંગ ભર સુંદર શ્યામ રમે.

આવી જ બળુકી રચના ચર્ચરી છંદમાં જોવા મળે છે:

હરિહર અજ હેરહેર,
બિકસિત સુર બેર બેર,

ફરગટ ઘટ ફેરફેર
નટવર નાચે.

આ છંદોની રચના થઈ ત્યારથી, એટલે કે લગભગ બે સદીથી પણ વધારે સમયથી અનેક જાહેર કાર્યક્રમોમાં લોકો ઉલ્લાસભેર આ રચનાઓ માણે છે. બંને છંદોના નાદવૈભવ અને તાલબદ્ધતા તેને અલગ ઊંચાઈએ મૂકે છે. સદ્‌ગુરુ બ્રહ્માનંદસ્વામીની વિદ્વત્તા તથા ભાષા પરની અસાધારણ પકડ જવલ્લે જ જોવા મળે તેવી શક્તિ છે. આ ભક્તકવિની પવિત્ર કાવ્યગંગોત્રી અસ્ખલિત રીતે સહજાનંદસ્વામીના પાવન ચરણો તરફ વહે છે. આપણાં સાહિત્યના અમૂલ્ય વારસામાં તેમનું પ્રદાન કાળના પ્રવાહમાં ક્ષીણ ન થાય તેવું પ્રાણવાન છે.

બ્રહ્માનંદસ્વામી જેમ અનેક શાસ્ત્રના જ્ઞાતાઓ તથા કવિઓનું સર્જન કરવામાં કચ્છની વ્રજભાષા પાઠશાળાનું અનોખું યોગદાન છે. પાઠશાળાનો ઇતિહાસ તથા તેનું યોગદાન કચ્છની યશકલગીમાં ઉમેરો કરે તેવું શ્રેષ્ઠ અને શાશ્વત છે.

બ્રહ્માનંદસ્વામીની રચનાઓમાં ગરબીનો પણ સમાવેશ થાય છે. સ્વામીએ વ્રજભાષા પાઠશાળામાં સાહિત્યનું તથા શાસ્ત્રોનું વિધિસર જ્ઞાન પ્રાપ્ત કર્યું હોવાથી તેમની રચનાઓની બાંધણીમાં આ બાબત સ્પષ્ટ થતી દેખાય છે. જેમણે જગતના નાથ સાથે અનુસંધાન કરેલું છે, તેને દુનિયાના સગપણો આપોઆપ છૂટી જાય છે તેવો મીરાંબાઈના પદોનો ભાવ સ્વામીના કીર્તનોમાં જુદી છટાથી ઝીલાયો છે.

રે સગપણ હરિવરનું સાચું
બીજું સરવે ક્ષણભંગુર કાચું
છે વરવા જેવા એક વનમાળી રે...

રે થીર નહી આવરદા થોડી,
રે તુચ્છ જાણી આશા ત્રોડી
રે જગના જીવન સાથે જોડી રે...

રે ફોગટ ફેરા નવ ફરીએ
રે પરઘેર પાણી શું ભરીએ?
રે ભૂધર ભેટ્યા ભય ભાગ્યો,
મેં સહુ સાથે ત્રોડ્યો દરાગો,
એ રસિક રંગીલાથી રંગ લાગ્યો રે...

રે એવું જાણી સગપણ કીધું
રે મ્હેણું તો શિર ઉપર લીધું
બ્રહ્માનંદનું કારજ સાધ્યું રે...

પરમાત્મા સાથેનો એકતાભાવ સ્વામીના પદમાંથી ઝરણાંની જેમ વહે છે. ભક્તહૃદયને વરવા જેવા એક વનમાળી જ લાગે છે અને તેથી તે સગપણમાં તેઓ જીવનની યથાર્થતાનો અનુભવ કરે છે. હરિ સાથેનું અનુસંધાન થયા પછી સઘળા સાંસારિક સંબંધ-સંપર્કની મમતાનો અંત આવ્યો હોય તેમ સદ્ગુરુને લાગે છે. મમતાને કારણે મોહ તથા મોહ થકી ભય ઉત્પન્ન થાય તેમાંથી ભક્તને સહજ મુક્તિ મળી છે, કારણ કે ભૂધરને ભેટ્યા પછી કોઈ ભય રહી શકતો નથી.

આપણી સંતવાણીની સરળતાને કારણે તેને વ્યાપક લોકસ્વીકૃતિ મળેલી છે. આ વાણીમાં વિચાર સાથે જોડાયેલું મજબૂત કાવ્યતત્ત્વ તો હોય છે, પરંતુ કોઈ આંટીઘૂંટી સિવાય સીધેસીધી વાત કરવાની સુંદરતા આ પદોમાં જોઈ શકાય છે. એક પ્રકારની અપ્રતિમ દૃઢતા તેમજ શ્રદ્ધા તથા નિર્ણયાત્મકતાનો ભાવ પૂરા વિવેક સાથે પ્રગટ થતો જોવા મળે છે.

મરુભૂમિના પ્રથમ પડાવે તીર્થરાજ આબુની તળેટીમાં આશિયા શાખાના ચારણ કુટુંબમાં વિક્રમ સંવત 1828ના મહા સુદ પાંચમ – વસંતપંચમીના વાસંતી માહોલમાં કવિએ જન્મ ધારણ કર્યો હતો. ઉપર જણાવ્યું છે તેમ, જૂનાગઢની જેમ સૌરાષ્ટ્ર-કચ્છ તથા મારવાડના અનેક રજવાડાઓની કવિની મુલાકાત યાદગાર તથા ઐતિહાસિક બની છે. કવિની કાવ્યશાસ્ત્રમાં નિપુણતા તથા ઉત્તમ પ્રકારની રહેણી કરણીને કારણે જે-જે રાજ્યોમાં તેઓ ગયા ત્યાં તેમનો સત્કાર થયો હતો. તેમની વિદ્વત્તાનો પ્રભાવ વિસ્તરતો જતો હતો. રાજા-મહારાજાનો પ્રભાવ તેમના રાજ્ય પૂરતો મર્યાદિત હોય છે. જ્યારે વિદ્વાન વ્યક્તિનો પ્રભાવ રાજ્યની કે કાળની સીમાબંધનમાં નથી. એક સંસ્કૃત સુભાષિતમાં છંદ અનુષ્ટુપમાં આ વાત સુંદર રીતે રજૂ થઈ છે:

विद्वत्वं च नृपत्वं च नैव तुल्यं कदाचन्।।
स्वदेशे पूज्यते राजा, विद्वान सर्वत्र पूज्यते।।

મારવાડના કવિ લાડુદાનજીનો પ્રભાવ આ કારણસર જ વિવિધ પ્રદેશોમાં વિસ્તરેલો હતો. અનેક રાજવીઓએ કવિને પોતાના રાજ્યમાં સ્થાયી થવા વિનંતીઓ કરી હતી, પરંતુ વિધિનિર્માણ આ રાજવી પુરુષ માટે કાંઈક અલગ જ હતું. કવિના ચરિત્ર અનેક રીતે લખાયા છે અને વંચાયા છે. આ બધામાં રાજ્યકવિ માવદાનજી રત્નુનું 'બ્રહ્મસંહિતા' વિસ્તૃત તથા વિગતોથી ભરપૂર છે:

બ્રહ્મસંહિતા ભાવથી અર્પે, માવ કવિ આજ,
સ્વીકારો શુભ સ્નેહથી, મણિરૂપ મહારાજ.

સ્વામિનારાયણ ગુરુકુળ – સુરેન્દ્રનગરના વિદ્વાન શાસ્ત્રી નારાયણ સેવાદાસજીએ પણ સત્સંગીઓના લાભાર્થે બ્રહ્મમુનિના સાહિત્યનું નોંધપાત્ર પ્રકાશન કરેલું છે. સંસારી લાડુદાનજી, સ્વામિનારાયણદેવના પારસમણિ સ્પર્શથી બ્રહ્માનંદસ્વામી બનીને

ઝળકી ઊઠ્યા, પરંતુ મૂળમાં સ્વામીની એક મોટા ગજાના સર્જક તરીકેની શક્તિ માટે ગુજરાતી સાહિત્ય પરિષદના 'સાહિત્યકોશ' ખંડ – 1માં લખ્યું છે:

"કવિએ રચેલાં ભક્તિ તથા વૈરાગ્યનાં પદો શૌર્યસભર શૈલીથી વિશિષ્ટ ખુમારીનો અનુભવ કરાવે છે. સૌરાષ્ટ્રની બોલીનો રણકો, પ્રાસ-અનુપ્રાસ મેળવવાની સહજશક્તિ, પદરચનાના સફાઇ કે માધુર્ય સ્વામિનારાયણ સંપ્રદાયની કવિતામાં તો મોખરાનું સ્થાન ભોગવે છે, પરંતુ ગુજરાતી પદ્યસાહિત્યમાં પણ વિશિષ્ટ બની રહે છે." સહજાનંદસ્વામીને કેન્દ્રમાં રાખીને સુંદર, ગેય તથા અર્થપૂર્ણ પદોનું સર્જન બ્રહ્માનંદસ્વામી ઉપરાંત મુક્તાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી તથા ભૂમાનંદસ્વામી જેવા પુણ્યશ્લોક સંતોએ કરેલું છે. આપણાં સાહિત્યના ભાતીગળ સંતવાણી સાહિત્યમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોનું આ રીતે મહત્ત્વનું પ્રદાન છે.

સ્વામી બ્રહ્માનંદ જીવનના સંધ્યાકાળે મૂળી (જિ. સુરેન્દ્રનગર) મંદિરમાં નિવાસ કરતા હતા. મૂળી મંદિરના નિર્માણ ઉપરાંત વડતાલ તથા જૂનાગઢના મંદિરો પણ બ્રહ્માનંદસ્વામીએ ટાંચા સાધનોના એ કાળમાં શ્રીજી મહારાજની આજ્ઞા થતા કૃપાથી પૂર્ણ કર્યા હતા. પોતાનું સહજ કર્મ એ જ તેમની ભક્તિ હતી. રાજા-રજવાડાના અનેક આભૂષણોનો અનાસ તભાવે અને સ્વેચ્છાથી ત્યાગ કર્યા પછી ભક્તિ અને નિષ્ઠાના અમૂલ્ય અલંકારોથી તેઓ શોભતા હતા. આજે પણ સ્વામીના અનેક પદોનું સ્મરણ કેટલાય હરિભક્તોને ભક્તિના ઉત્કટ ભાવથી ભીંજવતું રહે છે. સદ્‌ગુરુ દેવાનંદસ્વામીને શ્રીજી તરફના નિરંતર સ્નેહની તથા પોતાને પ્રિય એવા સંગીતની બ્રહ્મમુનિએ દીક્ષા આપી તેમજ મૂળી મંદિરના વહીવટની સોંપણી કરી હતી. નિષ્કુળાનંદસ્વામી સહિતના અનેક સંતો બ્રહ્માનંદસ્વામીના સૂર્યસમાન તેજસ્વી જીવનના સૂર્યાસ્તનું દર્શન કરવા મૂળી મંદિરમાં એકઠા થયા હતા. સાધુઓ તથા સત્સંગીઓને સંપ રાખવાની અમૂલ્ય શીખ તેમણે અંતકાળે આપી હતી.

બ્રહ્માનંદસ્વામીએ જીવનના સંધ્યાકાળે *'અધમ ઓધારણ અવિનાશી! તારા બિરદની બલિહારી રે'* ગાઇને શ્રીજી મહારાજની ઉત્કટતાથી અનુભૂતિ કરી હતી. શ્રીજી મહારાજ સ્વધામ પધાર્યા હતા તે જ તિથિએ બ્રહ્મમુનિ પણ અક્ષરધામ નિવાસી થયા. જીવનના છ દાયકાનું કર્મનિષ્ઠ તથા અખંડ ભક્તિનિષ્ઠ જીવન તેમની વૈચારિક સજ્જતાનો પરિચય કરાવે છે. વીરને છાજે તેવું જીવન વ્યતીત કરનાર આ સાધુના સર્જનોમાં વીરરસ પણ ભારોભાર છલકે છે.

રે શિર સાટે નટવરને વરીએ
રે પાછું તે પગલું નવ ભરીએ.
રે સમજ્યા વિના નવ નીસરીએ
રે રણમધ્યે જઈએ નવ ડરીએ.

ત્યાં મુખ પાણી રાખી મરીએ...
રે પહેલું જ મનમાં ત્રેવડીએ
રે હોડેહોડે જુદ્ધે નવ ચડીએ
જો ચડીએ તો કટકા થઈ પડીએ...
રે રંગ સહિત હરિને રટીએ
રે હાક વાગે પાછા નવ હઠીએ
બ્રહ્માનંદ કહેતાં મરી મટીએ
શિર સાટે નટવરને વરીએ.

*

7

જીવન અંજલિ થાજો, મારું જીવન અંજલિ થાજો

કરુણાના અવતાર સમાન ભગવાન ઈસુની સ્મૃતિ નાતાલના પવિત્ર દિવસોમાં થવી સ્વાભાવિક છે. ભગવાન ઈસુ કે તથાગત બુદ્ધના ઉજ્જ્વળ, પરંતુ કંટકભર્યા માર્ગે ચાલનારા કેટલાક વીરલાઓનું સ્મરણ તહેવારોના દિવસોમાં થાય છે. કરુણા તથા સ્નેહના સંદેશને જીવનમાં ઉતારી કેટલાક મહામના અને ઉદારમના માનવીઓએ, દુનિયાના લોકોને પોતાના ભાંડુ માનીને તેમની સેવામાં જીવતર ખપાવી દીધું છે. આવા વ્યક્તિવિશેષોના જીવન તરફ દૃષ્ટિપાત કરીને જાતને રિચાર્જ કરવાની આ ક્ષણ છે.

હિમાલયની વનરાજી અનેક સૈકાઓના સંભારણાં અને સમૃદ્ધિ ધારણ કરીને ઉન્નત મસ્તકે ઊભી છે. આ વનરાજીઓની વચ્ચે દાર્જીલિંગમાં નાના એવા સ્મારક પર યાદગાર શબ્દો લખ્યાં છે:

"અહીં સૂતા છે ભગિની નિવેદિતા, જેમણે ભારતને પોતાનું સર્વસ્વ અર્પણ કરેલું છે." દાર્જીલિંગમાં 1911ના વર્ષમાં ઓક્ટોબર માસની 13મી તારીખે ભગિનીએ દેહ છોડ્યો. સામર્થ્યવાન ગુરુ વિવેકાનંદના આ જાજ્વલ્યમાન શિષ્યાએ જીવનના છેલ્લા શ્વાસ સુધી રામકૃષ્ણ મિશનની પ્રવૃત્તિઓ સક્રિય રહીને કરી. આયર્લેન્ડના એક પાદરી કુટુંબમાં જન્મેલા માર્ગારેટ નોબલે સ્વામી વિવેકાનંદના દર્શન અનુસાર ભારતવર્ષની નવજાગૃતિ માટે કાર્ય કર્યું. માર્ગારેટ નોબલ 1898ના જાન્યુઆરી માસમાં ભારત આવ્યાં. માર્ગારેટ સ્વામીજીની પ્રેરણાથી ભગિની નિવેદિતા બન્યા. તેઓ સંપૂર્ણપણે ભારતીય થઈને રહ્યાં. માર્ગારેટને મા શારદામણિદેવીના વ્યક્તિત્વમાં માધુર્યની સાક્ષાત્ મૂર્તિના દર્શન થયા. જ્યાં જ્યાં સામાન્ય માનવીઓની પીડા તેમણે જોઈ ત્યાં કરુણામૂર્તિ ભગિનીએ રાહત આપવાની કામગીરી બજાવી.

કલકત્તામાં ભીષણ પ્લેગના સમયે શહેરની ગંદી ગલીઓમાં જઈને સેવા પૂરી પાડતા આ કરુણાની દેવીના લોકોએ દર્શન કર્યા. પોતે શાળા શરૂ કરે તેમાં લોકો પોતાની દીકરીઓને મોકલતા થાય તેવા ભરપૂર પ્રયાસો તેમણે કર્યા. બાલિકાઓ માટેની પોતે શરૂ કરેલી શાળાનું ઉદ્ઘાટન પણ તેમણે મા શારદામણિદેવીના હસ્તે કરાવીને રૂઢિચુસ્ત કુટુંબોને કેળવણી તરફ જવાનો સબળ સંકેત આપ્યો. રામકૃષ્ણ મિશનની સાપ્તાહિક સભાઓમાં ભાષણો આપીને નૂતન વિચારોના પ્રસારનું કાર્ય તેમણે એક લોકશિક્ષકની જેમ સતત કર્યું. ભગિનીની શ્રદ્ધા તથા અર્ચનાના કેન્દ્રો એ પરમતત્ત્વ

ઉપરાંત ગુરુ વિવેકાનંદ તથા સમગ્ર ભારત દેશ હતા. કવિગુરુ ટાગોરે સિસ્ટરને 'લોકમાતા' તરીકે ઓળખાવ્યા હતા તે યથાર્થ છે. ભગિની નિવેદિતા એ ભગવાન ઈસુ અને કરુણામૂર્તિ બુદ્ધના ખરા વારસદાર હતા. હજારો માઇલ દૂરથી તેઓ ભારતની ધરતી પર આવ્યાં અને સેવાકાર્ય કરતા-કરતા અહીં જ તેમણે જીવનના અંતિમ શ્વાસ લીધા.

આવું જ બીજું એક પુણ્યશ્લોક નામ નાતાલના દિવસોમાં સ્મૃતિમાં અચૂક આવે છે. મધર ટેરેસાને કોણ ન ઓળખે? તેમના યશસ્વી કાર્ય માટે મધરને 1979નો નોબલ શાંતિ પુરસ્કાર મળ્યો ત્યારે તેમણે કહ્યું:

"કાર્યની પસંદગીમાં કોઈ આયોજન ન હતું, નહોતો કોઈ પૂર્વ નિર્ધારિત વિચાર. લોકોની યાતના અમને બોલાવતી ગઈ તેમ અમે અમારું કામ કરતા ગયા. શું કરવું તેનું માર્ગદર્શન ઈશ્વરે કરાવ્યું."

આજના તહેવારો સાથે મોટા પ્રમાણમાં ભપકા જોવા મળે છે. લખલૂટ ખર્ચાઓ અમુક કિસ્સામાં થતા જોવા મળે છે. કેટલાક આયોજનો પર્યાવરણ માટે જોખમી હોય તો પણ યોજવામાં આવે છે. આ સંદર્ભમાં મિશનરીઝ ઑફ ચેરિટીની સ્થાપના દિવસે યોજવાની થતી ઉજવણીના સંદર્ભમાં મધરે કહ્યું:

"ઉજવણીમાં સાદાઇ જરૂરી છે. ખર્ચ કે ઉત્સવ સુશોભન નહીં. કેવળ આભાર... ઈશ્વરનો આભાર... આપણી ઉજવણીના કેન્દ્રમાં ઈશ્વર હોવો જોઈએ, એથી સૌને પ્રતીતિ થશે કે આપણે કરીએ છીએ તે ઈશ્વરનું કાર્ય છે."

સેવા અને પ્રાર્થના મધરના જીવનના અભિન્ન અંગ હતા. વિદેશ પ્રવાસમાં એક વાર સીમા ઓળંગીને ગાઝા સ્ટ્રીપમાં જઈ રહ્યા હતા ત્યારે સલામતીના કર્મચારીએ તેમને પૂછ્યું:

"તમારી પાસે કોઈ હથિયાર છે?"

મધરનો ત્વરિત ઉત્તર: "હા, છે ને! મારી પ્રાર્થનાના પુસ્તકો છે."

આવા ઉદારચરિત અને સ્નેહસિંચન કરનારી વ્યક્તિઓએ માનવી પ્રત્યેની પોતાની નિષ્ઠાનું દર્શન કરાવ્યું છે. જગત તરફથી જે અવરોધો ઊભા કરવામાં આવ્યા તેનો પણ તેઓએ સ્નેહથી સ્વીકાર કર્યો. ગાંધીજીએ 'અવગુણ સામે જે ગુણ કરે, તે જગમાં જીત્યો સહી' એ વાતની પૂર્તિ પોતાના આજીવન આચરણથી કરી.

મોહન(ગાંધીજી)ના સાથી ચાર્લી (દીનબંધુ એન્ડ્રુઝ) પણ આવા એક વિશ્વ નાગરિક હતા. જ્યાં જ્યાં પીડિતોનો સાદ સંભળાયો ત્યાં ત્યાં તેઓ ગયા. સહજભાવે અને પૂરી સંવેદનશીલતાથી તેમના સુખ-દુ:ખમાં સહભાગી થયા. ભારત હોય, દક્ષિણ આફ્રિકા હોય કે ફિઝી હોય, એ દરેક સ્થળે આ સાંતા લોઝ પ્રેમ, આનંદ તથા સહાનુભૂતિની

ભેટ લઈને ફર્યા. નાતાલના પવિત્ર તહેવારોના સમયે આ પાવનકારી સંતનું સ્મરણ થવું સ્વાભાવિક છે. તેઓ આપણાં ઠક્કરબાપા કે રવિશંકર મહારાજની હરોળમાં બેસે તેવા મહામના સેવક હતા. જ્યાં માનવતા જોડે છે ત્યાં સંપ્રદાયો કદી પણ વિચ્છેદ કરતા નથી. દીનબંધુના સ્મરણ સાથે ગુજરાતના સંદર્ભમાં વિચાર કરીએ તો ફાધર વાલેસની સ્મૃતિ પણ તાજી થાય. સ્પેનના આ પાદરીએ સવાયા ગુજરાતી થઈને ગુજરાતી સાહિત્યમાં કેટલું મોટું તથા નોંધપાત્ર પ્રદાન કર્યું! તેમાંયે યુવાનો માટેનો તેમનો વિશેષ સ્નેહ તથા યુવાનોને દિશા ચીંધનારા તેમના તરોતાજા વિચારો ગમે તે સમયે પ્રાસંગિક લાગે તેવા છે.

ગાંધીજીનું વ્યક્તિત્વ એવું હતું કે અનેક ક્ષેત્રના તથા અલગ-અલગ આચાર-વિચાર ધરાવતા આપણાં દેશના તેમજ વિદેશોના ઘણાં લોકો તેમનાથી આકર્ષિત થયા હતા. કવિવર ટાગોર જેવા શ્રેષ્ઠ કક્ષાના સર્જક હોય કે ટૉલ્સ્ટૉય જેવા વિશ્વના સુવિખ્યાત ચિંતક હોય, પરંતુ ગાંધીજી તરફ તેમને આકર્ષણ રહેતું હતું. તેમાંના ઘણા લોકો સાથે તેઓ અંગત સંબંધોથી પણ જોડાયેલા રહ્યા હતા. ચાર્લ્સ એન્ડ્રુઝ આવા એક સજ્જન હતા. ઇંગ્લૅન્ડમાં 1871માં જન્મેલા ચાર્લ્સ ભારત સાથે અને ગાંધીજી સાથે અનન્ય ઐ ચનું ઉજળું જીવન જીવી ગયા. તેઓ પાદરીનું સંતાન હતા. ધર્મનું વાતાવરણ તથા સંસ્કાર તેમનામાં સહજ રીતે સંચરેલા હતા. સારા-નરસાનો નિર્ણય પોતે સ્વતંત્ર રીતે કરી શકે તેવા તટસ્થ વિચારક હતા. આથી પિતા જે સંપ્રદાય સાથે જોડાયેલા હતા તેને પણ તેઓ છોડી શક્યા હતા. એમનામાં ઊંડે-ઊંડે હિંદ તરફનું ખેંચાણ હતું. એન્ડ્રુઝને શિક્ષણ સારું મળ્યું. અભ્યાસમાં ખૂબ જ ચીવટ હોવાના કારણે યશસ્વી કારકિર્દી હતી, પરંતુ તેમની સંવેદના દુખિયારા તથા તરછોડાયેલા તરફ હોવાથી મોભાદાર નોકરી તરફ તેમનું ધ્યાન કદી ન ગયું. સાદું તથા ઓછી જરૂરિયાતો હોય તેવું જીવન જીવવાની તેમની ખેવના હતી. કૉલેજમાં અધ્યાપનકાર્ય પણ તેમણે થોડા વર્ષો સુધી કર્યું. તેઓને દુનિયાભરના અલગ-અળગ સમાજના જીવનમાં જેની અસર છે તેવા વિવિધ ધર્મો વિશેની જાણકારી મેળવવાની તાલાવેલી હતી, આથી તેનું અધ્યયનકાર્ય પણ તેમણે એકનિષ્ઠાથી કર્યું.

સ્વાભાવિક રીતે તેના કારણે દૃષ્ટિમાં વિશાળતા આવી. દરેક ધર્મમાં સારા તત્ત્વો છે તેની પ્રતીતિ થઈ. આપણાં ગાંધીયુગના કેટલાક મહાનુભાવો જેમાં વિનોબાજી કે કિશોરલાલ મશરૂવાલાની સ્મૃતિ થાય કે જેઓ પણ વિભિન્ન ધર્મો તથા શાસ્ત્રોનો અભ્યાસ કરીને આપણાં સુધી તેનો અર્ક પહોંચાડી શક્યા. અંતે તેમના મનમાં ભારત આવવાની જે ઇચ્છા હતી તે પૂરી થવાનો સમય આવ્યો. વીસમી સદીની શરૂઆતના બ્રિટિશ શાસન હેઠળના હિન્દમાં 1904માં તેઓ ભારત આવ્યા. પોતાની ઇચ્છા પૂરી થઈ તેનો આનંદ એન્ડ્રુઝને હતો. એ કેવો સુખદ યોગાનુયોગ કહેવાય કે આટલે દૂરથી આવતા એક

અજનબીને હિન્દ માદરે-વતન જેવું લાગ્યું. અહીંની ભૂમિનું ખેંચાણ યથાવત્ રહ્યું. હિંદની ધરતીનું પ્રાકૃતિક સૌંદર્ય પણ તેમને વિશિષ્ટ લાગ્યું.

દીનબંધુ આવ્યા એક મિશનરી તરીકે, પરંતુ તેમની દૃષ્ટિની વિશાળતા તેમજ હિંદ પ્રત્યેના વિશેષ ભાવને કારણે તેઓ જુદા પડતા હતા. હિંદનો તેમજ હિંદની સમસ્યાઓનો વિશેષ પરિચય મેળવવામાં તેમને તે વખતના સ્વાતંત્ર્ય માટેની ચળવળના નેતાઓ સાથેનો પરિચય વિશેષ ઉપયોગી થયો. તેમની લંડનની સારવાર માટેની મુલાકાત દરમિયાન ગુરુદેવ ટાગોરને મળવાનું થયું. દરમિયાન એન્ડ્રુઝને દક્ષિણ આફ્રિકાની મુલાકાતે જવાનું બન્યું. ગાંધીજી સાથે તેમની મુલાકાત થઇ અને ગાંધીજીના આફ્રિકાના આશ્રમમાં રહેવાનું થયું. દક્ષિણ આફ્રિકાની લડાઈમાં ગાંધીજીને તેમનો પૂર્ણ સહયોગ મળ્યો. ગાંધીજી સાથેની તેમની ગાઢ દોસ્તી હતી. ગાંધી તેમને 'ચાર્લી' કહેતા. એન્ડ્રુઝ ગાંધીજીને 'મોહન કહીને સંબોધન કરતા. ગાંધીજીએ જ તેમને 'દીનબંધુ કહ્યા અને આ યથાર્થ સંબોધન ચલણી સિક્કા જેવું પુરવાર થયું. તેઓ દીનબંધુ એન્ડ્રુઝ તરીકે સુવિખ્યાત થયા.

વિચારો તથા દીન-દુખિયારા પ્રત્યેની અપાર સંવેદનામાંથી પ્રગટેલું ગાંધી-એન્ડ્રુઝનું સાયુજ્ય કદી ભૂલાશે નહીં. કાકાસાહેબ એન્ડ્રુઝને એક અજોડ વ્યક્તિ તરીકે ઓળખાવે છે તથા તેમની વિદ્વત્તા અસાધારણ હતી તેમ કહે છે. એક સાધારણ સેવકની જેમ તેમણે હિંદુસ્તાનની અમૂલ્ય સેવા કરી. કાકાસાહેબને કહે: "હું તો હિન્દીઓનો સેવક થઈને રહેવા માગું છું." તેમનામાં નમ્રતા તથા સંવેદનશીલતાના ગુણ હતા. ગાંધીજીના સંદેશથી તેઓ સંપૂર્ણપણે પ્રભાવિત થયા હતા. ગાંધીજી વિશે લખતા તેઓ કહે છે: "જેમને હું દક્ષિણ આફ્રિકામાં પહેલી વાર મળ્યો હતો તે મહાત્મા ગાંધીમાં જાતે કષ્ટ વેઠીને વિજય મેળવવાની સર્વશ્રેષ્ઠ પદ્ધતિ મને દેખાઈ આવતી હતી. તેમની સાથે રહેવાથી મારામાં જે કંઈ ઉત્તમ હતું તે બધું જાગી ઊઠ્યું. ગાંધીજીએ પોતાના પરમ સાહસમય જીવન દ્વારા મારામાં એક એવું જ સાહસ જાગતું કર્યું." ગિરમીટિયાઓના પ્રશ્ન બાબતમાં ગાંધીજી જે લડાઈ દક્ષિણ આફ્રિકામાં લડતા હતા તે દીનબંધુને ન્યાયી લાગી અને તેથી જ તે લડતમાં તેઓ ગાંધીના સાથી બન્યાં. ગાંધીજીના કાર્યોને ટેકો આપવાનું કાર્ય તેઓએ આજીવન એકનિષ્ઠાથી કર્યું. દક્ષિણ આફ્રિકા કે ભારતના સામાન્ય લોકોના સત્તાધીશો સામેના પ્રશ્નોમાં તેઓ સક્રિય રહ્યા. ફિઝીમાં પણ હિન્દી મજૂરોની સ્થિતિ સુધારવા તેમણે અનેક પ્રયાસો કર્યા.

ગાંધીજીના આવા ઉજળા સહયોગીઓનો સંક્ષિપ્ત પરિચય મીરાબહેન ભટ્ટે એક નાનું પુસ્તક લખીને આપ્યો છે, જે એક સમાજોપયોગી પ્રયાસ છે. નારાયણ દેસાઈના માધ્યમથી પણ દીનબંધુના ઉજ્જવળ જીવનના કેટલાક પાસા સ્પષ્ટ થઈને નજર સમક્ષ આવે છે. તેમની ઊંડી ધર્મભાવના ગરીબો તરફના તેમના વર્તાવમાં પ્રગટ થતી હતી. એન્ડ્રુઝના નિધન બાદ ગાંધીજીએ યાદગાર શબ્દોમાં તેમના જીવનને બિરદાવ્યું.

ગાંધીજી લખે છે: "ઇંગ્લૅન્ડ પ્રત્યેનો તેમનો પ્રેમ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ અંગ્રેજ કરતાં કોઈ પણ રીતે તરે તેવો ન હતો, પરંતુ એ પણ એટલું જ નિ:સંદેહ છે કે હિંદ પ્રત્યેનો તેમનો પ્રેમ પણ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ હિન્દીના પ્રેમની બરાબરી કરે તેવો હતો. અંગ્રેજોના દુષ્કૃત્યો ભૂલાઈ જશે, પણ દીનબંધુના વીર સુકૃત્યો ઇંગ્લૅન્ડ તથા હિંદની હસ્તી હશે ત્યાં સુધી નહીં ભૂલાય." 1940માં તેઓએ ચિરવિદાય લીધી ત્યારે માનવજાતિએ એક ઉત્તમ વિશ્વ નાગરિક ગુમાવ્યો હોય તેવી અનુભૂતિ કરી. પૂર્વ અને પશ્ચિમ વચ્ચેના સેતુરૂપ જીવનને દીપાવીને તેઓ ગયા. આવા લોકોના જીવનની સુગંધ શાશ્વત રહે છે. અનેક સમસ્યાઓની સામે પણ આવા લોકો જીવનમાં કદી ન થાક્યા કે ન હારી સ્વીકારી છે.

થાકે ન થાકે છતાંયે હો માનવી,
ન લેજે વિસામો
તારે ઉલ્લંઘવાના મારગ ભૂલામણાં,
તારે ઉદ્ધારવાના જીવન દયામણાં,
હિંમત ન હારજે તું ક્યાંયે,
હો માનવી, ન લેજે વિસામો!

છેલ્લા થોડા વર્ષોમાં સમગ્ર વિશ્વમાં જે ઘટનાઓ બની છે તેમાં જોડાણના સ્થાને વિચ્છેદનું બાહુલ્ય જોવા મળે છે. માનવી વિશેષ સ્વકેન્દ્રી થતો જાય અને સરવાળે પોતાના કુટુંબ કે પાડોશીથી પણ વિમુખ થઈને જીવતરનો માર્ગ અપનાવે તો સાધનસુવિધા વધ્યા હોવા છતાં સ્વસ્થ સમાજનું નિર્માણ થઈ શકતું નથી. સંવેદનશીલતાનો વ્યક્તિગત ગુણ સમાજના વિવિધ અંગોને જોડી શકે છે. જે બનાવો રોજ રોજ જોઈએ અને અનુભવીએ છીએ તેમાં આવી વિમુખતા કે અકર્મણ્યતાનું કારણ એ આપણામાં રહેલી સંવેદનશીલતા ઝાંખી પડી હોય તેમ સૂચવતા રહે છે. નાતાલનું પર્વ આવા સમયમાં સ્નેહ તથા સંવેદનશીલતાનો સંદેશ આપીને જાય છે. જેમને આપણાં helping handની જરૂર છે તેમના તરફ આપણી સહેજ પણ દૃષ્ટિ રહે તો નાતાલની ઉજવણી સાર્થક બને છે.

*

8

મદ ના કર મનમેં મિથ્યા ધનમેં જોર બદનમેં જોબનમેં

લોકસાહિત્યના આજીવન ઉપાસક અને ભાતીગળ કથા-કાવ્યોના સંશોધક ઝવેરચંદ મેઘાણી હંમેશા એ વાતની ચિંતા કરતા કે વાત માંડનારા – વાર્તા કરનારા કસબીઓ ઓછા થતા જાય છે. મેઘાણીભાઈની ચિંતા સકારણ હતી. સમગ્ર શ્રોતાગણને પોતાની કહેણીની શૈલીથી જકડી રાખે તેવા મેઘાણંદબાપા જેવા વાર્તાકારો શોધવા જઈએ તો પણ મળે તેમ નથી, આથી આ ચિંતાની વાત તથા પોતાની લાગણી વ્યક્ત કરતા તેઓ પોતાના કવિમિત્ર દુલાભાઈ કાગને કહે છે:

"વાર્તા કહેનારાઓ જ્યારે લુપ્ત થતા જાય છે તેવા આ સમયમાં તમે જે-જે ભાઈઓ અસલી પાતાળફૂટ કંઠ ધરાવો છો તો એ કળા સાચવો અને વિશેષ ખીલે તેમ કરો." કવિ કાગે તરત જ આ વાતનો જવાબ આપતા મેઘાણીભાઈને કહ્યું:

"વાર્તાકારની તો શી વાત કહું? વાર્તા તો કરી જાણી માઈના એક પૂત પિંગળશીભાઈએ! " (પિંગળશીભાઈ નરેલા – ભાવનગરના રાજકવિ) વાતને લંબાવતા ભગતબાપુ (કવિ કાગ) કહે છે: "ગમે તેટલા મોટા કે નાના સમૂહ સમક્ષ નજરને ધરતી પર સ્થિર કરી, ઊંચું કે આગળ-પાછળ જોયા સિવાય એક અવધૂતની માફક વાક્ધારા પિંગળશીબાપુ વહેતી મૂકતા. એ સર્જક – વાર્તાકારનું પૌરુષરૂપ કદી વિસરાશે નહી." કવિઓના કવિ અને સર્જકોના પણ વડેરા સર્જક એવા રાજ્યકવિ પિંગળથીભાઈના અવસાન (માર્ચ - 1939) સમયે મેઘાણીભાઈએ પિંગળશીભાઈની ચિરવિદાય એટલે જાણે ગરવાનું ટૂક તૂટી પડ્યું હોય તેવી વ્યથા-લાગણીનો અનુભવ કર્યો અને 'જન્મભૂમિ' તથા 'ફૂલછાબ'માં તેની નોંધ કરી. કવિ કાગે અનેક સાહિત્યપ્રેમી લોકોની લાગણીને શબ્દદેહ આપ્યો:

સઘળે સ્થાનકે દીઠો
પિંગળશીને સઘળે સ્થાનકે દીઠો
મહારાજાઓને ડાયરે-ડાયરે
સાચું સંભળાવતો મેં દીઠો
ઝૂંપડીઓની વણીને વેદના
ગીતમાં ગાતો મેં દીઠો...
ભક્તોના પાતળીઆ તંબુરના

તારમાં, છેવટે સમાતો મેં દીઠો,
કૃષ્ણના હાથમાં સોંપી
હરદાનને, હોડી હંકારતો
મેં દીઠો... પિંગળશીને...
ડેલીએ બેઠો અડીખમ
ડુંગરો, દેતાં-દેતાં મેં દીઠો...
સઘળે સ્થાનકે દીઠો.

કવિ ન્હાનાલાલે રાજ્યકવિ પિંગળશીભાઈ પાતાભાઈ નરેલા(1856- 1939)ના અવસાનના સમાચાર સાંભળીને પિંગળશીભાઈના પુત્ર હરદાનભાઈને સાંત્વના આપવા માટે એક પત્ર લખ્યો. ન્હાનાલાલ લખે છે: "પિંગળશીભાઈના અવસાનથી ભાવનગરની કાવ્યકલગી ખરી પડી છે. ભાવનગર મહારાજાના મુગટમાંથી એક હીરો ખરી પડ્યો છે. ગુજરાતની જૂની કવિતાનો છેલ્લો સિતારો આજે આથમ્યો."

આવા કવિનો જન્મ ભાવનગર જિલ્લાના સિહોર ગામમાં ઑક્ટોબર – 1856માં થયેલો. તેમના પિતા પાતાભાઈ નરેલા પણ ભાવનગર રાજ્યના કવિ હતા. ચંદ્રવદન મહેતાએ લખ્યું છે: "ભક્તિનો જે દોર નરસિંહ, મીરાં, ભોજલરામ, ધીરા તથા દયારામની રચનાઓમાં વણાયેલો હતો, એ જ દોરમાં પરોવાયેલા હોય તેવા કાવ્યો પિંગળશીભાઈના છે. ઉપરાંત તેઓ પોતાની વાણીના અસ્ખલિત પ્રવાહથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતા હતા તેનું સંભારણું પણ સ્વાનુભવે ચંદ્રવદન મહેતાએ લખેલું છે.

પિંગળશીભાઈની કવિતાઓ શબ્દાડંબરવાળી નહી, પરંતુ મહદંશે સરળ ભાષામાં લખાયેલી હતી. કાવ્યની સરળતા તથા વિષય વૈવિધ્યતાના કારણે તેમની ઘણી રચનાઓ લોકપ્રિય થઈ છે. આવી રચનાઓ પાઠ્યપુસ્તકોના માધ્યથી આવતી પેઢી સુધી પહોંચી છે.

ગજબ હાથે ગુજારીને પછી કાશી ગયાથી શું?
મળી દુનિયામાં બદનામી પછી નાસી ગયાથી શું?
દુ:ખી વખતે નહી દીધું પછી ખોટી દયાથી શું?
સુકાયા મોલ સૃષ્ટિના પછી વૃષ્ટિ થયાથી શું?
વિચાર્યું નહી લઘુવયમાં પછી વિદ્યા ભણ્યાથી શું?
જગતમાં કોઈ નવ જાણે જનેતાના જણ્યાથી શું?
સમય પર લાભ આપ્યો નહી પછી તે ચાકરીથી શું?
મળ્યું નહી દૂધ મહિષીનું, પછી બાંધી બાકરીથી શું?
ન ખાધું કે ન ખવડાવ્યું, દુ:ખી થઈને રળ્યાથી શું?
કવિ 'પિંગળ' કહે પૈસા મૂઆ વખતે મળ્યાથી શું?

કવિ સરળ છતાં માર્મિક રીતે યોગ્ય સમયે કે સમયસર નિર્ણય કરવામાં માનવજીવનની યથાર્થતા છે તે તરફ ધ્યાન દોરે છે. ગંગાસતી પાનબાઈને કહે છે તેમ વીજળીના ચમકારે મોતી પરોવી લેવાની સલાહ કવિએ દાખલા-દલીલ સાથે આપી છે. જો સમય ચૂકી જવાય તો કરેલા કાર્યનું મૂલ્ય કે મહત્ત્વ રહેતું નથી. જીવતર જીવવામાં જો સહાનુભૂતિ કે સંવેદનાને બદલે સંઘર્ષ કે પરપીડનવૃત્તિને તાબે થઈને જીવન વ્યતીત કર્યું હોય તો પછી કાશીની યાત્રા કરવી નિરર્થક છે. મધ્યયુગના કવિઓની જેમ કવિ પિંગળશીભાઈએ કથની નહીં, પરંતુ કરણી ઉપર વિશેષ ભાર મૂક્યો છે. કવિનો પોતાનો આવકાર પણ ખૂબ ઉજળો હતો.

મેઘાણીભાઈએ લખ્યું છે તેમ: ભાવનગરની ડેલી (કવિનું રહેવાનું મકાન) કદી સૂની જોવા મળતી ન હતી. કવિ હંમેશાં મહેમાનોની વચ્ચે જ જીવતા હતા, શોભતા હતા. સમાજ દ્વારા કવિને તેમના કાવ્યસર્જન ઉપરાંત એક ઉદાર તથા સાધુચરિત માનવી તરીકે સ્નેહ તથા આદરથી નવાજવામાં આવતા હતા. જો સમાજને ખપમાં ન આવે તેવું સ્વકેન્દ્રી જીવન જીવાય તો પછી જનેતાએ જન્મ આપ્યો તે સાર્થક થતું નથી. કવિને લાગે છે કે પરોપકારનું કોઈ પણ કૃત્ય તેની જરૂર હોય તે સમયે કરવામાં આવે તો હેતુ સચવાય છે. એક વાર ખેતરોમાં મોલ (પાક) સુકાઈ જાય તો પછી અતિવૃષ્ટિ થાય તો પણ તેનો અર્થ સરતો નથી. સૃષ્ટિના ક્રમ અનુસાર ઋતુ પ્રમાણે મેઘસવારી આવે તો જ તે પૂર્ણત: ઉપયોગી છે. દરેક બાબતને પોતાના નિશ્ચિત ક્રમ હોય છે અને તેથી તે ક્રમ અનુસાર સૃષ્ટિનું ચક્ર ચાલે તો સૌનું શ્રેય છે, કલ્યાણ છે. જીવન જીવાય તે 'ઘસાઈને ઉજળા થવાની' રવિશંકર મહારાજની કલ્પના મુજબનું ઉજળું હોય તથા કોઈ નાલેશીયુક્ત ન હોય તેની કવિને ખેવના છે. એક વાર જો બદનામી કે નાલેશી થાય તો પછી દૂર જવાથી કે નાસી જવાથી પ્રતિષ્ઠા સાચવી શકાતી નથી. કવિએ ઉજળા જીવતર તેમજ સમયના મહત્ત્વની વાત સહેલાઈથી ગળે તરે તેવા દૃષ્ટાંતો આપીને આ કાવ્યમાં કરી છે. કવિની લોકપ્રિય રચનાઓ પૈકીની રચના છે અને આપણાં પાઠ્યપુસ્તકોમાં પણ તેને સમાવી લેવામાં આવી છે.

રાજસ્થાન એ ચારણી સાહિત્ય સર્જકોનો ઉજ્જ્વળ તથા ભાતીગળ પ્રદેશ ગણાય. આમ છતાં ભૂજની 'રાઓ લખપતજી પાઠશાળા' જેવી કવિઓનું ઘડતર કરવાની પ્રભાવી વ્યવસ્થા કચ્છ-ગુજરાત સિવાય બીજે ક્યાંય જોવા મળતી નથી. લગભગ 350થી વધારે હિન્દી-વ્રજભાષાના સુવિખ્યાત કવિઓની અમૂલ્ય ભેટ કચ્છની આ પાઠશાળાએ આપી છે તેની સાક્ષી ઇતિહાસ પૂરે છે. રતુભાઈ રોહડિયાએ નોંધ કરી છે તેમ, ડિંગળ ભાષામાં લખાયેલું સાહિત્ય જ ચારણી સાહિત્ય છે તેવું નથી. જે રચના ચારણી છંદશાસ્ત્ર તથા કાવ્યરીતિને અનુસરતી હોય તે ચારણી સાહિત્યની રચના છે. તેમાં કોઈ જાતિવિશેષ કરતાં શૈલીવિશેષનું પ્રાધાન્ય છે. આખરે તો સાહિત્ય એ કોઈ

પ્રદેશ કે જાતિના જે-તે સમયના વિચારો તથા લાગણીઓનું પ્રતિબિંબ ઝીલતું હોય છે. આથી ગાંધીયુગના સાહિત્ય પર ગાંધીયુગની અસર જોઈ શકાય છે.

ચારણી સાહિત્યના દિગ્ગજ સર્જક રાજ્યકવિ પિંગળશીભાઈએ મહારાજા તખ્તસિંહજીના સમયમાં ડિંગળમાં તેમજ વ્રજભાષામાં કાવ્યોની રચના કરેલી. મહારાજા તખ્તસિંહજીનું મૃત્યુ થયું તે પછી કવિની કલમે જુદો વળાંક લીધો હોય તેવું કવિના પૌત્ર બળદેવભાઈનું અવલોકન ઉચિત છે. મહારાજાના નિધનથી કવિની લાગણીઓને ઠેસ પહોંચી છે. કવિ વિશેષ અધ્યાત્મભાવ તરફ વળ્યા છે. આ ભાવ નીચેના કવિતમાં વ્યક્ત થયો છે:

પિતાને સિખાયો કાવ્ય ગ્રંથકો
બતાયો પંથ, ઈનકી કૃપા તે
કછુ રીતિ પર આયો મૈં,
સખે સુખ પાયો નૃપ સેવા મેં,
લગાયો ચિત્ત, કવિ મહારાજ
તખ્તસિંહકો કહાયો મૈં,
બહુત અકુલાયો ફીર ઈનકે
વિયોગ હું તે, સ્નેહ ઔર મિથ્યા
ઐસો મનકું સમજાયો મૈં,
સાર ના દિખાયો સબ જૂઠ
દરસાયો જ ત, ગોવિંદકો,
'પિંગલ' કે યાતે ગુન ગાયો મૈં.

ભાવનગરના છેલ્લા અને સુવિખ્યાત રાજવી કૃષ્ણકુમારસિંહજીના પુત્ર ડૉ. વીરભદ્રસિંહજીએ લખ્યું છે: "કવિ પિંગળશીભાઈ જેવી કહેણી ભવિષ્યમાં સાંભળવા મળે તેમ લાગતું નથી. કાવ્યત્વ અને કહેણીનો અનુપમ સંગમ કવિના વ્યક્તિત્વને શોભાવતો હતો. તેઓ રાજ્ય અને પ્રજા બંનેનું હિત પારખીને સલાહ આપનારા નીડર અને સત્યવક્તા માનવ હતા. કવિની પેઢીઓએ ભાવનગર રાજ્યની નિષ્ઠાપૂર્વક સેવા કરવાની સાથે સાહિત્યમાં પણ વિશિષ્ટ યોગદાન આપેલું છે. હમણાં સુધી કવિના પૌત્ર તથા વિવેકમૂર્તિ સમાન બળદેવભાઈ નરેલાએ પોતાની કહેણી તથા કરણીથી સમગ્ર સમાજનો સ્નેહ તથા આદર મેળવ્યા હતા. બળદેવભાઈની પણ રજૂઆતની અનોખી તથા પ્રભાવી શૈલી હતી.

ઝવેરચંદ મેઘાણીએ લોકસાહિત્યના ક્ષેત્રમાં ધૂળધોયાનું કામ કર્યું હતું, આથી તેમને આ ક્ષેત્રના હીરાની પરખ એક અનુભવી ઝવેરી જેવી હતી. ચારણી સાહિત્યના જૂના તથા જર્જરિત ચોપડાઓ-દસ્તાવેજોની ભાષા ઉકેલવી અઘરી હતી. મેઘાણીભાઈએ

અનુભવના આધારે નોંધ કરી છે કે ચારણી સાહિત્યની આવી અમૂલ્ય હસ્તપ્રતો ઉકેલવાની સૂઝ તથા શક્તિ કવિરાજ પિંગળશીભાઈ તથા એ સમયના બીજા એક દિગ્ગજ વિદ્વાન ઠારણભાઈ મહેડુને હતી. આવી જાણકારી ધરાવનારા વિદ્વાનો જૂજ હતા. મેઘાણીભાઈએ પિંગળશીબાપુની સ્મૃતિને વંદન કરતા એક માર્મિક ચિંતા પણ વ્યક્ત કરી છે. મેઘાણીએ અવલોકન કરેલું છે કે પિંગળશીભાઈ જેવા મેરુ પુરુષની વિદાય પછી વિદ્યાનો આ ભવ્ય વારસો નવી પેઢીના લોકો જાળવી શકે તો એ ઉપકારક બાબત થશે. અંતે તો સ્વસ્થ સમાજના નિર્માણ-નિભાવ માટે સ્વસ્થતા પ્રેરક સાહિત્યનું નિર્માણ કરવું પડશે. પિંગળશીભાઈનું સાહિત્ય સમાજને સ્વસ્થતાના માર્ગે દોરી જઈ શકે તેવું સમૃદ્ધ હતું.

મધ્યયુગની આપણી સંતવાણીમાં કરણીના તત્ત્વ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. પિંગળશીભાઈ જેવા કવિઓ-સર્જકોના જેવા ઉજળા શીલ હતા, તેવી જ પ્રભાવી તેમની શૈલી હતી. કથની અને કરણીમાં અંતર ન હતું. 'શિર સાટે નટવરને વરીએ' તેવી ખુમારી તેમની રચનાઓમાંથી નીતરતી રહેતી હતી. જીવન પણ તેઓ આવી જ ખુમારીથી જીવતા હતા. આથી તેમનો પ્રભાવ આજે પણ આકર્ષક તથા અકબંધ રહેવા પામ્યો છે. અનેક પ્રકારના વિષયોને લઈને ભાતીગળ રચનાઓનું સર્જન પિંગળશીભાઈ કરતા ગયા છે. પિંગળશીભાઈ રચિત રળિયામણા તુ-કાવ્યોમાં પણ એક અનોખી છટાનું દર્શન થાય છે. વર્ષાઋતુમાં પણ શ્રાવણ માસ હોય તો તે રમણીય માહોલમાં કવિ ગિરધારી ગોપાલને લાગણીના હકથી નિમંત્રણ પાઠવે છે. વર્ષાકાળમાં ગોપીભાવની મધુર અભિવ્યક્તિ સાથેના ત્રિભંગી છંદના બંધારણમાં કવિની આ જાણીતી રચના છે. અષાઢ-શ્રાવણમાં મેઘરાજાના આગમન સમયે આ રચના અનેક લોકોની સ્મૃતિમાં આવ્યા કરે છે:

શ્રાવન જલ બરસે, સુંદર સરસે,
બાદલ બરસે અંબર સે,
તરુવર ગિરિવરસેં લતા લહરસે
નદિયા પરસે સાગરસે,
દંપતી દુ: ખ દરસે સેજ સમરસે
લગત જહરસે દુ: ખકારી
કહે રાધેપ્યારી, હું બલિહારી
ગોકુળ આવો ગિરધારી!

પિંગળશીભાઈને શ્રદ્ધાંજલિ આપતાં ઝવેરચંદ મેઘાણીએ લખ્યું હતું: "કવિ 'સર્જનશક્તિનો પુંજ' હતા. આઠ દાયકાથી પણ વિશેષ જીવનમાં પિંગળશીભાઈએ સાહિત્યમાં કદી વિસ્મૃત ન થાય તેવું પ્રદાન કરેલું છે. શ્રોતાસમૂહને કવિની કહેણીના પ્રભાવમાં રસતરબોળ થતો અનેક સમકાલીન સાહિત્યકારોએ જોયેલો છે."

*

9

વધી તોલે વાણિયા:
તારી લેખણ મેઘાણી

ભાવનગર જિલ્લાના સમુદ્રકિનારાના નગર મહુવાથી 'કતપર' ગામ આમ તો ચાર માઇલ જેટલું થાય. ગામની બહેનો પગે ચાલીને કતપરથી મહુવા મજૂરીકામ કરવા જાય. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીની કાળી મજૂરી કર્યા પછી પેટનો ખાડો માંડ પુરાય. આથી જ ગામના લોકોએ મેઘાણીભાઈને કહ્યું: "મજૂરી ન કરે તો ખાય શું?" જીવતરની આ વરવી છતાં વાસ્તવિક વેદના મેઘાણીના ગીતોમાં પ્રગટે છે. દરિયાકાંઠાના ગામમાં સ્વાભાવિક રીતે જ ખારવા કોમની વસતી હોય છે. દરિયાદેવના ખોળે માથું મૂકીને જીવતરનું નાવ હંકારી જનાર આ કોમની અથાગ સાહસવૃત્તિની અનેક કથાઓ સાંભળવા મળે છે. સંઘર્ષને સ્વેચ્છાથી અપનાવીને આજીવિકા કમાવાનું કામ જોખમી તો ખરું જ, પરંતુ આ જોખમનો પડકાર યુવાન ખારવાને આકર્ષે છે. જોખમી વ્યવસાયના કારણે થતી ખુવારી યુવાન ખારવાને રોકી શકતી નથી. શ્રમિકોનો આ સમૂહ કાળને પણ પડકારીને દરિયાની છાતી પર જીવતરના ડગ માંડે છે. શ્રમિકોના આવા દરેક સમૂહને પોતાનું ગીત-સંગીત હોય છે. સંગીતનું આ તત્ત્વ તેમના ખમીરને પ્રોત્સાહિત કરે તેવું હોય છે.

તેમના જીવનની અનેક ખટમીઠી ઘટનાઓને શબ્દદેહ આપીને તેની પ્રસંગોપાત અભિવ્યક્તિ આવા ગીત-સંગીતના માધ્યમથી થતી રહે છે. તેમના રાગ અને ઢાળ પણ વિશિષ્ટ પ્રકારના હોય છે. ઝવેરચંદ મેઘાણી તો આજીવન અભ્યાસુ તથા સંશોધક હતા. આથી સાગરજાયાઓના આ ગીતો જનસમૂહ સુધી કેવી રીતે પહોંચાડી શકાય તેવી તેમની નિરંતર ખેવના રહેતી હતી. તેમની સંશોધનયાત્રામાં કતપર ગામના કૂબામાં ગરીબીને ઓઢીને જીવતર વ્યતીત કરનાર મહિલાઓનું દર્શન મેઘાણીભાઈને થયું. ઉઘાડા અને અધભૂખ્યા બાળકો નિહાળીને કવિની વેદનાએ કલમના માધ્યમથી આ મૂંગી વેદનાને શબ્દદેહ આપી જગતના ચોકમાં મૂકી. સાગરના સૌંદર્યની કવિતાઓ તો લખાય, પરંતુ આ સાગરપેટા માનવીઓની વેદના અને કરુણાની વાતો કેમ ન લખાય? સાચું જીવન-કાવ્ય કદાચ આ દિવ્ય અને ભવ્ય કલ્પનાજગતથી બહાર નીકળીએ તો સંભળાય છે. મેઘાણી જેવા કવિ વેદનાનું આ સંગીત સરવા કાને ઝીલી શકે અને પછી તેને અસંખ્ય ભાવકો સુધી પહોંચાડી શકે.

મેઘાણી લખે છે: “સાચા સ્વરો તો ઝીલે છે એ શાયર કે જેણે જગતના કરોડો ખલાસી-બાળકની ફફડતી જનેતાને હૈયે કાન માંડ્યા હશે.” આ વ્યવસાય સાથે જોડાયેલા કુટુંબની અનેક મહિલાને દરિયાદેવના ખોળે રમતા પતિ, પુત્ર કે ભાઈના માઠા સમાચાર સાંભળવાનું જાણે કે નસીબમાં લખાયેલું છે. દરિયાકાંઠાના આ ગામડાંઓની બહેનોના ગીતો સાંભળવા માટે સંશોધક મેઘાણીએ કેટલી બધી અંગત મુશ્કેલીઓ વેઠી હશે તે સમજી શકાય તેવી વાત છે, પરંતુ તેમના આ પ્રયાસોથી જ સાગરકિનારાના લોકગીતો આપણાં સુધી પહોંચ્યા છે. મેઘાણીભાઈએ આ વેદના ઝીલી છે અને આકંઠ પીધી છે. દરિયાની ખેપ કરવા જતા પતિના સંદર્ભમાં બહેનો ગાય છે, તેમાં જીવતર તરફનો આશાવાદ પણ કેવો બળકટ છે!

જોબનિયાં મારા મલબારી પંથમાં હાલ્યા, જોબનિયાં
કાલ્ય આવતાં રે'શે.

જોબનિયા મારા નાકુંની નથડી મેલી, જોબનિયા
કાલ્ય આવતાં રે'શે.

મેઘાણીભાઈ નોંધે છે: “કોઈ તૂટેલ નાવના વેરણછેરણ પાટિયાં જેવા આ ગીતો ખંડિત છતાં પણ ગાનારીઓની અંતરતમ ઊર્મિની ઊંચી કક્ષા સૂચવતાં હતાં.” શ્રમિક મહિલાઓની વેદનાનું જે ચિત્ર ઝવેરચંદ મેઘાણીના કાવ્યોમાં કે તેમણે સંપાદિત કરેલા લોકગીતમાં ઝીલાયું છે તે અહોભાવ ઉપજાવે તેવું છે. આથી જ આપણી ભાષાના સમર્થ સર્જક મકરંદ દવે લખે છે: “મેઘાણીના વ્યક્તિત્વમાં એક સ્ત્રીત્વ રહ્યું હતું. આથી જ કદાચ મહિલાઓ તેમની પાસે મુક્ત અને મીઠા કંઠે અલગ-અલગ ભાવના ગીતોની રેલમછેલ પ્રસન્નતાથી કરતી હશે!”

મેઘાણીએ અગવડતાઓથી ભરેલી ખેપો ખેડીને પીડિતો, શ્રમિકોની વેદના નજરોનજર નિહાળી છે અને તેના ગીતો ગાયા છે. તેમની કથાઓ લખી છે. આ અસંખ્ય લોકો જીવનમાં આર્થિક સંકડામણ અનુભવતા હશે, પરંતુ તેમના અંતરના અમીઝરણાં સુકાયા ન હતા તેની પ્રતીતિ આ સંશોધક કવિને સ્પષ્ટ રીતે થઈ હતી. મેઘાણીભાઈના સાહિત્યના માધ્યમથી આપણે પણ આ સંવેદના ઝીલી શકીએ છીએ. “પીડિતો પ્રત્યેના સમભાવના ગીતો અંગે કોઈની સૌથી વધુ સજ્જતા હોય તો એ મેઘાણીની હતી” તેવું ઉમાશંકર જોશીનું વિધાન કેટલું યથાર્થ છે! “*ઘણ રે બોલે ને એરણ સાંભળે*’ જેવી મેઘાણીની રચનાઓ કાળજયી છે.

ઘણ રે બોલે ને એરણ સાંભળે હો જી...
બંધૂડો બોલે ને બેનડ સાંભળે હો જી...
ભઠ્ઠિયું જલે રે બળતા પોરની...
ધમણ્યું ધખે રે ધખતા પોરની...

ખન ખન અંગારે ઓરાણાં,
કસબી ને કારીગર ભરખાણાં;
ક્રોડું નર જીવતાં બફાણાં-
તો ય પૂરા રોટા નવ શેકાણાં;
હો એરણ બેની! ઘણ રે બોલે ને…

સમાજમાં જે અસમાનતા કે વર્ગભેદ જોવા મળે છે તેના અનેક કારણોમાં એક મહત્ત્વનું કારણ આર્થિક અસમાનતા છે. સમાજમાં વસતી વ્યકિતઓ વચ્ચેની કે પ્રદેશો વચ્ચેની આવી આર્થિક અસમાનતા મોટા પાયા પર હોય ત્યાં સુધી સ્વસ્થ સમાજનું સ્વપ્ન સિદ્ધ થઈ શકે નહી. અનેક શ્રમજીવીઓના જીવન અકારા બને અને મુઠ્ઠીભર લોકો લખલૂટ વૈભવ ભોગવતા રહે તો કોઈક સમયે અને કોઈક અણધાર્યા સ્વરૂપે વિસ્ફોટ થવાની સંભાવના રહેતી હોય છે. દુનિયાભરની અનેક ઐતિહાસિક ક્રાંતિઓ પાછળ અસમાનતાની પૂર્વભૂમિકા જોવા મળે છે. જે રાજ્યવ્યવસ્થા આવી અસમાનતાનું પોષણ કરતી હોય તે રાજ્યવ્યવસ્થા ટકી શકે નહી તેવો દૃઢ વિશ્વાસ મહાત્મા ગાંધીને હતો. આથી જ આવી અસમાનતાને પોષક વ્યવસ્થાને ઉથલાવવાનું કાર્ય એ તેમને સહજ ધર્મ જણાયો હતો. 1930ના માર્ચમાં ઐતિહાસિક દાંડીકૂચ શરૂ કરતાં પહેલા તત્કાલીન વાઇસરૉય લૉર્ડ ઇરવિનને લખેલા પત્રમાં બાપુએ ગોરી હકૂમતની નજર હેઠળ ચાલતી તથા અસમાનતાને પોષતી આવી રાજ્યવ્યવસ્થા સામે બગાવતનું બ્યૂગલ વગાડ્યું હતું.

ઝવેરચંદ મેઘાણીએ નગરજનોને પાળિયા, દેરીઓ, ગામડાંનું જીવન અને માલધારીઓ – શ્રમિકોના પ્રશ્નોમાં રસ લેતા કર્યાં. સમાજમાં શિક્ષિત કે સુખી વર્ગ તેમના કરતાં પ્રમાણમાં ઓછા સાધનો કે શિક્ષણ ધરાવતા વર્ગ તરફ નાકનું ટેરવું ચડાવીને દૃષ્ટિ કરે તો આ દૃષ્ટિમાં રહેલી અનેક મર્યાદાઓનું ભાન મેઘાણીભાઈને વાંચીને થયા સિવાય રહેતું નથી. ભેદની ભીત્યું ને ભાંગવાનો પ્રયાસ આ રાષ્ટ્રીય શાયરે બાખૂબી કરેલો છે.

હે જી ભેદની ભીત્યુંને
આજ મારે ભાંગવી
મનડાની આખરી ઉમેદ.

“મેઘાણીને વાંચ્યા પછી કોઈ માણસ સામાન્યજનનો તિરસ્કાર કરી શકશે નહીં” તેવું ‘દર્શક’નું વિધાન થોડામાં ઘણું કહી જાય છે. મહીસાગરના સંતાનો એવા બારૈયા તથા પાટણવાડિયાઓની ઉજળી ઓળખ રવિશંકર મહારાજ તથા મેઘાણીના પ્રતાપે સમાજને થઈ શકી છે.

સમાજમાં સદીઓથી જે તિરસ્કૃત અને તરછોડાયેલા રહ્યા તેવા ભાંડુડાઓ તરફ રાષ્ટ્રીય શાયરનો વિશેષ સ્નેહ હતો, આથી જ ગાંધીજીના છેવાડાના લોકો માટેની

ચિંતા એ મેઘાણી માટે અંતરથી ઊગે તેવો વિષય હતો. ગાંધીજીના પૂનાના અનશન વખતે મેઘાણીભાઈએ ‘છેલ્લી સલામ કાવ્યમાં સમાજને ઝંઝોળી નાખે તેવા શબ્દો લખ્યાં:

સમર્થોની સત્તા, સંતો, ધુતારાની
ધૂતણબાજી, કુડિયા ગુરુની કૈં કૈં
કરામત જી, એની તો વણાવી
ધીંગી ધરમધજાઓ એને ભાંડું
કેરે રગતે રંગી ભલી ભાત જી
સો સો સલામું મારાં ભાંડુડાંને
કેજો રે, ઝાઝેરા જુહાર જગને દેજો.

અનેક લોકોએ જેમ સ્વાધીનતા મેળવવા સત્તા, સંપત્તિ અને સલામતીનો ત્યાગ કર્યો હતો. આ રીતે ઘણાંની સાહિત્ય સર્જનશક્તિ પણ રાષ્ટ્રના ચરણે ધરી દેવામાં આવી છે તેનું અવલોકન મેઘાણીભાઈની બારીક દૃષ્ટિએ કરેલું છે. રામપ્રસાદ બિસ્મિલની રચનાઓનો આ બાબતમાં સંદર્ભ આપતાં મેઘાણીભાઈ લખે છે: “આ શાયર દેશને પરાધીન જોવા માગતો ન હતો. દેશની સ્વાધીનતા માટે તેણે જાતને સ્વાધીનતા માટેની અગ્નિશિખાઓમાં હોમી દીધી. બિસ્મિલે જો કાવ્યપથની યાત્રા કરી હોત તો તેની કવિ તરીકેની કીર્તિ ઇકબાલની હરોળમાં ઊભી રહેત.” મેઘાણીભાઈનું આ તારણ વાસ્તવિક છે.

શ્રાવણની ભીનાશ લઈને આવતી વદ પાંચમે (ઑગસ્ટ-28) જન્મેલા આ કવિએ સૌને ભીજવ્યા છે. ગાંધી અને ટાગોરથી શરૂ કરી સામાન્ય ભાવક સુધી મેઘાણી એકસરખા વિસ્તર્યા છે. તેમની અમૂલ્ય લેખણીને દુલા ભાયા કાગે યથાર્થ બિરદાવી છે.

લેખક સઘળા લોકન, ટાંકુ તોળાણી;
વધી તોલે વાણિયા તારી લેખણ મેઘાણી.

*

10

આપણાં વહાણના સઢ ને સુકાન આપણા હાથે સંભાળીએ

સરકારી ફરજના કાર્યકાળ દરમિયાન ગામડાંઓની મુલાકાત એક અનોખી અનુભૂતિ કરાવે છે તેની પ્રતીતિ અનેક પ્રસંગોએ થાય છે. અનેક લોકોએ આવી અનુભૂતિ કરી છે અને પોતાના સંસ્મરણો ટાંક્યા છે. કચ્છના માંડવી તાલુકાના એક ગામડામાં ગામલોકોએ પહેલ કરીને ગામમાં પીવાના પાણીના વિતરણની વ્યવસ્થા કરી હતી. 2005 કે 2006ના વર્ષની આ વાત છે. વ્યવસ્થા લોકોએ કરી હતી, તે સુચારુ હતી તેવી વાતો અવારનવાર કચ્છના તે વિસ્તારના લોકો તેમજ અધિકારીઓ પાસેથી સાંભળવા મળતી હતી. પીવાના પાણીના આ વિતરણની વ્યવસ્થા માટે લોકફાળો પણ ગામલોકોએ સ્વેચ્છાએ એકઠો કર્યો હતો. રાજ્ય સરકારની સહાય તથા વિવેકાનંદ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ(માંડવી)ના અસરકારક માર્ગદર્શન હેઠળ કામ થયું હતું. ગામ નાનું અને મુખ્યત્વે માલધારી (પશુપાલકો) પરિવારોનું હતું.

ગામની મુલાકાતે જવાનું થયું ત્યારે સૌપ્રથમ અહોભાવ તથા આનંદ એ વાતનો થયો કે પાણી વિતરણની વ્યવસ્થા સંભાળતી સમિતિના તમામ સભ્યો માલધારી કુટુંબોના બહેનો હતા. મહિલા સશક્તિકરણનું વાસ્તવિક દર્શન આવા ગામ તથા કામ થકી જ થઈ શકે છે. બહેનો ઉત્સાહથી તેમણે કરેલું કામ બતાવતી હતી અને નાની-નાની વિગતો સમજાવતી હતી. બહેનોના ચહેરા પર કામની વિગતો સમજાવતી વખતે જે ગૌરવ તથા આત્મવિશ્વાસનો ભાવ જોવા મળ્યો હતો તે કદી વિસ્મૃત થઈ શકે તેવો નથી. પીવાનું પાણી લોકોને મળે તેના બદલામાં ગામલોકોએ નિયત કરેલી વેરાની રકમ પાણીસમિતિને ભરવાની રહેતી હતી. વહીવટીતંત્રનો સામાન્ય અનુભવ એવો છે કે વેરાની વસૂલાત એ કપરું કામ ગણાય છે. તેમાંયે વળી પાણી માટે શાનો વેરો હોય તેવી લાગણી કેટલાક સ્થળોએ જોવા પણ મળતી હતી, આથી આ ગામમાં વેરા વસૂલાતની સ્થિતિ કેવી છે તેની પૂછપરછ સમિતિનું કામકાજ સંભાળતા બહેનોને કરી.

બહેનોનો જવાબ હતો: "વેરાની વસૂલાત 100 ટકા છે." થોડી નવાઈ લાગી અને અનુભવયુ ક્ત પૂર્વગ્રહથી શંકા પણ થઈ, આથી વિશેષ પૂછપરછ કરી: "બધા લાભાર્થીઓ વેરો ભરે છે?" જવાબ સહજ હતો, પરંતુ સહજતામાં અસામાન્યતા હતી: "હાસ્તો વળી. સારી સેવા આપીએ તો લોકો વેરો તો ભરે જ ને?" કેવી મોટી અને અર્થસભર વાત આ બહેનોએ સ્વાભાવિકતાથી કરી તેનું આશ્ચર્ય થયું. પદાર્થપાઠ પણ

મળ્યો. લોકોપયોગી સેવા જો કાર્યક્ષમતાથી પૂરી પાડવામાં આવે તો સામાન્ય રીતે લોકો તેનું વળતર ચૂકવવા તૈયાર હોય છે. પૂર્વશરત માત્ર એટલી છે કે સેવા આપનાર તંત્ર કે વ્યવસ્થા કાર્યક્ષમ હોય અને સેવાના દર વાજબી હોય. ગામડાઓના વિકાસની જ્યારે વાતો કરીએ છીએ ત્યારે પાયાના કામ ગામલોકો જ સંભાળે અને સરકાર તેમાં Facilitator તરીકેનું યોગદાન આપે તો અર્થસભર પરિણામોની સંભાવના રહેલી છે. પીવાના પાણીના કામમાં તો એવો અનુભવ થયેલો છે કે ગામના ભાઈઓના પ્રમાણમાં બહેનોએ વિશેષ રસ દર્શાવીને પાયાના આ કામને ગતિ તથા નેતૃત્વ પૂરા પાડેલા છે.

કદાચ દેખીતું કારણ એ હોઈ શકે કે ઘરનું Water Management એ મુખ્યત્વે બહેનોની ચિંતાનો વિષય છે. રવિશંકર મહારાજ જેવા પુણ્યશ્લોક મનીષીએ ગાંધી આશ્રમની જગપ્રસિદ્ધ પવિત્ર ભૂમિમાં ગુજરાત રાજ્યની સ્થાપનાનું દીપ પ્રાગટ્ય કર્યું તે આપણાં માટે ગૌરવની ઘટના છે. મહારાજે ત્યારે જ શીખ આપી હતી કે લોક-જરૂરિયાતના પાયાના કામોમાં લોકો જ રસ દાખવે. રાજ્ય તેમાં માત્ર મદદ કરે, પરંતુ નિર્ણય-અમલીકરણની બાબતમાં લોકવિચારનું પ્રાધાન્ય રહે. ગાંધીવિચારને જીવી જનાર મહારાજ જાણતા હતા કે લોકશાહી રાજ્યવ્યવસ્થા લોકોના સતત તથા સક્રિય સહયોગ સિવાય ધાર્યાં પરિણામ મેળવી શકતી નથી.

વિનોબાજી એ વાતનો અવારનવાર ઉલ્લેખ કરતા કે બ્રિટિશ હકૂમત પહેલાથી આપણાં દેશના ગામડાઓ સામાન્ય રીતે સ્વનિર્ભર હતા. ગામના પાયાના કામોમાં ગામલોકોનો સાથ-ઉત્સાહ હંમેશાં રહેતા. આઝાદી મળ્યા પછી ક્રમશ: એવી લોકલાગણી ઊભી થઈ કે ગામડાના લોકો સરકારીતંત્ર પર વિશેષ આધાર રાખતા થયા. કુદરતી આફતો કે કેટલાક મૂડી પ્રાધાન્ય કામો સરકાર સંભાળે તે સ્વાભાવિક છે. સરકાર તથા તેના તંત્રની આ ફરજ પણ છે, પરંતુ ગામલોકોનો રસ તથા તેમનું સક્રિય યોગદાન અનેક કારણોસર સ્થાનિક કામોમાંથી ઓછો થતો ગયો તે બાબત ચિંતાજનક છે. ગામના કેટલાક સક્રિય નાગરિકોની જાગૃતિ હોય ત્યાં આવા જાહેર કામોની ગુણવત્તા ઊંચી રહેવા પામે છે. ખર્ચાયેલા નાણાંનું પૂરું વળતર મળતું જોઈ-અનુભવી શકાય છે. ગુજરાતમાં પીવાના પાણીના વ્યવસ્થાપનમાં લોક-સહયોગ જોડવાના જે પ્રયાસ થયા તે આ બાબતનું એક સફળ ઉદાહરણ છે.

આપણાં રાજ્યના આ કામની નોંધ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ લેવામાં આવી છે. જામનગરના એક અંતરિયાળ વિસ્તારના ગામમાં પાણીના વિતરણના કામમાં ગામલોકોએ સ્વમુખે સંભળાવેલા અનુભવની વાત સાંભળવી ગમે તેવી છે. ગામલોકોએ (વિશેષ કરીને બહેનોએ) કહેલું કે પીવાના પાણીની પાઈપલાઈન નાખતા કોન્ટ્રાક્ટરના કામની ગતિવિધિ તરફ તેમની એવી બાજનજર રહેતી કે સરવાળે કોન્ટ્રાક્ટરે સંપૂર્ણ ગુણવત્તાવાળું કામ કરવું પડ્યું. કોઈ છૂટછાટ કે શિથિલતા ત્યાં ચાલી શકે તેમ ન હતી, કારણ કે આ બહેનોની ધાકની ત્યાં આણ પ્રવર્તતી હતી. આ

પ્રકારની જાગૃતિ પણ લોકભાગીદારી થકી જ સંભવિત બનતી હોય છે. આથી ભારત સરકારે ગ્રામવિકાસના કામોના Social Auditની જે બાબત દાખલ કરી તે આ લોકભાગીદારીના તત્ત્વને જ સંસ્થાગત સ્વરૂપ આપવાનો પ્રયાસ છે. અંતે તો જ્ઞાન તથા ડહાપણની વાત – 'અપ્પ દીપો ભવ' સર્વકાળે સરખી પ્રસ્તુત છે. આપણાં ઘડવૈયા આપણે થઈએ તો જ સફર સાચી દિશાની થશે. સાચી દિશાના પ્રયાસ કે મહેનત કરનાર સમૂહનો શ્રમ કદી એળે જતો નથી. તેના પરિણામો મળે જ છે.

સાહિર લુધિયાનવીના જાણીતા શબ્દો યાદ આવે:

હમ મહેનતવાલોં ને જબ ભી મિલકર કદમ બઢાયા,
સાગરને રસ્તા છોડા, પરવતને શીશ ઝુકાયા,
ફૌલાદી હૈ સીને અપને, ફૌલાદી હૈ બાહેં
હમ ચાહે તો પૈદા કર દે ચટ્ટાનો મેં રાહે...
સાથી હાથ બઢાના!

ગુજરાતમાં પંચાયતી રાજ્યની શરૂઆત લોકજાગૃતિ તથા લોકસહયોગને કાનૂની અધિકારો સાથેનું મજબૂત માળખું પૂરું પાડવાના હેતુસર કરવામાં આવી. વહીવટના વિકેન્દ્રીકરણ તરફનું આ વિરાટ પગલું હતું. બળવંતરાય મહેતા સમિતિના પંચાયત રાજ્ય પરના અહેવાલને પગલે રાજ્યની સ્થાપનાના શરૂઆતના વર્ષોમાં જ આ કામ થયું. જોકે ભાવનગર જેવા કેટલાક પ્રગતિશીલ રજવાડાઓએ તો આવું કાર્ય દેશ આઝાદ થયો તે પહેલાં કરેલું હતું. ભારત સરકારે બંધારણના 73માં તથા 74માં સુધારા કરી પંચાયત રાજ્યનું માળખું વિશેષ મજબૂત તથા સર્વ સમાવેશક કરવાનો ઐતિહાસિક પ્રયાસ કર્યો. મહિલાઓ તથા સમાજના દરેક વર્ગના સુયોગ્ય પ્રતિનિધિત્વને કાનૂની માન્યતા મળી. આથી સ્વૈચ્છિક પસંદગી કે ગમા-અણગમાની સ્થિતિ નિયંત્રણમાં આવી. જ્યાં-જ્યાં પંચાયત રાજ્યના આ શક્તિશાળી સાધનનો અસરકાર પ્રયોગ થયો ત્યાં સ્થાનિક વિકાસના કામોમાં ઊડીને આંખે વળગે તેવો આવકારદાયક ફેરફાર પણ જોવા મળ્યો. રાજકોટ જિલ્લાના ગામ સમઢિયાળા કે સાબરકાંઠા જિલ્લાના ગામ પુંસરીની પંચાયત થકી મળેલી સફળતાને સાર્વત્રિક રીતે વધાવી લેવામાં આવી. આ પ્રકારના સફળ અનુભવો સારા એવા પ્રમાણમાં અનેક ગામોમાં જોવા મળ્યા.

ત્રિસ્તરીય પંચાયતના માળખાને મજબૂત બનાવવાના પ્રયાસો અનેક જન-પ્રતિનિધિઓએ કર્યા છે. રીખવદાસ શાહ કે વલ્લભભાઈ પટેલ જેવા પંચાયત રાજ્યના અનેક દિગ્ગજ આગેવાનોએ પંચાયત રાજ્ય તથા સહકારી પ્રવૃત્તિને મજબૂત તથા પરિણામલક્ષી બનાવવા અથાક પ્રયાસો કર્યા. જોકે પંચાયતોમાં પક્ષીય ધોરણે ચૂંટણીઓ યોજાવાના કારણે જે ખટરાગ કે મતભેદ ઊભા થયા તેને પહોંચી વળવાનો એક મોટો

પ્રશ્ન આ સફળતાને વરેલા માળખા સામે ભેલો છે. ગ્રામવિકાસના કામોમાં મતભેદ હોઈ શકે છે, પરંતુ આવા મતભેદોને કારણે જો વિકાસના કામ ખોરંભે પડે તો લોકોની શ્રદ્ધા આ પાયાના માળખા પરથી ઓછી થતી જશે. સમરસ ગામોને પસંદ કરવાની તથા તીર્થગ્રામ જાહેર કરવાની રાજ્ય સરકારની યોજના અંતે તો મતભેદોને બાજુ પર મૂકી વિકાસની વાટ પકડનારા ગામો માટે છે.

સોલાર એનર્જી ગામમાં ઉત્પન્ન કરીને વીજ કંપનીઓને વેચાણ કરવાના કામના પણ સહકારી ધોરણે મંડાણ થયા છે. આ બાબતમાં પણ અમૂલથી જગપ્રસિદ્ધ થયેલા ખેડા જિલ્લાએ લીડ લીધી છે. ગામમાં પાણીની જેમ વીજવિતરણનું કામ પણ શરૂ કરવાના પ્રયાસ થયા છે. યુવાનો તેમજ મહિલાઓને પંચાયતના કામોમાં સઘન રીતે જોડવાનો આ સમય છે. આ દિશામાં કેટલાક નોંધપાત્ર પ્રયાસ થયા છે. આવા છૂટક પ્રયાસોને સુગ્રથિત કરી તેનો વ્યાપ વધારી શકીએ તો વધારે નક્કર પરિણામો મળી શકે તેમ છે. 'સ્વચ્છ ભારત અભિયાન'ની સફળતા સરવાળે વ્યાપક તેમજ અસરકારક જનભાગીદારી થકી જ થઈ શકે તેમ છે. 'સ્વચ્છ ભારત અભિયાન'ની લાંબા ગાળાની અને ટકાઉ વ્યવસ્થા લોકભાગીદારી સિવાય સંભવિત નથી. આ ઉપરાંત પર્યાવરણની સુચારુ જાળવણી માટે વૃક્ષઉછેરના કામમાં વ્યાપક લોકસમૂહને જોડીને જ પરિણામો મેળવી શકાશે. આપણું ઘર સાફ કરવાની ખેવના હોય તો આપણી શેરી કે મહોલ્લો સાફ રહે તે બાબતની નાગરિકોની તકેદારી હોવી અનિવાર્ય છે. પરિણામ તો જ મળી શકશે.

કેટલીક ઝેનકથાઓ નાની વાતમાં મહત્ત્વનો ઉપદેશ આપતી હોય છે. આવી એક ઝેનકથામાં આશ્રમમાં નવા આવેલા સાધક તથા આશ્રમના ગુરુ વચ્ચેનો સંવાદ છે. સવારના ખુશનુમા પહોરે ઝેન સાધુને નવો આવેલો સાધક કહે છે: "મને જ્ઞાન આપો." સાધુ કહે છે: "તેં સવારે આશ્રમમાં મળતી ચોખાની રાબ પીધી છે?" સાધક હા ભણે છે. સાધુ કહે છે: "વારુ, એ રાબ જેમાં પીધી છે તે વાસણ સાફ કરીને આવ." સાધકને ગુરુની નાની-શી ટકોરમાં જીવનનો મર્મ સમજાય છે. આધ્યાત્મિક ઊંચાઈ પ્રાપ્ત કરવા ઇચ્છનારે જીવનમાં પણ સફાઈના પ્રાથમિક ગુણો પહેલા કેળવવા પડે. ધાર્મિક મેળાવડાઓ કે સમારંભોમાં પણ સ્વચ્છતાની બાબત અંગે તેના આયોજકો તથા ભાવિકો સભાન રહે તે સમયની માગ છે. તેને સૌએ સાંભળવી રહી. રાજસૂયયજ્ઞમાં વાસણ ધોવાનું કામ સ્વેચ્છાએ સ્વીકારીને વાસુદેવ કૃષ્ણે સ્વચ્છતાના ગૌરવને ગિરિશૃંગનું ગૌરવ આપેલું છે. જાતથી જ પરિવર્તન કરીને જગતને માર્ગ ચીંધી શકાય છે.

જીવનના સંધ્યાકાળે મહાત્મા ગાંધીએ છેક નોઆખલીમાં ધૂણી ધખાવીને 'આમાર જીવન આમાર વાણી'નો સંદેશો જગતના લોકોને આપવાનો ઐતિહાસિક પ્રયાસ કર્યો હતો. ગાંધીજી અને રવિશંકર મહારાજના પગલે ચાલવા માટે શરૂઆત તો આપણે સૌએ વ્યક્તિગત ધોરણે જ કરવી પડશે. ઉપદેશની નહીં, પરંતુ આચરણની વ્યાપક અસર પડશે. હૈયામાં હામ ધરી આ કામ 'આજ આજ ભાઈ! અત્યારે'ના ધોરણે ઉપાડવા જેવું

છે. કવિ પ્રહ્લાદ પારેખના શબ્દો યાદ આવે છે. કામ પરત્વેની નિષ્ઠા થકી સફળતાનો ભરોસો ફળીભૂત થાય છે.

બળને બાહુમાં ભરી,
હૈયામાં હામ ધરી,
સાગરમોઝારે ઝૂકાવીએ,
આપણાં વહાણના સઢ ને
સુકાનને આપણે જ હાથે
સંભાળીએ... ભેરુ મારા,
આપણાં ભરોસે આપણે હાલીએ.

*

11

યત્ર નાર્યસ્તુ પૂજયન્તે રમન્તે તત્ર દેવતા

આઠમી માર્ચનો દિવસ વિશ્વના નારી આંદોલનના સંદર્ભમાં મહત્ત્વપૂર્ણ છે. મહિલાઓની સમસ્યાઓ વિશ્વના દરેક ભાગમાં વધતા ઓછા અંશે સમાન રહી છે. 19મી સદીમાં વિશ્વનાં ઘણાં દેશોમાં મહિલાઓને વેતનદર ચૂકવવામાં ભેદભાવ, મહિલાઓને કામના સ્થળે પૂરી પાડવામાં આવતી સુવિધાઓનો પણ સદંતર અભાવ, કામદાર યુનિયનોની પણ મહિલાઓના પ્રશ્નો બાબત ઉપેક્ષા જેવી બાબતો સામાન્ય હતી. 8 માર્ચ, 1857ના રોજ ન્યૂયૉર્કમાં કાપડ ઉદ્યોગમાં કામ કરતી મહિલાઓએ તેમની માગણીઓ સંદર્ભમાં અવાજ ઊંચો કર્યો. સત્તાવાળાઓ તેમજ કારખાનાના માલિકોએ તમામ શક્તિનો ઉપયોગ કરી ન્યાયની આ માગણીઓ દબાવી દેવા પ્રયાસ કર્યો, પરંતુ આક્રોશની આ ચિનગારી સતત જ્વલંત રહી. 8 માર્ચ, 1908ના દિવસે ફરી એક વખત વિશેષ અસરકારક રીતે મહિલાઓની સામૂહિક શક્તિનું નિદર્શન તેમણે ન્યૂયૉર્કના રસ્તાઓ ગજાવીને કર્યું. તેમનો સત્યનો અવાજ તથા તેમના પ્રત્યેના ભેદભાવયુક્ત વલણને દૂર કરવા માટેની ચળવળને બળના ઉપયોગથી દબાવી દેવી મુશ્કેલ હતી. સરકારને કાયદાઓ સુધારવા ફરજ પડી. આ મહત્ત્વના બનાવોને સ્થાયી સ્મૃતિ આપવા 8 માર્ચને 'આંતરરાષ્ટ્રીય મહિલા દિન' તરીકે ઉજવવા નક્કી કરવામાં આવ્યું.

ભારતની સ્થિતિ પણ આ બાબતમાં મોગલ-બ્રિટિશકાળમાં સંતોષકારક ન હતી. સમાજનું એકંદર વલણ નારીના સમાન હક્કોની તરફેણ કરનારું ન હતું. મહિલાઓના અનેક પ્રકારના તથા અનેક સ્વરૂપના શોષણ સામે કેટલાક સુધારકોએ જરૂર અવાજ ઊઠાવ્યો. બ્રિટિશ સત્તાકાળ દરમિયાન કેટલાક કાયદાઓના માધ્યમથી મહિલાઓનું શોષણ અટકાવવા નોંધપાત્ર પ્રયાસો થયા, પરંતુ જ્યાં સુધી સમાજના વલણમાં પરિવર્તન ન થાય તેમજ મહિલાઓમાં આત્મવિશ્વાસ પ્રગટ ન થાય ત્યાં સુધી માત્ર કાયદાઓના ફેરફારથી મહિલાઓની વાસ્તવિક સ્થિતિમાં મૂળભૂત પરિવર્તન થઈ શકે નહી, તે વાત કદાચ મહાત્મા ગાંધી સ્પષ્ટ રીતે જોઈ શક્યા તેમ જણાય છે. આ સ્થિતિમાં વ્યાપક તેમજ સર્વગ્રાહી સ્વરૂપના ફેરફારો લાવવાનું કામ મહાત્મા ગાંધીએ કર્યું. મહિલાઓમાં આત્મવિશ્વાસ પ્રગટાવી તેમની સ્થિતિ આપોઆપ જ સુધરે તથા વ્યાપક રીતે જાગૃતિ આવે તેવી તરકીબ ગાંધીજીએ સફળતાપૂર્વક કરી બતાવી.

તેની અસર પણ વ્યાપક તથા સ્થાયી સ્વરૂપે થઈ. મહાત્મા ગાંધીની સાથે જ સમાજ તરફથી જેમને તરછોડવામાં આવી છે તેવી અનેક પીડિત મહિલાઓના સર્વાંગી કલ્યાણ માટે મહાત્મા જ્યોતિબા ફૂલે તથા સાવિત્રીબાઈએ કરેલા પ્રયાસોની નોંધ પણ ગૌરવપૂર્વક લઈ શકાય તેવી છે. દેશમાંથી બ્રિટિશ સત્તાનો અંત આવ્યો તે પહેલા લગભગ 100 વર્ષ અગાઉ જોતીરાવ તથા સાવિત્રીબાઈએ મહિલાઓની અકથિત વેદનાને ધ્યાનમાં રાખીને જે કાર્યો કર્યા તે આ ક્ષેત્રનો એક ગૌરવપ્રદ ઇતિહાસ છે. મીરાં, ગંગાસતી કે લલ્લદે જેવા નારીસંતોએ પરમતત્ત્વની ઉપાસનામાં જાતિભેદ કે વર્ણભેદ અપ્રસ્તુત છે તેની વાતો સમાજને ગળે ઉતારવાનો સમર્થ પ્રયાસ કર્યો છે.

12મી માર્ચ, 1930ના રોજથી જેનો આરંભ થવાનો હતો તે સુપ્રસિદ્ધ દાંડીકૂચ માટે દેશ તૈયાર હતો. દાંડીકૂચની તૈયારીઓ તેના સમગ્ર માર્ગ પર થાય તે સ્વાભાવિક ઘટના હતી. સાબરમતી આશ્રમથી તેની શરૂઆત, એટલે ત્યાં વિશેષ ચહલપહલ જોવા મળતી હતી. ઉપરાંત આ કૂચના નાયક મહાત્મા ગાંધી પણ આ જ આશ્રમમાં હતા. ગુજરાત તથા ગુજરાતની બહારના દેશના અન્ય ભાગો જ નહી, પરંતુ વિશ્વના ઘણાં લોકો પણ ગાંધી સાથે સંકળાયેલી ગતિવિધિઓને ઉત્સુકતાથી જોતા હતા તેમજ તેનું મૂલ્યાંકન પણ કરતાં હતાં. દાંડીકૂચના 79 સૈનિકોના નામ જાહેર થયાં. આશ્રમના તમામ અંતેવાસીઓએ આ યાદી જોઈ, પરંતુ બહેનો આ યાદી જોઈને નિરાશ થઈ. એક પણ મહિલાનો સમાવેશ આ 79 યાત્રીઓમાં થતો ન હતો. તેમની નારાજગી સ્વાભાવિક પણ હતી.

બહેનોએ વિચાર્યું: બાપુને મળીને આ બાબતની સ્પષ્ટતા કરવી જ પડે. નારાયણ દેસાઈ લખે છે: “બહેનોનું એક પ્રતિનિધિમંડળ બાપુને મળવા ગયું.” તેમાં નારાયણ દેસાઈના માતુશ્રી પણ ખરા. બહેનોએ બાપુ સમક્ષ જઈને કહ્યું “આપને કૂચ કરવાલાયક એક પણ બહેન ન જડી?” બાપુએ હસીને કહ્યું: “તમે આ બાબતે નારાજ થઈને પૂછશો એ હું જાણતો જ હતો, પરંતુ મેં વિચારપૂર્વક નિર્ણય કર્યો છે. મારી સાથે સાબરમતીથી દાંડી ચાલતા જવામાં કોઈ મોટી બહાદુરી નથી, આ તો હળવું કામ છે અને તેથી તે કામ બહેનોને હું સોંપવા માગતો ન હતો. આપણી લાંબી તથા અહિંસક લડતમાં બહેનો પાસેથી મારી વિશેષ અપેક્ષાઓ છે. વધારે વીરતાના, વિશેષ પરાક્રમના કાર્યોમાં મારે બહેનોને જોડવી છે.” બહેનોને બાપુમાં, તેમના વચનોમાં સંપૂર્ણ શ્રદ્ધા છે અને તેથી આ વાત બાપુ તેમના ગળે ઉતરાવી શકે છે. ત્યારબાદ બહેનોનું પરાક્રમ દેખાય તેવું અઘરું છતાં સામાજિક સુધારણા માટેનું મહત્ત્વનું કાર્ય ગાંધીજીએ બહેનોને દારૂની દુકાનો પર પિકેટિંગ કરવાનું સોંપ્યું. અસામાજિક તત્ત્વોનો સીધો સામનો કરવાનું કામ બહેનોએ અસાધારણ ખુમારી તથા બહાદુરીપૂર્વક ઉપાડી લીધું.

એક તરફ ધરાસણામાં મીઠાના કાયદાનો ભંગ કરવાનું ચાલતું હતું. બીજી તરફ દારૂના પીઠાઓ પર બહેનો વીરતાપૂર્વક સંઘર્ષ કરતી હતી. આમ, ગાંધીજીએ દેશની

કુલ જનસંખ્યાના એક મહત્ત્વના તથા વિશાળ જથ્થાને દેશની સામાજિક ચેતના જગાવવાના કાર્યમાં ખૂબીપૂર્વક જોડી. પડદામાં રહેનાર, ઓઝલ પાળનાર કે મૂંગા મોંઢે સહન કરનાર બહેનો-માતાઓ આત્મવિશ્વાસપૂર્વક આગળ આવી અને લડતનું નેતૃત્વ કર્યું. બહેનો આત્મવિશ્વાસ કેળવે અને ત્યારબાદ આત્મનિર્ભર બને તેવા પ્રયાસો મહાત્માના રહ્યા. ગાંધીજીની નોઆખલીની યાત્રા દુષ્કર હતી એ સુવિદિત છે. તે સમયે પણ હિંસક તથા કલુષિત વાતાવરણમાં નાની ઉંમરના મનુબહેન ગાંધી સહિત ઘણી બહેનો હિંસાની આગને ઠારવા ગામેગામ નિર્ભયતાનું કવચ પહેરીને ફરતી રહી. પોતાનું મહિલા હોવાનું ગૌરવ તેમણે સ્થાપ્યું. વિભાજનના કપરા સમયમાં મૃદુલાબહેન સારાભાઈ તથા કમળાબહેન પટેલે અનેક બહેનોને અસામાજિક તત્ત્વોની પકડમાંથી છોડાવી.

વિનોબાજી લખે છે: "મહિલાનો અર્થ જ થાય છે મહાન, આથી મહિલાને અલ્પ શક્તિ ગણી શકાય નહી." મહિલાઓની ઉન્નતિ માટે તેમને આત્મવિશ્વાસની પ્રતીતિ કરાવવા માટેના ગાંધીજીના પ્રયાસોએ જાદુઈ પરિવર્તન કરેલું છે. પ્રતિકાર કરવાની મહિલાઓની શક્તિ દરેક કાળે અને દરેક સંઘર્ષમાં જોવા મળી છે. આઝાદ ભારતમાં પણ થોડા વર્ષો પહેલાં આંદરપ્રદેશમાં દેશી દારૂ(અરક)નું વેચાણ પ્રતિબંધિત કરવા માટે મહિલાઓએ કરેલું શક્તિ પ્રદર્શન સ્મૃતિમાં સચવાય તેવું ઉજ્જવળ છે.

ગુજરાતે દેશને જેમ કસ્તૂરબા જેવા અસામાન્ય મહિલારત્નની ભેટ આપી. તે જ રીતે અનેક મહિલા અગ્રણીઓએ મહિલાઓના સશક્તિકરણના સુઆયોજિત કાર્યોથી રાજ્યનું તથા દેશનું ગૌરવ વધાર્યું છે. મૃદુલાબહેનના મજબૂત સાથીદાર એવા પુષ્પાબહેન મહેતાનું નામ તેમના કાર્યો થકી ઉજ્જવળ રહ્યું છે. પુષ્પાબહેનના પિતા વનવિભાગના અધિકારી, પરંતુ તેમનું નામ તેમની કાર્ય કરવાની શક્તિને કારણે ઘણું જાણીતું હતું. પ્રભાસપાટણ તથા અમદાવાદમાં પુષ્પાબહેનનો અભ્યાસ થયો. તે સમયમાં સામાન્યત: બનતું તેમ તેમના લગ્ન નાની ઉંમરમાં થયા. તેમના પતિ જનાર્દનરાય મહેતા ઉચ્ચ હોદ્દા પરના સરકારી અમલદાર હતા. પુષ્પાબહેનને ભરયુવાનીમાં જ વૈધવ્યનો યોગ લખાયેલો હતો, પરંતુ મજબૂત મનોબળ તેમજ આંતરિક શક્તિને કારણે તેઓ કપરા કાળને પડકારીને પૂર્ણ જીવન અર્થપૂર્ણ રીતે જીવ્યા. થોડો અભ્યાસ બાકી હતો તે પતિના અવસાન બાદ પૂરો કર્યો. પોતે સ્નાતક તથા અનુસ્નાતક થયા. તેમના જીવનનો એક પરિવર્તનનો તબક્કો મૃદુલાબહેન સારાભાઈના પરિચય પછી આવ્યો.

મૃદુલાબહેનને લાગ્યું કે જ્યોતિસંઘની સ્થાપના કરીને મહિલાઓના અનેક કાર્યો કરવાની તેમની ઉમેદ છે તે માટે પુષ્પાબહેન સર્વથા યોગ્ય તથા શક્તિશાળી છે અને ખરેખર મૃદુલાબહેનની કલ્પના સંપૂર્ણપણે સાચી પડી. જ્યોતિસંઘના મહિલા ઉત્કર્ષના તમામ કાર્યોમાં પુષ્પાબહેને રસ લીધો, એટલું જ નહી, આ કામોને તેમણે દીપાવ્યા. જ્યોતિસંઘની પ્રવૃત્તિ તથા પહોંચ તેના કાર્યકરોની નિષ્ઠાને કારણે વધતા રહ્યા. અનેક બાળાઓ, નાની-મોટી ઉંમરની મહિલાઓ જેઓ અસામાજિક તત્ત્વોનો ભોગ

બન્યા હોય તેમને દોજખમાંથી છોડાવી લાવવાનું કામ આ બહેનો ખરા અર્થમાં વીરાંગના બનીને કરતી હતી. ત્યારબાદ તેમને પગભર કરવાની યોજના પણ મૃદુલાબહેન-પુષ્પાબહેનની જોડીએ વિચારી. આ રીતે ‘વિકાસગૃહ’ સંસ્થાની શરૂઆત થઈ. એ વાતની અહીં નોંધ લેવી જોઈએ કે મૃદુલાબહેન સારાભાઈનો જન્મ તો ગર્ભશ્રીમંત કુટુંબમાં થયો. મોજશોખ તથા સાધનસામગ્રીની કોઈ મણા તેમને ન હતી, છતાં તેઓ સતત વિચારપૂર્ણ તથા સાદગીપૂર્ણ જીવન જીવ્યા. પુષ્પાબહેન પણ સુખી-સંપન્ન ઘરના હોવા છતાં આ બંને બહેનોને ગાંધીવિચારની ચિનગારી લાગી ચૂકી હતી. એક મિશન લઈને જીવ્યા અને સૌના કલ્યાણમાં પોતાનું શ્રેય જોયું.

કામ વધ્યું તેમ વિકાસગૃહની બીજી શાખાઓ સૌરાષ્ટ્રમાં શરૂ કરવાનું આયોજન પુષ્પાબહેને વિચાર્યું. પૂ. બાપુના આશીર્વાદથી 1945માં વઢવાણ વિકાસ વિદ્યાલય શરૂ કરવામાં આવ્યું. વિકાસગૃહ વઢવાણની સંપૂર્ણ જવાબદારી પુષ્પાબહેનના ભત્રીજી અરુણાબહેન દેસાઈએ ઉપાડી. તે સમયના વઢવાણના વાતાવરણમાં સામાજિક ક્ષેત્રે અને તેમાં પણ મહિલાઓના ઉત્કર્ષ માટે ચેતના પ્રગટાવવાનું કામ પડકારરૂપ હશે જ, પરંતુ ફોઈની પ્રેરણા તથા તેમના માર્ગદર્શનથી પુષ્પાબહેન જેટલી જ દૃઢ વૃત્તિવાળા અરુણાબહેન આ કામ કરી શક્યા.

આરઝી હકૂમતની ઐતિહાસિક લડાઈમાં પણ પુષ્પાબહેને મહત્ત્વનો ભાગ ભજવ્યો. આખરે દેશ આઝાદ થયો. શાસકોના તરંગી નિર્ણયથી જૂનાગઢમાં આવેલો ભરો પણ શામળદાસ ગાંધી જેવા સબળ નેતૃત્વ હેઠળ થયેલ સંઘર્ષને કારણે શમી ગયો. સૌરાષ્ટ્ર સરકાર બની. પુષ્પાબહેન મહેતા સૌરાષ્ટ્રની ધારાસભાના પહેલા સ્પીકર તરીકે વરાયા. નિષ્ઠાપૂર્વક કાર્ય કરનાર નારીરત્નનું આ સુયોગ્ય સન્માન તો હતું જ, સાથોસાથ મહિલાઓની શક્તિની સમાજ દ્વારા સ્વીકૃતિ પણ હતી.

પુષ્પાબહેનના વ્યક્તિત્વનું એક મહત્ત્વનું પાસું તેમની સંવેદનશીલતા તથા વિશાળ અને વ્યાપક દૃષ્ટિ હતા. કચ્છ-સૌરાષ્ટ્રમાં પશુપાલકોનો મોટો વર્ગ તથા તેમની સમસ્યાઓ પણ અન્ય લોકોથી ભિન્ન હતી. પુષ્પાબહેને આ વર્ગ તરફ વિશેષ લાગણી બતાવી માલધારીઓના બાળકોને નૂતન યુગનું શિક્ષણ મળતું થાય તે માટે પણ તેઓએ ઘણાં પ્રયાસો કર્યા. તેમના માટે તમામ પ્રયાસો કરીને આશ્રમશાળાઓ શરૂ કરાવી. માલધારીઓને પુષ્પાબહેનમાં પોતાની માના દર્શન થતા હતા. આવું જ બીજું એક વિશિષ્ટ કાર્ય તેમની યશસ્વી કામગીરીમાં નોંધાયેલું છે. માળિયા(મિયાણા)ના અમુક વર્ગના લોકોને ગુનેગારો ઠરાવીને પોલીસ સ્ટેશને હાજરી ફરજિયાત રીતે પુરાવવાની રહેતી હતી. આ પ્રથામાં પુષ્પાબહેનને માનવગરિમાની હાનિ થતી લાગી. આથી જેમ રવિશંકર મહારાજે પાટણવાડિયાઓની હાજરી રદ કરાવી હતી, તે જ રીતે પુષ્પાબહેને પણ આવી અમાનવીય પ્રથા માળિયામાંથી દૂર કરાવી હતી.

વિધાનસભાના સભ્ય તરીકે તેઓ લાંબો સમય રહ્યા. રાજ્યસભાના સભ્ય તરીકે પણ સમગ્ર દેશને તેમની અનુભવસિદ્ધ શક્તિઓનો લાભ આપ્યો. ભારત સરકારે તેમને 'પદ્મવિભૂષ'ના ખિતાબથી નવાજ્યા તે સર્વથા ઉચિત છે. પુષ્પાબહેન મહેતા કે અરુણાબહેન દેસાઈ જેવા સમર્પિત મહિલા આગેવાનોનું સ્મરણ મહિલા અધિકાર દિવસના સંદર્ભમાં થાય તે સ્વાભાવિક છે. કાર્ય કરવાની તેમની પદ્ધતિ તથા તેમની સિદ્ધિઓની વિસ્તૃત વિગતો આજે પણ આ ક્ષેત્રમાં કામ કરતી બહેનો માટે ઉદાહરણરૂપ કે પ્રેરણારૂપ બની શકે તેવી છે.

સાંપ્રતકાળમાં વિશ્વની અનેક મહિલાઓએ સશ ત રીતે સમાજને દોરવાનું કામ કર્યું છે. અન્યાય સામે આક્રોશ રજૂ કર્યો છે અને તે માટે ભારે કિંમત પણ ચૂકવી છે. મલાલા યુસુફઝાઈ જેવી નિર્દોષ તથા માસૂમ કિશોરી તાલિબાનોની શક્તિને પડકારે તે ઘટના સાધારણ નથી. મણિપુરની લોખંડી મનોબળ ધરાવતી બહેન ઇરોમ શર્મિલા જીવનના દોઢ દાયકાથી પણ વધારે સમય માટે ઉપવાસ કરે તે નારીશક્તિનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. જે કાયદાથી સશસ્ત્ર દળોને અનિયંત્રિત સત્તા મળે તેવા કાયદાથી થતા ન્યાયભંગ અને સિતમના કિસ્સાઓએ ઇરોમ શર્મિલાને જાગૃત કરી. એકલપંડે આવા અન્યાયી કાયદાની નાબૂદી માટે ઇરોમે જંગ ખેલ્યો.

જર્મનીના ચાન્સેલર એન્જેલા મોર્કેલે 2015-16ના વર્ષોમાં સીરિયાના ત્રસ્ત નાગરિકો માટે ઉદાર વલણ લઈને મહિલામાં રહેલી સૂઝ તથા ઊંડી કરુણાના દર્શન સમગ્ર જગતને કરાવ્યા. કોઈ કપરા કાળની કસોટીમાં જ્યાં પુરુષો પણ મૂંઝાયા છે ત્યાં મહિલાઓએ નેતૃત્વ લઈને પડકાર ઝીલ્યો છે. વિમલાતાઈએ જીવનમાં શુદ્ધતા તથા પવિત્રતાના ભાવનું દર્શન સૌને ઉપલબ્ધ થાય તેવું મૂલ્યવાન કાર્ય આપણી નજર સામે કરેલું છે. 'સેવા'ના માધ્યમથી અનેક બહેનોને આર્થિક રીતે પગભર કરવાનું કામ ઈલાબહેન ભટ્ટ કરી શક્યા છે.

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે સમાજ પુન: આત્મનિરીક્ષણ કરે તો જ એ વાતનો ખરો હિસાબ મળે કે ગાંધીપ્રેરિત પ્રયાસો કેટલા અંશે સફળ થયા છે. મૃદુલાબહેન, પુષ્પાબહેન કે અરુણાબહેન તો પોતાની તમામ શક્તિઓ લગાવીને મહિલાઓના પ્રશ્નો ઝઝૂમ્યા, મહદંશે સફળ પણ થયાં, પરંતુ આખરે તો સમગ્ર સમાજે તેની માનસિકતા બદલવી પડશે. આ બાબતમાં સુધારો જરૂર થયો છે, પંરતુ હજુ લક્ષ દૂર લાગે છે. સૌના પ્રયાસો એ પાયાની બાબત છે.

મહિલાઓના મા તથા બહેનના સ્વરૂપને કવિઓએ સુપેરે બિરદાવ્યું છે. આથી સમાજે મહિલાઓને તથા તેમના યોગદાનના મૂલ્યને તેમજ તેમના મૂક બલિદાનના મૂલ્યને ખરેખર ઓળખ્યું છે કે કેમ તેમજ પ્રમાણ્યું છે કે કેમ તેની નિરંતર સમીક્ષા સ્વસ્થ સમાજના નિર્માણમાં ઉપયોગી બની શકે. મહિલાઓ જ્યારે સાર્વત્રિક રીતે મુક્તિનો

અનુભવ જીવનના વિવિધ નિર્ણયો લેતી વખતે કરે ત્યારે જ સમાજ એવું આશ્વાસન મેળવી શકે કે આ દિશામાં નક્કર કાર્ય થયું છે. માત્ર કેટલીક સારી કે કેટલીક નબળી ઘટનાઓને આધારે પરિસ્થિતિનું ખરું આકલન કરવું મુશ્કેલ છે.

સમાજની સતત જાગૃતિ અને સાચી દિશાના મનોવલણથી આ દિશામાં ઠોસ તથા ટકાઉ પરિણામો મેળવી શકાય. 'મહિલા દિન'ની ખરા અર્થમાં ઉજવણી આવા સ્થાયી પરિવર્તન થકી થઈ શકે તે સ્વીકારવું રહ્યું. ઉમાશંકર જોશીએ લખ્યું છે તેમ: ''વત્સલતાની મૂર્તિ તેમજ પ્રત્યેક બાળકની અડગ શ્રદ્ધાના કેન્દ્ર સમાન દરેક મહિલા વંદનને પાત્ર છે.''

બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,
વત્સલમૂરત સ્નેહલ સૂરત, હૃદય-હૃદયના વંદન તેને.

*

12

દીપોત્સવના પર્વમાં તેજોમય દીપ સમાન મહર્ષિ દયાનંદની અનંતયાત્રા

દિવાળીના શુભ દિવસે મહર્ષિ દયાનંદની ચિરવિદાયથી દેશના અનેક લોકો દિગ્મૂઢ થયા હતા. ગુજરાતની ધરતી પર જન્મ ધારણ કરનાર આ વીર સંન્યાસીની સિંહહાકથી દેશના અનેક ભાગોમાં નવજાગૃતિની લહેર પ્રગટ થઈ હતી. ધર્મ કે સંપ્રદાયના નામે ઢોંગ આચરીને અનેક નિર્દોષ ભાવિકોનું શોષણ કરનારો વર્ગ સ્વામી દયાનંદના તેજોમય વ્યક્તિત્વ તથા તર્કશુદ્ધ વાણીથી ભયભીત થયો હતો. સ્વામીજી છ દાયકાથી પણ ઓછું જીવન જીવ્યા, પરંતુ પોતાની ચિરકાળ છાપ છોડીને ગયા. પ્રાચીન સમયમાં નહીં, પરંતુ પ્રમાણમાં નજીકના ભૂતકાળમાં આપણાં દેશમાં થયેલા બે સંન્યાસીઓએ પોતાના ભગવાં વસ્ત્રો ખરા અર્થમાં ઉજાળ્યા છે. આ બે સંન્યાસીઓમાં સ્વામી દયાનંદ તથા કર્મઠ સંન્યાસી વિવેકાનંદનો ઉલ્લેખ વિના સંકોચે કરી શકાય તેવો છે.

સ્વામી દયાનંદનો જન્મ ઈ.સ. 1825ના ફેબ્રુઆરી માસમાં મોરબી રાજ્યના ટંકારા ગામમાં થયો. 1883ના ઑક્ટોબર માસમાં દીપોત્સવ – દીપાવલીના પર્વના દિવસે આ તેજોમય દીપનો પ્રકાશ અનંતમાં ભળી ગયો. સમાજમાં નવજાગૃતિનો શંખ ફૂંકનાર આ સંન્યાસી સમાજને જાગૃત કરીને સિધાવી ગયા. પોતાના કાળના સમર્થ વિચારક તથા સાધક ઋષિ તરફ અનેક લોકો અંતરથી ધન્યતાનો – આભારવશતાનો અનુભવ કરે છે.

ધન્ય હૈ તુજકો ઐ રિષિ,
તુંને હમે જગા દિયા,
સો-સો કે લૂંટ રહે થે હમ,
તુંને હમેં બચા લિયા,
અંધો કો આંખે મિલ ગઈ,
મુરદો મેં જાન આ ગઈ,
જાદુસા ક્યા ચલા દિયા,
અમૃતસા ક્યા પિલા દિયા.

સ્વામી આનંદે લખ્યું: "સંન્યાસીને સમાજ પાસેથી ફક્ત 'દો રોટી ઔર એક લંગોટી' મેળવવાનો હક છે." સ્વામીદાદા કહે છે: "સાધુએ સમાજ પાસેથી આટલું જ ગ્રહણ કરીને સહસ્રગણું સમાજને પરત આપવાનું હોય છે." સ્વામીદાદા કહે છે તેવા અનેક

જ્યોતિર્ધર સંન્યાસીઓ પોતાના અમૂલ્ય પ્રદાન દ્વારા ઇતિહાસમાં અમર થયા છે. સંન્યાસીના બાહ્ય પહેરવેશ થકી નહી, પરંતુ તેના આચરણ થકી સમાજે તેને સ્નેહ તથા આદર અઢળક માત્રામાં પૂરા પાડેલા છે. ભિક્ષુ અખંડાનંદ જેવા સંતે સમાજમાં ઉત્તમ પ્રકારના પુસ્તકોની ઉપલબ્ધિ સામાન્ય લોકોને પરવડે તેવી કિંમતે થાય તેની ચિંતા આજીવન કરી. આ હેતુ પાર પાડવા માટે ટ્રસ્ટની રચના કરીને એક ચોક્કસ વ્યવસ્થા ઊભી કરી. આવી પ્રવૃત્તિમાં ભિક્ષુ અખંડાનંદજીને પ્રભુની પ્રસન્નતાની અનુભૂતિ થઈ શકતી હતી.

વંદનીય મોટાએ મઠ-મંદિરોના બદલે બાળકો અભ્યાસ કરી શકે તે માટે શાળાઓના ઓરડા બાંધવાની ચિંતા કરી. તેમને આ કાર્યમાં ઉત્તમ પ્રકારની પ્રભુભક્તિનો અનુભવ થયો. મુનિ સંતબાલજીને પણ માનવસેવાના કાર્યોમાં જ ઈશ્વરની આરાધનાનો પદરવ સંભળાયો. સંતોની આવી ઉજળી પરંપરાના એક અગ્રજ સમાન સ્વામી દયાનંદ હતા. અનેક પ્રકારની અંધશ્રદ્ધાઓમાં ઘેરાયેલા સમાજને તંદ્રામાંથી બહાર લાવીને જાગૃતિના માર્ગે દોરી જવાનો મહર્ષિ દયાનંદનો પ્રયાસ હતો. ધર્મના નામે ધતિંગ ચલાવનારાઓ અનેક સ્વાર્થી લોકોની ધમકીઓ તથા પડકારોનો સામનો આ વીર સંન્યાસીએ સામી છાતીએ કર્યો હતો. એકથી વધારે વખત સ્વામીજીની હત્યા કરવાના પ્રયાસ નિષ્ફળ ગયા હતા. જગતનું હિત સાધવા માટે જ જાણે કે ખુદાના ફરિશ્તાએ જગતમાં નિર્ભયતાથી વિચરણ કરીને લોકહિતના અગણિત કાર્યો દૃઢતાપૂર્વક કર્યાં હતા.

જગતનું કલ્યાણ નજર સામે રાખીને આપણા સંતો જે માર્ગે ચાલ્યા તે વીરતાનો માર્ગ હતો. ભીરુ કે અધૂરિયા લોકો સંતોના નિર્ભયતાના માર્ગે ડગલા માંડી શકતા નથી. હરિનું કાર્ય કરવાની પહેલી શરત નિર્ભયતા તેમજ વીરતાની છે. ભક્તિ અને વૈરાગ્યના ઊંડા સંસ્કારોવાળા કવિ પ્રીતમદાસના શબ્દો આ સંદર્ભમાં યાદ આવે તેવા અર્થસભર છે:

હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને,
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને,
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહીં સ્હેલ જોને,
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને.

સ્વામી દયાનંદ બાળપણથી જિજ્ઞાસુવૃત્તિ ધરાવનારા એક વિચારશીલ વ્યક્તિ હતા. તેમનું નામ મૂળશંકર હતું. માતા-પિતાના સંસ્કાર તથા પોતાના ઘરના માહોલને કારણે તેઓ શિવરાત્રિના પર્વે નિરાહાર રહ્યા અને પ્રભુપ્રાપ્તિ માટે રાત્રિનું જાગરણ પણ તેમણે કર્યું. અન્ય સાધકો જ્યારે નિદ્રાધીન થયા ત્યારે કિશોર મૂળશંકર પ્રયત્નપૂર્વક જાગતો રહ્યો. બાળવયની આવી નિષ્ઠાપૂર્વકની આરાધનામાં શ્રદ્ધા તથા

ભક્તિનો સમન્વય થયેલો હતો. રાત્રિના શાંત સમયે શિવલિંગ પર દોડાદોડી કરતા ઉંદરોને જોઈને કિશોર મૂળશંકરના મનમાં અનેક પ્રશ્નો થયા. વિચારોના વાવાઝોડાંથી બાળકનું મન ઘેરાવા લાગ્યું. આવી બાળસહજ ઉત્સુકતા તથા પ્રશ્નો થવા તે સ્વાભાવિક છે. શક્તિશાળી દેવ મહાદેવના લિંગ પર ઉંદરોની આવી ગુસ્તાખી કેમ થઈ શકે તેનો કોઈ પ્રતીતિકર જવાબ બાળકને કોઈ પાસેથી મળ્યો નહીં.

આ રીતે સંસારમાં બનતા અન્ય પ્રસંગો જેવા કે નાની ઉંમરની બહેનનું મૃત્યુ કે પોતાને પ્રિય એવા કાકાનું મૃત્યુ જેવા પ્રસંગો જોઈને પણ મૂળશંકર વ્યથિત થયા. તેમને થયેલા પ્રશ્નો કે તેમણે અનુભવેલી સમસ્યાઓનું સમાધાન જાતે જ શોધવા માટે મૂળશંકરે નિર્ણય કર્યો. આ હેતુ માટે ગૃહત્યાગ કરી સંસારના બંધનોથી મુક્ત થવું તેમને જરૂરી લાગ્યું. મુક્તિના આવા અજાણ્યા તથા જોખમી માર્ગે ડગ ભરતા મૂળશંકરને સાંસારિક મોહ-મમતા નડી શક્યા નહીં. સંસારમાં જે વ્યક્તિઓને અંતરના ઊંડાણથી આવા પ્રશ્નો થયા છે તેમના જીવનમાં નવો વળાંક આવેલો જગતે જોયેલો તથા અનુભવેલો છે. રાજકુમાર સિદ્ધાર્થને જરા-મરણના અણગમતા દૃશ્યો જોઈને તેના ઉકેલ માટે જીવન હોડમાં મૂકવાની મહેચ્છા થઈ આવી. આવી દૃઢ તથા કાર્યશીલ મહેચ્છાને કારણે જગતને બુદ્ધ મળ્યા. બુદ્ધત્વના કરુણાસાગરે દુનિયાને થોડી વધારે જીવવાલાયક બનાવી. જીવનના આવા અનુભવો સુખચેન તથા આરામની ઊંઘમાં ખલેલ પહોંચાડનારા હોય છે. અહીં મહર્ષિ દયાનંદ પણ સંસારની ઘટમાળના આ પ્રસંગોથી વ્યથિત થયા. સમાજના અનેક લોકોના સર્વાંગી હિત માટે કંઈક કરી છૂટવાની તમન્ના સાથે તેઓ બુદ્ધના પગલે ચાલ્યા.

અડગ મનના આ યુવાન પથિકને કડવા-મીઠા અનુભવો થયા, પરંતુ આખરે તેમણે અથાક પ્રયાસો તેમજ વ્યાપક ભ્રમણ કરીને પોતાને યોગ્ય ગુરુ શોધી કાઢ્યા. જીવનના આઠ દાયકા જેમણે વિતાવી દીધા હતા તેવા મથુરાના વિરજાનંદ સ્વામીના અગાધ શાસ્ત્રજ્ઞાનનો લાભ સ્વામીજીએ પૂર્ણ વિવેકથી શિષ્યભાવે લીધો. જ્ઞાનપ્રાપ્તિના આ પર્વ પછી મહર્ષિએ પૂર્ણ આત્મવિશ્વાસથી સમાજમાં ફેલાયેલી અનેક નિર્બળતાઓ સામે ગાંડીવનો ટંકાર કર્યો. સંસારના જીવોને ઉત્તમ કોટિના બનાવવા માટે 'કૃણવન્તો વિશ્વમાર્યમ્'ની હાક મારીને આ તેજસ્વી સંન્યાસી સંસારમાં વિચર્યા અને થોડા સમયમાં છવાઈ ગયા.

મહર્ષિ દયાનંદના જીવન તથા તેમના વિચારોના ઘડતરમાં સ્વામીજીનું સતત ભ્રમણ ખૂબ ઉપયોગી થયું હતું. દેશની સ્થિતિ તેમણે નજરોનજર નિહાળી. બ્રિટિશરોનું એકાધિકારવાદી શાસન તથા સમાજને આંતરિક રીતે વિભાજિત કરતી ટૂંકી દૃષ્ટિની વિચારધારાને કારણે દેશની સ્થિતિ દારુણ હતી. અનેક પ્રકારના વહેમને ફેલાવીને ધર્મના નામે ઢોંગ આચરનાર સમૂહ મજબૂત થયો હતો. શાસ્ત્રોના મૂળ જ્ઞાન તથા સમજણના સ્થાને કટ્ટર સંપ્રદાયવાદનો ઉદય થયો હતો. સમાજ પોતાના સમૂહ પૈકીના

કેટલાક વર્ગોને નીચ તેમજ ઉતરતા ગણવા લાગ્યો હતો. આવી માન્યતાઓથી સમાજ વિભાજિત થયેલો હતો.

સ્વામીજી દેશાટન કરતા હતા ત્યારે ગુરુ વિરજાનંદના શબ્દો સતત યાદ આવતા હતા. ગુરુએ શિક્ષાની સમાપ્તિ સમયે લાગણીથી પોતાના સમર્થ શિષ્યને કહ્યું હતું: "વત્સ! આજે દીન-હીન બનેલા દેશનો ઉદ્ધાર કરો. મત-મતાંતરોના કારણે ફેલાયેલી સાંપ્રદાયિકતાની અવિદ્યાઓનું નિવારણ કરો. લોકકલ્યાણમાં સમર્પિત બનીને ખરા ધર્મનો પુનરોદ્ધાર કરો. ઈશ્વર તમને સુખ તથા સફળતા પ્રદાન કરે." ગુરુદક્ષિણા તરીકે ગુરુએ જે માર્ગે જવાની શિષ્યને સલાહ આપી તે માર્ગ કંટકયુક્ત હતો, પરંતુ પ્રજ્ઞાચક્ષુ ગુરુને શિષ્યની અગાધ શક્તિમાં પૂર્ણ વિશ્વાસ હતો. સ્વામીજીની ઐતિહાસિક યાત્રાનો શુભારંભ થયો. ઈ.સ. 1867ના કુંભમેળામાં મહર્ષિ ગયા તેમ નોંધાયું છે. સ્વામીજીએ હરદ્વારમાં પોતાની રાવટી નાખી. કહેવાય છે કે આ રાવટી (પર્ણકુટિ) પર એક ધ્વજા ફરકાવી હતી. મેળામાં આવેલા અસંખ્ય લોકો દૂરથી પણ આ ધ્વજા જોઈ શકે તેવી હતી. ધ્વજા પર સ્વામીજીએ 'પાખંડખંડન' એવા શબ્દો લખ્યા હતા. અનેક લોકો આવા લખાણોવાળી ધ્વજા જોઈને કુતૂહલતાથી સ્વામીજીની ઝૂંપડીએ આવતા થયા. સ્વામીજી લોકોને તમામ પ્રકારના વહેમ, ઢોંગ તેમજ અંધશ્રદ્ધામાંથી મુક્ત થવા સમજાવતા હતા.

સ્વામીજી પ્રખર વક્તા હતા. તેમની ભાષા તથા સમજાવટમાં તાર્કિકતા હતી. તેમના દૃષ્ટાંતો બુદ્ધિગમ્ય તથા વ્યવહારુ હતા. લોકોને સ્વામીજી તરફ આકર્ષણ થવા લાગ્યું. અનેક લોકોના પ્રશ્નો તથા શંકાઓનું તેઓ ધીરજ તથા સમજાવટથી સમાધાન કરતા હતા. સમાજમાં પ્રવર્તતા માનવ-માનવ વચ્ચેના ભેદભાવને તેમણે હાસ્યાસ્પદ તથા વિચારહીન જણાવ્યો. લંગોટધારી આ પ્રતિભાશાળી સંન્યાસીને ખુલ્લા આસમાન હેઠળ નદીની રેતીમાં રાત્રિનિવાસ કરતા જોઈને લોકોને આશ્ચર્ય થતું હતું. સ્વામીજીનું શરીર તેજોમય હતું. ખડતલ તથા કસાયેલું હતું. સ્વામીજીએ વિશાળ જનસમૂહને કર્મનું મહત્ત્વ સમજાવ્યું. એક ભાવિકે સ્વામીજીને પોતાની હથેળી બતાવી અને પોતાનું ભવિષ્ય શું છે તે જણાવવા પ્રાર્થના કરી. સ્વામીજીએ માર્મિક ઉત્તર આપ્યો: "હથેળીમાં અસ્થિ, ચામડી તેમજ લોહી છે, બીજું કશું નથી." જન્મપત્રી અંગે સ્વામીજી કહેતા: "જન્મપત્ર કિમર્થ કર્મપત્રં શ્રેષ્ઠમ્."

રૂને પીજવાનું કામ કરતાં એક પીજારાએ પોતાના કલ્યાણ માટે ધર્મ સમજાવવા કહ્યું. સ્વામીજીએ ત્વરિત ઉત્તર આપ્યો: "નામસ્મરણ કરો. વ્યવહાર સાચો રાખો. જેટલું રૂ તમને કોઈ પીજવા માટે આપે તો તેટલું જ રૂ પીજીને પાછું આપો. જીવનમાં સાચો વ્યવહાર એ જ ધર્મમાર્ગ તથા કલ્યાણમાર્ગ છે." ધર્મ તેના રટણમાં નહીં, પરંતુ આચરણમાં છે તે વાત સ્વામીજીએ અનેક વ્યવહારુ ઉદાહરણો આપીને સમજાવી છે. પુરુષોની જેમ મહિલાઓ પણ ગાયત્રીજપ કરવાનો સમાન અધિકાર ધરાવે છે તે વાત

તેઓ વખતોવખત ભારપૂર્વક કહેતા હતા. સ્ત્રીઓના સમાન અધિકાર તેમજ નારીગૌરવના મહર્ષિ સમર્થક હતા. તે સમયની સામાજિક સ્થિતિમાં આ હકીકત તેમને અન્ય સંન્યાસીઓથી જુદા પાડતી હતી. સ્વામીજી તેમના કલકત્તાના પ્રવાસ દરમિયાન (1873) મહાકવિ રવીન્દ્રનાથ ટાગોરના પિતા દેવેન્દ્રનાથ તેમજ સુવિખ્યાત વિદ્વાન કેશવચંદ્ર સેનના સંપર્કમાં આવ્યા હતા. કેશવચંદ્ર સેને સ્વામીજીને સંસ્કૃતને બદલે દેશભાષા હિન્દીમાં પ્રવચન કરવા સમજાવ્યા હતા. સંસ્કૃત ન સમજી શકનારો વર્ગ સ્વામીજીના શબ્દો ઝીલી શકે તથા ગ્રહણ કરી શકે તેવો સેનનો મત હતો. સ્વામીજીએ આ બંને સૂચનોની ઉપયોગિતા જોઈ તેનો સ્વીકાર કર્યો.

સ્વામીજીના દેશાટનમાં ગુજરાતનો પણ સમાવેશ થાય છે. 1847માં સ્વામીજી સુરત આવ્યા હોવાનું નોંધાયું છે. કવિ નર્મદ તથા પંડિત દુર્ગારામ મહેતા પોતાના સુધારાવાદી વલણના કારણે તે સમયે ખૂબ જાણીતા હતા. કવિ નર્મદ તથા દુર્ગારામ મહેતાએ સ્વામીજીના પ્રવચનોનું આયોજન કરેલું હતું. સ્વામીજીએ ભરૂચ તથા અમદાવાદમાં રોકાણ કરેલું. અમદાવાદમાં તેઓએ હીમાભાઈ ઇન્સ્ટિટ્યૂટમાં ‘મૂર્તિપૂજા’ વિષય પર પ્રવચન આપેલું હતું. રાજકોટમાં સ્વામીજીના આઠ પ્રવચનો થયા હતા. સ્વામીજીના વક્તૃત્વની કળા તથા ભાષામાં તાર્કિકતાને કારણે ગુજરાતના દરેક સ્થળોએ તેમને સાંભળવા લોકસમૂહ એકત્રિત થતો હતો.

સ્વામીજીએ સમાજનિર્માણનું કાર્ય કોઈ વ્યક્તિ આધારિત ન રહે અને આ કાર્યમાં સાતત્ય જળવાય તે હેતુથી આર્યસમાજની સ્થાપના એપ્રિલ, 1875માં કરી. સ્વામીજી આજીવન વિચારોના બંધિયારપણાના વિરોધી રહ્યાં. સ્વામીજી આ સંસ્થાના સ્થાપક હોવા છતાં તેના પ્રમુખ ન થયા. માત્ર સામાન્ય સભ્યપદ ગ્રહણ કર્યું. આર્યસમાજ મંદિરમાં પોતાનો ફોટો પણ મૂકવાની સ્વામીજીએ પરવાનગી ન આપી. સ્વામીજીએ આ બાબતમાં વિશેષ સ્પષ્ટતા કરતાં સમજાવ્યું કે ભવિષ્યમાં તેમના ફોટાની પણ લોકો અંધવિશ્વાસથી પૂજા કરે તેવી સ્થિતિ તેઓ કદી ઇચ્છતા ન હતા. આર્યસમાજની સ્થાપના ઉપરાંત રાષ્ટ્રીય કેળવણીના પ્રચાર-પ્રસાર માટે સ્વામીજીએ શૈક્ષણિક સંસ્થાઓ-ગુરુકુળની સ્થાપના કરીને રાષ્ટ્રીય કેળવણીના કાર્યમાં પોતાનો સિંહફાળો આપ્યો હતો.

સમગ્ર દેશમાં સ્વામીજીની વીરવાણીના પડઘા તે સમયે સાંભળી શકાતા હતા. સ્વામીજીએ જીવનના સંધ્યાકાળે રાજસ્થાનની પ્રતાપી ભૂમિ પર પોતાની વાણીનો તથા ઉપદેશનો પ્રભાવ પાડ્યો હતો. કુદરતનું નિર્માણ કંઈક અલગ હતું. સ્વામીજીની હત્યા કરવાના અનેક પ્રયાસો ભૂતકાળમાં નિષ્ફળ ગયા હતા, પરંતુ આ વખતનો આવો વિચારહીન પ્રયાસ દેશ માટે આફત નોતરે તેવો હતો. જોધપુરના તેમના નિવાસ દરમિયાન દગાથી વિષ આપવામાં આવ્યું તે સ્વામીજી માટે જીવલેણ સાબિત થયું. એક તેજસ્વી દીપનો અકાળ અસ્ત દીપોત્સવીના તહેવારના દિવસે જ થયો!

રોમાં રોલાંએ સ્વામીજીને કર્મ તથા નેતૃત્વની પ્રતિભાનું સંમિશ્રણ કહેલું તે ઉચિત છે. મહર્ષિ દયાનંદની પ્રતિભા તથા વીરવાણી દરેક કાળમાં પ્રાસંગિક તથા માર્ગદર્શક બને તેવી છે. નૂતન વર્ષના મંગળ પ્રભાતે જીવનઘડતર માટે આ તેજસ્વી સંન્યાસીની વીરવાણી હૈયે ધારણ કરીને આચરણમાં મૂકવાનો યથાશક્તિ પ્રયાસ કરીએ તો વ્યક્તિગત અને સામૂહિક જીવનની ઉન્નતિ થવી મુશ્કેલ નથી.

*

13

દેવદિવાળીના પાવનપર્વે

શ્રીમદ્ નું સ્મરણ

વીસમી સદીના યુગપુરુષ તરીકે સમગ્ર વિશ્વ જેમના વિચારોનો આદર કરે તેવા મહાત્મા ગાંધી લખે છે: "મારા ઉપર ત્રણ વ્યક્તિઓએ ઊંડી છાપ પાડી છે: તેમાં ટૉલ્સ્ટૉય, રસ્કિન તથા રાયચંદભાઈ(શ્રીમદ્ રાજચંદ્ર)નો સમાવેશ થાય છે. રાયચંદભાઈ સાથેના સંબંધથી હું શાંતિ પામ્યો. હિન્દુ ધર્મમાં મને જે જોઈએ તે મળે તેમ છે એવો વિશ્વાસ બેઠો."

દેવદિવાળીના દિવસે 1867માં, મોરબી જિલ્લાના વવાણિયા ગામે જન્મેલા શ્રીમદ્ રાજચંદ્રની સ્મૃતિ થાય છે. શ્રીમદ્‌ના ઉત્તમ વિચારોમાંથી શાંતિ અને સમતાની અનુભૂતિ થાય છે. આવી શાંતિ ખરીદી શકાતી નથી. ધન કે સત્તાના જોરે પણ પ્રાપ્ત કરી શકાતી નથી, પરંતુ શ્રીમદ્‌ના શબ્દોથી તેની લીલીછમ કૂંપળ ફૂટે છે, જેની પ્રતીતિ થયા સિવાય રહેતી નથી. ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રની તેમના મન પર પડેલી છબી અંગે અનેક જગ્યાએ વિચાર વ્યક્ત કર્યો છે. શ્રીમદ્‌ને મળ્યા પછી ગાંધીજીને એ વાતની પુન: પ્રતીતિ થઈ કે સ્મરણશક્તિ નિશાળમાં નથી વેચાતી. તે જ રીતે જ્ઞાન પણ જિજ્ઞાસા હોય તો નિશાળની બહાર પ્રાપ્ત કરી શકાય છે. મહાત્માનું આ તારણ સત્યની સમીપે રહેલું છે. મુમુક્ષુ વૃત્તિ કેળવીને જીવનમાં ઉન્નતિને માર્ગે ચાલવું સંભવિત છે તે વાતની ઠોસ પ્રતીતિ શ્રીમદ્ તથા ગાંધીજીના જીવનમાં જોઈ શકાય છે.

રવિશંકર મહારાજે લખ્યું છે તેમ: "શ્રીમદ્, રમણ મહર્ષિ જેવા યોગીની હરોળમાં નાની વયે પહોંચી ગયા હતા." ગાંધીજીને શ્રીમદ્માં સમ્યક્ દર્શનનો અનુભવ થયો હતો. શ્રીદ્‌ના વિચારોમાં જૈન તત્ત્વજ્ઞાનનું પ્રભુત્વ જરૂર રહેતું, પરંતુ તમામ દર્શન પરત્વે તેમને આદર હતો. ગાંધીજી શ્રીમદ્‌નું બહોળું શાસ્ત્રજ્ઞાન, શુદ્ધ ચારિત્ર્ય તથા આત્મદર્શન કરવાની ધગશથી પ્રભાવિત થયા હતા. નિષ્કામ કર્મયોગનું ઉત્તમ ઉદાહરણ શ્રીમદ્‌નું જીવન હતું. શ્રીમદ્ મોટો વેપાર ખેડતા. હીરામોતીઓની પરખ પણ તેમની સાહજિક સૂઝ હતી અને વેપારની અનિવાર્ય આંટીઘૂંટીઓ પણ ઉકેલતા, પરંતુ આ તમામ પ્રવૃત્તિઓ શ્રીમદ્‌ની પૂર્ણ ઓળખ બની શકતી નથી. તેમની ખરી ઓળખ તો તેમના આત્મદર્શનની સતત રટણામાં રહેલી હતી. ગાંધીજીએ શ્રીમદ્ પરના એક પ્રવચનમાં આપણું માર્ગદર્શન કરેલું છે.

ગાંધીજી કહે છે: "શ્રીમદ્ તરફ જેમને આદરભાવ હોય તેમણે તેમના વિચારોનું અનુકરણ કરીને પોતાના વર્તન થકી તેનું નિદર્શન કરવું જોઈએ. સકળ સૃષ્ટિના કલ્યાણની વાતો તેમજ તેના ઉપાયોનું સાંગોપાંગ દર્શન શ્રીમદ્‌ની વાણી તેમજ તેમના પદોમાં પ્રગટ થયેલું છે. શ્રીમદ્‌ના પદોમાં આપણા મધ્યયુગના સંતોની વાણીનું પ્રતિબિંબ ઝીલાય છે. શાસ્ત્રોની ગહન વાતો તેમાં સરળતા તથા સહજતાથી રજૂ થયેલી છે. સંતોના આવા ભગવદ્‌દર્શનને કાળની કોઈ મર્યાદા નથી.

દિવાળી-દેવદિવાળીના દીપોત્સવ સમયે શ્રીમદ્ રાજચંદ્ર જેવા પ્રજ્ઞાવાન મહાપુરુષની સ્મૃતિ થવી સ્વાભાવિક છે. ખારા સમુદ્રમાં મોતી પાકે છે. જે ધરામાં નજીકમાં જ ખારા પાણી અફાટ વિસ્તરેલા છે તેવા પ્રદેશમાં પણ જેના હૈયામાં મીઠપનો મહાસાગર ઘૂઘવતો હોય તેવા મહાપુરુષો જન્મ ધારણ કરે છે. એક તરફ કચ્છ તથા બીજી તરફ સૌરાષ્ટ્ર હોય તેવા ઐતિહાસિક પ્રદેશમાં શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ થયો હતો. કચ્છ-સૌરાષ્ટ્રની ભૂમિ ખરા અર્થમાં બહુરત્ના વસુંધરા છે.

બાળકને કુદરતે અનેક ખાસ શકિતઓ આપી છે. તેમાં કુતૂહલવૃત્તિનો સમાવેશ થાય છે. આવી વૃત્તિ આમ તો જીવનના કોઈ પણ કાળે ઉપયોગી છે, પરંતુ ઉંમર વધવાની સાથે આપણે કુતૂહલવૃત્તિને સાચવી શકતા નથી કે તેનું સંવર્ધન કરી શકતા નથી. પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ન્યૂટનની એ બાળસહજ કુતૂહલવૃતિ જ હતી કે જેના કારણે તેના મનમાં પ્રશ્ન ઊભો થયો અને વિશ્વને ગુરુત્વાકર્ષણના એક વૈજ્ઞાનિક સત્યની ભાળ મળી. રાજકોટ જિલ્લાના ટંકારા ગામના બાળક મૂળશંકરને પણ કુતૂહલવૃત્તિને કારણે જ મનમાં પ્રશ્ન ઊભો થયો. બાળકને વિચાર આવ્યો કે સમગ્ર સૃષ્ટિના દેવ એવા મહાદેવ સાથે પામર ઉંદર જેવા જીવો કેવી રીતે આવી છૂટછાટ લઈ શકે? આવા અન્ય કેટલાક પ્રશ્નોની ઘટમાળનો સંતોષકારક ખુલાસો પિતા કે વાલીગણ આપી શક્યા નહી. મોટા ભાગના કિસ્સાઓમાં આમ જ બનવા પામે છે. પરિણામે જગતને મૂળશંકરમાંથી જ્યોતિર્ધર સંન્યાસી મહર્ષિ દયાનંદ મળ્યા. ગૌતમને બુદ્ધત્વ પણ આવી જિજ્ઞાસા થકી જ પ્રાપ્ત થયું તે જગજાહેર છે. સુયોગ્ય ગુરુઓએ બાળકોની જિજ્ઞાસાવૃત્તિને સંકોરવાનો સભાન પ્રયાસ કરેલો છે.

અહી આપણે જે મહાપુરુષની સ્મૃતિવંદના કરીએ છીએ તે માળિયા (મિંયાણા) પાસેના એક નાના ગામ વવાણિયામાં બાળક રાજચંદ્રને એક મૂંઝવણ ઊભી થઈ છે. મૂંઝવણમાંથી બાળમનમાં પ્રશ્ન થયો છે. બાળક જેને ઓળખે છે તેવા એક સ્નેહી-સ્વજનનું અવસાન થતાં મૃત્યુની ઘટનાને સમજવા મથતો બાળક દાદાજીને પૂછી બેસે છે: "ગુજરી જવું એટલે શું?" ત્યારબાદ વવાણિયા ગામના પાદરમાં જ એક ઝાડ પર ચડીને બાળકે જોયું કે પરિચિત લોકો બાળક જેને સ્વજન તરીકે ઓળખે છે તેને ચિતા પર ગોઠવીને અગ્નિદાહ આપે છે. બાળી દેવાની આવી ક્રૂરતા પરિચિત લોકો કેવી રીતે કરી શકે? શા માટે કરે? મૃત્યુ શું છે તથા શા માટે છે? રાજચંદ્રના બાળમનને આ

પ્રશ્નો સતાવ્યા કરે છે. શ્રીમદ્ રાજચંદ્ર પાછળથી વવાણિયાના આ પરિચિત જનના મૃત્યુના પ્રસંગને ટાંકીને કહે છે કે બાળસહજ કુતૂહલતામાંથી ઉદ્‌ભવેલા આવા પ્રશ્નો થકી તેમની જ્ઞાનયાત્રા શરૂ થાય છે અને દેહોત્સર્ગ સુધી અવિરત ચાલતી રહે છે.

એક સામાન્ય બાળસહજ જિજ્ઞાસામાંથી જગતકલ્યાણની નવી દિશાના દ્વાર ખૂલે તે અસામાન્ય ઘટના છે. આ કલ્યાણમયી યાત્રાનો લાભ કોઈ પણ પ્રકારના ભેદભાવ સિવાય સમગ્ર સમાજને અનેક વર્ષોથી મળતો રહેલો છે. આજે પણ શ્રીમદ્‌ના વિચારો એટલા જ મંગળમયી તથા પથદર્શક છે.

લઘુવયથી અદ્‌ભુત થયો, તત્ત્વજ્ઞાનનો બોધ,
એ જ સૂચવે એમ કે, ગતિ-અગતિ કાં શોધ?

ધર્મતત્ત્વ જો પૂછ્યું મને, તો સંભળાવું સ્નેહે તને,
જે સિદ્ધાંત સકલનો સાર, સર્વમાન્ય સહુને હિતકાર.

વીતરાગી વાણીનો પવિત્ર ધોધ શ્રીમદ્‌ના શબ્દોમાં પ્રગટ થયો છે. સમગ્ર જૈન દર્શનમાં કે શ્રીમદ્‌ની વાણીમાં જડતાવાદનો સમૂળો છેદ થતો તથા અધ્યાત્મવાદનો સૂર્યોદય થતો જોવા મળે છે. રાગદ્વેષના તાપથી જ્યારે જગત અશાંત દેખાય છે ત્યારે શ્રીમદ્‌ના શબ્દોમાં મનની શાંતિ મળે છે. સર્વ ધર્મોમાં જગતની શાંતિ તથા માનવની ઉન્નતિ માટે જે ઉપાયો કે સિદ્ધાંતો બતાવ્યા છે તેમાં અનેક જગ્યાએ વિસ્મયકારી સમાનતા જોવા મળે છે. સ્નેહ, સત્ય, અહિંસા અને અપરિગ્રહ જેવી બાબતો સાર્વત્રિક છે. કોઈ સંપ્રદાયના વાડાઓમાં તેમને બાંધી શકાતા નથી. વાયુની જેમ આવા કલ્યાણકારી તત્ત્વોની ગતિ નિર્બંધ છે. જૈનદર્શનના મહાન જ્ઞાતા શ્રીમદ્ રાજચંદ્રે જીવનમાં મળેલા ઓછા વર્ષોમાં અમૃતપાન કર્યું છે અને કરુણા કરીને સૌને કરાવ્યું છે.

આ મહાપુરુષે જ્ઞાનની અનેકવિધ દીપશિખાઓ પ્રગટાવી છે, જે આજે પણ પ્રેરણાનું સ્થાન છે. જેમને ગુજરાત 'કલિકાલસર્વજ્ઞ' તરીકે ઓળખે છે તે શ્રીમદ્ હેમચંદ્રાચાર્યનો જન્મ પણ દેવદિવાળીના શુભ દિવસે થયો હતો. જૈનધર્મની અસર માત્ર ગાંધીજી પૂરતી મર્યાદિત ન હતી, પરંતુ ગુજરાતમાં તેની સર્વ ક્ષેત્રોમાં વ્યાપક અસર થયેલી છે. શ્રીમદ્ રાજચંદ્રની વિચારધારા તથા તેમાં રહેલું સત્ત્વ અવિનાશી છે. શ્રીમદ્‌નું જીવન તો માત્ર 33 વર્ષનું જ, પરંતુ તેમનું જ્ઞાનોપાર્જન તેમજ જ્ઞાનવિતરણનું કાર્ય સદીઓ સુધી ઝાંખું પડી શકે તેવું નથી. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ-અગાસ તેમજ રાજસોભાગ સત્સંગ મંડળ – સાયલા જેવી ખ્યાતિપ્રાપ્ત સંસ્થાઓના કારણે જૈન સાહિત્ય તેમજ શ્રીમદ્ વિશેની વિસ્તૃત જાણકારી પુસ્તકોના માધ્યમથી સમાજમાં પહોંચી છે. જયભિખ્ખુ, મુકુલભાઈ કુલાર્થી તથા કુમારપાળ દેસાઈ જેવા સિદ્ધહસ્ત લેખકોએ આ વિષયોમાં નોંધપાત્ર ખેડાણ કરેલું છે.

શ્રીમદ્ રાજચંદ્ર જેવા યુગપુરુષો ક્રાંતદ્રષ્ટા હોય છે. સર્વ ધર્મોનો સમન્વય તથા સર્વ ધર્મોનું સારતત્ત્વ તેમના વચનોમાંથી પ્રગટ થતું રહે છે. *"ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવા, અંતે તો હેમનું હેમ હોયે."* જ્ઞાનના નિચોડરૂપે ટપકતી આવી નરસિંહ વાણી શ્રીમદ્‌ના પદોમાંથી પણ પ્રગટી છે, પરંતુ આ માત્ર લખવાની વાત નથી. આ વાતની પૂર્તિ કરાવે તથા અનુભૂતિને દૃઢ કરે તેવા કિસ્સાઓ તેમના રોજબરોજના જીવનમાં જોવા મળે છે. અલગ પંથ કે સંપ્રદાયના લોકોને પણ સરખા જ સ્નેહ-સન્માનથી શ્રીમદ્દે જોયા છે અને તેમને પણ ધર્મવચનોનો લાભ કરાવ્યો છે. શ્રીમદ્‌નું જીવન કોઈ ખંડોમાં વહેંચાયેલું નથી. સર્વગ્રાહી-સર્વાશ્લેષી અભિગમ થકી તેઓ જીવ્યા છે. જન-જન સુધી તેમના પદોની વાણી મારફત પહોંચ્યા છે.

ભિન્ન-ભિન્ન મત દેખીએ, ભેદ દૃષ્ટિનો એહ,
એક તત્ત્વના મૂળમાં, વ્યાપ્યા માનો તેહ.

ગાંધીજીની એક મહત્ત્વની ચિંતા જે તેમણે લખાણોમાં કે તેમના ઇન્ટરવ્યૂમાં એકથી વધારે વખત પ્રગટ કરી હોય તો તે સમાજમાંથી ઓછી થતી જતી સંવેદનશીલતા અંગેની છે. જેની પાસે સમૃદ્ધિ છે તે સાધનવિહોણા વ્યક્તિની અવગણના કરે કે ઉપેક્ષાનો ભાવ ધરાવે તો તેવી બાબતને ગાંધીજી સૌથી મોટી ચિંતાનો વિષય ગણતા હતા. અનેક પ્રસંગોએ આવી સ્થિતિ જોઈને તેનો ઉકળાટ પણ તેમણે ખુલ્લી રીતે વ્યક્ત કર્યો છે. શ્રીમદ્‌ના જીવન તથા વ્યવહારમાં પારાવાર કરુણા તથા જરૂરિયાત હોય તેવા લોકોને ઉપયોગી થવાની તીવ્ર વૃત્તિ હતા. શ્રીમદ્‌ના જીવનકાળ દરમિયાન (વિ. સં. 1955) તેમણે કેટલાક પ્રદેશમાં અછત તથા દુષ્કાળની સ્થિતિ જોઈ ત્યારે તેમના ચિત્તમાં પારાવાર વ્યથા ઉત્પન્ન થઈ છે. પશુઓને આ સ્થિતિમાંથી રાહત આપવા માટે ઘાસ તથા કપાસિયાની વ્યવસ્થા કરવાનું તેઓ આયોજન કરાવે છે. પોતાની અંગત મૂડી પણ સર્વપ્રથમ તે કામ માટે ઉપયોગમાં લઈને કામને વેગ આપે છે. મહાજન પરંપરાને મજબૂત બનાવવામાં આ પ્રયાસો મહત્ત્વના પુરવાર થયા છે. ગુજરાતમાં વિકાસ પામેલી મહાજન પરંપરાનું આ એક ઉજળું ઉદાહરણ છે.

સમાજના શ્રેષ્ઠીઓની જરૂરિયાતવાળા લોકો તરફની સંવેદનશીલતા આવી પ્રવૃત્તિ પાછળનું ચાલકબળ છે. સંવેદનશીલતાના ઉજળા ઉદાહરણ જેવું શ્રીમદ્‌નું જીવન હતું. પોતાની સેવામાં રહેલા પગારદાર માણસની માંદગીમાં પણ સેવાશુશ્રૂષા કરવાનું તેઓ ચૂકતા નથી તેના પ્રસંગો નોંધાયેલા છે. ગાંધીજીએ યથાર્થ રીતે શ્રીમદ્‌ને એક પ્રસંગે અંજલિ આપતાં કહેલું: "રાયચંદભાઈનો દેહ આટલી નાની ઉંમરે પડી ગયો તેનું કારણ તેમનું દર્દ કે બીમારી તો ખરા જ, પરંતુ જગતના તાપનું શ્રીમદ્‌ને રહેતું સતત સ્મરણ કે તે અંગેની વેદના વિશેષ કારણભૂત હશે." શ્રીમદ્‌ના દયાળુ સ્વભાવનું તથા તેને અનુરૂપ કર્તૃત્વનું ગાંધીજીને સવિશેષ મહત્ત્વ હતું. 24મા તીર્થંકર મહાવીરની દયા તથા કરુણાના ભાવ શ્રીમદ્ તેમજ ગાંધીજીના જીવનમાં ધરબાઈને પડેલાં છે તથા સતત

જાગૃત રહેલા છે. શ્રીમદ્‌ના જીવનમાં દયાધર્મના વહેતા ઝરણાંનો ગાંધીજીએ ઉલ્લેખ કરેલો છે. તીર્થંકરોની વાણી શ્રીમદ્ જીવીને ગયા છે. વિચાર-વર્તનના ઐક્યના ગુરુશિખર સમ શ્રીમદ્‌નું જીવન છે.

પંડિત સુખલાલજીએ યથાર્થ કહેલું છે: "શ્રીમદ્ જેવી વ્યક્તિ ઉત્પન્ન કરવા માટે માત્ર જૈન સંસ્કૃતિ પ્રત્યે જ નહી, પરંતુ ગુજરાતની સંસ્કૃતિ પ્રત્યે પણ માથું આપમેળે નમી જાય છે. શ્રીમદ્‌ના પદો ખળખળ વહેતા ઝરણાં સમાન છે. વિચારની અભિવ્યક્તિ સરળ ભાષામાં કરવાની તેમની ક્ષમતા અહોભાવ ઉપજાવે તેવી છે. પોતાની અનુભૂતિ તેમણે જગતના કલ્યાણ માટે શબ્દોમાં રમતી મૂકી છે. પદોમાં રહેલી ભાવના નિરંતર પરમપદની પ્રાપ્તિ માટે રહેલી છે.

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?

સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો?

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
સર્વભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી
માત્ર દેહને સંયમ હેતુ હોય જો

અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો...

મન વચન કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો,

એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય, સુખદાયક પૂર્ણ અબંધ જો.

એહ પરમપદપ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો,

તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તેજ સ્વરૂપ જો,

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

જીવનના પરમપદની પ્રાપ્તિની અભિલાષા રાખી મુમુક્ષુ જીવન વ્યતીત કરે તથા જીવનની પવિત્રતા જાળવે તો અપૂર્વ તક દરેક માનવને ઉપલબ્ધ છે. મન, વચન, કાયાના બંધનોને વેગળા રાખવા તો મુનિઓને પણ દુર્લભ છે. પરંતુ ઈશ્વર પ્રત્યેની દૃઢ

નિષ્ઠા તેમજ પ્રભુની કૃપાથી જીવનમાં ઉન્નતિના માર્ગે આગળ વધી શકાય તેવો શ્રીમદ્‌નો સધિયારો સમગ્ર માનવજાત માટે છે. રાજચંદ્રના જીવન તથા કવન સાધનાના પંથે જતા દરેક સાધક માટે પથદર્શક બને તેવા છે. શ્રીમદ્‌નો વિવેક તથા તેમની આધ્યાત્મિક ઊંચાઈ તેમની વાણી તથા તેમના પદોમાં સ્પષ્ટ રીતે અનુભવી શકાય છે. 24માં તીર્થંકર ભગવાન મહાવીરની ઉપાસના કરીએ ત્યારે આપણી શ્રદ્ધા તથા ભક્તિ અખંડ રહે તે માટે શ્રીમદ્‌ના શબ્દો હંમેશાં માર્ગદર્શક બની રહે તેવા છે. શ્રીમદ્ રાજચંદ્રના જ્ઞાનનો અગ્નિકુંડ આજે પણ પ્રજ્વલિત છે. સ્વ તરફની યાત્રાનું ડગલું તો આપણે વ્યક્તિગત રીતે જ ભરવું પડશે.

દીવો રે દીવો પ્રભુ! માંગલિક દીવો,
શ્રીમદ્ સદ્‌ગુરુ! શાશ્વત જીવો.

*

14

વર્ષનો પહેલો દિવસ:
પ્રગટાવ દીવો

2017ના વર્ષને વધામણા કહેવાનો સમય છે. નૂતન વર્ષના પ્રારંભના સમયે કેટલાક વ્યક્તિવિશેષનું પાવન સ્મરણ થાય છે. આ લોકો એવા હતા કે જેમણે સહજ રીતે જીવનમાં ઊંચા ધોરણ બાંધ્યા. ત્યારબાદ સમગ્ર જીવન આવા ધોરણને સ્વૈચ્છિક રીતે જાળવીને જીવી ગયા. કટોકટીની ક્ષણે પણ તેમને નબળો કે હલકો વિચાર ન આવ્યો. આવા મહામના અને ઉદારચરિત લોકોને યાદ કરી કવિ રાજેશ 'મિસ્કીન' કહે છે તેમ, શ્રદ્ધા અને વિચારનો દીવો પ્રગટાવવાનો આ સમય છે.

વર્ષનો પહેલો દિવસ, પ્રગટાવ દીવો,
ઝળહળી ઠશે વરસ, પ્રગટાવ દીવો.

ભાવનગર જેવા મોટા રજવાડાના દીવાન અને સર્વસત્તાધીશ હોવા છતાં જેમના જીવન તથા વર્તનમાં ઉત્તમ વિચારોનું બાહુલ્ય જગતે જોયું તેવા સર પ્રભાશંકર પટ્ટણી(1862-1938)ની સ્મૃતિ પણ ચિનગારીની જેમ સ્મૃતિમાં ઝબકી જાય છે. સર પટ્ટણીની સ્મૃતિથી દિલમાં દીવો પ્રગટી ઊઠ્યો હોય તેવો ઉજળો ભાવ થાય છે. આ જ રીતે 'સત્યકથાઓ' લખીને જેઓએ કેટલાક જાજ્વલ્યમાન પાત્રોનો પરિચય તટસ્થતાના ભાવ અને નિષ્ઠાથી કર્યો તેવા સર્જક મુકુંદરાય પારાશર્યની પણ સ્મૃતિ થાય છે. પારાશર્યની 'સત્યકથા' વાંચીને તીર્થયાત્રાનો ભાવ અંતરમાંથી આપમેળે પ્રગટ થાય છે. શોહરતની સહેજ પણ દરકાર કર્યા સિવાય સમુદ્રના તળિયે પડેલી છીપની જેમ મુકુંદરાય પારાશર્ય રહ્યા. પરંતુ છીપમાંથી મોતી મળ્યું તેનો લાભ જગતને થયો. આ સર્જક જ લખી શકે:

મરને તળિયે જીવીયેં દુનિયા દેખે નેં,
મકના એવી છીપ થા કે, મોતી પાકે મેં.

પટ્ટણીસાહેબના જીવનનું ભાતીગળ દર્શન આપણે પારાશર્યની કલમના સહારે યથાતથ કરી શકીએ છીએ. માણવો ગમે તેવો એક પ્રસંગ નોંધાયો છે.

યુવાન મહારાજા કૃષ્ણકુમારસિંહજી વીસેક વર્ષની વયે ગાદી પર આવ્યા. આ યુવા રાજવીને તેમના રાજ્યના ગામડા અને ગામલોકોનો પ્રત્યક્ષ પરિચય થાય તે હેતુથી બુઝર્ગ સર પટ્ટણી તેમને રાજ્યના દૂર-સુદૂરના વિસ્તારનો પ્રવાસ કરાવતા હતા.

ફરતા-ફરતા તેઓ ભાવનગર રાજ્યના તુરખા ગામે આવ્યાં. તુરખા ગામ ભાવનગરના સુપ્રસિદ્ધ તથા હોનહાર અને ભૂતપૂર્વ દીવાન ગગા ઓઝાને રાજ્ય તરફથી તેમની ગૌરવપૂર્ણ સેવાની કદર તરીકે આપવામાં આવ્યું હતું. મજાનું ગોકુળિયું ગામ તથા ધનધાન્યથી લચી પડેલી વાડીઓને જોઈને યુવાન મહારાજાએ કહ્યું: "વાહ! ગામ કેવું સરસ છે!" અનુભવી પ્રભાશંકરે થોડા શબ્દોમાં હળવો પ્રતિસાદ આપતાં કહ્યું: "ગગા ઓઝાએ કરેલી રાજ્યની સેવા જેવી શોભે છે" તેવું આ ગામ શોભે છે. તુરખા ગામ પસાર થયા પછી પટ્ટણીસાહેબે મહારાજા સાથેનો સંવાદ આગળ ચલાવ્યો. પટ્ટણીસાહેબે એક બનેલા પ્રસંગની વાત માંડી.

તેમણે મહારાજાને કહ્યું: "મહારાજ! કચ્છની એક કથા છે. ઘણી જૂની નથી. હાલના મહારાવ ખેંગારજીના પિતા રાજવી પ્રાગમલજીની વાત છે. મહારાવ પ્રાગમલજી અનેક સુકાર્યો કરીને કીર્તિ મેળવી ગયા. પ્રાગમલજી ગાદીએ આવ્યા ત્યારે યુવાન હતા. તેમના વજીર રૂપસંગજી જૈફ ઉંમરના હતા. રાજવી તથા તેમના વજીર બંને આજે આપણે નીકળ્યા છીએ તેમ રાજ્યના વિસ્તારમાં ફરવા નીકળ્યા હતા. રસ્તામાં એક સુંદર વનરાઈવાળું અને રળિયામણું ગામ જોઈને મહારાવે દીવાનજીને કહ્યું: "આ ગામ ઘણું સારું છે! આપણા રાજ્યનું ગામ છે?" વજીરે કહ્યું: "બાપુ! આ ગામ આપના વડવાઓએ ચારણોને આપેલું તે છે." થોડે આગળ ગયા પછી દીવાને ગાડી ઊભી રખાવી. નીચે તરી દીવાનજીએ ગાડીના બંને પૈડા પોતાના ખેસથી લૂછ્યા. ખેસમાં જે ધૂળ ભેગી થઈ તે ખંખેરી નાખી અને પછી ગાડીમાં બેઠા. મહારાવને આ જોઈને આશ્ચર્ય થયું હતું, એટલે પૂછ્યું: "વજીરજી! તમે આ શું કર્યું?" વજીરે જવાબ આપતાં કહ્યું: "મહારાવબાપુ! આ ગામ આપના વડવાઓએ દેવીપુત્રોને બક્ષિસમાં આપેલું છે. બક્ષિસમાં આપેલી વસ્તુનો આપણાંથી અજાણતાંયે ઉપયોગ ન થાય તેની સાવચેતી રાખવી જરૂરી છે. આથી ચારણોના ગામની જમીનની ધૂળ પણ એમની જ સીમમાં ખંખેરી નાખી. અણહકની આવક કાળરૂપ છે."

નાનું એવું પરંતુ સચોટ દૃષ્ટાંત આપીને સર પટ્ટણીએ કેટલો ઉજળો વિચાર યુવાન રાજવીના દિલમાં રોપી દીધો! દેશના વિશાળ યુવાધનને સુયોગ્ય વિચારબીજની જરૂર છે. ઉમદા તથા ઉત્તમ વિચારોને ઝીલવાની અને જીરવવાની યુવાધનમાં શક્તિ છે. જેમના તરફથી ઉપદેશ આપવામાં આવે તેનું આચરણ અણિશુદ્ધ હોય તો વિચારોની વાવણી કદી નિષ્ફળ જતી નથી. આવા એક પ્રતિભાસંપન્ન વિચારબીજ રોપનારા જયપ્રકાશ નારાયણનું ઉદાહરણ નજીકના ભૂતકાળનું છે. જયપ્રકાશની હાકલથી દેશના યુવાધનમાં અનોખી ચેતનાનો સંચાર થયો હતો, તેનો ઇતિહાસ હજુ વિસ્મૃત થયો નથી.

સમાજના નેતૃત્વ કરતાં અગ્રજોમાં સંવેદનશીલતા હોય તો તેમના શબ્દોમાં જનતા પૂર્ણ વિશ્વાસ ધરાવતી હોય છે. આ બાબતનું ઉદાહરણ મહાત્મા ગાંધીજી છે. આ જ પ્રકારે

પટ્ટણીસાહેબે સ્નેહ, સંવેદના તથા સહાનુભૂતિનો પ્રવાહ જીવનભર વહેતો રાખ્યો. તેમના લખેલા આ શબ્દો તેમણે જીવી બતાવ્યાં હતાં.

દુ: ખી કે દર્દી કોઈ ભૂલેલા માર્ગવાળાને,
વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી.

ગરીબની દાદ સાંભળવા અવરના દુ: ખને દળવા,
તમારાં કર્ણ-નેત્રોની ઉઘાડી રાખજો બારી.

પ્રણયનો વાયરો વાવા, કુછંદી દુષ્ટ વા જાવા,
તમારા શુદ્ધ હૃદયોની ઉઘાડી રાખજો બારી.

થયેલા દુષ્ટ કર્મોના છૂટા જંજીરથી થાવા,
જરા સત્કર્મની નાની ઉઘાડી રાખજો બારી.

આપણી ભાષાના સર્જક મુકુંદરાય પારાશર્ય (1915-1985) માત્ર 'સત્યકથાઓ' લખી ગયા હોત તો પણ તેમના આવા સર્જનની છાપ સાહિત્ય જગત પર રહી હોત. પારાશર્ય તો 'સત્યકથાઓ ઉપરાંત અન્ય સર્જનો જગતના બારણે મૂકી આપણી ભાષાને રળિયાત કરતા ગયા છે. 'સત્યકથાઓ'એ મોટીબાએ સહજભાવે ઘરના બાળકો કે નાનેરાઓને કહેલી વાતો છે, તે પણ નોંધપાત્ર બાબત છે. આપણાં સમાજમાં ઘણાં લાંબા સમય સુધી કુટુંબના સભ્યો અવકાશ મળે ત્યારે સાથે બેસતા અને વાતો કરતા. મોટા ભાગે આવો સમય સાંજનું ભોજન પૂરું થયા પછી મળે. ઘરની, કુટુંબની વાતો ઉપરાંત સામાજિક, ધાર્મિક બાબતોની પણ ઘરના સભ્યો વચ્ચે ચર્ચા થતી, વડીલોના અનુભવોનું ભાથું હતું તેના આધારે તેઓ કુટુંબના યુવાનોને માર્ગદર્શન મળે તેવી વાતો કરતા. આ ઘરસભા કે કુટુંબસભાનું એક ખાસ મહત્ત્વ તેની ઉપયોગિતાને કારણે હતું. ટીવી આવ્યા બાદ અને દોડધામની જિંદગીને કારણે આવી ઘરસભાની પરંપરા તૂટવા લાગી છે. ઘરના જ સભ્યો વચ્ચે સંવાદનો અભાવ હોય તેનાથી ઘણાં સામાજિક પ્રશ્નો ભાં થતાં જાય છે. ક્યારેક માનસિક સ્વસ્થતા પણ વ્યક્તિગત જીવનની તાણને કારણે વિક્ષુબ્ધ થાય છે.

અહી મુકુંદરાય પારાશર્યના કિસ્સામાં તેમણે જે વાતો તેમની મોટીબા પાસેથી સાંભળી તે જ વાતો કાળજીથી ટપકાવી લીધી. તેમ કરવા પાછળનો હેતુ પોતાના જીવનનું યોગ્ય નિર્માણ કરવાનો હતો. મોટીબાએ તેમને કહેલી આ વાતોમાં માણસાઈના ઘણાં નાના દીવડાઓનું દર્શન થાય છે. આ દીવડાઓ ભલે નાના હોય, પરંતુ છે તો એ સદાયે જીવંત એવી પાવક જ્વાળાના સીધા વારસદાર. તેમણે ચરિત્રોની વાતો ટપકાવી તો ખરી, પરંતુ ત્યારબાદ વાત આગળ ચાલતી ન હતી. મુકુંદરાયના પત્ની અને પીયૂષ પારાશર્યના બાએ એક વાર કવિને કહ્યું: "આ પ્રેરણાદાયક ચરિત્રો લખીને છપાવો તો કેવું!" સાહિત્યપ્રેમીઓ, સંસ્કારનું પૂજન કરનારા લોકો મુકુંદરાયના તો ખરા જ, પરંતુ

તેમના અર્ધાંગિનીના પણ ઋણી રહેશે. ધર્મપત્નીના આવા સંસ્કાર પ્રસરાવવાનું સૂચન ધ્યાનમાં રાખીને જગત જેને 'સત્યકથાઓ'ના નામે ઓળખે છે તે વાતો કાળજીથી લખવામાં આવી અને 'કુમાર'ના તંત્રી બચુભાઈ રાવતે છાપી.

'કુમાર' તથા બચુભાઈના સંસ્કારપ્રસારના યજ્ઞકાર્ય વિશે ગુજરાતીઓને કંઈ વિશેષ કહેવાનું હોય નહી. હરિઓમ્ આશ્રમના સંત મોટાના આગ્રહ તથા અનુગ્રહથી 'સત્યકથા'ઓને છપાવવાનો માર્ગ સરળ બન્યો અને પરિણામે સ્વત: પ્રકાશી ઊઠે તેવા ઓજસ્વી પાત્રોનો પરિચય સમાજને થયો. યોગાનુયોગ પ્રભાશંકર પટ્ટણીના ચરિત્રનું લેખન પણ મોટાના આગ્રહને કારણે શક્ય બન્યું હતું. મોટાનું જીવન જોતાં 'સંત સદા હિતકારી'વાળી પંક્તિઓ તેમને સર્વથા લાગુ પડતી હતી તેમ ચોક્કસ કહી શકાય. 'સત્યકથા' નામ આપનાર બચુભાઈ રાવતની દીર્ઘદૃષ્ટિને પણ ઝાઝેરા રંગ દેવાનું મન થાય છે. 'દર્શકકદાદા કહે છે તેમ 'મૂળિયા હલાવી નાખે તેવી વાતો' આ પુસ્તકના માધ્યમથી જગત સમક્ષ રજૂ થઈ. પાત્રો પણ કેવા જાજ્વલ્યમાન! મોટીબાએ જીવનના આઠ-આઠ દાયકા સુધી જે જોયું-અનુભવ્યું તેવી ગમતી વાતોનો તેમણે ગુલાલ કર્યો છે. હરિવલ્લભ ભાયાણી જેને 'ગંગાજળની ટબૂડી' કહે છે તે આપણાં સુધી પહોંચાડનાર સૌ પુણ્યાત્માઓ આપણાં વંદનના અધિકારી છે.

કવિ હરીન્દ્ર દવે તથા કવિ સુરેશ દલાલે મુકુંદભાઈને ભાવનગરના એક તીર્થસ્થાન તરીકે લેખાવ્યા તે યથાર્થ છે. કેટકેટલી વાતો કહેવાઈ અને છતાંયે કેટલીયે અણકહી રહી હશે!

જનમારાની વાતું રે, એક જ રાતે શું કહું રે જી?
પલપલના અનુભવને રે, એક જ ગાણે શું વણું રે જી?

ભાવનગરના દીવાન સર પટ્ટણીના જીવનનો બીજો એક પ્રસંગ નોંધાયો છે. આ પ્રસંગ કોઈ શાસકની ગરિમા તથા દૃઢ આત્મવિશ્વાસની પ્રતીતિ કરાવે તેવો છે. નાના એવા ભંડારિયા ગામમાં સર પટ્ટણીનો મુકામ છે. ગામના લોકોની રજૂઆતો પટ્ટણીસાહેબ પૂરા ધ્યાનથી સાંભળી રહ્યા છે. લોકોની અનેક રજૂઆત, રાવ-ફરિયાદ હતી. ગામના બે ભાઈઓની જોહુકમીનો લોકોને ત્રાસ છે. અત્યારે તો રાહત છે, કારણ કે બંને રાજ્યની જેલમાં ભાવનગર છે. આ વાત સાહેબના મનમાં નોંધાઈ જાય છે. ભાવનગર પહોંચ્યા પછી જસોનાથદેવના આશીર્વાદ લઈને સર પટ્ટણી ભાવનગર જેલમાં પહોંચે છે. ભંડારિયાના બે ભાઈઓ કે જેની ફરિયાદ તેમણે સાંભળી હતી તેમના સંબંધમાં જેલના અધિકારીઓને પૂછપરછ કરે છે. તેમને જેલ અધિકારીઓ માહિતી આપે છે કે ભંડારિયા ગામના આ બંને ભાઈઓના કોઈ જામીન થવા તૈયાર નથી, એટલે તેઓ જેલમાં છે.

જેલ અધિકારીઓને સૂચના આપી બંને ભાઈઓને બોલાવ્યા. બંનેના પગમાં ભારે બેડીઓ હતી તે કઢાવીને વાત શરૂ કરી. ગામલોકોની ફરિયાદો હતી તેની વાત પટ્ટણીસાહેબે બંને કેદી ભાઈઓને કરી. બંને ભાઈઓએ પટ્ટણીસાહેબના પગે પડીને કહ્યું: "હવે તેઓની કોઈ ફરિયાદ ગામલોકોને નહીં રહે. પરંતુ ખાટલે મોટી ખોટ કે અમારું કોઈ જામીન થવા જ તૈયાર નથી." બંને ભાઈઓએ ખેદપૂર્વક સ્વીકાર્યું કે તેમની મથરાવટી મેલી છે. હવે ધીર-ગંભીર અવાજે આ શ્વેત દાઢીવાળા વી.આઈ.પી. મુલાકાતીએ કહ્યું: "તમારો જામીન હું થાઉં છું! કાલે સવારથી તમે જેલમાંથી મુક્ત થશો, પણ જોજો હો! હું જામીન થાઉં છું એ વાતનો ખ્યાલ રાખજો!" બહાર નીકળી પટ્ટણીસાહેબે નિયમ અનુસાર જામીનખત ઉપર સહી કરી આપી. આ કાર્યના પરિણામ અંગે આસપાસના અધિકારીઓને અંદેશો રહે તે સ્વાભાવિક હતું, પરંતુ પિતાતુલ્ય દીવાનને પોતાના નિર્ણયમાં તથા ભાવનગરના દરેક પ્રજાજનમાં સંપૂર્ણ શ્રદ્ધા હતી, તેથી તેમના મનમાં કોઈ ifs કે buts ન હતા. પટ્ટણીસાહેબની સાધુતા તથા દૂરદર્શિતાનું સીધું પરિણામ ગામલોકોએ આ બંને ભાઈઓના જીવન પરિવર્તનમાં જોયું.

જીન વાલજીન તથા ભલા પાદરીની વાત તો વિશ્વવિખ્યાત નવલકથા 'લા મિઝરેબલ'ના પાત્રો છે તથા વિક્ટર હ્યુગોની રમણીય કલ્પના છે. જ્યારે આ ઘટના તો ગઈકાલે બનેલી હકીકત છે, જેને જયંતીલાલ મોરારજી મહેતા જેવા પત્રકારે સ્વયં જોયા પછી નોંધેલી છે. દુ:ખી, દર્દી કે માર્ગ ભૂલ્યા હોય તેવા માટે બારી ખુલ્લી રાખીને આ મહાપુરુષે સ્નેહ, સહાનુભૂતિ તથા સંવેદનાનો પ્રવાહ હંમેશાં વહેતો રાખ્યો.

કોઈ પણ રાજ્યપદ્ધતિ પ્રજાનું સર્વાંગી હિત ન સાધી શકે તો તે સફળ રાજ્યપદ્ધતિ ગણી શકાય નહી તેવું તેઓ દૃઢપણે માનતા હતા અને આ બાબતને લક્ષમાં રાખીને શાસનની તમામ વ્યવસ્થા તેમણે ભાવનગર રાજ્યમાં ગોઠવવાના પ્રયાસો કર્યા હતા. રામરાજ્ય એ માત્ર આદર્શ જ નહી, પરંતુ તેના વ્યવહારુ અમલીકરણના સંનિષ્ઠ પ્રયાસો તેમણે કરી બતાવ્યા હતા. જે લોકો વહીવટના ભાગ તરીકે રાજ્યની સેવામાં જોડાતા હતા તેમને તેઓ ભારપૂર્વક સલાહ આપતા હતા કે તેમણે હુકમદાર તરીકે નહીં, પરંતુ સેવક તરીકે રાજ્યનું કામ કરવાનું છે. જે લોકો શાસનમાં જોડાયેલા હોય તેમણે નિર્દોષ લોકોનું રક્ષણ કરવામાં તેમજ દુષ્ટ લોકોને દંડ દેવામાં ઝડપી અને અસરકારક બનવું જોઈએ તેવી સતત કાળજી રાખતા અને સૌની પાસે રખાવતા હતા.

માત્ર સારા હેતુઓને ધ્યાનમાં રાખીને કાયદાનું ઘડતર કરવાથી પ્રજાનું કલ્યાણ સાધી શકાતું નથી, પરંતુ તેના અસરકારક અમલથી લોકહિત થાય છે તે બાબત પર તેઓ ખાસ ભાર મૂકતા હતા. સામાજિક પ્રશ્નોમાં રાજ્યના હસ્તક્ષેપ અંગે તેઓ માનતા કે અનિવાર્ય બાબતો સિવાય રાજ્યે સામાજિક પ્રશ્નોમાં દખલગીરી કરવી જોઈએ નહી. વહીવટમાં લોકોની સક્રિય ભાગીદારીને જોડવા દેશી રજવાડાના શાસનમાં ગ્રામ પંચાયતની શરૂઆત પટ્ટણીસાહેબે ભાવનગર રાજ્યમાં આઠ દાયકા પહેલા કરી હતી.

ઉમદા શાસક, વિચક્ષણ રાજપુરુષ, અહર્નિશ વિદ્યાવ્યાસંગી તથા તબીબીશાસ્ત્રના આજીવન અભ્યાસુ હોવા ઉપરાંત પ્રભાશંકર જુ હૃદયના કવિ પણ હતા. તેમના કાવ્યો માત્ર કોરી કલ્પનાઓના આધારે રચાયેલા નથી, પરંતુ અંતરમાં જાગેલી દયા અને કરુણાના ભાવોના અખંડ સ્રોતમાંથી પ્રગટેલી ભાગીરથી સ્વરૂપના છે. આ મહામાનવે પોતાનું જીવનચરિત્ર લખાય તે બાબતને કદી પ્રોત્સાહન ન આપ્યું. આજે જ્યારે વ્યાપક રીતે સ્વકેન્દ્રી બનીને જીવન જીવવાની ઘરેડમાં આપણે કેદ થયા છીએ ત્યારે દુ:ખી, દર્દી કે જરૂરિયાતમંદની દાદ સાંભળવા સંવેદનાની બારી ઉઘાડી રાખવાની જે અમૂલ્ય શીખ પટ્ટણીસાહેબે તેમની કાવ્યરચના મારફત આપી છે, તે સમાજ માટે માર્ગદર્શક બને તેવી છે.

*

15

શંકરદાન દેથા: રાજ્યકવિના રૂપમાં ભક્તકવિનો આત્મા

ઝાલાવાડ લોકસાહિત્ય પરિવાર તથા અખિલ ગુજરાત લોકકલાકાર સેવા સમિતિના સંયુક્ત ઉપક્રમે સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા નગરમાં સુવિખ્યાત તથા પવિત્ર લાલજી મહારાજની જગ્યામાં ત્રિ-દિવસીય લોકકલાકાર મહોત્સવ યોજવામાં આવ્યો તે વાતનો સૌ સાહિત્યપ્રેમીઓને આનંદ થયો. લોકસાહિત્યના ખ્યાતનામ તજજ્ઞો તથા કલાકારોએ પ્રથમ બે દિવસ ધરતીના આ અમૂલ્ય સાહિત્યની માર્મિક વાતો કરી, જેને સૌએ ખૂબ માણી. સંતવાણીના રાત્રિના કાર્યક્રમોમાં વિશાળ જનસમુદાયની હાજરી એ લોકસાહિત્યની સાર્વત્રિક તથા સર્વકાલીન લોકપ્રિયતાની પ્રતીતિ કરાવતી હતી. 2013ના 31 ઑગસ્ટ તથા પહેલી અને બીજી સપ્ટેમ્બરે પવિત્ર જગ્યાના આશ્રયે જાણીતા તજજ્ઞોએ લોકસાહિત્યની ખૂબીઓનું દર્શન કરાવ્યું હતું. ત્રિ-દિવસીય કાર્યક્રમના ત્રીજા દિવસે લીંબડી રાજ્યકવિ શંકરદાનજી પર એક પરિસંવાદનું આયોજન થયેલું. કવિરાજની ઉત્તમ રચનાઓ, ભક્તિના રંગે રંગાયેલું તેમનું જીવન તથા સ્પષ્ટ વક્તા તરીકેના તેમના અનેક પ્રસંગોને ગૂંથી લઈને ખરા અર્થમાં ઝાલાવાડની ઐતિહાસિક ધરતી પરથી કવિરાજનું તર્પણ કરવામાં આવ્યું હોય તેમ લાગતું હતું. આપણી આવી પવિત્ર જગ્યાઓ તથા તેમના સંતો-મહંતો સામાજિક તેમજ સાહિત્યિક પ્રવૃત્તિઓને અંતરનો આવકાર આપી વધાવે તે સુખદ ઘટના છે. બાબુભાઈ રાણપુરા જેવા મરમી તથા સાહિત્યના આજીવન ઉપાસક-સાધક જેવા મહાનુભાવની સળંગ હાજરી કાર્યક્રમની શોભા સમાન બાબત હતી. ભૂપેન્દ્રભાઈ દવે(સુરેન્દ્રનગર)નું કાર્યક્રમ અંગેનું આયોજન પ્રશંસાપાત્ર હતું.

લીંબડીના રાજ્યકવિ શંકરદાનજી દેથા શાસ્ત્રીય ઢબે કાવ્યશાસ્ત્ર, છંદશાસ્ત્રની મર્યાદામાં રહીને ઉત્તમ રચનાઓની સમાજને ભેટ આપનાર મોટા ગજાના કવિ હતા. વ્રજભાષા પાઠશાળા ભૂજમાં તેમણે ડિંગળ તથા પિંગળનો અભ્યાસ કર્યો હતો. શાસ્ત્રોની બાબતો, સમૃદ્ધ સમાજજીવનની વિગતો તથા ભક્તિના અખંડ સુરની કવિતાઓની રચનામાં કવિરાજનું મૂઠી ઊંચેરું સ્થાન છે. ભક્તકવિ ઈસરદાસજી તથા સાંયાજી ઝૂલાની પંગતમાં બેસી શકે તેવી બળુકી કાવ્યશક્તિ ધરાવનાર આપણાં આ મહાકવિ હતા. છેલ્લા પાંચ-સાત દાયકાના ગાળામાં ચારણી સાહિત્યની અખંડ આરાધના કરીને સમાજમાં પોતાનું વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરનાર ઉપાસકોમાં કવિ કાગ (ભગતબાપુ), શંકરદાનજી તથા મેરુભાનું નામ ચોક્કસ આપી શકાય. તેમની વાણીના, તેમની છટાદાર

રચનાઓના પડઘા આજે પણ અનેક પ્રસંગોએ, અનેક કલાકારોના માધ્યમથી સંભળાયા કરે છે. જનસમુદાય આ ધન્યનામ કવિઓ – વાણીના ઉપાસકોનો – આદર કરવાનું ચૂકતો નથી.

લીંબડીના રાજ્યકવિ થવાનું સન્માન શંકરદાનજીને યુવાન વયે જ મળ્યું હતું. તેમના કેટલાક પ્રકૃતિગત ગુણોને કારણે તેમના વ્યક્તિત્વની એક અનોખી છાંટ હતી. તેનો અલગ પ્રભાવ હતો. મધ્યયુગના કેટલાક પ્રેરણારૂપ જીવન જીવી જનાર ચારણ કવિઓના ગુણો જેવા કે નિર્ભયતા, ઉદારતા તથા કોઈ પણ સ્થિતિમાં સત્યવક્તા રહેવાના સદ્‌ગુણો કવિરાજના વ્યક્તિત્વના સહજ પાસા હતા. એક પ્રાચીન દુહો તેમને યથાર્થ રીતે લાગુ પડે છે:

સત્યવક્તા, રંજનસભા, કુશળ દીન હિત કાજ,
બેપરવા, દિલકા બડા, વો સચ્ચા કવિરાજ.

વર્ષો પહેલાં ભાવનગર બૉર્ડિંગમાં રહીને અભ્યાસ કરતો હતો ત્યારે સવારે દૈનિક પ્રાર્થનામાં ચારણ મહાત્મા ઈસરદાસજી રચિત 'હરિરસ'નો પાઠ સામૂહિક રીતે કરવાનો નિત્ય ક્રમ હતો. કેટલાક નવા દાખલ થયેલા વિદ્યાર્થીઓ પાસે પિંગળશીભાઈ પાયક દ્વારા સંપાદિત કરાયેલ 'પ્રાર્થના પુષ્પમાળા' નહીં હોવાથી બૉર્ડિંગના વિદ્યાર્થીઓ માટે 'હરિરસ'ની થોડી પ્રતો ખરીદવા શંકરદાનજીને ત્યાં લીંબડી જવાનો પ્રસંગ બન્યો હતો, જે આજે પણ યાદ આવે છે. કવિરાજે સહુ પહેલાં તો 'હરિરસ'નો પાઠ બૉર્ડિંગના વિદ્યાર્થીઓ નિયમિત કરે તે અંગે આનંદ વ્યક્ત કર્યો, પરંતુ ત્યારબાદ શંકરદાનજીબાપુએ તેમની પ્રકૃતિ અનુસાર બે વેધક પ્રશ્નો કર્યા. તેમણે પૂછ્યું: "કેટલા વિદ્યાર્થીઓ પુસ્તકમાં જોયા સિવાય 'હરિરસ'નો મુખપાઠ કરે છે?" બીજો પ્રશ્ન કદાચ એનાથી પણ વિકટ હતો. તેમણે કહ્યું: "કેટલા વિદ્યાર્થીઓ 'હરિરસ'નો અર્થ સમજીને તેનો પાઠ કરે છે?"

જવાબ આપવામાં મને થોડી મૂંઝવણ લાગી, એટલે કવિરાજે હસીને કહ્યું: "મારે આ બાબત અંગે કોઈ ઉત્તર તાત્કાલિક જોઈતો નથી, પરંતુ આ બંને બાબતો વિદ્યાર્થીઓના ધ્યાન ઉપર લાવીને તેમને મારો સંદેશ આપજો કે 'હરિરસ' કંઠસ્થ કરે અને તેના ભાવાર્થને બરાબર સમજે-પચાવે." આટલું કહીને હળવે સાદે અને સહજ રીતે તેમણે એક અમૂલ્ય શીખ આપી: "હરિરસનો પાઠ જીવનમાં સંસ્કાર-સિંચન માટે ખોરાક જેટલો જ જરૂરી તથા ઉપયોગી છે." તેમણે ઉમેર્યું: "આ ગ્રંથના સંપાદનનું કાર્ય આવી એક ઉમદા તથા આવશ્યક સંસ્કારગંગાની સરવાણી ઘરેઘરે પહોંચતી કરવાના શુભ હેતુ સાથે ઈશ્વરકૃપાથી તેમણે કર્યું છે." તેમની ધીમી છતાં નક્કર-નરવી વાણીમાં ઘૂંટાયેલો આ સંદેશ આજે પણ પ્રસ્તુત લાગે છે.

આઠ દાયકાનું અર્થપૂર્ણ જીવન જીવી જનાર આ કવિએ જીવનના અનેક ઉતાર-ચઢાવ જોયા-અનુભવ્યા. જ્યારે સંઘર્ષ કરવાનો ધર્મ બજાવવાનો આવ્યો ત્યારે તેમ કર્યું, પરંતુ સંઘર્ષમાં સમતા અને સ્વસ્થતાની અખંડ જાળવણી કરી. માત્ર બાર વર્ષની કિશોરવયે ભૂજની વ્રજભાષા પાઠશાળામાં સાહિત્યની સાધના-ઉપાસના કરવા ગયા. વિધિની ગતિ ન્યારી છે. અભ્યાસ પૂર્ણ થાય તે પહેલાં પાછા આવવું પડ્યું. છતાં પણ પાઠશાળાનો આ અભ્યાસ તથા ત્યારબાદ તેમણે કરેલી સાહિત્યની આજીવન ઉપાસનાને કારણે તેમની રચનાઓમાં ભાવ, કક્ષા અને કવિત્વના ચમકારા જોઈ શકાય તેવા છે. જીવનમાં ખૂબ કીર્તિ મેળવી, પરંતુ ધરતી સાથે, પોતાના સંસ્કાર સાથેનું જોડાણ ક્યારેય ઢીલું થવા દીધું નહીં. કેટલાયે દીન-દુખિયાઓ માટે ‘કબીરા ભગત’ બનીને વિવેકપૂર્વક અન્નદાતા બનીને જીવ્યા. ‘ટુકડો ત્યાં હરિ ઢૂકડો’ એ વાતની પ્રતીતિ કવિરાજની ડેલી પાસેથી પસાર થતા અનેક લોકોને થઈ હશે. અનેક જરૂરિયાતવાળા સાધુ-સંતોને કવિરાજના ‘રોટીના ટુકડા’ પર ભરોસો રહેતો હતો. તેમણે નીચેના શબ્દો માત્ર લખ્યા ન હતા, તે મુજબ જીવન જીવી બતાવ્યું હતું:

નિત રટવું હરનામ, દેવા અન્ન-ધન દીનને,
કરવા જેવા કામ, સાચા ઈ બે શંકરા.

*

એવો વખત આવે કદી અન્ન હોય એક જ ટંકનું,
તો આપે કરો ઉપવાસ, પણ રાજી કરો મન રંકનું;

એવી અજાયબ મજા લેવા વીર દૃઢ રાખી વૃત્તિ,
ક્ષણ ક્ષણ પ્રતિ સંભારવા ગિરિજાપતિ કાં શ્રીપતિ.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ભૂતપૂર્વ કુલપતિ ડોલરરાય માંકડની સાહિત્યપ્રીતિ અને સૌરાષ્ટ્રની કવિ તથા કાવ્ય પરંપરાની ઊંડી સમજને કારણે પાંચ ચારણ કવિ-વિદ્વાનોના સન્માન કરીને મા સરસ્વતી તરફની ભકિત તથા ભાવ પ્રગટ કર્યા. શંકરદાનજી તે પાંચ વિદ્વાનો પૈકીના એક હતા.

ચારણી સાહિત્યના સંપાદન-સંશોધનનું કામ કવિરાજના જીવનની સૌથી મોટી તથા અનન્ય સિદ્ધિ હતી. આજે ઘણાં ઘરોમાં જેનો નિત્ય કે નિયમિત પાઠ થાય છે તે ‘હરિરસ’ તથા ‘દેવીયાણ’ તેમજ ‘મહાભારત’ની સમગ્ર કથાને ચારણી શૈલીના છંદોમાં ઉતારનાર મહાકવિ સ્વરૂપદાસજી દેથાનું અલભ્ય પુસ્તક ‘પાંડવ યશેન્દુ ચંદ્રિકા’નું તેમણે સંશોધન કરીને પુન: સંપાદન કર્યું. કચ્છ-ભૂજની મહારાવ લખપતજી વ્રજભાષા કાવ્યશાળામાં વિદ્યાર્થીઓના અભ્યાસ માટે જેનો ઉપયોગ થતો હતો તે પુસ્તક ‘લઘુસંગ્રહ’નું પણ તેમણે સંપાદન-સંશોધન કર્યું. આ સમયે પુસ્તકો છાપવાના કામમાં ટેક્નોલોજીનો ઓછો વિકાસ થયો હતો અને તે માટેના સાધનો-વ્યવસ્થા ઊભી કરવાનું

કામ પણ પડકારરૂપ હતું. તેવા સમયે કવિરાજે થાક્યા-હાર્યા સિવાય આવી ઉત્તમ-અજોડ સાહિત્યસેવા કરી તે બાબત આજે પણ અહોભાવ જન્માવે છે. તેમના આ યજ્ઞકાર્યમાં મોઢેરાના ખેતદાનજી મીસણ
તથા 'રામાયણ'ના વિદ્વાન મોજદાનજી ટાપરિયાનો સહયોગ હતો. સાહિત્યપ્રેમી સજ્જનોનો આર્થિક સહયોગ પણ કવિરાજને હંમેશાં મળતો રહ્યો.

તેમના જીવન તરફ દૃષ્ટિપાત કરીએ તો અનેક શારીરિક મર્યાદાઓ છતાં તેઓ સતત કર્મશીલ, ગતિશીલ અને વિચારશીલ જીવન જીવ્યા, સામાજિક કાર્યોમાં પણ એટલા જ પ્રવૃત્ત રહ્યા. વિદ્‌યાર્થીઓમાં શિક્ષણ સંસ્કારનું યથાયોગ્ય સિંચન થાય તે તેમની અગ્રતાનો વિષય હતો. ભાવનગરમાં શૈક્ષણિક વિકાસ માટે સંસ્થા (બૉર્ડિંગ) શરૂ થાય તેના સફળ પરિણામના કવિરાજ શંકરદાનજી પણ એક પાયાના પથ્થર સમાન હતા. લીબડીમાં તેમને ત્યાં થતો નવરાત્રિ ઉત્સવ તથા તેમાં હાજર રહેતા તે કાળના સુવિખ્યાત વ્યક્તિત્વ ધરાવતા લોકોની સ્મૃતિ સાચવી રાખવા યોગ્ય છે. વટવૃક્ષ સમાન વ્યક્તિત્વ ધરાવતા ઠારણભાઈ મહેડુ (પાટણા), પથાભાઈ તથા શિવદાનભાઈ બોક્ષા (મૂળી) સાથે અતૂટ સ્નેહ-સંબંધ તથા સંપર્કના તાંતણે તેઓ આજીવન બંધાયેલા રહ્યા. ભગવતીસ્વરૂપ આઈ સોનબાઈમાના જ્ઞાતિહિતના પ્રયત્નો-પ્રયાસોના પણ પ્રશંસક રહ્યા.

સંસારના તમામ બંધનો કે જેને તેઓએ પોતાના એક કાવ્યમાં 'જગબંધનની જેલ' તરીકે ઓળખાવ્યા છે તેમાં આ મુક્ત આત્મા કદી બંધાયો હોય તેમ લાગતું નથી. જીવનની સંધ્યાકાળે તેમના મુખેથી જ આવા શબ્દો પ્રગટ થઈ શકે:

વ્યતીત ભયે એસી બરસ, છોડ્યે ગિરિ કૈલાસ,
અબ પદાબ્જ મેં રાવરે, નિશ્ચલ ચહત નિવાસ.

સાહિત્યસેવાના આજીવન ભેખધારી, મર્મજ્ઞ તથા કવિરાજના સ્નેહી જયમલ્લ પરમારે કવિરાજને 1972માં શ્રદ્ધાસુમન અર્પણ કરતાં 'ઊર્મિ-નવરચનામાં પ્રાસંગિક-માર્મિક વાત લખી છે. તેમણે લખ્યું કે વીતી ગયેલી આ ચારણપ્રતિભાની જાજરમાન પેઢીની મહત્તા તેમજ મહાનુભવતાને નવી પેઢી સમજશે તો ખરી ને? તેમણે સાથેસાથે એવી શ્રદ્ધા પણ વ્યક્ત કરી કે ધરતી આદર્શ ચારણવિહોણી કદી નહી બને, પછી ભલે એ જુદા સ્વરૂપે હોય.

*

16

કવિ દુલા ભાયા કાગ:
વાણી તો અમરત વદા

દાઢીવાળા દેખિયા નર એક રવીન્દ્રનાથ,
(દુજો) સર પટ્ટણી સમરથ, દેવ ત્રીજો તું દુલિયા.

આંગણકા ગામના ગીગાભાઈ કુંચાળાએ લખેલા ઉપરના શબ્દો ત્રણ મહામાનવોની પાવન સ્મૃતિ કરાવે છે. જોગાનુજોગ કવિવર ટાગોરને બાદ કરતાં બાકીના બે: સર પટ્ટણી અને કવિ કાગ (ભગતબાપુ) ભાવનગરના ઇતિહાસ સાથે ગૌરવપૂર્ણ રીતે સંકળાયેલા છે. સમર્થ વહીવટકર્તા તરીકે સર પટ્ટણી અને કાળને ઓળખી ગયેલા સમર્થ સાહિત્યકાર તરીકે ભગતબાપુની સ્મૃતિ

ભાવનગરના ઇતિહાસ સાથે અનેક સ્થળે, અનેક પ્રકારે જોડાયેલી છે તથા જીવંત છે. એકાદ વર્ષ પહેલાં મહાનગરપાલિકા દ્વારા ભાવનગર શહેરમાં કવિ કાગની પ્રતિમાની અનાવરણવિધિ થઈ હતી ત્યારે સોનામાં સુગંધ ભળ્યાની સ્થિતિ સૌએ અનુભવી હતી. મોરારિબાપુ જેવા સાહિત્યના સંવર્ધન માટે નિત્ય પ્રવૃત્ત રહેનાર સંતના હસ્તે આ પ્રતિમાની અનાવરણવિધિ કરવામાં આવી. મોરારિબાપુ અને ભગતબાપુ પણ પરસ્પર સ્નેહાદરના ધાગે બંધાયેલા છે તે સુવિદિત છે.

મજાદર જેવા અંતરિયાળ વિસ્તારના ખોબા જેવડા ગામમાં જન્મ લઈને વહાવેલ સાહિત્યસર્જનની સરવાણીની કેવી અસર હશે કે ભારત સરકારે આ ભક્તકવિને 1962માં 'પદ્મશ્રી'ના ઇલકાબથી નવાજ્યા. આપણા આ લોકર્ષિ કવિને અસાધારણ પ્રેમ તથા આદર હંમેશાં મળ્યા છે. પ્રાણવાન કવિતાઓ તરોતાજા લાગે તેનું જ્વલંત ઉદાહરણ ભગતબાપુની કાળજયી રચનાઓ છે.

2007માં મહુવા ખાતે પણ કાગબાપુની પ્રતિમાનું અનાવરણ મોરારિબાપુએ કરેલું તથા એ રીતે એ વિસ્તારના લોકોએ કવિ તરફનો પોતાનો સ્નેહ અને આદર વ્યક્ત કર્યા હતા. કવિશ્રી કાગની સ્મૃતિમાં મોરારિબાપુની પ્રેરણા તથા તેમની હાજરીમાં લોકસાહિત્યને સમૃદ્ધ કરનાર પાંચ સાહિત્યકારોને મજાદર (કાગધામ) ખાતે એક ગૌરવશાળી સમારંભમાં દર વર્ષે સન્માનિત કરવામાં આવે છે. આ પ્રકારે આપણાં આ ઘરદીવડાના ઓજસ્વી વ્યક્તિત્વનું નિયમિત સ્મરણ કરવામાં આવે છે.

ભાવનગરના પ્રજાવત્સલ મહારાજા કૃષ્ણકુમારસિંહજીને કવિ કાગ પ્રત્યે ખૂબ સ્નેહ હતો. મહારાજાનો મુકામ પોર્ટ વિક્ટર થાય ત્યારે કવિ તેમને અચૂક મળતા અને

રાજ્યની તથા સાહિત્યની વિવિધ બાબતો અંગે ચર્ચા કરતા. મહારાજાની રીતભાત તથા તેમનો પ્રજાપ્રેમ જોઈને કવિ પ્રભાવિત થયેલા. ભગતબાપુ કોઈ રાજદરબારી કવિ ન હતા, પરંતુ કૃષ્ણકુમારસિંહજીમાં તેમણે અન્ય રાજવીઓથી વિશિષ્ટ એવી પ્રતિભાના દર્શન કર્યા હતા, આથી જ તેમણે લખ્યું:

નિજ રોફ વધારવા કારણીએ જેના ર ત ને નેત્રમાં ક્રોધ ગમે,
તેની પાસે જતા થડકે સહુ માનવ... એકલા ભવ્ય અટારી ગમે,
વ્યસને વ્યસને વધીને વધીને નૃપ બીજા હજારોને દાહ દહે,
ત્યારે કૃષ્ણ ભૂપાળ હૈયે હૈયે હસીને હસતે મુખડે દિનરાત રહે.

મહારાજા કૃષ્ણકુમારસિંહજીની જીવનશૈલી રાજવીઓના નિરંકુશ તથા એકાધિકારના સમયગાળામાં પણ અન્ય કેટલાક રાજવીઓથી કેટલી ભિન્ન હતી તેની વાત કવિએ સચોટ રીતે કરી છે! રાજવી પરિવારમાં મહારાજા સહિત સૌને ભગતબાપુ પાસેથી 'રામાયણ'ની વાતો સાંભળવી ખૂબ ગમતી.

મહારાજા કૃષ્ણકુમારસિંહજીની જેમ જ ભાવનગર રાજ્યના વિચક્ષણ દીવાન સર પ્રભાશંકર પટ્ટણીનો પણ સ્નેહ ભગતબાપુને પ્રાપ્ત થયો હતો. કવિ પાસેથી 'રામાયણ' સાંભળવાનો શોખ સર પટ્ટણી તથા તેમના ધર્મપત્ની રમાબાને હતો. પટ્ટણીસાહેબના બંગલે જ્યારે આવી સાહિત્યની બેઠકો થતી ત્યારે તેમાં ચિંતન તથા વિચારોના આદાનપ્રદાનની છોળ ડતી હતી. કવિ કાગની અજાચક વૃત્તિ તરફ પટ્ટણીસાહેબ આદરથી જોતા હતા. મજાદર ભગતબાપુના મહેમાન થયા ત્યારે પટ્ટણીસાહેબે કહ્યું: "કવિના માતા જો જીવિત હોય તો તેમને એ જોગમાયાના હાથે ઘડેલા બાજરાના રોટલા અને દૂધ ખાવા છે. ઉન્નત વિચારો અને સાદી તથા પવિત્ર જીવનશૈલી જીવીને આવા મહામાનવો સમાજને દિશાદર્શન કરાવી ગયા છે. પટ્ટણીસાહેબને કાગબાપુએ રચેલા ગાંધીગીતો સાંભળવા ગમતા હતા. કાળની એ બલિહારી હતી કે ભાવનગર રાજ્યમાં આવા પુણ્યશ્લોક માનવીઓ એક જ કાળમાં હયાત હતા અને એકબીજા સાથે આત્મીયતા ધરાવતા હતા.

ગાંધીજીના આદર્શો, વિચારો તથા કાર્યપદ્ધતિનું લોકભોગ્ય ભાષામાં વર્ણન ભગતબાપુના કાવ્યોને એક વિશેષ ઊંચાઈ અપાવે છે. મેઘાણીભાઈએ કહ્યું છે તેમ: "લોકભોગ્ય સાહિત્યમાં ગાંધીવિચારને ઝીલવામાં ભગતબાપુ સફળ રહ્યા હતા." રવિશંકર મહારાજના જીવનને બિરદાવતાં કવિએ તેમને 'ઉપકારી આત્મા' કહીને ઝાઝેરા રંગ દીધા છે. સ્વામિનારાયણ સંપ્રદાયના સંત યોગીજી મહારાજની ભક્તિ તથા તેમની ભાવના ભગતબાપુના કાવ્યોના માધ્યમથી સમસ્ત હરિભક્તોના દિલ અને દિમાગ પર છવાઈ ગયા હતા. ગામડેગામડે ભાંગતી રાતે ગવાતા ભજનોમાં ભગતબાપુની રચનાઓ લોકસમૂહે વ્યાપક રીતે ઝીલી છે.

આશરે તારે ઈંડા ઉછેર્યાં... ફળ ખાધા રસવાળા,
મરતી વખતે સાથ છોડે, ઈ મોઢા હોય મશવાળા...
ઊડી જાવ પંખી પાંખુવાળા...

કવિતા એ ચારણ કવિઓનો વ્યવસાય નહીં, પરંતુ તેમની પ્રકૃતિ હતી. આ કવિઓના હૈયામાંથી પાતાળગંગાની જેમ કાવ્ય-સરવાણી સહજ રીતે ફૂટતી હતી. ભગતબાપુ પ્રકૃતિ અને પરમ તત્ત્વના સદૈવ ઉપાસક હતા. વ્યસનમુક્ત કરી સમાજને સરસ્વતીની ઉપાસનાના માર્ગે વાળવાનો અહર્નિશ પ્રયાસ કરનાર આ ક્રાંતદ્રષ્ટા, ઋષિ કવિ હતા.

દરેક કાળમાં સર્જન પામતા સાહિત્યમાં તત્કાલીન સમયની વ્યાપક ગતિવિધિઓ ઝીલાતી હોય છે. સાહિત્યસર્જકો તેમના સમયનો યુગધર્મ બરાબર ઓળખી કાઢે છે અને તેનો સંદર્ભ લઈ પોતાની મોંઘેરી રચનાઓ સમાજ સામે ધરે છે. આવી રચનાઓ તત્કાલીન સમાજને પ્રેરક તથા પ્રોત્સાહક બને છે. જે બાબત સ્પષ્ટ રીતે નજર સમક્ષ ન આવે, પણ જેની અસર તળે સમાજ હોય તેવી સૂક્ષ્મ બાબતો પણ કવિની દૃષ્ટિમાં બરાબર ઝીલાય છે. એક વાર આવી સાંપ્રત બાબત કવિના દૃષ્ટિકોણમાં આવે ત્યારબાદ તેનો સારરૂપ અર્ક જગતને કવિની ઊર્મિપૂર્ણ રચનાઓ મારફત મળે છે. કવિ ક્રાંતદ્રષ્ટા હોય છે, તેથી આવી રહેલા કાળસમયનો અંદાજ તેના વિચારોમાં ઝીલાય છે.

આ સંદર્ભમાં જોઈએ તો ગાંધીયુગમાં ગાંધીજી તથા વિનોબાજીના વિચાર-પ્રવાહથી આકર્ષાયેલા લોકકવિ કાગ ગાંધીયુગને તથા તેની ભાવિ અસરોને આબેહૂબ પારખી શક્યા તથા તેના પુનિત પરિપાક સ્વરૂપે ગાંધીજીના જીવનચિંતન તથા વિનોબાજીના યજ્ઞકાર્ય સ્વરૂપના ભૂદાન-આંદોલનને પોતાની લોકપ્રિય તથા સરળ છતાં બળુકી રચનાઓના માધ્યમથી સાંપ્રત સમયમાં સમાજના ચરણે ધરી શક્યા. એ યુગપ્રવાહની વ્યાપક અસર તથા કવિ કાગની રચનાઓમાં રહેલાં ઊંડા વિચારતત્ત્વને કારણે આ રચનાઓ જોતજોતામાં લોકજીભે રમવા માંડી. ગામડાંઓમાં ગવાતા ભજનોમાં આ નૂતનયુગની કાગવાણી ઘૂંટાવા લાગી. મેઘાણીભાઈએ લખ્યું છે: “દુલા ભગતની રચનાઓમાં નવપ્રયાણની પગલીઓ છે અને માટે તે સન્માનપાત્ર છે.”

એક દિવસ કવિ કાગને સંદેશો આવ્યો કે રવિશંકર મહારાજ કવિ કાગના વતનના ગામ મજાદર(કાગધામ)ની બાજુમાં આવેલા ડુંગર ગામે આવે છે. તેમની સભામાં આવવા માટેનું સ્નેહભર્યું નિમંત્રણ કવિના પરમસ્નેહી કલ્યાણજીભાઈએ મોકલાવ્યું. બંધુસમાન સ્નેહીનું નિમંત્રણ કેવી રીતે ઠેલી શકાય? કવિ કાગે મેઘાણીભાઈ પાસેથી મહારાજની ઘણી વાતો સાંભળેલી, તેથી મહારાજના દર્શન કરવાની તાલાવેલી પણ ખરી. રવિશંકર મહારાજને મળીને તથા તેમની પાવક સહજ-સરળ વાણી સાંભળીને કવિ ખૂબ

પ્રભાવિત થયા. કવિ આ મુલાકાતના સંદર્ભમાં લખે છે કે મહારાજની સમક્ષ મારું માથું નમી પડ્યું. તે જ રાત્રે પ્રેરણા થઈ કે ભૂદાનની આ પ્રવૃત્તિ સાંપ્રતકાળની માગણી છે અને તેના સ્વીકારમાં સમાજનું લાંબા ગાળાનું સામૂહિક હિત સમાયેલું છે. એક વાર કવિના હૃદયમાં કોઈ વિચારતત્ત્વની પ્રતિષ્ઠા થાય ત્યારપછી તેનું પ્રગટીકરણ કાવ્ય સરવાણીસ્વરૂપે થતું ક્યાં રોકી શકાય છે?

મહારાજ તરફ તેમની સર્વનિષ્ઠા સમર્પિત થઈ અને મહારાજના માધ્યમથી તેઓ વિનોબાજીના વિરાટ વ્યક્તિત્વને સવિશેષ રીતે પારખી શક્યા, પ્રમાણી શક્યા. કવિએ ભૂદાન પ્રવૃત્તિની શરૂઆત પોતાના વિસ્તારમાં પોતાનાથી જ કરી અને 50 વીઘા જમીન તથા બીજી જીવનનિર્વાહ માટે જરૂરી ચીજો જરૂરિયાતવાળાને સમર્પિત કર્યા. રવિશંકર મહારાજને મળ્યા પછી તે જ રાત્રે કવિના મનમાં જે ઊંડું મનોમંથન થયું તેની પ્રસાદીસ્વરૂપે તેમણે બીજા દિવસે લખ્યું:

કોટિ કર્મ કે પુણ્ય જબ ઉદય હોત ઇક સંગ,
(તબ) છૂટે મન કી મલિનતા, અરુ ભાવે સતસંગ.

1955માં મહારાજ મજાદર આવ્યા. પોતે સ્વીકારેલી વાતને આચરણમાં મૂકીને તો કવિ સંપૂર્ણપણે વિનોબાજીની ભૂદાન-પ્રવૃત્તિને સમર્પિત થયા હોય તેમ તેમના કાવ્યસર્જનો જોતાં જણાય છે. 'ભૂદાનમાળા' આ પ્રકારના કાવ્યોનો સુંદર ગ્રંથ છે.

ઇતિહાસના ઘણાં પ્રસંગોએ એક સામાન્ય અનુભવ રહેલો છે કે લોકવાણીના માધ્યમથી પ્રસરેલો વિચાર વનમાં લાગેલ ઝાળની માફક વેગીલી ગતિથી પ્રસરી જાય છે. તુકારામ, જ્ઞાનદેવ કે મેઘાણી જેવા લોકવાણીના વાહકો એટલે જ સમાજમાં વિશેષ ખ્યાતિને વર્યા છે અને તેમની સરળ વાણી ભારે લોકાદર પામી છે. ભગતબાપુએ લખ્યું: "*ઝડપેલું અમી અમર કરશે, પણ અભય નહીં આપી શકે.*" સમાજ માટે હિતકારી એવા મૂળ વિચારતત્ત્વની પ્રતિષ્ઠા લોકકવિઓએ તેમના અનોખા અંદાજમાં કરી છે. કવિ કાગે વિનોબાજીના વિચારને વહેતો કરવા પોતાને મળેલ સરસ્વતીકૃપાનો ભરપૂર ઉપયોગ કર્યો છે. આ બધી રચનાઓ આજે પણ એટલી જ સંદર્ભયુક્ત તથા પ્રેરણાદાયક છે.

પંડિત સુખલાલજીએ નોંધ કરી છે:

"કવિનું મન નિર્મળ બન્યું અને એ નિર્મળતામાંથી સરસ્વતીએ જે અવતાર લીધો, જે નવાં-નવાં રૂપ ધારણ કર્યાં તે જ આ 'ભૂદાનમાળા' અને તેથી જ તે વાંચનાર-સાંભળનારને મંત્રમુગ્ધ કરી નાખે એવી રચાઈ છે. યથાભાષી-તથાકારીના આ ગુણે ભૂદાનમાળામાં કાંઈક એવું તેજ મૂક્યું છે કે કવિની બીજી સંખ્યાબંધ આકર્ષક કૃતિઓ કરતાં પણ એ ચઢી જતી હોય એમ મને તો લાગ્યું છે."

ભૂદાન-પ્રવૃત્તિના વિચારોની અસર જેમ કવિ કાગની વિચારસરણી પર વૃદ્ધિ પામતી ગઈ તેમ તેમ તેમની નિત્ય નવી રચનાઓની અમૂલ્ય ભેટ સમાજને મળતી રહી. ભગતબાપુ જેમ ગાંધીગીતોમાં સોળે કળાએ ખીલ્યા છે તેમ, ભૂદાનમાળાની પોતાની રચનાઓથી પણ મહોરી ઊઠ્યા છે.

અલેકીઓ માગવા આવ્યો રે... દેશ દખ્ખણનો બાવો...
થંભી જાજો હો તરવારીઆ... કાં તરવાર સજાવો?
તેગ તોપને ખાંડો ખાંડણીએ... દાતરડા નિપજાવો...
ભૂમિ, અગ્નિ, પવન, પાણી... એનો કરો મા કોઈ દાવો...
લક્ષ્મીમાતા, ધરણીમાતા એના ધણી નવ થાઓ... અલેકીઓ.

તરવારો ધારણ કરનારાઓને કવિએ સમજાવ્યા છે, ચેતવ્યા છે કે બદલાતો સમય પરિવર્તન માગે છે. તરવારોએ હવે શ્રમિકનું દાતરડું બનીને નૂતન યુગમાં નવો અવતાર ધારણ કરવાનો રહેશે. ભૂદાનની આહલેક જગાવનાર આ દાઢીવાળા બાબાની છડી પોકારીને કવિએ માર્મિક વાતો કરી છે. પંચમહાભૂતના મૂળ તત્ત્વો પર માલિકીહકનો ભાવ હોઈ શકે નહી તેના તરફ કવિએ સચોટ શબ્દોમાં અંગુલિનિર્દેશ કર્યો છે.

ચારણ કવિઓની ઊજળી પરંપરા સમાજ માટે અજાણી કે પારકી નથી. તેમની રચનાઓ સમાજ માટે મનોરંજક કરતાંય વિશેષ પથદર્શક રહી છે. ચારણ-કવિઓની આ રચનામાં નિરામય જીવનની સાત્વિક પરંપરા, સમર્પણ, વીરતા અને પ્રભુપરાયણતાના આભ-ઊંચા આદર્શો તથા કેટલીક વખત નિર્ભયતાપૂર્વક કહેવામાં આવેલ શિખામણો કે ચેતવણીના સૂરો સચવાઈને પડ્યા છે. આપણા પોતીકા એવા આ અમૂલ્ય ભંડારનું આચમન પણ આપણે પૂરતા પ્રમાણમાં લઈ શક્યા નથી તે એક વાસ્તવિકતા છે. ચારણ કવિઓની બળુકી રચનાઓ આપણા ઝળહળતા ઇતિહાસનો, આપણા સાંસ્કૃતિક અને બૌદ્ધિક વારસાનો એક મહત્ત્વનો હિસ્સો છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ આ સાહિત્યના વિષયમાં ગણનાપાત્ર ખેડાણ કર્યું છે અને સારા એવા પ્રમાણમાં લોકસાહિત્ય-ચારણી સાહિત્યની રચનાઓને મહેનત કરીને એકત્રિત કરી છે. પ્રકૃતિ અને પરમાત્માના અનુસંધાનવાળી આ જળી કાવ્ય-પરંપરાના જ મહેકતા પુષ્પ સમાન, ભગતબાપુની કાળની મર્યાદાને પણ મહાત કરે તેવી રચનાઓ છે. પ્રમાણમાં કેળવણીની દૃષ્ટિએ પછાત તથા દૂરના વિસ્તારમાં સામાજિક ચેતના પ્રગટાવવાનું યશસ્વી કાર્ય કવિ કાગની રચનાઓએ કરેલું છે. તેમના સાહિત્યસર્જનના પુષ્પો આજે પણ સુગંધ પ્રસરાવે છે.

*

17

યશનામી જડશે નહી જેમલ તારી જોડ

જેમલ બીજી જોડ,
નજરું નાખ્યે નો મળી;
સવસાચી સરમોડ,
છોરું તું સોરઠ તણું.
કૈં જન્મ્યા કૈં જનમશે,
લેખક લાખ કરોડ;
(પણ) જશનામી જડશે નહી,
જૈમલ તારી જોડ.

દુલા ભાયા કાગ તથા બાપલભાઈ ગઢવીના ઉપરના અર્થસભર શબ્દોમાં જયમલ્લભાઈ પરમારની પ્રતિભાના દર્શન થાય છે. આપણાં સાહિત્યની શોભા વધારીને જનારા અનેક ધન્યનામ સાહિત્યકારો છે. આ બધા સાહિત્યમર્મીઓની યાદી તરફ નજર કરીએ તો એ વાત સ્પષ્ટ થાય છે કે એવા સાહિત્યકારો પ્રમાણમાં ઓછા હોય છે કે જેમના સાહિત્યની લોકપ્રિયતા એક શતાબ્દી કે તેનાથી પણ વધારે સમય સુધી રહે. જયમલ્લભાઈ પરમાર એ આવા એક વિરલ તથા ઉજળા સાહિત્યના સર્જક-સંપાદક છે કે જેઓ આજે પણ તેમના સર્જનો દ્વારા લોકસાહિત્ય પ્રેમીઓના દિલમાં જીવંત છે.

વર્ષ 2011ના ડિસેમ્બર માસમાં તેમની જન્મ શતાબ્દીની યાદગાર ઉજવણી કરવામાં આવી. ગુજરાતના અલગ-અલગ શહેરોમાં લગભગ 26 કાર્યક્રમો થયા. શરૂઆત જયમલ્લભાઈની કર્મભૂમિ રાજકોટથી કરવામાં આવી. રાજકોટના કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને મોરારિબાપુએ જયમલ્લભાઈનું એક સાહિત્યકાર તરીકે તેમજ એક માનવી તરીકે ઊંચું મૂલ્યાંકન કર્યું. કોઈ સાહિત્યકારની જન્મ શતાબ્દીના સંદર્ભમાં આટલા કાર્યક્રમો થાય તેવી ઘટનાઓ ઓછી જોવા મળે છે. દરેક કાર્યક્રમમાં વ્યાપક જનસમૂહની હાજરી એ નોંધપાત્ર ઘટના હતી.

જયમલ્લભાઈ પરમારના જીવનના સમગ્ર ઘટનાક્રમ તરફ નજર નાખીએ તો એ બાબત સ્પષ્ટ થાય છે કે ચુસ્ત વૈષ્ણવ કુટુંબમાં વાંકાનેરમાં તેમનો જન્મ. પૂજાપાઠ, કથાકીર્તન, ગાયન-વાદન તેમજ નાટકના સંસ્કાર તેમને ગળથૂથીમાં મળેલાં. ભાંગતી રાતે દેશી વાદ્યોની રમઝટ વચ્ચે પ્રહર પ્રમાણે ગવાતા ભજનોની અમીટ છાપ બાળક

જયમલ્લ પર પડી અને તેનો કેફ તેમણે જીવનભર ઘૂંટ્યો. તરણેતર અને જડેશ્વરના મેળામાં ગવાતા લોકગીતો, દુહાની નિર્દોષ રમઝટ ક્રમેક્રમે તેમાં ભળી અને આ વિષય તરફનું તેમનું આકર્ષણ નિરંતર વધતું ગયું. સતત ભ્રમણશીલ જીવન તથા અભ્યાસુ સ્વભાવ તેમની પ્રકૃતિના એક અભિન્ન અંગ સમાન હતા. મેઘાણીભાઈના સંસર્ગથી તેમાં નૂતન વિચારોનું સિંચન થયું, જેણે જયમલ્લભાઈના જીવનકાર્યને લોકસાહિત્યના સંવર્ધન માટેની એક નવી દિશા આપી. લોકસાહિત્યના વિવિધ પાસાંઓનો અભ્યાસ કરી, તેનો સંગ્રહ કરી લોકો સમક્ષ તેમણે નવરંગ થાળ રજૂ કર્યો.

પ્રકૃતિના વિવિધ સ્વરૂપો, સરિતાઓ, પાળિયાઓ, ડુંગરધારો, વાવ-કૂવાઓ, ટૂચકાઓ, ઉખાણાઓ, લોકવાદ્યો, પહેરવેશ, ભરતગૂંથણ, લગ્નગીતો, મરસિયા, ખારવાના ગીતો જેવા અનેક વિષયોને આવરી લઈને આ તળના સાહિત્યને 'ફૂલછાબ તથા 'ઊર્મિ-નવરચના'ની પાંખે એકનિષ્ઠાથી લોકદરબારમાં પહોંચાડવાનું ભગીરથ કાર્ય જયમલ્લભાઈએ કર્યું. પ્રથમ 'સૌરાષ્ટ્ર' અને ત્યારબાદ 'ફૂલછાબ'ના માધ્યમથી આ કાર્ય સંગીન ધોરણે થયું. મેઘાણીભાઈના આ કાર્યની આકરી તપશ્ચર્યામાં તેમણે અર્થસભર પુરવણી કરી. કેટલીક જગ્યાએ ખૂટતી કડીઓ પણ મેળવી આપી. લગભગ અઢી દાયકા સુધી 'ઊર્મિ-નવરચના'ની ધૂણી ધખાવીને તેમણે ઘણાંને લખતાં કર્યા અને સ્થાયી સ્વરૂપે દસ્તાવેજીકરણ પણ થયું. બ. ક. ઠાકોરે વર્ષો પહેલાં લોકવાણીને ચિતવેધક તથા હેરત પમાડે તેવી સચોટ ગણાવી હતી અને આપણી ભાવિ પેઢીઓ તેનાથી વંચિત ન રહે તેવી અંતરના ઉમળકાથી આશિષ પાઠવી હતી. આથી જ બ. ક. ઠાકોર જેવા દિગ્ગજ સાહિત્યકારની ઇચ્છાપૂર્તિ મેઘાણીભાઈ, દુલેરાય કારાણી, ગોકુળદાસ રાયચુરા અને જયમલ્લભાઈ જેવા પુણ્યશ્લોક આત્માઓએ કરી હતી. લોકગીતોમાં ગૂંથાયેલું લોકજીવન સદાયે ધબકતું અને પ્રાણવાન છે અને તેમાં નૈસર્ગિક સૌંદર્યનો અનેરો ભાવ ઝીલાયો છે તેની સાંગોપાંગ પ્રતીતિ જયમલ્લભાઈના લખાણો જોતાં થાય છે.

કવિ કાગે કહ્યું હતું: "મેઘાણીભાઈએ 'સૌરાષ્ટ્રની રસધાર' લખી, પરંતુ જયમલ્લભાઈએ તો સૌરાષ્ટ્રનો રસધોધ વહાવ્યો છે. તેમના વ્યક્તિત્વની ખરી ખૂબી એ છે કે તેઓ લોકસાહિત્યના પૂર્ણ અર્થમાં મરમી છે અને તેની કોઈ નબળી બાબતો જણાય તો તેને પણ તેઓ સ્પષ્ટ રીતે રજૂ કરે છે. કેટલીક વખત લોકસાહિત્યના નામે કોઈ વિકૃત રજૂઆતો થતી હોય તો સ્પષ્ટ શબ્દોમાં પોતાની નારાજગી વ્યક્ત કરે છે. ચોકસાઈ, પ્રમાણપ્રિયતા, તર્કબદ્ધતા તથા અનાગ્રહિતાના આધારે તેમણે સંશોધનનું કામ દીપાવ્યું છે." જયમલ્લ પરમાર ખરા અર્થમાં લોકસાહિત્યના ધૂળધોયા હતા.

જયમલ્લભાઈએ નશાબંધીની પ્રવૃત્તિમાં પણ મોટું યોગદાન આપ્યું. નશાબંધી મંડળનું કામ માનવીમાં પરિવર્તનથી થશે તેવી શ્રદ્ધાથી કરવાનું કામ ગણીને તેઓ આ કાર્યમાં જોડાયા. માત્ર કાયદાથી આમૂલ પરિવર્તન શક્ય નથી. વિકૃતિઓનાં વમળ વચ્ચેથી

માણસને શોધી કાઢવાની ધીરજ જોઈએ. આવા માનવીય કાર્યમાં જયમલ્લભાઈ સાથે કવિ કાગનું પણ અમૂલ્ય યોગદાન રહેલું છે.

આઝાદીના સંગ્રામમાં પણ ગાંધીચીંધ્યા માર્ગે લડત ચલાવવામાં જયમલ્લભાઈનો ઘણો મોટો ફાળો છે. એ સમયમાં જે લોકચેતના પ્રગટી હતી તે અસાધારણ હતી. તેમણે તે કાળના જનજીવનની ચેતના વિશે લખતાં સુંદર વાત કરી છે: “ગામડાના લોકો પણ ભયમુક્ત થઈને ગાંધીના સૈનિકોનું ભાવથી સ્વાગત કરતા. ખાદીના વસ્ત્રો ધારણ કરનારા અને સમાજમાં જાગૃતિ ફેલાવવાનું કામ કરનારા આ લોકસેવકો પ્રત્યે લોકો આદરથી-અહોભાવથી જોતા તથા તેમને ‘ગાંધીના માણસો’ તરીકે પ્રેમથી પોંખતા હતા. તેમનું સન્માન કરતા હતા.” 1942ની ‘હિન્દ છોડો’ લડતના સમયે અનેક આગેવાનો રાણપુર આવતા અને મહાસંગ્રામનો અગ્નિ સતત પ્રજ્વલિત રહે તેના પ્રયાસો કરતા રહેતા હતા. નેતાઓનો ઉતારો મોટા ભાગે ‘ફૂલછાબ’માં રહેતો. ‘સૌરાષ્ટ્ર’ તથા ત્યારપછી ‘ફૂલછાબ’ તે સમયે રાણપુરથી પ્રકાશિત થતા હતા.

રાણપુરમાં પત્રકારત્વના જે ધોરણો ‘સૌરાષ્ટ્રના સિંહ’ કહેવાતા અમૃતલાલ શેઠ તથા ઝવેરચંદ મેઘાણી દ્વારા સ્થાપવામાં આવ્યા, તે પત્રકારત્વના ઇતિહાસનું ઉજળું સોપાન છે. મેઘાણીભાઈના આગ્રહથી જયમલ્લભાઈ તથા નિરંજન વર્મા ‘ફૂલછાબ’માં જોડાયા હતા. અમૃતલાલ શેઠ, મેઘાણીભાઈ તથા જયમલ્લભાઈની ત્રિપુટી લડતમાં મહત્ત્વના સ્થાને હતી અને સતત સક્રિય રહેતી હતી. એ દિવસોમાં જનજાગૃતિ માટે નીકળતી પ્રભાતફેરીઓમાં નિરંજન વર્મા તેમજ જયમલ્લ પરમારના કંઠે ગવાતા ગીતો સાંભળવાનું મોટું આકર્ષણ લોકોમાં રહેતું હતું. યુવાનવર્ગમાં પણ તેમની વાત કહેવાની શૈલીને કારણે જયમલ્લભાઈ ખૂબ લોકપ્રિય હતા.

એ જ રીતે સૌરાષ્ટ્રના પછાત વર્ગના કલ્યાણ માટેનું બોર્ડ પણ ખરા અર્થમાં આ વર્ગોના ઉત્થાનનું કામ કરે તે માટે જયમલ્લભાઈએ સક્રિય ભૂમિકા ભજવી હતી. આ કોમોના ભાતીગળ ઇતિહાસની વાતો એકઠી કરવાનું તેમજ તેને ગ્રંથસ્થ કરવાનું કામ જયમલ્લભાઈએ પૂરી નિષ્ઠાથી કર્યું. એક્યાશી વર્ષની અર્થપૂર્ણ રીતે જીવાયેલી જિંદગીમાં તેમણે કેટલા બધા કામો હાથ પર લીધા અને તેમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું!

‘ઊર્મિ-નવરચના’ના સિંહ તથા અશ્વ વિશેષાંકોની વાતો પણ હેરત પમાડે તેવી છે. ‘ગગનને ગોખે’માં ખગોળશાસ્ત્રનો પરિચય કરાવ્યો. ‘આપણે આંગણે ઊડનારા’ પક્ષી-વિષયક માહિતી લોકગીતોની કડીઓ સાથે સમાજ સમક્ષ રજૂ કરી. પલાણસાહેબ લખે છે તેમ: “મેઘાણીભાઈને જયમલ્લ પરમાર, નિરંજન વર્મા જેવા થનગનતા વછેરા જોતાંતાં અને નિરંજન-જયમલ્લને ધગધગતો સર્જક ખપતો હતો. આ રીતે આ લોકોનું મિલન એ એક સુખદ સુયોગ હતો.” નિરંજન વર્માનું મૂળ નામ નાનભા બારહઠ. જયમલ્લભાઈ, ઈશ્વરભાઈ દવે તથા નિરંજન વર્મા-ત્રણેની મૈત્રી આદર્શ મૈત્રીસંબંધોના

અનોખા ઉદાહરણ સ્વરૂપ હતી. ત્રણે મિત્રો વિશિષ્ટ રીતે શક્તિશાળી, પરંતુ જીવનભર એકબીજા સાથે મીઠા સંબંધોના તાંતણે બંધાયેલાં રહ્યાં.

દેશમાં સંગીત-નૃત્ય-નાટ્ય જેવી પ્રવૃત્તિઓના સંવર્ધન માટે સંગીત-નૃત્ય-નાટ્ય અકાદમી કાર્ય કરે છે. અલગ સૌરાષ્ટ્ર રાજ્યમાં પણ આવી અકાદમી હોય તો સૌરાષ્ટ્રના મૂળ સાહિત્યને સાચવવાનું તેમજ વિકસાવવાના કામમાં સરળતા રહે. આ વિચાર 'ફૂલછાબ' દ્વારા વહેતો મૂકવામાં આવ્યો. જયમલ્લભાઈના પ્રયાસો તથા સૌરાષ્ટ્ર રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી ઢેબરભાઈની સૂઝને કારણે સૌરાષ્ટ્ર સરકારે 1953માં એક સ્વાયત્ત અકાદમીની સ્થાપના કરી. સાહિત્યના ઇતિહાસમાં આ એક મહત્ત્વની ઘટના છે. સ્વતંત્ર અકાદમીએ સાહિત્ય સંવર્ધનના અનેક કાર્યક્રમો થકી પોતાના અસ્તિત્વની ઉપયોગિતા સિદ્ધ કરી. જયમલ્લભાઈ આ અકાદમીના સ્થાપક મંત્રી તરીકે સક્રિય રહ્યા. આ જ રીતે આકાશવાણી – રાજકોટના માધ્યમનો પણ સંપૂર્ણ હેતુ સરે તેવી રીતે ઉપયોગ થાય તે પ્રયાસોમાં જયમલ્લભાઈએ અગ્રભાગ ભજવ્યો હતો. 1956માં લોકસાહિત્ય વિદ્યાલયની સ્થાપના જૂનાગઢમાં કરવામાં આવી. તેમાં રતુભાઈ અદાણી તેમજ જયમલ્લભાઈનો ફાળો નોંધપાત્ર રહ્યો હતો. કવિ કાગ(ભગતબાપુ)ની વરણી આ વિદ્યાલયના પ્રમુખ તરીકે કરવામાં આવી અને તેથી સંસ્થાને ગરિમા પ્રાપ્ત થઈ.

લાખાભાઈ ગઢવી, કરસન પઢિયાર, રામભાઈ કાગ જેવા લોકસાહિત્યના અનેક મરમી વાહકો આ વિદ્યાલયમાં તૈયાર થયા. આ કલાકારોમાં શક્તિ તો હતી જ. વિદ્યાલયની તાલીમ થકી તેઓ વિશેષ ઝળહળી ઊઠ્યાં. લોકો સુધી લોકસાહિત્યની મધુર રચનાઓ તેમજ પ્રતાપી વાતો પહોંચી શકી. લોકસાહિત્ય-ચારણી સાહિત્યના સર્જકો તેમજ વાહકોના નિયમિત મેળાવડાઓનું આયોજન થઈ શકે તે માટે 'લોકસાહિત્ય પરિવાર'ની રચના પણ રતુભાઈ અદાણી તથા જયમલ્લભાઈના પ્રયાસોથી સાર્થક બની રહી. લોકસાહિત્યના અનેક મરમીઓએ આ પરિવારના કાર્યક્રમો શોભાવ્યા છે અને માણ્યાં છે.

પોતાના વાણી, વર્તન, વિચાર કે લેખન દ્વારા પ્રજાજીવનના સ્વાસ્થ્યને વિપરીત અસર ન થાય તેની સતત કાળજી જયમલ્લભાઈએ આજીવન રાખી. 'ઊર્મિ-નવરચના'ના અંકો લોકસાહિત્યના સંદર્ભ ઉપરાંત સાહિત્યિક પત્રકારત્વના સંદર્ભે પણ ઘણાં મહત્ત્વના ગણી શકાય. જયમલ્લભાઈએ આજીવન ધૂણી ધખાવીને જે સાહિત્યસાધના કરી છે તે અહોભાવ જન્માવે તેવી બાબત છે. વસુબહેન તેમને 'સૌરાષ્ટ્રના સાંસ્કૃતિક એલચી કહેતા તે યથાર્થ છે. કુંદનિકા કાપડિયા જયમલ્લભાઈને 'નિર્ભીક તથા સૌંદર્યાનુરાગી કલમના સર્જક' ગણાવે છે. કવિ નારણદાનજી બાલિયાએ પોતાના સુંદર શબ્દોમાં જયમલ્લભાઈને ભાવાંજલિ આપી છે:

જયમલ્લ પામી જગતમાં,
આદરમાન અભૂત;
કીર્તિ કરી ગયો કાયમી,
શારદ કેરો સપૂત.

*

18

હરિ! હું તવ ચરણોની ધૂલિ:
સંત મોટાની મોટાઈ

વંદનીય મોટાએ જગતજનનીના ચરણકમળમાં વંદન કરી પ્રાર્થનાનો આર્તનાદ કરેલો છે. મંદાક્રાન્તા છંદમાં લખાયેલી આ પ્રાર્થનાના શબ્દો તથા તેમાં રહેલી પ્રબળ ભાવના સંતશિરોમણિ મોટાની આધ્યાત્મિક ઊંચાઈનો ખ્યાલ આપે છે:

ભરી દેજે મા! તું અમ હૃદયમાં ખંત, ઉત્સાહ, જોમ,
વહેવા દેજે મા! તુજ હૃદયની શક્તિ સૌ રોમરોમ;
દૃઢાવી દે પાકું અમ જીવનનું ધ્યેય તારા મહી મા!
બધું રાગે પાડી ઠીક-અઠીકની તું કરી દે વ્યવસ્થા.

જેને ઠીક-અઠીકની વ્યવસ્થા જગતજનની કરે છે તેવો દૃઢ વિશ્વાસ શ્વાસોશ્વાસની સાથે ધારણ કર્યો છે તેવા સંત હોય તે જ જીવનની છેલ્લી ક્ષણો મોટા જેવી નિ:સ્પૃહ વૃત્તિથી વધાવી શકે: "આ શરીર હવે ઉપયોગી રહ્યું નથી, એટલે દેહ છોડવો છે!" એવો સંકલ્પ મોટા સહજ રીતે જ કરે છે. તેમની ઇચ્છા હોત તો અનેક નામાંકિત તબીબોને બોલાવીને સંતની સેવા કરવાનો લાભ ભાવિકોએ લીધો હોત, પરંતુ મોટા આગમના એંધાણ સ્પષ્ટ રીતે જોઈ શકતા હતા. માતૃસ્વરૂપા મહી નદીના કિનારે માત્ર છ વ્યક્તિઓની હાજરીમાં મોટાએ પોતાનું જીવનકાર્ય સંકેલી લીધું. મોટાની સ્પષ્ટ સૂચના ન હોત તો તેમની સ્મશાનયાત્રામાં સંતના અંતિમ દર્શન માટે વિશાળ સંખ્યામાં જનસમુદાય એકત્રિત થયો હોત. એક વિશાળ સમૂહની હાજરીમાં વંદનીય મોટાના દેહની અંત્યેષ્ટિ થઈ હોત. મોટાને એ વાતની પ્રતીતિ હશે કે સમાજ પોતાના મહાન પુરુષોના કે આરાધ્ય દેવોના જીવન તથા મૃત્યુના મહોત્સવો ઉજવવા હંમેશાં તૈયાર હોય છે. મહા માનવીઓના ઇંટ-ચૂના-આરસના સ્મૃતિધામો કે મંદિરો ઊભા કરવા પણ જનસમૂહ હંમેશાં ઉત્સુક રહે છે.

સંતના જીવનની ઉત્તમ બાબતો જીવનવ્યવહારમાં ઉતારવા કરતાં આવા ઉત્સવો યોજવાનું કામ વિશેષ સુલભ છે. કદાચ તેનાથી વત્તા-ઓછા અંશે સામાજિક પ્રતિષ્ઠા પણ પ્રાપ્ત કરી શકાય છે, પરંતુ મોટા મૃતપ્રાય સમાજને બેઠો કરવાના તથા જનસમૂહમાં ચેતનાનો સંચાર કરવાના કામને વધારે મહત્ત્વનું ગણતા હતા. આથી તેમના દેહાંતની કે અંતિમ સંસ્કારની કોઈ વ્યાપક પ્રસિદ્ધિ હેતુસર કરવામાં ન આવી. પોતાની પાછળ કોઈ સ્મારક ભું કરવાની પણ સેવકોને મનાઈ કરી. દેહાંત પછી જે

નાણાં મળે તેનો ઉપયોગ દૂર-સુદૂરની શાળાઓના ઓરડા બાંધવા માટેની વ્યવસ્થા મોટાની ઇચ્છા અનુસાર કરવામાં આવી. આવા ઉદાર તથા વૈચારિક સાધુત્વથી આપણે ધન્ય થયા છીએ. 'સ્નેહરશ્મિ લખે છે:

ભર્યાભર્યા ચઢીને લળી, વરસી વેળ અનંત,
મુક્ત બની પાછા ફરે, કાં મેઘો કાં સંત.

વંદનીય મોટાનો જન્મ સપ્ટેમ્બર, 1898માં સાવલી(જિ. વડોદરા)માં થયો હતો. તેમનું સંસારી નામ ચૂનીલાલ હતું. એક સદી પહેલા જગતમાં આવીને આ દૃષ્ટિવાન સંત શ્રદ્ધા, ભક્તિ તથા વ્યવહારજીવનમાં નવા ચીલા પાડીને ગયા. સપ્ટેમ્બર માસમાં અનેક ભાવિકો મોટાની સ્મૃતિનો વિશેષ અનુભવ કરે છે. મોટા લોકહિતના કાર્યોનું એક બીજ વાવીને ગયા. હરિઓમ્ આશ્રમની પ્રવૃત્તિઓથી આવા કાર્યો વટવૃક્ષની જેમ ફાલ્યા, ફૂલ્યા અને વિસ્તર્યા છે. આવા કાર્યો થકી મોટા સર્વત્ર વિદ્યમાન છે. પ્રજાહિતના તથા જનકલ્યાણના થયેલા ઠોસ કામો એ જ મોટાના ખરા સ્મારકો છે. ભિક્ષુ અખંડાનંદજી, મુનિ સંતબાલજી કે સ્વામી આનંદ જેવા સંતોએ પણ દુન્યવી કીર્તિનો મોહ રાખ્યા સિવાય લોકકલ્યાણના પાયાના કામોમાં યોગદાન આપેલું છે. મોટા પણ આવા સાધુઓની હરોળમાં પોતાનું ઉજળું તથા અનોખું સ્થાન ધરાવે છે. મોટાને ગમતા એક ભજનમાં તેમના મનના ભાવ, નિર્મળતા તથા નમ્રતાના દર્શન થાય છે:

હરિ! હું તવ ચરણોની ધૂલિ,
પતિતોમાં હું પતિત વડેરો,
કેમ શકું એ ભૂલી? ...
હરિ! હું તવ ચરણોની ધૂલિ.
પ્રબળ પવનથી હલકી વસ્તુ
ગગને જઈને બેસે
પવન પડી જતાં પટકાયે,
ચડતી સૌની ઠેસે,
ફરવું શીદ જઈ ફૂલી...

મોટાએ જ્યારે દેહ છોડવાનો નિર્ધાર કર્યો તે દિવસોમાં યાદગાર શબ્દો લખ્યા છે:

ઉમળકાથી અમે કરેલું છે,
નિરાશાને તો અમે સ્વપ્ને ન જાણી છે;
આવેલા કામને પૂરા હર્ષથી સ્વીકાર્યું છે,
ગુરુ મહારાજના હુકમને આનંદથી પાળ્યો.

મોટાનું સમગ્ર જીવન સમર્થ છતાં અનાસ ત કર્મયોગીનું જીવન હતું. આવા ક્રાંતિકારી સંન્યાસી જ મૃત્યુને અનોખી સ્વસ્થતાથી વધાવી શકે.

શ્રી મોટા જેવી અનાસ ત રીતે તથા જાગૃતિપૂર્વક સમાજસેવા કરવાની વૃત્તિ સેવાધર્મની એક અનોખી મિશાલ પૂરી પાડે છે. સંત મોટાએ તેમના જીવનમાં કથા-વાર્તા કે ધાર્મિક સમારંભોનું આયોજન કરવાના બદલે સમગ્ર સમાજની ઉન્નતિ માટેના કાર્યોમાં પોતાની પ્રચંડ શકિત લગાવી દીધી. મૌન મંદિરની એક અનોખી તથા ઉન્નતિદાયક પ્રવૃત્તિના મજબૂત પાયા નાખનાર આ સંત વિચારોથી ક્રાંતિકારી હતા. આચારથી સંવેદનશીલ તથા ઋજુ હતા. સંપૂર્ણ અર્થમાં તેઓ જીવનરસિક હતા.

જગતના તમામ પ્રાણીઓ તરફ સંવેદનશીલતા એ જ સંતોના જીવનનું ધ્યેય હોય છે. નિર્દોષ પ્રેમની અનુભૂતિ સતત રહે તથા તેની પ્રતીતિ સમગ્ર જગતને થાય તેવું સંતોનું જીવન હોય છે. ઋજુતા આવી સંવેદનશીલતાનું એક અભિન્ન અંગ છે. મોટાનું જીવન આવા અલૌકિક ગુણોથી સભર થયેલું હતું. ચિંતક તથા વિચારક વિદૂષી વિમલા ઠકાર કહેતા: "શ્રી મોટાને મળવાનું થાય ત્યારે તેઓ હંમેશાં લાગણીસભર થઈને કહેતા કે, આગલો જન્મ તેઓ સ્ત્રીદેહમાં લેવા માગે છે. તેનું કારણ એટલું જ કે સ્ત્રીદેહમાં નિર્દોષ તેમજ સંપૂર્ણ પ્રેમની પ્રતીતિ સંભવી શકે છે." ગાંધીજીએ પણ કદાચ આવા જ કારણોસર મહિલાઓ પાસેથી દેશની મુકિત માટેના સંગ્રામમાં વિશેષ કપરા કામની અપેક્ષા રાખી હતી. હિન્દુસ્તાનની મહિલાઓએ ગાંધીજીની અપેક્ષાને મજબૂત હોકારો પણ આપ્યો હતો. મોટાને તેમના શિશુકાળમાં માતા 'સ્વાદિયો' કહેતા, કારણ કે સ્વાદવાળું ખાવાના તેઓ શોખીન હતા. દરેક બાબત સમજમાં ન તરે ત્યાં સુધી સતત પૂછપરછ કરતાં રહેવાની મોટાની બાળપણની ટેવને કારણે મા તેને 'ઝીણિયો' પણ કહેતા હતા. માતાનો આ લાડલો 'સ્વાદિયો અને 'ઝીણિયો' તેને ઝીણી નજરથી અનેક સાર્વજનિક હિતના કાર્યો કરીને આપણા સંતોની ઉજળી પરંપરામાં પોતાના યોગદાનથી અગ્રસ્થાન મેળવ્યું.

કોઈ સંતને પોતાની માતૃભાષામાં પણ 'Encyclopaedia Britanica' જેવો વિશ્વકોશ તૈયાર કરવાની ઇચ્છા જાગે અને તેવા કાર્ય માટે નાણાંકીય આયોજન કરવાનું પણ સૂઝે તે નાની વાત નથી. મોટા જેવા સંતનો સંકલ્પ, સાંકળચંદ પટેલ (વિસનગર) જેવા પુણ્યાત્માનો સમયસરનો ટેકો તથા ધીરુભાઈ ઠાકર જેવા કર્મઠ તથા કાર્યને સમર્પિત સાક્ષરના પુણ્ય પ્રતાપે આજે લગભગ 25,000 પાનામાં વિશ્વકોશના જ્ઞાનગ્રંથો આપણી શાળા-મહાશાળાઓ તથા પુસ્તકાલયોની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. ગુજરાત રાજ્યની સ્થાપના પછીની મહત્ત્વની ઉપલબ્ધિઓની ગણતરી માંડીએ તો તેમાં વિશ્વકોશના આ લોકભાગીદારીવાળા કામને સ્થાન આપવું પડે. મોટાનું આથી મોટું સ્મારક બીજું કોઈ હોઈ શકે નહીં: "મારા નામનું ઇંટ-ચૂનાનું કોઈ સ્મારક કરવું નહીં." તેવું બેધડક લખાણ પોતાના વસિયતનામામાં તા. 19-7-1976ના દિવસે લખનાર આ ક્રાંતિકારી સાધક 23 જુલાઈ, 1976ના સંસારનો ત્યાગ કરીને મહાપ્રયાણ કરી ગયા. અષાઢ-શ્રાવણના મેઘગર્જન વચ્ચે આ ક્રાંતદ્રષ્ટા ઋષિની સામાજિક કલ્યાણ

માટેની વીરહાક આજે પણ સાંભળી શકાય છે. કવિત્વશક્તિ પણ મોટાને વરી છે. વિઘ્નથી હારે એ સાધુ નહીં, સાધુ તો વિઘ્નને પણ પડકારનારો! લખે છે:

વિઘ્ન ના સાંપડ્યું કોને?
બતાવો એક તો જગે,
પામશે વિઘ્નથી લાભ,
વિઘ્નને જે વધાવશે.

અદ્વૈતની શાસ્ત્રો ત વાત મોટા પ્રથમ પચાવે છે અને પછી સરળ શબ્દોમાં આપણા સુધી પહોંચાડે છે.

આખરે એક તો સર્વ,
એકમાં સૌ સમાયેલું;
એકથી સૌ પરિવ્યાપ્ત,
છતાં કાં અન્ય લાગતું?

રામકૃષ્ણ મિશનના પોતાના ગુરુબંધુઓને સ્વામી વિવેકાનંદે ક્રિયાશીલ સંન્યાસી બનવા સલાહ આપી હતી. સંન્યાસી જો પોતાની આસપાસની દુનિયાના પ્રશ્નો-સમસ્યાઓને નજરઅંદાજ કરી જીવન વ્યતીત કરે તો કદાચ વ્યક્તિગત આત્મોન્નતિનો લાભ થાય, પરંતુ સામાજિક કર્તવ્ય ચૂકી જવાય. ગાંધીયુગ તથા ગાંધીવિચારના પ્રવાહના આકર્ષણથી દેશના મુક્તિ સંગ્રામમાં અનેક સંન્યાસીઓએ પણ ઝૂકાવ્યું. ગાંધીજીએ સૂચવેલા રચનાત્મક કામો એ આ સંગ્રામના અનિવાર્ય તથા મહત્ત્વના અંગ સમાન હતા. ગાંધીજીની હાકલને સાંભળીને મોટાએ કૉલેજ તો છોડી, પરંતુ વિદ્યાપીઠનો અભ્યાસક્રમ પણ અધૂરો છોડીને દેશની સ્વાતંત્ર્ય ચળવળમાં જોડાયા. સમાજમાં ઊંડે સુધી ઘરબાયેલા છૂઆછૂતના માનસનું નિર્મૂલન કરવાનું તથા નબળા વર્ગોના ભાંડુઓની સંસ્થાઓના સંચાલનનું કામ મોટા માટે અગ્રતાના વિષયો હતા.

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત હરિજન શાળા ઉપરાંત ગુજરાત હરિજન સંઘનું કામ પણ તેઓ ચીવટથી સંભાળતા હતા. આ કામની સાથે જ નામસ્મરણનો ક્રમ તેઓ કદી ચૂક્યા ન હતા. આથી કર્મો ઘણા કર્યા, પરંતુ કદી હુંપદનો ભાવ કે મોહ-મમતાનો સ્પર્શ પણ તેમને થયો નહીં. મોટાના આ સંત સ્વરૂપને ઉજાગર કરે તેવો દોહો યાદ આવે છે:

માયા ને મમતા તણાં
જેને રુદે ન લાગ્યા રોગ;
ઈ સંત સમરવા જોગ
દન ઊગ્યે, દાદવા!

મોટાના કેટલાક વિચારો જોતાં એમ જણાય છે કે તેઓ તેમના સમયથી ખૂબ આગળનું જોનારા 'દ્રષ્ટા' હતા. યુવાનોનો સર્વગ્રાહી વિકાસ થાય તો જ સ્વસ્થ અને મજબૂત સમાજનું સર્જન થઈ શકે તે વાત તેઓ સ્પષ્ટ રીતે જોઈ શક્યા હતા. યુવાનોમાં શૌર્ય તથા સાહસના ગુણોનો વિકાસ થાય તેવા તેમના પ્રયાસ હતા. આથી જ તરણસ્પર્ધાઓ, સાહિત્યસર્જન, વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ જેવી બાબતોને તેમણે પ્રોત્સાહન પૂરું પાડેલું છે. દાનના પ્રવાહને પણ મોટાએ એક નવું સ્વરૂપ-દિશા પૂરા પાડ્યા. આશ્રમો કે મંદિરો કરતાં મોટાએ પ્રાથમિક શાળાઓના ઓરડા બાંધવાના કામને અગ્રતા આપી. સંપૂર્ણ સમાજનો સ્વસ્થ તથા સર્વાંગી વિકાસ થાય તે જ ખરું ધર્મકાર્ય છે તેવું આ સંતનું દર્શન તેમના વ્યક્તિત્વને ગરિમા પૂરું પાડે તેવું છે. વિશ્વકોશ તૈયાર કરવાની યોજનાને સહાય કે વિક્રમ સારાભાઈનું નામ જોડીને ઇનામો આપવાની સૂઝ ધરાવનાર મોટા નૂતન તથા સ્વસ્થ દૃષ્ટિકોણ ધરાવતા સંત હતા. જીવનમાં સંઘર્ષ નહીં, પરંતુ સમન્વયનો પાઠ તેમણે પોતાના જીવનકાર્યો થકી પઢાવ્યો છે.

કભી ના કિસીસે ટકરાના અચ્છા,
સભી કો ગલે સે લગાના અચ્છા.
કિસીકો બૂરા તૂ કૌન કહનેવાલા?
આયનેમેં ખુદ કો હી દેખ લેના અચ્છા.
અગર સાફ હો જાયે ગંદકી ખુદ કી,
ખુદા નાખુદા હૈ જાન લેના અચ્છા.

*

19

'દર્શક'ના દેશની યાત્રા

મનુભાઈ પંચોળી 'દર્શક'ના નામસ્મરણ સાથે જ એક વિશાળ તથા ભાતીગળ સાહિત્યસૃષ્ટિ નજર સામે તરવરે છે. જીવન સાથે સંકળાયેલ ભાગ્યે જ કોઈ એવો વિષય હશે કે જેને 'દર્શક'દાદાએ સ્પર્શ ન કર્યો હોય. 'દીપનિર્વાણ' જેવી નવલકથાઓએ અનેક ભાવકોના દિલમાં દીવા પ્રગટાવ્યા હતા. અનેક ગુજરાતીઓ સૉક્રેટિસની ભવ્યતાનું દર્શન 'દર્શક'ના સાહિત્ય થકી પામી શક્યા છે. સુસજ્જ વિવેચક તરીકે પણ દાદાનું ગજું આસમાનને આંબે તેટલું છે. આ બધું હોવા છતાં તેમનામાં રહેલો શિક્ષક કદી ઝાંખો પડ્યો નથી. રાજ્ય સરકારના મંત્રી હોય તો પણ જ્યારે સમય મળે ત્યારે લોકભારતીમાં જઈ પૂરી તન્મયતાથી વિદ્યાર્થીઓને રાજ્યશાસ્ત્ર સાથે જીવનના પાઠ ભણાવતા હતા. દાદા સમર્થ વક્તા અને સ્પષ્ટ વક્તા તો ખરા જ. રચનાત્મક કાર્યકર તરીકેનું તેમનું પ્રદાન એ એક અલગ છાપ અને અસર ઊભી કરે છે. દાદા ધર્માધિકારી કહેતા તેમ 'દર્શક' દાદાનું હૃદય સાહિત્યકારનું, હાથ-પગ રચનાત્મક કાર્યકરના અને માથું ચિંતકનું હતું.

'દર્શક'ની બહુમુખી પ્રતિભાના સ્પષ્ટ દર્શન તેમના અનેક વિષય પરના યોગદાનમાંથી થાય છે. આપણી ભાષાના આ સમર્થ સર્જકની જન્મશતાબ્દીનું વર્ષ બે વર્ષ પહેલાં જ ગયું. આપણા સૌ માટે, ગુજરાતી જ્યાં-જ્યાં વસતો હોય તે પ્રત્યેક વ્યક્તિ માટે, 'દર્શક'નું વિશેષ સ્મરણ જન્મશતાબ્દીના પ્રસંગે થયું. 'દર્શક' શતાબ્દી નિમિત્તે ફરી એ વાતની પ્રતીતિ થઈ કે 'દર્શક' અનેક ભાવકોના દિલમાં આજે પણ ઊંડા મૂળ જમાવીને બેઠાં છે. મનુભાઈ રાજારામ પંચોળી 'દર્શક'ના ઉપનામથી સુપ્રસિદ્ધ છે. આપણી આવતી અનેક પેઢીઓને તેમના સત્ત્વશીલ લખાણો દ્વારા પથદર્શક બની શકે તેવી ક્ષમતા અને અસરકારકતા ધરાવતા મહાન સર્જક છે.

જીવાતા જીવનના વિવિધ પ્રવાહો સાથે અભિન્નપણે સંકળાયેલાં કેટલા બધા વિષયો 'દર્શક'ની વેધક દૃષ્ટિમાંથી પસાર થયા છે તે જોઈને હેરત પામી જવાય તેવું છે. આ દરેક બાબતોને તેમણે અભ્યાસુની દૃષ્ટિએ નીરખી છે તેમ જ સંશોધકની દૃષ્ટિએ ચકાસી છે. નીર-ક્ષીર તારવવાની તેમની શક્તિને કારણે અનેક ઉપયોગી તથા વ્યાપક રીતે સમાજને હિતકર્તા તેવા નૂતન પરિમાણો પ્રાપ્ત થાય છે. આ વિચારવલોણાંની ભેટ સમાજ જેટલી જુએ, અનુભવે અને સ્વીકારે તેમાં વ્યાપક જનહિત સમાયેલું છે. 'દર્શક'ના વિપુલ સાહિત્યજગતમાં માનવચેતનાનો વિસ્તાર થતો જોવા મળે છે.

લગભગ નવ દાયકાના સુદીર્ઘ જીવનકાળને ઉજાળી ગયેલા 'દર્શક'નો જન્મ વાંકાનેર તાલુકાના પંચાશિયા ગામે થયો હતો. પિતાનું નામ રાજારામ તથા માતાનું નામ મોતીબાઈ હતું. સંસ્કારી તથા ભદ્ર માતાપિતાની જીવન જીવવાની પદ્ધતિ તથા તેમના સંસ્કારોની ઊંડી અસર 'દર્શક' પર જરૂર થઈ હશે. પિતા વાંકાનેર રાજ્યની શાળામાં શિક્ષક તરીકે કામ કરે. પિતાનો વાંચનશોખ જાણે 'દર્શક'ને વારસામાં મળ્યો. પિતા અનેક મૅગેઝિનો મગાવે. દેશભાવનાવાળા તેમજ સાહિત્ય-સંબંધિત આવા અનેક સામયિકો કિશોર વયના 'દર્શક'ને સહજ રીતે મળતા તેમનો વાંચનશોખ વિકસ્યો અને દૃઢ થયો. આ જ રીતે પિતાની લુણસર ગામની શાળાની લાઇબ્રેરીના પુસ્તકો પણ કિશોર મનુભાઈને હાથવગા હતા. 'દર્શક' લખે છે: "ઘણું વાંચ્યું, વાંચવા જેવું તથા ન વાંચવા જેવું પણ વાંચ્યું. એમ લાગે છે કે વાચનના નીર-ક્ષીરનો વિવેક કેળવવા પણ માણસે ઘણું વાંચવું પડતું હશે." લુણસર ગામમાંથી પાંચ ગુજરાતી પછીના અભ્યાસ માટે નજીકના મોટા ગામ વાંકાનેર હાઇસ્કૂલમાં ભણવા ગયા.

વાંકાનેરમાં લાઇબ્રેરી શોધી કાઢી. અહી લાઇબ્રેરીની ફી ભરવાનો પ્રશ્ન થયો. ફી કેવી રીતે કાઢવી? પરંતુ અહી ફરી તેમના નિર્ણયમાં રહેલી દૃઢતાના દર્શન થાય. પરીક્ષાના સમયે એકાદ-બે વિદ્યાર્થીઓને ભણાવવાનું કામ કરીને તેમાંથી કમાણી કરી પુસ્તકાલયની ફી મેળવનાર કિશોર 'દર્શક' આવી નાની બાબતમાંથી પણ જીવનઘડતરની મોટી શીખ મેળવે છે. આપણી મહાકથાઓ પણ મનુભાઈએ અહી જ વાંચી. આમ, 'દર્શક'ની વાંચનયાત્રા બાળવયથી શરૂ થઈ. પછી તો જીવનભર તેમની અધ્યયનયાત્રા તેજ ગતિથી ચાલતી રહી. બાળવયનું વાંચન બાળકમાં ઘણી શક્તિઓની ખીલવણી કરે છે. બાળક જુદાં-જુદાં રસ સમજતો થાય છે અને તેને માણવાનું પણ ક્રમશ: શીખતો જાય છે. પુસ્તકોની પાંખે સફર કરતાં વિશ્વનું અંતર ટૂંકું થાય છે. જે-જે ભૂમિમાં શીલ, સૌંદર્ય તથા સંસ્કારનું દર્શન થાય તે ભૂમિ તેમજ તેના નિવાસીઓ સાથે વાચનના માધ્યમથી એક તંતુ આપોઆપ બંધાય છે. દુનિયાભરની ઘટનાઓને તેમજ વ્યક્તિઓને નાણવાની શક્તિ પણ વાચનના માધ્યમથી બાળક કે કિશોરના મનમાં ઘડાતી જાય છે તેમ જ ઘૂંટાતી જાય છે. ગાયકવાડી રાજ્યમાં દરેક શાળામાં એક પુસ્તકાલયની વ્યવસ્થા ઊભી કરવામાં આવતી, તેનો લાભ તે વિસ્તારના બાળકોને થયેલો છે જ. અંતે તો મહાન નવલકથાઓ કે મહાન કૃતિઓ મેળવવા માટે સારા વાચકોનું નિર્માણ કરવાનું કામ પ્રથમ કરવું પડશે. આ માટે બાળવયે વાચનની સંસ્કારદીક્ષા આપવામાં આવે તેની વ્યવસ્થા સમાજે-શિક્ષકોએ કાળજીપૂર્વક ગોઠવવી પડશે. 'દર્શક'દાદાના જીવન-ઘડતરમાંથી મળતી આ અમૂલ્ય શીખ છે.

'દર્શક'ના ઘડતરમાં નાનાભાઈ ભટ્ટનો ફાળો રહ્યો. નાનાભાઈ ભટ્ટના વ્યક્તિત્વ તથા કાર્યોથી ગુજરાત અપરિચિત નથી. કેળવણીના ગાંધીવિચારોને નાનાભાઈના કારણે વાસ્તવિક સ્વરૂપ મળ્યું. ખરા અર્થમાં ચાણક્યના વારસદાર સમાન

નાનાભાઈના વ્યક્તિત્વની ખૂબીઓ સમજવા મનુભાઈ પંચોળીએ આલેખેલી આ વાત ધ્યાનથી સાંભળવા જેવી છે:

“ગાંધીજીએ આફ્રિકાથી મુંબઈ બંદરે તરી હિન્દુસ્તાનમાં પ્રવેશ કર્યો તે 2015નું વર્ષ છે. ભાવનગરના તખ્તેશ્વર મંદિર પાસેના એક બૉર્ડિંગ હાઉસના દરવાજા પર ભરબપોરે ધમાલ મચી છે. શસ્ત્રસજ્જ શિકારીઓની ટોળી એક બંધ બૉર્ડિંગ હાઉસના દરવાજા બહાર ક્રોધ સાથે ભેલી છે. તેઓ પૂછપરછ કરે છે:

‘માસ્તર ક્યાં છે?’

‘નાનાભાઈ ઘરે નથી, બંદરે ગયા છે.’ અંદરથી છોકરાઓ જવાબ આપે છે.

‘તમારી કૂતરી ક્યાં છે? લાવો, મહારાજસાહેબે મગાવી છે.’

‘કૂતરી તો ક્યાંય રખડતી હશે. સાહેબ આવે પછી આવજો.’ છોકરાઓ બનાવટી જવાબ આપે છે.

‘અમે હમણાં તો એને ઝાંપામાં જતી જોઈ છે. અંદર જ છે. બારણાં ઉઘાડો, અમારે તપાસ કરવી છે.’

છોકરાઓ બારણાં આડા ઊભા છે. બહારથી શિકારીઓ બારણાં ખખડાવે છે. ધમકીઓ તથા ગાળો પણ બોલે છે. છોકરાઓ એકના બે થતા નથી. આ કાળુડી કૂતરી તથા તેના ગલૂડિયાં એમને જીવ જેવાં વહાલાં છે. એમની બૂમાબૂમ સાંભળી પડખેના ઓરડાની બારીમાંથી ડોકું બહાર કાઢી એક આધેડ મહિલા શિકારીઓને ધમકાવે છે: ‘એમ પરાણે ઘરમાં પેસવા માટેનો પ્રયાસ કરતાં લાજ-શરમ નથી આવતી?’

બરાબર એ જ સમયે જેમની રાહ જોવાતી હતી એ માસ્તર આવે છે. માસ્તરના મોઢા પર ખડકની દૃઢતા અને પ્રતિમાની નિશ્ચલતા છે, પણ પ્રતિમાની નિર્જીવતા નથી. સંન્યાસીના દંડ જેવું સીધું શરીર અને માથું પર્વતના શિખરની પેઠે ઊંચું રહેલું છે.

‘નાનાભાઈ! નાનાભાઈ! આપણાં ફળિયામાં શિકારીઓ પેઠા છે.’ એક વિદ્યાર્થી દોડતો આવીને ફરિયાદ કરે છે.

શિકારીઓમાં એક ઘરડો શિકારી આગળ આવી વાત સમજાવે છે: ‘માસ્તર! વાત એમ બની છે કે કાલે સાંજે મહારાજાસાહેબની ગાડી અહીંથી નીકળેલી. તેમણે અહીં બે ગલૂડિયાં રમતાં ભાળ્યાં. ગલૂડિયાં રૂપાળાં હતા. એમને થયું કે આપણે કૂતરી રાજમહેલમાં રાખીએ તો તેની ઓલાદ સરસ થાય, એટલે અમને આજ કૂતરી લેવા મોકલ્યાં.’

‘પણ કૂતરીને લઈ જાઓ તો ગલૂડિયાં મરી જાય, ધાવે કોને?’ છોકરાંઓ બોલ્યા.

‘એ તો દૂધ પવાય.’ શિકારી કહે: ‘લ્યો, માસ્તર! હવે કૂતરી લાવો.’

'કૂતરી તો નહીં મળે.' માસ્તર દૃઢતાથી બોલ્યા.

'તમે શું બોલો છો તેનું કાંઈ ભાન-બાન છે? અમે તમારી હારે માથાઝીક કરવા નથી આવ્યા. કૂતરી આપો, નહીતર ઝાંપો તોડી અંદર આવીશું.'

માસ્તક એક વિદ્યાર્થીને મોકલી સંસ્થાના મકાનમાં કોઈ બળજબરીથી પ્રવેશ કરવા માગે છે તેની પોલીસચોકીમાં ફરિયાદ નોંધાવવા સૂચના આપે છે. માસ્તરને સૌ ઓળખે. માસ્તરે કૉલેજની મોટા પગાર તથા મોભા સાથેની પ્રોફેસરી છોડીને બાળકોને ચકા-ચકીની વાતો કહેવાનું કામ સ્વેચ્છાએ સ્વીકાર્યું છે, આથી પોલીસ ઉપરી તેના માણસો સાથે તરત જ સ્થળ પર આવે છે. પરંતુ અહીં આવીને રાજ્યના શિકારીઓને જોઈને સહેજ ખચકાય છે. પૂરી વાત સમજ્યા પછી મામલત વગરની કૂતરી માટે ઝઘડો છે તેમ તેઓ સમજ્યા. આથી પોલીસ અધિકારી માસ્તરને કહે છે: 'કૂતરી આપી દો ને!'

'કૂતરી તો શું, પણ આ ફળિયાની કાંકરી પણ આપવી કે ન આપવી એ મારી મુનસફીની વાત છે.' માસ્તરની દૃઢતા કાયમ રહી.

'બે દોકડાની કૂતરી માટે મહારાજાસાહેબ સાથે દુશ્મનાવટ કેળવશો? રાજ્યના હજાર કામ તમે સંસ્થા લઈને બેઠા છો એટલે પડશે.' પોલીસ અધિકારીએ વ્યવહારુ સલાહ આપી.

'કૂતરીનો સવાલ નથી, જબરદસ્તીનો સવાલ છે. જબરદસ્તીને હું નમતું નહીં આપું.' નાનાભાઈ ફરી એ જ દૃઢતા સાથે કહે છે.

પોલીસ અધિકારી સજ્જન છે, મૂંઝાય છે. અંતે સમસ્યાનો ઉકેલ કરવા માટે ખુદ મહારાજસાહેબ સાથે ફોન પર માસ્તરની હાજરીમાં વાત કરે છે. આ તો ભાવનગરના સંસ્કારી મહારાજા છે. તેઓ નિર્ણય આપે છે:

'શિકારીઓ ગાળો કાઢતા હોય તો તેમને કાઢી મૂકો.'

કૂતરી બચાવવાનો પ્રશ્ન કદાચ ગૌણ હતો, પરંતુ નાગરિકનું સ્વમાન સાચવવાનો વિશેષ હતો." વર્તનના આવા અસાધારણ નૈતિક બળ સાથે તમામ જોખમ સમજપૂર્વક ઊઠાવનાર નાનાભાઈના હાથે મનુભાઈનું ઘડતર થાય તેમાં શી મણા રહે? બંનેમાંથી કોના વખાણ કરીએ?

હાલાજી, તારા હાથ વખાણું,
કે પટ્ટી તારા પગ વખાણું.

એક સમર્થ સર્જક તરીકે મનુભાઈના લોહીમાંથી જ જાણે સાહિત્યસર્જનની છોળો સહજ રીતે ડતી હોય તેમ લાગે. તેમના દોરેલા આવા અનેક શબ્દચિત્રો માણવા જેવા છે. સંઘેડાઉતાર ગદ્ય તેમને માતા સરસ્વતી તરફથી મળેલ મોંઘેરી ભેટ હોય તેમ લાગે.

આપણા યુગના મહાકવિ ઉમાશંકરે યથાર્થ કહ્યું છે: "નાનાભાઈ એક અનોખી વિભૂતિ અને નસીબદાર કે તેમને 'દર્શક' મળ્યાં. સૌ મહાજનોનું નાનાભાઈ જેવું સદ્ભાગ્ય નથી હોતું."

મનુભાઈ પોતાનું સંપૂર્ણ જીવન મસ્તીથી જીવ્યા. અધ્યાપનકાર્યને આકંઠ પ્રેમ કર્યો. સમર્થ સર્જક તરીકે સમાજ અને સાહિત્યની ઝોળી પોતાની કાળજયી રચનાઓથી છલકાવી દીધી. ખેતીમાં પણ સંપૂર્ણ જીવ પરોવીને નવા-નવા પ્રયોગ પદ્ધતિને વિકસાવવા માટે ગામડાંમાં ધૂણી ધખાવીને બેઠા. સમાજની શિક્ષણની નબળાઈઓ સામે ફરિયાદ કરીને બેસી ન રહ્યા. આવી અપૂર્ણતાઓ ખાળવા માટે શિક્ષણના યજ્ઞકાર્યમાં આજીવન આહુતિ આપી તથા અનેકને તે પંથે વાળ્યાં. વાતો કરવાથી શું વળે, એ કબીરવાણીનું હાર્દ જીવનમાં તાર્યું.

બાતેં તિમિર ન ભાજઈ,
દિયા, બાતી, તેલ.

'દર્શક'ની કેળવણીમાં વિદ્યાર્થીના સર્વાંગી વિકાસની વાત મૂળમાં હતી. કોઈ એક વિષયમાં નબળો વિદ્યાર્થી જીવનમાં પણ નબળો ગણાય તેવી વાત મિથ્યા છે, તે તેમની સ્પષ્ટ દૃષ્ટિ હતી. પરીક્ષામાં પ્રથમ ક્રમ લાવનાર જ ઉત્તમ છે તે થિયરી જે આજકાલ પૂરજોશમાં ચાલે છે તેનું પણ તેમણે સમર્થન કર્યું નથી. અંતે કેળવણી તો જીવનઘડતર છે. આ સંદર્ભમાં માઇક્રોસોફ્ટના સી.ઈ.ઓ. તરીકે પસંદગી પામેલા ભારતીય મૂળના સૂર્યા નડેલાની વાત પ્રાસંગિક છે. ઑલ ઇન્ડિયા રેડિયોના નડેલા પરના ઇન્ટરવ્યૂ-અહેવાલો મુજબ તેઓ જે શાળામાં ભણતા હતા તે શાળાના શિક્ષકોએ તેમને 'આઉટ સ્ટેન્ડિંગ' કે 'બ્રિલિયન્ટ' જે હંમેશાં રેન્કર હોય તેવા વિદ્યાર્થી તરીકે ગણાવ્યા નહી. હા, તેઓ અભ્યાસુ, ખંતીલા તથા નિષ્ઠાવાન વિદ્યાર્થી ચોક્કસ હતા, તેમ પણ તેમના ગુરુજનોએ પોતાની સ્મૃતિને ઢંઢોળીને કહ્યું. વિષયના જ્ઞાન સાથેસાથે સમગ્ર જીવનઘડતર કરે તથા જવાબદાર અને સંવેદનશીલ માનવીનું લક્ષ ધ્યાનમાં રાખીને જે શિક્ષણની વ્યવસ્થા ગોઠવાય તે જ ખરા અર્થમાં કેળવણી છે. ગાંધી, નાનાભાઈ, ગિજુભાઈએ આ દિશામાં નક્કર પ્રયોગો કરીને વાત સમજાવી છે. આથી 'દર્શકે' કેળવણીના જે વિચારો રજૂ કર્યા છે તથા તેના જે-જે પ્રયોગો કર્યા છે તે સર્વ કાળે પ્રાસંગિક ગણાય તેવા છે. 'કેળવે તે કેળવણી' એ સૂત્ર યાદ રાખવા જેવું છે.

મનુભાઈ પંચોળી 'દર્શક'નું જીવન તથા તેનું વિચારતત્ત્વ યુવાનો- વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનું કામ ખૂબ મહત્ત્વનું છે. ખૂબ જરૂરી પણ છે. 'દર્શક'ની જીવનયાત્રામાં વણાયેલ વિચારોનું મૂલ્ય સમજવાની તથા તેને જાળવવાની સમાજની સામૂહિક જવાબદારી છે.

*

20

માંડી મેં તો મનના ઉમંગ કેરી લહાણી રે

ફળ પરથી વૃક્ષની અમાપ સમૃદ્ધિનો અણસાર આવે તેમ નારાયણ દેસાઈના જીવનને તથા તેમની અવિરત કર્મશીલતાને જોઈને મહાદેવભાઈ દેસાઈની જીવનભરની તપશ્ચર્યા યાદ આવે છે. મહાદેવ દેસાઈની ચિરવિદાયને યાદ કરીને ગાંધીજી મહાદેવના મરણને યોગી તથા દેશભક્તના મરણ તરીકે ઓળખાવે છે. મહાદેવભાઈના મરણના સંદર્ભમાં એક ભાવપૂર્ણ વાત પ્રસિદ્ધ છે. સુશીલા નાયર ગાંધીજીને કહે છે: "બાપુ! મહાદેવભાઈ ગયા તે ક્ષણે આપ થોડા વિહ્વળ થઈ ગયા હતા, કારણ કે આપ 'મહાદેવ, ઊઠો મહાદેવ! તેમ બોલતા હતા."

યુગપુરુષ બાપુ કહે છે: "તેમાં વિહ્વળતા ન હતી, પણ એક શ્રદ્ધા હતી." પછી ઉમેરે છે: "મને હતું કે જો મહાદેવ એક વાર આંખ ઉઘાડીને મારી તરફ જોશે તો હું એમને કહીશ કે ઊભા થઈ જાઓ. મારી આજ્ઞા મહાદેવ ઉથાપે નહીં. આથી મને શ્રદ્ધા હતી કે જો એ શબ્દો મહાદેવના કાને પડે તો મોતનો સામનો કરીને ઊભા થઈ ગયા હોત." આવી અનેક ભાવપૂર્ણ તથા પ્રેરણાદાયક વાતો લખીને નારાયણભાઈએ ખરા અર્થમાં પિતૃતર્પણનું પવિત્ર કાર્ય કર્યું છે. 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' ચિરંજીવ રહેવા લખાયેલું સર્જન છે. નારાયણ દેસાઈને એક કર્મશીલ માનવ ઉપરાંત ઉત્તમ ગદ્યકાર તથા અનોખા કથાકાર તરીકે પણ ગુજરાતની ભાવિ પેઢીઓ યાદ કરશે.

નારાયણ દેસાઈએ 'ગાંધીકથા'ના માધ્યમથી ગાંધીવિચારના ગુલાલની મુક્તપણે લહાણી કરી છે. તેમના સાહિત્યસર્જન સહિતના અનેક સુકૃત્યો પૈકી ગાંધીકથાનું કામ તેમના અનેકવિધ કાર્યોમાં સુવર્ણ કળશ સમાન છે. ગાંધીજીવનના અનેક પ્રસંગોની તેમાં માણવી ગમે તેવી તેમજ પ્રેરણાદાયક રસલ્હાણ છે. સમાજમાં ગાંધીવિચારની ઉજ્જવળ જ્યોત પ્રગટાવવા તેમજ ટકાવવા માટેનો આ યશ અલેખે જાય તેવો નથી. આ લહાણીની ઉજાણી દેશ-વિદેશના અનેક લોકો વચ્ચે અનેક સ્થળોએ કરવામાં આવી છે.

માંડી મેં તો મનના ઉમંગ કેરી લહાણી રે,
આવો જેને કરવી હોય ઉજાણી રે. માંડી...

જીવતર કાંટા ઝાઝેરા વીણીને
હૈયામાં દીધાં ડૂબાડી રે...

એ રે કાંટાનું આજ મધ બન્યું મીઠું,
ફૂલડે સુગંધ ઉડાડી રે...

માંડી મેં તો મનના ઉમંગ કેરી લહાણી રે.

મહાદેવ દેસાઈના પનોતા પુત્રે ગાંધીજીની હૂંફમાં બાળપણ પસાર કર્યું. યુવાની અને જીવનના પાછળના વર્ષોમાં વિનોબાજી તથા જયપ્રકાશ નારાયણના કાર્યમાં પોતાનો સિંહફાળો આપ્યો. કઠિનમાં કઠિન કાર્યમાં પણ તેમની શ્રદ્ધા તથા કાર્યનિષ્ઠાને કારણે ઉત્તમ પરિણામ મેળવી શકતા હતા. 1953માં તેમના પંચમહાલના પ્રવાસની વિગતો તેમણે આલેખી છે. નારાયણભાઈના અનુભવની વાતો દિશાદર્શન કરાવી શકે તેવી તથ્યવાન છે. પ્રવાસનો હેતુ ભૂમિદાન મેળવવાનો હતો. વિનોબાજીએ રાષ્ટ્રવ્યાપી છેડેલી અહિંસક ચળવળના એક હિસ્સા તરીકે આવી ભૂદાનયાત્રાઓ ગોઠવવામાં આવતી હતી. જેમની પાસે ખેતીની વધારે જમીન હોય તેમની પાસે સ્વૈચ્છિક રીતે અને સમજાવટથી આવું ભૂમિદાન મેળવવાની બાબા(વિનોબાજી)ની પ્રથા હતી. જેઓ ભૂમિહીન છે અને ખેતમજૂરી પર પોતાનું જીવન સુખ-સલામતીના અભાવમાં પસાર કરે છે, તેમને આવી દાનમાં મેળવાયેલી જમીન આપી દેવાની પ્રથા બાબાના આંદોલનની મધ્યવર્તી બાબત હતી.

ગુજરાત સહિત દેશના અનેક ભાગોમાં ભૂદાનયાત્રાઓ યોજવામાં આવી. નારાયણ દેસાઈ આવી એક યાત્રામાં પંચમહાલ જિલ્લાના અંદરના ગામડાંઓમાં ફરતા હતા. ભૂમિહીનો માટે ખેતીની જમીનનું દાન મેળવવાના પ્રયાસ કરતા હતા. જમીનનો મોહ લગભગ દરેક વ્યક્તિને હોય છે. આથી જમીનનું દાન મેળવીને ભૂમિહીનને જમીન આપવાનું કામ પડકારરૂપ હતું, અઘરું હતું. પરંતુ બાબા તથા નારાયણ દેસાઈ જેવા બાબાના અનુયાયીઓ પડકારોને પણ પડકારનારા હતા. અનેક સારા અથવા નબળા અનુભવો છતાં મહદંશે અનેક માનવીઓના મનમાં માનવીય ગૌરવનો તથા સાધનવિહોણા ભાંડુઓ તરફ સહાનુભૂતિનો ભાવ તેઓ જાગૃત કરી શક્યા હતા. આર્થિક ક્રાંતિ માટેના સામૂહિક પ્રયાસોમાં વિનોબાજીનો ભૂદાનનો પ્રયાસ એ કદાચ વિશ્વનો એક અદ્વિતીય પ્રયોગ છે.

ગાંધીજીના જીવન તથા કાર્યો બાબતમાં નારાયણ દેસાઈ જેટલી પ્રમાણભૂતતા તેમજ વિશ્વસનીયતા વર્તમાનમાં ભાગ્યે જ બીજા કોઈના કથનમાંથી પ્રાપ્ત થઈ શકે. 'ગાંધીકથા' જેવો શબ્દ નારાયણભાઈના કારણે સમગ્ર વિશ્વમાં જાણીતો થયો છે. નારાયણભાઈની કથા એ 'ઉમંગની લહાણી તથા સુખનો ગુણાકાર' આપતો ધન્ય પ્રસંગ છે તેવું ધીરુભાઈ ઠાકરનું વિધાન યથાર્થ છે. માનવસહજ મર્યાદાઓથી ભરેલા માણસની અપ્રતિમ વિકાસગાથા એ ગાંધીકથાનું હાર્દ છે. એમની પ્રવાહી શૈલીમાં

કહેવાયેલી કેટલીક વાતો ભૂલી શકાય તેવી નથી. ગાંધી સાથેના સહવાસનો પ્રસંગ આલેખતાં કહે છે:

"સાબરમતી નદીમાં બાપુ સાથે માત્ર નાહ્યા જ નથી, પરંતુ પાણીની છાલકો એકબીજાને મારી છે. ગાંધીજીની 60-62 વર્ષની ઉંમર અને તેમનાથી 56 વર્ષ નાનો આ બાબલો. હજારો માઇલ દૂર ઈક્વાડોરમાં ગાંધીકથા પૂરી થયા બાદ આધેડ ઉંમરના એક ભાઈ મારો હાથ પકડી લે છે. પછી હાથ છોડે જ નહી અને હાથ હલાવતાં-હલાવતાં 'થૅન્ક યુ' કહ્યા કરે. પેલા ભાઈ બીજું શું કહે છે તે સમજવા માટે સ્પેનિશ ભાષા જાણતા દુભાષિયાને પૂછ્યું તો તે ઉત્તર આપી ખુલાસો કરે છે. કહે છે કે તમે કથામાં કહેલું ને કે તમે 5-7 વર્ષના હતા ત્યારે તમારા ખભે હાથ મૂકીને ગાંધી ચાલતા હતા. મેં હા કહી, આથી અનુવાદક કહે છે કે પેલા આધેડ વયના કથા સાંભળવા આવેલા સજ્જન ભાવથી કહે છે કે ગાંધીના હાથ જેના ખભાને અડ્યા છે એના હાથને અડીને મારે થૅન્ક યુ કહેવું છે, જેથી તેનું સ્પંદન હું અનુભવી શકું!" વિશ્વમાનવ ગાંધીનું વ્યક્તિત્વ કેવું તથા કેટલું મહોરેલું છે તે જાણવા-સમજવા એક જન્મ પણ કદાચ ઓછો પડે.

મૂઠી ઊંચેરા એ ઊભા હતા,
કોઈને નીચા પછાડ્યા વિના,
ભૂખ્યાના ઉદર ભરાવ્યા હતા,
ગરજુ કે દીન બનાવ્યા વિના,
ગાંધીએ જંગ જીત્યા હતા,
સામેનાને હરાવ્યા વિના.

નારાયણ દેસાઈની 'ગાંધીકથા' બાબતમાં કનુભાઈ જાની સુંદર વાત કરે છે. તેઓ કહે છે: "એવી કોઈ કથા નહી હોય કે જેમાં તેનું એક પાત્ર કથાની બહાર નીકળીને કથા માંડતું હોય!" નારાયણ દેસાઈની વાતો કહેવાની અધિકૃતતા કથાનું એક મહત્ત્વનું પરિમાણ છે.

કથા-પરંપરા આપણી સંસ્કૃતિમાં નવી કે અજાણી બાબત નથી. લાંબા કાળથી કથા-વાર્તાનો અવિરત પ્રવાહ અનેક સ્રોતથી રેલાયો છે અને જનસમૂહમાં સુપેરે ઝીલાયો છે. કથનશૈલીની સાથે તેની અલગ-અલગ વિશિષ્ટતાઓ પણ જોડાયેલી છે. નજીકના ભૂતકાળમાં ડોંગરેજી મહારાજની કથામાં કેન્દ્રસ્થાને ભકિતના ભાવે અનેક શ્રોતાઓને ભીજવ્યા છે. વર્તમાનકાળમાં સુપ્રસિદ્ધ રામાયણી મોરારિબાપુ તથા રમેશભાઈ ઓઝા પણ કથાઓના માધ્યમથી સંસ્કારની સરવાણી દેશ- વિદેશમાં અનેક સ્થળોએ કુશળતાપૂર્વક રેલાવી રહેલા છે. આ માહોલમાં નારાયણ દેસાઈએ તેમના જીવનકાળમાં શરૂ કરેલો ગાંધીકથાનો Innovative પ્રયોગ વિશાળ લોકસમૂહે ખૂબ આદરભાવથી

વધાવ્યો છે તેમ કહી શકાય. પરંપરાગત કથાઓના પાત્રો ધીરુભાઈ ઠાકર કહે છે તેમ દિવ્યકતથા કલ્પિત હોય છે, જ્યારે ગાંધીકથાના પાત્રો વાસ્તવિક તથા પરિચિત લાગે છે.

નારાયણ દેસાઈ માટે આ વાસ્તવિક જીવનના અનેક પ્રસંગોની સ્મરણયાત્રા છે. જેમાંના કેટલાક પ્રસંગો તેમણે સ્વયં જોયા-અનુભવેલા કે સાંભળેલા છે. નારાયણભાઈની વિદ્વત્તા તથા શૈલીના સુભગ સમન્વયથી શ્રોતાઓ તેમાં અનાયાસે ખેંચાય છે. ડિસેમ્બર માસની તારીખ ચોવીસમીના રોજ આવતી નારાયણભાઈની જન્મજયંતીના પ્રસંગે તેમને યાદ કરતાં આનંદની અનુભૂતિ થાય છે. ગાંધીકથામાં અનેક ભાતીગળ પ્રસંગો સાથેસાથે પ્રસંગને અનુરૂપ તેવા ગીત કે ધૂનની પણ રમઝટ બોલતી રહે છે.

અમે મિથ્યા વચન કદી બોલશું ના,
અમે વાણીમાં ઝેર કદી ઘોળશું ના,
અમે જીવનને વેડફી નાખશું ના,
અમે ખોટું વર્તન કદી સાંખશું ના,
અમે મિથ્યા વચન કદી બોલશું ના.

નિત્ય વિકાસશીલ એવા મહામાનવની આ ગાંધીકથા તથા તેમાં નારાયણ દેસાઈની શૈલી એ સોનામાં સુગંધ ભળ્યા બરાબર છે. નારાયણભાઈ ખૂબ નિખાલસતાથી તેમજ પૂરા ભાવથી ગાંધીજીની તેમના મન પર જે છાપ પડી છે તે વાતો મુક્ત કંઠે કથામાં કરે છે. જેવા ગાંધી તેમણે જોયા તેવા જ ગાંધીની મૂર્તિ આપણી સમક્ષ મૂકે છે. તેમની વાતોમાંથી-પ્રસંગોમાંથી પૂર્ણ ગાંધીનું એક રૂપ આપણી સમક્ષ ભરીને આવે છે. ગુલામી કે ગરીબી સામે લડનાર ગાંધી તો ખરા જ, પરંતુ સમગ્રતયા ગાંધીનો જીવન તરફનો સર્વાંગી દૃષ્ટિકોણ આપણે જોઈ શકીએ છીએ તે આ કથાની ખાસિયત છે. કસ્તૂરબા સાથેના લગ્ન પછી ગાંધીજીનો આગ્રહ કે દરેક નાની-મોટી બાબતમાં કસ્તૂરબાએ ગાંધીજીને પૂછીને જ આગળ વધવું. એક authorityનો પુરુષસહજ ભાવ આ બાબતમાં જોઈ શકાય, પરંતુ સામે કસ્તૂરબાનું વલણ કેવું!

ગાંધીજીને પૂછીને દરેક સ્થળે જવાનું કે દરેક કામ કરવાનું કબૂલ, પરંતુ મંદિરમાં જવા માટે પૂછવાની જરૂર ન હોય. કારણ? મંદિરમાં શ્રદ્ધાના સ્થાને જેની બેઠક છે તે તો મોટી authority છે. આથી મંદિર જવાની બાબતમાં ગાંધીજીની સંમતિ નહી લેવાની. નિર્ણય કસ્તૂરબાનો તથા તેનો અમલ પણ પૂરા વિવેક છતાં પૂરી નિર્ભયતા અને સ્પષ્ટતાની સાથે. સવિનય કાનૂનભંગનો પાઠ કદાચ બાના આવા વલણથી બાપુને શીખવા મળ્યો હશે.

બે માનવીને જન્મ તથા જાતિના ભેદને કારણે અલગ તારવવાની સંકુચિત મનોવૃત્તિને મૂળમાંથી નાબૂદ કરવા ગાંધીજી જીવનભર ઝઝૂમ્યા હતા. ગાંધીકથામાં નારાયણ દેસાઈ કહે છે તેમ ગાંધીજી જીવનના છેલ્લા દસકામાં જ્ઞાતિવિચ્છેદને અનુરૂપ હોય તેવા લગ્નમાં હાજરી આપતા. "બાપુ કહેતા કે બે પાત્રોમાંથી એક સવર્ણ હોય તથા એક બાપુના શબ્દોમાં કહું તો હરિજન હોય તો જ બાપુ લગ્નમાં હાજરી આપે." સમાજ માટે કલંકરૂપ એવી જાતિ વ્યવસ્થાનો છેદ કરવા માટે ગાંધીનો આ સંકલ્પ હતો. હવે પ્રશ્ન આવ્યો નારાયણ દેસાઈના લગ્નમાં બાપુની હાજરીનો! મહાદેવભાઈ તે સમયે ચિરનિદ્રામાં પોઢી ગયેલા, આથી નરહરિભાઈએ બાપુ સાથે વાત ચલાવી. કાન દઈને સાંભળવા-માણવા જેવી આ વાત છે.

નરહરિભાઈ કહે: "બાપુ! મારે તમારી સાથે પ્રાઇવેટ વાત કરવાની છે." બાપુએ તેના પ્રત્યુત્તરમાં વિનોદ કર્યો: "નરહરિ! તમારે આટલી ઉંમરે પ્રાઇવેટ વાત કરવાની છે?" નરહરિભાઈએ તમામ કુશળતા એકઠી કરી વાત માંડી: "બાબલાએ (નારાયણ દેસાઈએ) લગ્ન કરવાનો વિચાર કર્યો છે." બાપુ કહે: "બાબલો લગ્ન કરવા જેવડો થઈ ગયો?" હવે આ ચતુર સુજાણ યુગપુરુષને આગળ-પાછળની તમામ કહેલી-વણકહેલી વાતના એંધાણ મળી ગયા કે દુર્ગાબહેન (નારાયણભાઈના બા) તથા નરહરિભાઈની ઇચ્છા બાપુ લગ્નમાં હાજરી આપે તેવી હતી અને જે સ્વાભાવિક અપેક્ષા હતી, પરંતુ નારાયણના લગ્નમાં હાજરી આપે તો બાપુની જાતિ વિચ્છેદ થતો હોય તેવા લગ્નમાં જ હાજરી આપવાના સંકલ્પનું શું થાય? આ લગ્ન તો બાપુના ધોરણ અનુસારનું ન હતું. પછી સદીના શ્રેષ્ઠ પુરુષ મેઘ-ગંભીર કંઠે નરહરિભાઈને જવાબ આપે છે: "બાબલો તો આપણો દીકરો કહેવાય. દીકરો છે તેથી તેના માટે તો મારા સંકલ્પમાં અપવાદ ન થઈ શકે. દુર્ગાને કહેજો કે બાબલાને મારા આશીર્વાદ જરૂર મળશે, પરંતુ મારી હાજરી નહીં." સંકલ્પની આ તેજપુંજ સમાન અભિવ્યક્તિ ભીષ્મપ્રતિજ્ઞાની હરોળમાં ઊભી રહે તેવી છે.

તે સમયે અસાધ્ય ગણાતા રક્તપિત્તના રોગથી પીડાતા પરચૂરે શાસ્ત્રીની વાત નારાયણભાઈ થકી આપણા સુધી પહોંચી છે. શાસ્ત્રીજી સંસ્કૃતના વિદ્વાન હતા. તેમના કુટુંબે તેમને ત્યજી દીધા હતા. તેઓ સેવાગ્રામ આશ્રમમાં ફક્ત શાંતિથી મોતના શરણે જવા માટે આશ્રય માગતા હતા. ગાંધીજીએ રાજીખુશીથી તેમને આવકાર્યા. પછી બાપુ શાસ્ત્રીજીને કહે છે: "તમારી આશ્રમમાં રહેવાની ઇચ્છા અમને કબૂલ છે, પણ તમારી બીજી ઇચ્છા – મરવાની અમને માન્ય નથી. અમે તમને સાજા કરવા મથીશું." સમગ્ર વિશ્વને કલ્યાણમાર્ગે દોરીને સાજા કરવાની શક્તિ ગાંધીવિચારમાં ધરબાયેલી છે. આ વિચારો આચરણમાં મૂકીને જીવનભર તેનો પ્રચાર-પ્રસાર કરનાર નારાયણ દેસાઈ અંધકારમાં દીવાદાંડી સમાન છે.

*

21

સંવેદનશીલ શાસકનું
પાવન સ્મરણ

ગોંડલ રાજ્યના લોકોને જાણકારી હતી કે તેમના રાજવી બે ઘોડાની બગીમાં નગરયાત્રાએ નીકળતા હતા. પોતાના શાસનકાળમાં આ રાજવીને મોટરકારોની કમી ન હતી, પરંતુ ખુલ્લી બગીમાંથી ખુલ્લી આંખે નગરની દરેક બાબતનું સ્પષ્ટ દર્શન થઈ શકે. બગીની ઝડપ પણ કારના પ્રમાણમાં ઓછી હોય, તેથી જે બાબતો જુએ તેની સુરેખ છાપ મનમાં નોંધી શકાય તેવી પણ આ વિચક્ષણ રાજવીની માન્યતા હશે. આ સંદર્ભમાં નોંધાયેલી એક ઘટના શાસકની ન્યાયપ્રિયતા તથા કાનૂનની મર્યાદામાં રહીને વર્તન કરવાની રૂડી રીતભાતનો પરિચય આપે છે.

જાહેર રસ્તાઓ પર થતા નાના-મોટા અકસ્માતો રોજિંદી ઘટના છે, પરંતુ ગોંડલ તથા ભગવતસિંહજીના સંદર્ભમાં નોંધાયેલી આ હકીકત વિશેષ છે. મહારાજાની બગી તેની સામાન્ય ઝડપે એક વળાંકવાળા રસ્તા પર જતી હતી. તે સમયે સામેથી આવતી એક ટ્રક મહારાજાની બગી સાથે અથડાઈ. ટ્રકની તાકાતને કારણે બગી થલી પડી. બગી સાથે જોડવામાં આવેલા બંને ઘોડા પણ ઇજાગ્રસ્ત થયા. આ પ્રસંગે રાજવીએ પોતાની સ્વસ્થતા સહેજ પણ ગુમાવી નહીં. રાજવીના મુખ પર કે શબ્દોમાં ક્રોધની અભિવ્યક્તિ ન થઈ. રાજવી માટે બીજી બગીની વ્યવસ્થા કરવામાં આવી. ભગવતસિંહજી તે બગીમાં બેસીને સ્વાભાવિક ક્રમમાં પોતાના આગળના કાર્યમાં પરોવાયા, પરંતુ રાજ્યના તંત્રને આવી ઘટના કેવી રીતે ગળે તરી શકે? મહારાજાની બગીને ટક્કર મારનાર ડ્રાઈવરે તો સજા ભોગવવી જ રહી તેવી તંત્રની માન્યતા સહજ હતી. ડ્રાઈવરને વિનાવિલંબે પકડી લેવામાં આવ્યો. મહારાજા સમક્ષ બીજા દિવસે દરબારમાં તેને રજૂ કરવામાં આવ્યો. ડ્રાઈવર સ્વાભાવિક રીતે જ ડરના કારણે ધ્રૂજતો હતો.

રાજવીએ નિર્ણય સંભળાવતાં કહ્યું: "અકસ્માત થયો તેમાં દોષ ટ્રક ડ્રાઈવરનો નથી. તે તો રાઈટ સાઈડ પર જ હતો. અમારી બગી રોંગ સાઈડે હતી, તેને છોડી મૂકો." ગોંડલના નરેશનું આ વલણ તેમના વહીવટમાં ન્યાયપ્રિયતાના ઉચ્ચ ધોરણોનું જ્વલંત ઉદાહરણ આપે છે. શાસનમાં હોય તે લોકો જો કાયદાની વ્યવસ્થા મજબૂત તથા છીંડા વગરની બનાવવા માગતા હોય તો તેની શરૂઆત ઉપરથી થાય તે વિશેષ અસરકારક બને છે. દેશી રજવાડાંઓ ઘણાં કિસ્સામાં એકાધિકારવાદ અને સ્વેચ્છા મુજબ વહીવટ કરનારા હતા. પરંતુ આવું વલણ સાર્વત્રિક ન હતું. ઇતિહાસે ગોંડલની આ ઘટના નોંધી

છે. તેનો સંદેશ દરેક કાળના શાસનકર્તાઓ સુધી પહોંચે ત્યારે જ મહાત્મા ગાંધીની કલ્પના મુજબનું સુરાજ્ય આવી શકે. આપણાં સ્વતંત્ર દેશમાં અને લોકશાહી વ્યવસ્થામાં આજે 'વી.આઈ.પી. કલ્ચર' સતત નજરે ચડે છે, ત્યારે ગોંડલની આ ઘટના ગૌરવની પ્રતીતિ કરાવે છે.

સામાન્ય રીતે જનતા એવા શાસકો તરફ વિશેષ સ્નેહ તથા આદર ધરાવે છે કે જેઓના જીવનમાં સાદગી સ્પષ્ટ રીતે જોઈ શકાતી હોય. સાદગીભર્યા તથા કર્મઠ જીવનના એક આદર્શરૂપ રાજવી ભગવતસિંહજી (ગોંડલ) હતા. આવા શાસકોનું વર્તન પણ જ્યારે એક સામાન્ય તથા જાગૃત નાગરિક જેવું હોય ત્યારે તેમાં સોનામાં સુગંધ ભળ્યા જેવું લાગે છે. કાયદાના પાલનની ગંભીરતા જો સત્તાસ્થાને બેઠેલા લોકો સમજતા હોય અને તે મુજબ પોતાનો વ્યવહાર ગોઠવતા હોય તો તે પ્રદેશ કે રાજ્યમાં કાનૂનના પાલન અંગે માહોલ ઊભો થાય છે. આજે પણ વિશ્વના કેટલાક વિકસિત દેશો કે જ્યાં લોકશાહી વ્યવસ્થા દૃઢ બનેલી છે અને સમાજ પોતાના હકો તેમજ ફરજો બાબત જાગૃત છે ત્યાં સુશાસનનો અનુભવ મહદંશે થાય છે.

ઉપર જે ઘટનાની વિગતો આપી છે તેમાં ગોંડલ નરેશની નમ્રતા તથા કાયદાના પાલનમાં કોઈ ભેદભાવ ન હોય તેવી મજબૂત વિચારધારાનું દર્શન થાય છે. કાયદાના પાલનમાં કુશળ નેતૃત્વ તથા તેવો જ જાગૃત સમાજ મળીને સ્વરાજ્યનું પરિવર્તન સુરાજ્યમાં કરી શકે છે.

આ દીર્ઘદ્રષ્ટા રાજવીનો જન્મ 1865ની 24મી ઑક્ટોબરે ધોરાજીમાં થયો હતો. પિતા સંગ્રામજી અભ્યાસુ તથા વીરને છાજે તેવા તમામ લક્ષણો ધરાવતા હતા. રાજવી ભગવતસિંહજીના માતા આસ્થાની અખંડ મૂર્તિ સમાન હતા. આથી ભગવતસિંહજીને વીરતા તથા સાધુતા વારસામાં મળ્યા હતા. ભગવતસિંહજી ચાર વર્ષના બાળક હતા ત્યારે પિતા સંગ્રામસિંહજીનું અવસાન થયું. અઢાર વર્ષના યુવાન ભગવતસિંહજીને ગોંડલ રાજ્યનો કારોબાર 1884ના ઑગસ્ટ મહિનામાં સોંપવામાં આવ્યો. દેશ આઝાદ થયો તે પૂર્વે માર્ચ 1944માં ભગવતસિંહજી અપાર કીર્તિને વરીને પરમધામમાં સિધાવ્યા. લગાતાર છ દાયકા સુધી એક વિશાળ જનમતની નિરંતર પ્રશંસા અને સ્નેહાદર કોઈ શાસક મેળવી શકે તે ઇતિહાસમાં ભાગ્યે જ જોવા મળે તેવી ભાતીગળ ઘટના છે.

ગુજરાતીઓ ખરા અર્થમાં 'સાગરજાયા' છે. વિશ્વના અનેક દેશોમાં ગુજરાતીઓ દરિયો પાર કરીને ગયા છે. આ જ રીતે ગુજરાતના અનેક રાજવીઓએ પણ વિદેશોના વ્યાપક પ્રવાસ કરેલા છે. મોટા ભાગે રાજવી નબીરાઓએ પોતાની સંપત્તિના જોરે વિદેશોમાં જઈને મોજમજા કરી છે. ઉપરાંત પોતાના વ્યક્તિગત અહંને સંતોષ આપેલો છે. આ બાબતમાં પણ મહારાજ ભગવતસિંહજી અન્ય રાજવીઓથી અલગ જણાય છે. ઠાકોરસાહેબના આવા વિદેશપ્રવાસોનો લાભ ગોંડલના વિકાસને મળે તેવી તેમની

ખેવના તથા અભ્યાસુ દૃષ્ટિ હતી. પ્રજાની સુખસુવિધાઓ વધારવા માટે અને નવી વ્યવસ્થા ઊભી કરવા માટેના પ્રયાસો ગોંડલના વહીવટની ઉજળી બાજુનું દર્શન કરાવે છે. રાજવીના વિદેશ પ્રવાસો થકી રાજ્યના નાણાંનો સહેજ પણ દુર્વ્યય ન થાય તેની કાળજી ભગવતસિંહજીના સ્વભાવમાં વણાયેલી બાબત હતી.

મહારાજાએ 1883માં ઇંગ્લૅન્ડની મુસાફરી કરી. પ્રવાસની વિગતો તેમણે ઝીણી દૃષ્ટિથી નોંધી હતી. આ વિગતો પરથી 'JOURNAL OF A VISIT TO ENGLAND IN 1883 ' નામનો રાજવીએ લખેલો ગ્રંથ પ્રસિદ્ધ થયો. આ ગ્રંથમાં મહારાજા વિદેશની ધરતી પર વઢવાણના ઠાકોર દાજીરાજને મળ્યા તેનો ઉલ્લેખ છે. ઠાકોરસાહેબને એવી લાગણી પણ થાય છે કે વિદેશમાં પોતાના વતનની રીતભાત, પહેરવેશ તેમજ ભાષા બોલનારા લોકો મળે તો તેનો અનોખો આનંદ થાય છે, એક જુદા પ્રકારનું આકર્ષણ થાય છે. આવી અનુભૂતિ જે ઠાકોરસાહેબને સવાસો વર્ષ પૂર્વે થઈ તે આજના સંદર્ભમાં પણ પ્રસ્તુત છે. આપણો વિશાળ ગુજરાતી ડાયસ્પોરા આજે પણ પોતાના દેશમાંથી આવતા હમવતનોને લાગણી તથા યથાશક્તિ સહાય ઉદારતાથી પૂરી પાડે છે.

ભગવતસિંહજી કેમ્બ્રિજ તથા ઑક્સફર્ડ યુનિવર્સિટીઓમાં ગયા અને તેના સંસ્મરણો તેમની સ્મૃતિમાં ચિરસ્થાયી થયા. તેમણે તેમનાં સંસ્મરણો લખ્યા તેમાં આડંબર નથી. પાશ્ચાત્ય સમૃદ્ધિથી મુગ્ધ થયા સિવાય તેઓ નીરક્ષીર અલગ તારવીને રજૂ કરી શક્યા છે. નૃત્યના કેટલાંક પ્રયોગો જોયા પછી તેમણે આ વિદેશી નૃત્ય કરતાં અનેક બાબતોમાં આપણી નૃત્યકળા વિશેષ રસપ્રદ તથા આકર્ષક છે તે તરફ નિર્દેશ કરેલો છે. પ્રજ્ઞાચક્ષુઓની વ્યવસ્થા માટેની શાળાઓ જોઈને તેઓ પ્રભાવિત થાય છે. જે પ્રકારે સંવેદનશીલતાથી આવા લોકો સાથેનો વ્યવહાર તે દેશનો સંવેદનશીલ સમાજ ગોઠવે છે, તેનાથી તેઓને પ્રેરણા મળે છે. આ પ્રકારનું પ્રશંસનીય તથા જરૂરી કાર્ય આપણાં દેશમાં રાજ્ય તથા મહાજનોએ ઉપાડી લેવું જોઈએ તેવું તેમને લાગે છે. હિન્દુસ્તાનના વેપાર-વાણિજ્યને બ્રિટિશ સરકારની શોષણનીતિનો ભોગ બનવું પડે છે તેવી તેમને પ્રતીતિ થાય છે. સારી એવી પછડાટો ખાઈને તેઓ સાઇકલ ચલાવવાનું પણ વિદેશના આ પ્રવાસો દરમિયાન શીખ્યા. મહિલાઓને અપાયેલા અધિકારો તરફ તેમનું ખાસ ધ્યાન ગયેલું છે. આવી અનેક વિગતો તેમણે ઝીણા અવલોકનથી પ્રાપ્ત કરી તેમાંની કેટલીક પ્રજા ઉપયોગી બાબતોનો તેમણે પોતાના રાજ્યમાં ઠોસ અમલ પણ કરાવ્યો.

હિન્દીઓને વિશેષ રાજકીય અધિકારો મળવા જોઈએ તેની દૃઢ પ્રતીતિ ઠાકોરસાહેબને પોતાના વિદેશ પ્રવાસો થકી થઈ હતી. જે-તે સમયે હિન્દુસ્તાનની જાગૃતિમાં આ બધી બાબતો પૂરક તથા સમર્થક બની શકી હતી. આધુનિક ગોંડલના સર્જક મહારાજાએ ઇંગ્લૅન્ડ-ફ્રાન્સની અનેક સારી બાબતોનો ઉચિત ઉપયોગ કરી ગોંડલને વધારે

રળિયામણું તેમજ સુવિધાયુક્ત બનાવ્યું હતું. આ વિશ્વપ્રવાસી મહારાજાના મૂળ તો ગોંડલની ધરતીમાં ધરબાયેલા હતા, આથી તેમના પ્રયાસોમાં આંધળું અનુકરણ નહી, પરંતુ સારી બાબતોનો વિવેકપૂર્ણ સ્વીકાર જોવા મળે છે. 'આ નો ભદ્રા: કૃતવો યત્નુ વિશ્વત:'વાળો 'ઋગ્વેદ'નો મંત્ર ભગવતસિંહજી વાસ્તવિક રીતે જીવનમાં ઉતારીને સાર્થક કરી ગયા હતા.

કેળવણીના ક્ષેત્રમાં વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ તથા ગોંડલનરેશ ભગવતસિંહજીનું પ્રદાન ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલી ઘટનાઓ છે. કન્યા કેળવણી ગોંડલ રાજ્યમાં ફરજિયાત તથા નિ:શુલ્ક હોવાથી મહિલાઓની જાગૃતિના એક નૂતન યુગનો પ્રારંભ ગોંડલ રાજ્યમાં થયો. શાળાના પાઠ્યપુસ્તકો સુયોગ્ય હોય તેની તકેદારી મહારાજા પોતે રાખતા હતા. ખરા અર્થમાં મહારાજા શિક્ષણનો જીવ હતા. રાજ્યના શિક્ષણની ગુણવત્તામાં સુધારો થાય તે હેતુથી તેમણે ખાસ વાચનમાળા તૈયાર કરાવી હતી. બાળકોમાં સામાન્ય જ્ઞાન વધે તે સાથે જ તેમનામાં સ્વદેશપ્રેમ તથા જાગૃતિ નાની વયથી કેળવાય તેની તકેદારી આવા પ્રયાસો પાછળ કેન્દ્રમાં રહેતી હતી. ગોંડલમાં કેળવણીની મજબૂત વ્યવસ્થા ઊભી કરવામાં મહારાજાની દૃષ્ટિ તથા રાજ્યના શિક્ષણ વિભાગના અગ્રણી ચંદુલાલ બહેચરલાલ પટેલની નિષ્ઠાયુક્ત કર્મઠતા પાયારૂપ બાબતો હતી.

મહારાજાની કાર્ય કરવાની પદ્ધતિમાં પ્રજાના લોકોને મળવા માટે નિયમિત રીતે સમયની ફાળવણી એ મહત્ત્વની બાબત હતી. રાજ્યનો કોઈ પણ નાગરિક મહારાજાને નિ:સંકોચ મળી શકે અને પોતાની સમસ્યા રજૂ કરી શકે તેવી ગોંડલ રાજ્ય જેવી સુઆયોજિત વ્યવસ્થા દેશી રાજ્યોમાં ઓછી જોવા મળતી હતી. પ્રજાના સંતોષ તથા સુખાકારી આવા પ્રયાસોથી સ્વાભાવિક રીતે વધેલા હતા. લોકોના નાના-મોટા પ્રશ્નોના નિકાલમાં પણ ઝડપ આવતી હતી. રાજ્યનું તંત્ર વિશેષ જવાબદેહી બનતું હતું. તે સમયે દુષ્કાળ પડતા ત્યારે પ્રજાની મુશ્કેલીમાં અનેકગણો વધારો થતો હતો. ગોંડલમાં આવા કુદરતી આફતના સંજોગોમાં મહારાજાની જાગૃતિ તથા પ્રજાસંપર્કના કારણે લોકોની દુષ્કાળના કપરા સમયની મુશ્કેલીનું સમયસર નિવારણ થઈ શકતું હતું. પ્રજા પરના કરવેરા બાબત ગોંડલના આ નરેશનું વલણ ઉદાર હતું. જકાતની સંપૂર્ણ માફીનું તેમનું પગલું એક ઉદારચરિત મહારાજના વહીવટને ચાર ચાંદ લગાડે તેવું છે.

આ જ રીતે ન્યાય કરવાની પ્રક્રિયામાં ઓછામાં ઓછો વિલંબ થાય તે બાબતને કેન્દ્રમાં રાખીને તેમણે અમુક પ્રકારના કેસોમાં ચૂકાદા માટેની સમયમર્યાદા બાંધી હતી. ગુનાની શોધમાં (detection) પણ વૃદ્ધિ થાય તેવી અસરકારક વ્યવસ્થા મહારાજાએ કરી હતી. તેના પરિણામોની પણ સમીક્ષા થતી હતી. દરરોજ રાત્રે ગોંડલ રાજ્યના દરેક ગામથી 'ઓલવેલનો સંદેશ મળે પછી આરામ કરવા જતા. મહારાજાએ

ગોંડલની પ્રજાને રામરાજ્યની વાસ્તવિક અનુભૂતિ કરાવી હતી. આજના સંદર્ભમાં આ બાબતો પ્રસ્તુત તથા સાંપ્રતકાળના શાસનકર્તાઓ માટે દિશાદર્શક છે.

મહારાજા ભગવતસિંહજીએ માત્ર માતૃભાષા ગુજરાતીમાં સર્વાંગ તથા સંપૂર્ણ કોશની રચના જ કરી હોત તો પણ આ રાજવી ઇતિહાસમાં અમર થયા હોત. અઢી દાયકાના સતત પ્રયાસો પછી 'ભગવદ્ગોમંડલ'ની અમૂલ્ય ભેટ સમાજને મળી છે. 'ભગવદ્ગોમંડલ' એ આપણી ભાષા તેમજ સાહિત્ય માટે ઘરેણાં સમાન અમૂલ્ય ગ્રંથો છે. દરેક ગુજરાતી તે માટે ગૌરવ અનુભવી શકે છે. મહારાજાના ઉચ્ચ કોટિના વિદ્યાવ્યાસંગ સિવાય આવા કાર્યો થઇ શકે નહી.

રાજ્યશાસ્ત્ર તેમજ કલ્યાણ રાજ્યના અભ્યાસુઓ માટે ભગવતસિંહજીનો રાજ્યકાળ રસનો વિષય રહેશે તે નિ:શંક છે. સંવેદનશીલ, કરકસરયુક્ત તથા પ્રજા-કલ્યાણને કેન્દ્રમાં રાખીને ઠાકોરસાહેબે વહીવટી માળખું ગોઠવ્યું હતું. મહારાજા ભગવતસિંહજીના ઉજળા શાસનકાળની સ્મૃતિ પ્રેરણારૂપ બને તેવી સમૃદ્ધ તથા ઉજ્જવળ છે. ભગવતસિંહજીના રાજ્ય સંબંધે પ્રજાની સાર્વત્રિક લાગણી નીચેના શબ્દોમાં વ્યક્ત થાય છે:

બચાને સાદગી સુન લો
ભલે ભૂપાલ ભગવત કી,
કે દેખા સાદી પઘડી મેં
નિરાલા રંગ ગોંડલ કા.

*

22

પ્રજાવત્સલ રાજવી:

રુસ્વા મઝલૂમી

કોઈ સત્તાધારી વ્યક્તિ સત્તા કેટલા સમય માટે ભોગવે છે તે વાત ઐતિહાસિક વિગતોની જાળવણી કરવા માટે જરૂર ઉપયોગી થાય. પરંતુ શાસનમાં ટૂંકા ગાળા માટે પણ રહેલ શાસકનું સ્થાન તેના કાર્યોથી પ્રજાના હૈયામાં કોતરાઈ જતું હોય છે. ભારતના દ્વિતીય વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી આ વાતનું જ્વલંત ઉદાહરણ છે. આપણે સ્વાધીનતા મેળવી તે પહેલા બ્રિટિશ હકૂમત ઉપરાંત દેશી રજવાડાંઓનું પણ એક અલગ અસ્તિત્વ તથા ઓળખ હતાં. સૌરાષ્ટ્રમાં તો આ સંખ્યા અન્ય કોઈ પ્રદેશની તુલનામાં વધારે હતી. દેશી રજવાડાંઓના રાજવીઓ પૈકી- ઘણાં રાજવીઓ પ્રજાનો સ્નેહ અને સ્વૈચ્છિક આદર મેળવી શક્યા ન હતા, પરંતુ કેટલાક રાજવીઓ તેમની પ્રજાવત્સલતાને કારણે લોકસમૂહમાં માનીતા અને આદરપાત્ર બન્યા હતા. મોટા રજવાડાંઓના રાજવીઓમાં ભાવનગરના મહારાજા કૃષ્ણકુમારસિંહજી કે ગોંડલનરેશ ભગવતસિંહજીનું નામ આ સંદર્ભમાં તરત જ યાદ આવે છે. પરંતુ ખોબા જેવડા નાના ગામ પાજોદ (પોરબંદર જિલ્લો) જેવા રાજ્યના રાજવી મોટા ગજાના માનવી હતા તે વાત ઇતિહાસમાં જીવંત અને પ્રેરણાદાયક રહેશે.

પાજોદના આ ગુલાબી શાયર તથા ઉદાર મનના રાજવી દરબારસાહેબ ઇમામુદ્દીનખાન બાબી ઉત્તમ કક્ષાના સર્જક હોવા ઉપરાંત ઉત્તમ ગુણો ધરાવતા શાસક હતા. પાજોદના શાસક તરીકેનો માત્ર બાર વર્ષનો સમયગાળો (1935-1947) આ રાજવીને અનેક વર્ષોની કીર્તિ અપાવે તેવો ઉજળો છે. વર્ષ 2015માં આ રાજવી શાયરની જન્મશતાબ્દી આવી અને ગઈ. રુસ્વાસાહેબને તેમની જન્મશતાબ્દી નિમિત્તે સવિશેષ યાદ કરવામાં આવ્યા, પરંતુ તેમની સ્મૃતિ તો અનેક સાહિત્યરસિકોના દિલમાં ચિરસ્થાયી છે. દરબારસાહેબની કેટલીયે સ્મૃતિઓ રજનીકુમાર પંડ્યા તથા બિરેન કોઠારીની કાળજીપૂર્વકની જહેમતને કારણે પુસ્તક-સ્વરૂપે સચવાઈ છે, તે આનંદની વાત છે. આશાપુરા ઔદ્યોગિક જૂથ મુંબઈની સહાયના કારણે આ દસ્તાવેજીકરણ શક્ય બનેલું છે.

જે કાળમાં રાજવીને જે વિચાર આવે તે જ કાયદો એવી સ્થિતિ હતી ત્યારે પાજોદ દરબારે પાડેલા જુદા ચીલા આશ્ચર્ય અને અહોભાવ ઉપજાવે તેવા છે. એક પ્રસંગ નોંધાયો છે: પાજોદ ગ્રામસભા ભરાયેલી હતી. રાજવી તેમાં ઉપસ્થિત હતા. ગામના

તમામ લોકો તેમાં હાજર રહી શકતા અને તેમને કોઈ પ્રશ્ન કે રજૂઆત હોય તો નિર્ભયતાપૂર્વક કરી શકતા. આવી એક ગ્રામસભામાં કોઈ નાગરિકે દરબારસાહેબને રજૂઆત કરી. ગ્રામજને પોતાની વાત ગ્રામસભામાં રજૂ કરતાં દરબારસાહેબને કહ્યું: "આપ ક્યારેક થોડા દિવસો માટે બહારગામ ગયા હો ત્યારે અમારે કોઈ સમસ્યા ઊભી થાય તો તેનો ઝડપી નિકાલ થતો નથી. રાજ્યના અમલદાર સુધી જવું મુશ્કેલ અને મા-સાહેબ (બેગમ) તો ઓઝલમાં હોય. અમારે મા-સાહેબને મળીને કહેવું શી રીતે?"

રાજવીએ સમસ્યાનો તરત જ ઉકેલ કર્યો. તેમણે જાહેર કર્યું: "રાજ્યનો કોઈ પણ નાગરિક હવે મા-સાહેબને વિના સંકોચે કે વિના રોકટોકે મળી શકશે. પ્રજા તો અમારા સંતાન સમાન છે. તેમની તે વળી ઓઝલ શી હોય!" ભલે એક નાના રાજ્યના રાજવીનો આ નિર્ણય હોય, પરંતુ શાસનકર્તા અને લોકસમૂહ વચ્ચે નિરંતર સંવાદ તથા સંપર્કનું આ તત્ત્વ આજે પણ એટલું જ સાંપ્રત અને આવશ્યક છે. Good Governanceનો આ અભિન્ન ભાગ છે. રુસ્વાસાહેબે લખેલી અનેક પંક્તિઓમાં તેમનો અનોખો મિજાજ પ્રગટ થતો જોવા મળે છે.

મોહતાજ ના કશાનો હતો,
કોણ માનશે? મારોય એક
જમાનો હતો હતો કોણ માનશે?
'રુસ્વા' કે જે શરાબી મનાતો
રહ્યો જગે, માણસ બહુ
મજાનો હતો, કોણ માનશે?

પોરબંદર જિલ્લાના પાજોદના આ સદાકાળ દરબારસાહેબનું નામ ઇમામુદ્દીન ખાન હતું. ગાંધીજી જે વર્ષમાં આફ્રિકાથી પરત આવીને મુંબઈ બંદરે તર્યા તે 1915ના વર્ષમાં ડિસેમ્બર માસની 11મી તારીખે પાજોદ દરબારસાહેબ ઇમામુદ્દીન ખાનનો જન્મ થયો હતો. પાજોદ દરબાર કવિઓના કવિ અને રાજવીઓના રાજવી હતા. ઉર્દૂ તથા ગુજરાતીમાં યાદગાર ગઝલો ઉપરાંત નવલિકાઓ તેમ જ સ્મૃતિચિત્રો તથા ઘટનાઓનું વિપુલ સર્જન કરીને આ રાજવી શાયર કલાપીની જેમ જીવંત તથા પ્રાસંગિક રહ્યા છે. આવા ધન્યનામ શાયરોની સ્મૃતિના અડીખમ મહેલો 'કલાપી' કહે છે તેમ આજે પણ ઉન્નત મસ્તકે ઊભા છે.

કુરંગો જ્યાં કૂદે ટોળાં
પરિંદાના ડે ટોળાં
કબૂતર ઘૂઘવે છે જ્યાં
અમારા મહેલ ઊભા ત્યાં.

દેશ આઝાદ થયો ત્યારે બ્રિટિશ હકૂમત હેઠળનો વિસ્તાર તો આપોઆપ ‘યુનિયન ઑફ ઇન્ડિયા’માં જોડાયો, પરંતુ જે પ્રદેશો સ્થાનિક રાજવીઓની હકૂમત હેઠળ હતા તેમને વિકલ્પ પસંદ કરવાની તક મળી. કોઈ પણ રાજવી સ્વતંત્ર પણ રહી શકે અને પસંદગી મુજબ હિન્દુસ્તાન કે પાકિસ્તાનમાં જોડાઈ શકે તેવી વ્યવસ્થા હતી. જૂનાગઢમાં બાબી વંશના નવાબોનું શાસન હતું. પોરબંદર જિલ્લાના માણાવદર-બાંટવા અને સરદારગઢ તાલુકાઓ પણ જૂનાગઢના બાબીવંશના નવાબના સગાઓને મળ્યા હતા. જૂનાગઢના તત્કાલીન શાસક નવાબ મહોબતખાને દીવાન શાહનવાઝ ભુટ્ટોની સલાહ પ્રમાણે પાકિસ્તાન સાથે જોડાવાનું પસંદ કર્યું. શામળદાસ ગાંધી તથા આરઝી હકૂમતે પ્રજાના સંપૂર્ણ સહકારથી નવાબનું આ સ્વપ્ન સિદ્ધ થવા ન દીધું તે એક રોમાંચક ઇતિહાસ છે. પરંતુ જૂનાગઢના આ અંતિમ શાસકના જ પિતરાઈ ખાનસાહેબ ઇમામુદ્દીનજીએ (પાજોદ) રાજકોટમાં ભારત સરકારના પ્રાદેશિક કમિશ્નરને લખી જણાવ્યું કે પાકિસ્તાન સાથે જોડાવાની વાત તેમને મંજૂર ન હતી. આ પ્રજાવત્સલ રાજવીએ જણાવ્યું કે પ્રજાની ઇચ્છા વિરુદ્ધ પાકિસ્તાન સાથેના જોડાણખત પર સહી કરવાનો તેમને અધિકાર પણ ન હતો!

પાજોદ દરબારની આ પહેલ ભારત સરકારને તે કાળની વ્યૂહરચનામાં સમયસરના તથા ઉપયોગી પુરવાર થયા હતા. શાયરી અને સંવેદનશીલતા જેમને વારસામાં મળ્યા હતા તેવા પાજોદના છેલ્લા રાજવી પ્રજાકલ્યાણના રંગે રંગાયેલા હતા. 1935માં પાજોદની ગાદી સંભાળીને તેમણે પ્રજાલક્ષી વલણની સૌને ખાતરી કરાવી આપી હતી. સાંપ્રત સમયમાં કદાચ સૌને નવાઈ લાગે તેવા અન્યાયી વેરા પણ કેટલાક રાજવીઓ વસૂલ કરતા હતા. પાજોદમાં પણ રાજવી કુટુંબમાં લગ્નપ્રસંગ હોય તો રાજ્યની દરેક વ્યક્તિએ રાજ્યને કર ભરવાનો રહેતો હતો. આ વેરાની પ્રથા દરબારસાહેબે 1935 પછી રદ કરાવી હતી. પ્રજાને ગાડા-બળદ સહિત રાજ્ય તરફથી વેઠ પર બોલાવવામાં આવે તેવી પ્રથા હતી. દરેક માટે આવવું ફરજિયાત હોવાથી કોઈ આનાકાની માટે તો અવકાશ જ ન હતો. દરબારસાહેબે આ પ્રથામાં પણ સુધારો કરાવ્યો. આવા અનેક પ્રજાલક્ષી નિર્ણયોને કારણે રુસ્વા લોકહૃદય પર સ્નેહનું શાસન કરતા હતા, આથી જ રાજ્ય ગયું તો પણ પ્રજાનો અખંડ સ્નેહ તેમને મળતો રહ્યો. પાજોદ દરબારસાહેબ જીવનના અંતિમ શ્વાસ લગી સતત ઔદાર્ય તથા સ્નેહની પ્રતીતિ જગતને કરાવતા રહ્યા. કસોટીઓ તો જીવનમાં અનેક આવી, પરંતુ તેઓ જ લખે છે તેમ શાયર ‘રુસ્વા હંમેશાં ‘ખાલી છતાં ‘ભરપૂર રહી શક્યા.

રંગ છું હું, રોશની છું, નૂર છું,
માનવીના રૂપમાં મનસૂર છું.
કૈં નથી તોયે જુઓ શું-શું નથી?
હું સ્વયં કુમકુમ છું, સિંદૂર છું.

બંધ મુઠ્ઠી જેવું છે મારું જીવન,
આમ છું ખાલી, છતાં ભરપૂર છું.
હું ઇમામુદ્દીન ફક્ત ‘રુસ્વા’ નથી,
ખૂબ છું બદનામ, પણ મશહૂર છું.

કવિઓમાં ઉપનામ ધારણ કરવાની એક સામાન્ય પ્રથા હતી. આ પ્રથા આજે પણ પ્રવર્તમાન છે. પાજોદ-દરબારસાહેબે પોતાને ‘રુસ્વા મઝલૂમી ઉપનામ માટે ફરી-ફરી સાંભળવી ગમે તેવી કથા કહી છે. ‘રુસ્વા’ને બાંટવામાં યોજવામાં આવેલા એક પ્રસંગમાં એક ફકીરનો ભેટો થયો. ફકીર મઝલૂમશાહ ઓલિયા તરીકે ઓળખાતા હતા. ‘રુસ્વા’એ આ મસ્ત ફકીરને પાજોદ આવવાનું આમંત્રણ આપ્યું. ફકીર યોગાનુયોગ દરબારસાહેબના ઓચિંતા મહેમાન થયા. દરબારસાહેબ મિત્રો સાથે પાર્ટી કરતા હતા. પાર્ટીમાં વ્હિસ્કી લેવાનું ચલણ હતું. ફકીર આવ્યા એટલે વ્હિસ્કીના ગ્લાસ આમન્યા ખાતર સંતાડીને દરબારસાહેબે દિલના ઉમળકાથી ફકીરનો સત્કાર કર્યો. ફકીરને ચા આપવામાં આવી. ચા પીતા-પીતા ફકીરે દરબારને કહ્યું તે શબ્દો સ્મૃતિમાંથી ખસે તેવા નથી. અલગારી ફકીર કહે છે: “બેટે! તુમ લોગ જો પીતે થે વો પીઓ. જબ અલ્લાહ સે નહીં ડરતે તો ફકીર સે ડરને કી ક્યા જરૂરત! બંદે સે ડરો નહીં, પીતે વક્ત જબ સાહબ સે ડરો તબ પીના છોડ દેના!”

ફકીરના નામ જેવી જ તેના શબ્દોમાં નિર્દોષતા હતી. ‘મઝલૂમ’નો અર્થ ‘નિર્દોષ’ તેવો થાય છે. ફકીરની સ્મૃતિ ચિરંજીવી કરવા અલગારી ફકીરના નામ પરથી રુસ્વા ‘મઝલૂમી’ બન્યા. ગુજરાતના બે શાયરો ‘ઘાયલ’ સાહેબ તથા શાયર ‘રુસ્વા’ને પરસ્પર અસાધારણ સ્નેહ તથા આદર હતા. ‘ઘાયલ’ સાહેબ કહેતા: “આ અમૃતલાલ લાલજી ભટ્ટ(‘ઘાયલ સાહેબ)ને વિખ્યાત શાયર બનાવનાર તો પાજોદ દરબાર છે.” સર્જકોની એકબીજા તરફની આવી લાગણીનું દર્શન પ્રસન્નતા જન્માવે તેવું છે.

વતન તથા વતનના માનવીઓ સાથે અસાધારણ ઘરોબો ધરાવતા આ શાયરે જાહેરમાં કહેલું: “મૃત્યુ બાદ તેમની દફનવિધિ પાજોદના જ કબ્રસ્તાનમાં કરવામાં આવે.” દિલ્હીના છેલ્લા મોગલ શહેનશાહ બહાદુરશાહ ‘ઝફર’ની મહેચ્છાનો પડઘો રુસ્વાસાહેબની આ ઝંખનામાં જોવા મળે છે. ‘રુસ્વા મઝલૂમી તેમના સાહિત્યસર્જનથી ધબકતા રહેવાના છે. તેઓ જીવનમાં સરળતા તથા ઉદારતા માટે મિત્રોમાં પ્રિય હતા.

મજા કૈં આવી ગઈ છે
આ સાદાઈમાં ‘રુસ્વા!’
કદી આડંબરોની પાસમાં
જાવું નથી ગમતું.

દેશ આઝાદ થયો અને ભારત સરકાર સાથે તમામ દેશી રાજ્યોનું જોડાણ થાય તે કપરી કામગીરી સરદાર પટેલે હાથ પર લીધી. અનેક રાજવીઓએ સરદારસાહેબની વાત સ્વીકારી લીધી અને આવનારા સમયને પારખીને નિર્ણય કર્યો, પરંતુ કેટલાક લોકો પોતાની સત્તા અને સંપત્તિ ગુમાવવાની વાત આવતાં ઉશ્કેરાઈ ગયા અને ભારત સરકારની યોજનાને નિષ્ફળ બનાવવા પ્રયાસો પણ કર્યા. કેટલાક રાજવીઓએ તેમને મહત્તમ વળતર મળે તથા વધારેમાં વધારે મિલકત તેઓ ધરાવી શકે તે માટે દબાણજૂથો ઊભા કરવાના પણ પ્રયાસો કરી જોયા. પાજોદની ઘટના આ બધાથી જુદી છે તેમજ ઊડીને આંખે વળગે તેવી છે. પાજોદમાં પણ અનેક ખેડૂતો પેઢી-દર-પેઢીથી જે જમીન ભોગવતા હતા તેનો માલિકીહક દરબારસાહેબનો હતો. આઝાદી પછી મહેસૂલી તંત્ર કાર્ય કરતું થયું ત્યારે કેટલાક ખેડૂતોના ધ્યાનમાં આ વાત આવી. જેનો માલિકીહક રેવન્યુ રેકોર્ડમાં હોય તે સ્વેચ્છાએ હક જતો કરે તો સરળતાથી જે-તે ખેડૂતનું નામ તે મિલકતના માલિક તરીકે દાખલ કરી શકાય.

દરબારસાહેબની આવી સંમતિ મેળવી લેવા તંત્રના અધિકારીઓએ ખેડૂતોને જણાવ્યું. ખેડૂતો દરબારસાહેબ પાસે ગયા. જે મુશ્કેલી હતી તેની વિગતો સમજાવી. દરબારસાહેબ ત્વરિત ઉકેલના માણસ. કહે: "ચિંતા નહીં. ચાલો, હું કલેક્ટર કચેરીએ આવું." ઑફિસે આવીને અધિકારીઓને રાજવીએ કહ્યું: "પાજોદની કોઈ પણ મિલકત જે ખેડૂતના નામે ચાલતી હોય તે ખેડૂતની ગણવી. તેના પર મારો કોઈ હક લાગુ પડતો નથી. આ માટે મારું જે પ્રકારનું લખાણ જરૂરી હોય તે કહો તો હું લખી આપું. ભવિષ્યમાં પણ કોઈ પ્રશ્ન ઊભો થાય તો મારી આજની રજૂઆતને માન્ય ગણવી." ઇતિહાસમાં નાની-મોટી જમીનો માટે જીવસટોસટના જંગ ખેલાયાના અનેક દાખલા છે, પરંતુ ઋજુ હૃદયના રાજવી શાયર પોતાના આવા ઉદાર તથા અનોખા વર્તન થકી કાળના અવિરત પ્રવાહમાં પોતાનું નામ અમીટ કરતા ગયા છે.

આયખાની અદબ સમજ છે ધરમ,
સત્યને માપવાનો ગજ છે ધરમ;
માનવી પ્રત્યે માનવીની દોસ્તી,
મુખ્ય યાને ફરજ છે ધરમ.

જીવનમાં અનેક પ્રકારના તડકા-છાંયાની પળો આ શાયરને ડગાવી શકી નથી. પોતાના ખમીરની મૂડીના બળે તેમણે અનેક પડકારો ઝીલ્યા છે અને મુસીબતોમાં પણ આ રાજવી શાયર મહોર્યા છે.

રમે છે ભગ્ન હૈયામાં, અમર આઝાદીની આશા,
હશે વેરાન પણ કરશું, અમે ગુલઝારની વાતો.

સદા હસતા જિગરના ઘાવ, ખુદ એનો પુરાવો છે,
અમે તો ફૂલ માની છે, સદા તલવારની વાતો.

આપણી ભાષાના સમર્થ શાયર ‘ઘાયલ’સાહેબે ‘રુસ્વા મઝલૂમી’ માટે લખેલા શબ્દો આ રાજવીની આબેહૂબ છબી ઊભી કરે તેવા બળકટ છે:

આન ને બાન એટલે ‘રુસ્વા,’
ઠાઠ અને શાન એટલે ‘રુસ્વા;’
નથી પાસે જમીન કે જાગીર,
છતાં સુલતાન એટલે ‘રુસ્વા’
મીર ‘ગાલિબ’નો દાગ મોમિનનો,
એક દીવાન એટલે ‘રુસ્વા’

*

23

પગ-પગ ભમ્યા પહાડ,
ધરા છાંડ રાખ્યો ધરમ

રાજસ્થાનના પ્રસિદ્ધ ક્રાંતિકારી કવિ કેસરીસિંહજી બારહઠ્ઠ (1872-1941) મા જગદંબાને પ્રાર્થના કરતાં લખે છે:

સંતાન સચ્ચે અભય હો
તેરે હી તારન તરની હમ
સામર્થ્ય દે મા કર સકેં
યહ સિદ્ધ ચારન બરન હમ
બહોત સોયે ગાઢ નિદ્રા
ચાહતે જાગરન હમ
સ્વાતંત્ર્ય કા તુ મહાસાગર
તેરે હી હૈ નિરઝરન હમ.

વીરતા અને સામર્થ્યના આજીવન ઉપાસક ક્રાંતિકારી કવિ કેસરીસિંહજી જગતજનની પાસે સ્વતંત્રતા – સ્વાધીનતાની માગણી કરે છે. સ્વાધીનતાનું સ્વપ્ન લઈને જીવી જનાર વ્યક્તિને સત્ય તથા અભયના માર્ગે ડગ ભરવા પડે છે તેની કવિને પ્રતીતિ છે. આ માર્ગે જવાના જોખમોથી કવિ પૂર્ણત: વાકેફ છે, છતાં પણ મનમાં આવું મોટા ગજાનું વીર સ્વપ્ન છે. જેની સામે સંઘર્ષમાં ઉતરવાનું છે તે દુનિયાની તે સમયની સૌથી શક્તિશાળી બ્રિટિશ સત્તા છે. સ્વાધીનતા મેળવવાની લડત આવા શક્તિશાળી શાસન સામે કરવાની છે. આ માટે સર્વસ્વનું બલિદાન આપવાની ક્રાંતદ્રષ્ટા કવિની સંપૂર્ણ તૈયારી છે. પોતાના લઘુબંધુ તથા પ્રિય યુવાન પુત્રને સંઘર્ષની પાવક યજ્ઞની વેદીમાં બલિદાન તરીકે હોમી દેવાના સમયે પણ કવિ વિચલિત થયા નથી, રંજ અનુભવતા નથી. ઈશની પ્રેરણાથી કર્તવ્ય નિભાવીને પરમપિતાના શરણે જવાની જાજ્વલ્યમાન અભિલાષા છે.

સામ્રાજ્ય શક્તિ શત્રુ વહી
સર્વસ્થ થા સો ગઢ ગયા,
પ્રિય વીર પુત્ર પ્રતાપ સા વેદી
બલિ પર ચઢ ગયા!
ભ્રાત જોરાવર હુવા પ્યારા

નિછાવર પથ વહી,
પતિત-પાવન દીનબંધો!
શરણ ઈક તેરી ગહી.

સ્વાતંત્ર્યસંગ્રામની વેદી પર અનેક વીરોના ઉજ્જવળ બલિદાનો દેવામાં આવ્યા. તેમાં રાજસ્થાનના આ ચારણ કવિ કેસરીસિંહજીનું ચરિત્ર અગ્રસ્થાને ઝળહળે છે. આ વીરકુટુંબની ગાથા સિવાય રાજસ્થાનના સ્વાતંત્ર્યસંગ્રામનો પૂર્ણ ઇતિહાસ આલેખી શકાય તેમ નથી. કેસરીસિંહજી ઉચ્ચ કોટિના વિદ્વાન, શિક્ષણશાસ્ત્રી તેમજ સમાજસુધારક હતા. તેમની પ્રતિભા બહુમુખી હતી. દેશના અગ્રણી ક્રાંતિકારીઓ જેવા કે શ્યામજી કૃષ્ણવર્મા, રાસબિહારી બોઝ, લાલા હરદયાલ વગેરે સાથે તેમનો જીવંત સંપર્ક હતો. કવિરાજના પિતા કૃષ્ણસિંહ બારહઠ્ઠ મહર્ષિ દયાનંદના પટ્ટશિષ્ય હતા. સ્વાધીનતા અને બલિદાનના કઠિન સંસ્કાર પિતા તરફથી કેસરીસિંહજીને મળેલા છે. કેસરીસિંહજીની શિક્ષા પર વિશેષ ધ્યાન પિતા તથા તેમના મામાએ આપેલું છે.

ઠાકુર કેસરીસિંહજી સંસ્કૃત ઉપરાંત પ્રાકૃત, પાલી, બંગાળી, હિન્દી, મરાઠી તથા ગુજરાતી ભાષાઓનું અધ્યયન કરે છે. શાસન તથા વારસામાં મળેલા સંસ્કારોના વિશાળ અનુભવથી સમજણ અને જ્ઞાનના અનેક શિખરો તેમણે સર કરેલા છે. મેવાડ રાજ્યની રાજકીય સેવામાં ઠાકુરસાહેબે હંમેશાં ન્યાય તથા રાજ્યના ઇતિહાસનું ગૌરવ જળવાઈ રહે તેવા પ્રયાસો કરેલા છે. પંડિત શ્યામજી કૃષ્ણવર્મા જેવા વિચક્ષણ ક્રાંતિકારીની સેવાઓ મેવાડને મળે તે વિચારને વાસ્તવિકતામાં બદલવા પાછળ ઠાકુરસાહેબની દીર્ઘદૃષ્ટિ હતી. પરંતુ આ બધી હરકતોથી તેઓ અંગ્રેજ અધિકારીઓની આંખમાં કણાની જેમ હંમેશાં ખટકતા હતા.

બ્રિટિશરોની સત્તા તથા પ્રભાવનો સૂર્ય વિશ્વના અનેક ભાગો પર પથરાયેલો હતો. સ્વાધીનતાની વાત એ પરાધીન દેશના લોકોનું પ્રિય સ્વપ્ન હતું. અલબત્ત, આ સ્વપ્ન ક્યારે તથા કયા માર્ગે વાસ્તવિકતાનું સ્વરૂપ ધારણ કરશે તે બાબતમાં વ્યાપક અનિશ્ચિતતા હતી. અંગ્રેજો પોતાની સત્તાનો પ્રભાવ વિસ્તરે તથા મજબૂત બને તે માટે નિરંતર પ્રયાસ કરતા રહેતા હતા. દેશની આ સ્થિતિની પૂર્વભૂમિકામાં 1903ના એક ઐતિહાસિક પ્રસંગની વાત સ્વાધીનતા સંગ્રામમાં નોંધાયેલી યાદગાર ઘટના છે. ઇંગ્લૅન્ડના એડવર્ડ(સાતમા)ના રાજ્યારોહણનો આ પ્રસંગ છે. બંગાળના વીર ક્રાંતિકારીઓની ગતિવિધિથી ગભરાયેલી સરકારે પોતાની સ્થાયી શકિતનું મજબૂત નિદર્શન કરાવવા માટે દિલ્હીમાં એક દરબારનું આયોજન કર્યું. ભારતના વાઈસરૉય તરીકે તે સમયે ફરજ બજાવતા લૉર્ડ કર્ઝનનો આ વિચાર હતો. લૉર્ડ કર્ઝન વિચક્ષણ હતા. ઉપરાંત જ્યાં જરૂર જણાય ત્યાં યેનકેનપ્રકારેણ બ્રિટિશ સત્તાને મજબૂત કરવા માટેના તમામ પ્રયાસો કરવા માટે જાણીતા હતા.

1903ના દિલ્હી દરબારમાં તમામ મહત્ત્વના રાજવીઓને હાજરી આપવા માટેનું નિમંત્રણ આપવામાં આવ્યું. નિમંત્રણનો કોઈ રાજવી અસ્વીકાર કરે તો શાસનની કરડી નજર રાજ્ય તરફ રહે તે વણલખી વાત સૌ કોઈ સમજતા હતા. અંગ્રેજો તરફની રાજવીઓની નિષ્ઠાનું તેમજ સ્વામીભક્તિનું આ પ્રદર્શન હતું. સમારંભમાં હાજરી આપનાર રાજવીએ પોતાના ઇતિહાસ તથા સ્વાભિમાનને અળગા મૂકવાના હતા. આ સમારંભમાં કોઈ મહત્ત્વના રાજવી ઉપસ્થિત ન રહે તો લૉર્ડ કર્ઝનની ઇચ્છિત મુરાદ પૂરી ન થાય. મેવાડના તત્કાલીન મહારાણા ફતેસિંહ દરબારમાં હાજરી આપવા માટે ઉત્સુક ન હતા. ઉદેપુર તથા મેવાડની કીર્તિ તેજસ્વી ગણાતી હતી. ઉદેપુર મહારાણાને આવી સલામી કરવાનું કામ તેમના ઉજળા ઇતિહાસને ધ્યાનમાં લેતાં ઠીક ન લાગ્યું તે સ્વાભાવિક પણ હતું. સત્તા સામે તમામ તકલીફો સહન કરીને સંઘર્ષ કરનાર તેમના પૂર્વજ મહારાણા પ્રતાપનું પુણ્ય મરી પરવાર્યું ન હતું, પરંતુ કાળ બદલાયો હતો. એક અથવા બીજી યુક્તિ-પ્રયુક્તિથી લૉર્ડ કર્ઝને મહારાણા ફતેસિંહને દરબારમાં હાજરી આપવા માટે સમજાવી લીધા હતા.

મહારાણા આ સમારંભમાં હાજરી આપવાના છે તેવા સમાચારથી અનેક સ્વાભિમાની લોકોના દિલ દુભાયા હતા. પરંતુ આ સ્થિતિનું હવે નિવારણ કેમ કરવું? મહારાજાની દરબારમાં ઉપસ્થિત રહેવાની વાત પ્રસરી ગયેલી હતી. મહારાણાની સવારી દિલ્હી તરફ રવાના થાય તે દરમિયાન કેટલાક સ્વાભિમાની દેશભક્તોના આગ્રહ તથા વિનંતીથી ઠાકુર કેસરીસિંહજી નામના વિચારક તથા નિર્ભય રાજ્યકવિએ સમગ્ર મેવાડની પ્રજાના મનમાં પડેલી વાત મહારાણા સુધી પહોંચાડવા પ્રયાસ કર્યો. મહારાણાના દિલ્હી જવાના અને દરબારમાં હાજરી આપવાના નિર્ણયને માન્યતા આ સ્વાભિમાની કવિ કદી આપી શકે તેમ ન હતા. મહારાજને રોકવાના છેલ્લા પ્રયાસ તરીકે આ ક્રાંતિકારી કવિએ કેટલાક સોરઠાઓ (દુહાનો એક પ્રકાર) લખ્યા અને તેમાં પોતાની ઉછળતી લાગણીઓની ભરપૂર અભિવ્યક્તિ કરી. આ પ્રકારનું લખાણ કરીને બ્રિટિશ સત્તાધીશોને નારાજ કરવાનું પરિણામ કવિ જાણતા હતા. તે માટે સર્વસ્વ હોમવાની તેમની સંપૂર્ણ તૈયારી હતી.

સ્વાધીનતાનું સ્વપ્ન સેવનારે તેની આકરી કિંમત ચૂકવવી પડે તે વાતથી કેસરીસિંહજી સારી રીતે વાકેફ હતા. એક સ્વાભિમાની પ્રજાના તથા ઉજળો ઇતિહાસ ધરાવતા રાજવીને તેમ કરતાં રોકવામાં કવિને પોતાનો યુગધર્મ દેખાયો હતો. કવિ મેવાડના રાજવીને સંબોધીને શબ્દોના તાતા તીર છોડે છે:

પગ પગ ભમ્યા પહાડ
ધરા છાંડ રાખ્યો ધરમ
(ઈસૂ) મહારાણા અરુ મેવાડ
હિરદે બસિયા હિન્દ રે.

કવિ મહારાણાને સંબોધીને કહે છે: “સચ્ચાઈ તથા નિજ ધર્મ સાચવવા માટે તારા પૂર્વજોએ અનેક આફતોને હસતા મુખે આવકારી છે. અરવલ્લીની ટેકરીઓમાં તેઓ કષ્ટ સહન કરીને ભટક્યા છે, પરંતુ સ્વમાન અને સ્વાધીનતા જાળવી રાખ્યા છે અને આવા પરાક્રમને કારણે જ સમગ્ર હિન્દુસ્તાનને મહારાણા તથા મેવાડ પ્રિય છે.”

દેખેલા હિન્દવાણ નિજ,
સૂરજ દિસ નેહ સૂં;
પણ તારા પરમાણ,
નિરખ નિસાસા ન્હાકશી.

આ સમારંભમાં હાજર રહેનાર મેવાડના મહારાણાને બ્રિટિશ સરકાર ‘Star of India’નો ખિતાબ આપવાની હતી તેવી વાતો તે સમયે જાણીતી થયેલી હતી. આ વાતને પકડીને કવિ ચોટદાર કટાક્ષ કરે છે: “મેવાડ અને સમગ્ર હિન્દુસ્તાન આપને સૂર્ય સમાન માને છે, કારણ કે આપ સૂર્યવંશી છો, પરંતુ આજે આપ સામે ચાલીને આપનું ઉજ્જવળ સૂર્યપણું છોડીને તારા(star)નો ખિતાબ સ્વીકારવા ઉત્સુક થયા છો, તે જોઈને પૂરો સમાજ ઊંડા નિસાસા ભરે છે!

કઠિન જમાનો કૌલ,
બાંધે નર હિમ્મત બિના;
વીરા હંદો બોલ,
પાતલ સાંગે પેખિયો.

જે લોકોને સંઘર્ષ કરવાની શક્તિ નથી તેવા લોકો ‘સમય ખરાબ છે તેમ કહી સમાધાન સ્વીકારે છે, પરંતુ કવિ કહે છે: “આ વીરવાણીનું કે વીરના વર્તનનું લક્ષણ નથી.” રાજવી ફતેસિંહજીને લલકારતા કવિ કહે છે: “તારે તો એ વાણી બોલવી જોઈએ કે જે વાણી તારા પૂર્વજ મહારાણા સાંગા તેમજ મહારાણા પ્રતાપ બોલ્યા હતા.”

માન મોદ સીસોદ,
રાજનીતિ બલ રાખણો;
ગવરમેન્ટરી ગોદ,
ફલ મીઠા દીઠા ફતા!

કવિ સિસોદિયા કુળના મહારાણાને કહે છે: “આપણું સ્વાભિમાન તો આપણી તાકાત થકી જ જળવાય છે. સત્તાધીશ સરકારના ખોળામાં બેસીને મીઠા ફળ ચાખવાની ઘેલછા સામે કવિએ મહારાણાને ખબરદાર કર્યા છે. ‘ચેતાવણી રા ચૂંગટ્યાં’ (ચેતવણીના ચૂંટિયા) શીર્ષક હેઠળ મારવાડીમાં લખાયેલા આ સોરઠા મહારાણાને દિલ્હી પહોંચી જાય તે પહેલા ખાસ પ્રયાસો કરીને પહોંચાડવામાં આવે છે. મહારાણા કવિના અર્થસભર શબ્દો ધ્યાનપૂર્વક વાંચે છે. શબ્દોના ઘાવ ઊંડા અને અસરકારક હોય છે. મહારાણાની

સ્વમાનની લાગણી કવિના શબ્દે પુન: જાગૃત થાય છે. દિલ્હી જઈને તેઓ લૉર્ડ કર્ઝન આયોજિત દરબારમાં હાજરી આપતા નથી. મેવાડની ખાલી ખુરશી લૉર્ડ કર્ઝનને ખૂંચે છે. પરંતુ લોકસમૂહમાં સ્વાભિમાનના ગૌરવની લહેર પ્રસરી જાય છે.

કવિત્વશક્તિના ચમત્કાર સમાન આ ઘટના વાંચતા આજે પણ વીરતાના ભાવ અનુભવી શકાય છે. રાજસ્થાન સાહિત્ય અકાદમીએ કવિ કેસરીસિંહજીના ઉજ્જવળ જીવનને ગ્રંથસ્થ કરેલું છે. તેમાં આ ઘટનાનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. આ ઘટનાથી નારાજ થઈને બદલો લેવા માટે બ્રિટિશ સરકાર યેનકેન પ્રકારેણ કવિને કાયદાની ચુંગાલમાં ફસાવી ગુનેગાર ઠેરવવા કાર્યવાહી કરે છે. 31 માર્ચ, 1914ના દિવસે બ્રિટિશ સરકાર વિવિધ પ્રકારના આરોપ મૂકીને રાજનૈતિક ષડયંત્ર માટે કવિની ધરપકડ કરે છે. કવિની વારસામાં મળેલી સંપૂર્ણ જાગીર જપ્ત કરવામાં આવે છે. વિશાળ પુસ્તકાલય સાથેની તેમની હવેલી ખાલસા કરવામાં આવે છે. સુખી તથા સમૃદ્ધ કુટુંબના સભ્યો એકાએક ઉપર આભ અને નીચે ધરતી એવી કફોડી હાલતમાં આવી જાય છે. ઠાકુર કેસરીસિંહના યુવાન ક્રાંતિકારી પુત્ર કુંવર પ્રતાપની ધરપકડ કરીને તેને બરેલી જેલમાં ગોંધી રાખવામાં આવે છે. કુંવર પ્રતાપસિંહ પાસે બંગાળના કેટલાક જાણીતા ક્રાંતિવીરો અંગે માહિતી છે. આ માહિતી કઢાવવા માટે કુંવર પ્રતાપસિંહ પર સત્તાધીશો તરફથી અમાનુષી યાતના ગુજારવામાં આવે છે, પરંતુ અસાધારણ દૃઢ મનોબળ ધરાવતા આ ક્રાંતિકારી પાસેથી કોઈ વિગતો મેળવી શકાતી નથી.

યુવાન ક્રાંતિકારી કુંવર પ્રતાપ જેલમાં અદમ્ય યાતનાઓ ભોગવીને આ જગતમાંથી કાયમી મુક્તિ મેળવે છે. અનેક શક્યતાઓથી ભરેલું યુવાનનું જીવન અકાળે તથા અન્યાયી રીતે જેલજીવનના સીતમ સહન કરીને અસ્ત પામે છે. પ્રસિદ્ધ ક્રાંતિકારી રાસબિહારી બોઝ લખે છે: "કેસરીસિંહે પોતાનું કહી શકાય તેવું સર્વસ્વ મુક્તિસંગ્રામની વેદી પર અર્પણ કર્યું છે." ઠાકુરસાહેબે પોતાની જાત ઉપરાંત પોતાના લઘુબંધુ, પુત્ર તેમજ જમાઈને મુક્તિસંગ્રામમાં હોમીને અસાધારણ વીરતા તેમજ દૃઢતાનું દર્શન કરાવેલું છે. આવા ઉદાહરણો ઇતિહાસમાં જવલ્લે જોવા મળે છે. 6 ઓક્ટોબર, 1914ના દિવસે ઠાકુરસાહેબને આજીવન કેદની સજા ફરમાવવામાં આવી. સરકાર તરફથી એવી દલીલ તો ખૂબ ભારપૂર્વક કરવામાં આવી હતી કે કવિરાજને મૃત્યુદંડની સજા કરવામાં આવે, પરંતુ તત્કાલીન વિખ્યાત બૅરિસ્ટર નવાબ હામિદઅલીખાને ઠાકુરસાહેબની નિર્દોષતા સાબિત કરવા માટે જુસ્સાપૂર્વકની તથા તર્કબદ્ધ દલીલો રજૂ કરી. આ રજૂઆતને અવગણીને મૃત્યુદંડનો નિર્ણય કરવો અદાલત માટે મુશ્કેલ હતું. કેસની સુનાવણીના અંતે ભરી અદાલતમાં ભાવુક બની બેરિસ્ટર ખાનસાહેબે પોતાના અસીલનું ઉજ્જવળ જીવન પ્રકાશિત કરવા અદાલતની અનુમતિથી 'નઝમ' સંભળાવી:

વો મુલ્ઝિમ કેસરી,
જાનો દિલ સે હૈ દેશ કા હામી.
વો મુલ્ઝિમ ઉમ્ર જિસકી,
દેશ કી ખિદમત મેં ગુઝરી હૈ.
વો મુલ્ઝિમ શાયરે-યકતા,
સબાંયે જિસકો કહતી હૈ.
બદનમેં હડ્ડિયા જિતની હૈ,
સબ તકલીફે સહતી હૈ.

*

24

ક્રાંતિના યુવા મશાલચી:
નિરંજન વર્મા

મારવાડના વિખ્યાત ક્રાંતિવીર કેસરીસિંહજી બારહઠ તથા તેમના લઘુબંધુ જોરાવરસિંહજીની પંગતમાં અધિકારપૂર્વક બેસી શકે તેવા નિરૂભાઈ – નિરંજન વર્મા (નાનભા બારહઠ) ઇતિહાસનું એક વિસ્મૃતિ પામેલું પણ પ્રાણવાન પાત્ર છે. દેશની મુક્તિ માટે સર્વસ્વ ન્યોછાવર કરવાની તેમની જીવનગાથા અજરઅમર રહેવા સર્જાયેલી છે. સાડાત્રણ દાયકાના ટૂંકા છતાં ઘટનાસભર જીવનમાં તેઓ સાડાત્રણ સૈકાઓની સુગંધ પ્રસરાવીને ગયા. જામનગર જિલ્લાના રાજડા ગામે બાદાણી શાખાના ચારણ પરિવારમાં તેમનો જન્મ થયો હતો. દેશની મુક્તિ માટેના સંગ્રામમાં તેઓએ સક્રિય ભૂમિકા નિભાવી.

નિરંજન વર્માના નિધન પ્રસંગે 'ફૂલછાબ' તરફથી પોતાના તંત્રીમંડળમાં રહેલા આ ઓજસભરી યુવાની જીવનાર વ્યક્તિને ભાવપૂર્વક યાદ કરવામાં આવ્યા. 'ફૂલછાબે' તંત્રીલેખમાં લખ્યું: "નિરંજન વર્માનો 'ફૂલછાબ'ના વિકાસમાં ફાળો મહત્ત્વનો હતો." આઝાદીની લડતમાં પણ તેમના યોગદાનની વાતો 'ફૂલછાબ' સહિત અનેક પત્રોમાં વિચારકોએ આદરપૂર્વક લખી. 'ધૂમકેતુ'એ નિરંજન વર્માનું મૂલ્યાંકન એક સાહિત્યકાર-સર્જક તરીકે કરીને તેમનું અકાળ અવસાન સાહિત્યજગતને સાલશે તેમ ઉમેર્યું.

નિરંજન વર્માના અકાળ અવસાન પછી ઈશ્વરભાઈ મો. દવેએ 'ઊર્મિ-નવરચના'માં લખ્યું છે: "અમારી ત્રણ મિત્રોની ત્રિપુટી ખંડિત થઈ." આ ત્રણ મિત્રોમાં ઈશ્વરભાઈ દવે ઉપરાંત જયમલ્લભાઈ તથા નિરૂભાઈ હતા. "નિરૂભાઈના ભવ્યોદાત્ત જીવનના પ્રાણ-ધબકાર આલેખવા કલમ ચાલતી નથી" તેવા વેદનાના શબ્દો જયમલ્લભાઈની કલમે નિરંજન વર્માની ચિર વિદાય પ્રસંગે પ્રગટ્યા હતા. 'ઊર્મિ-નવરચના'નો વિશેષાંક નિરંજન વર્માની સ્મૃતિમાં બહાર પાડવામાં આવ્યો હતો, જે ભાતીગળ તથા વિગતોથી સમૃદ્ધ હતો.

કેટલાક લોકો જે સમયમાં જીવતા હોય તે સમયથી તથા તે સમયની પરંપરાઓથી, રીત-રિવાજોથી ઘણાં આગળ હોય છે. તેઓ ક્રાંતદ્રષ્ટા હોય છે. આથી તેવા લોકો જે વાત સમાજમાં તેમની હયાતીમાં કરે તે વાત કે વિચાર સમાજના ગળે મોટા ભાગે તરતો નથી. સામાન્ય રીતે સમાજ આવા લોકોના નૂતન દૃષ્ટિકોણનો વિરોધ અથવા અવગણના કરે

છે. નરસિંહ મહેતા સામે કે મીરાં તથા કબીર સામે પણ રૂઢિવાદી લોકોએ થઈ શકે તેટલો સંઘર્ષ કર્યો હતો.

નરસિંહ મહેતાના ચીંધેલા માર્ગે ઠક્કરબાપા, રવિશંકર મહારાજ તથા નિરંજન વર્મા જેવા વિચારકો ચાલ્યા. નાત-જાતના, ઊંચ-નીચના ભેદભાવને ડામવા ઉપદેશ નહી, પરંતુ આચરણના શસ્ત્રને તેમણે વિશેષ અસરકારક તથા પ્રભાવી ગણ્યું. ગાંધીવિચારની પણ આ અસર હતી. ભાવનગરના તખ્તસિંહજી હિન્દુ સેનેટોરિયમમાં ચાલતા છેવાડાના વર્ગના બાળકો માટેના ઠક્કરબાપા આશ્રમમાં નિરંજન વર્માએ ગૃહપતિ તરીકે તે કાળે કરેલું કાર્ય જોઈને અચરજ તથા અહોભાવ થાય છે. નિરુભાઈની આશ્રમના વિદ્યાર્થીઓ તરફની પિતાતુલ્યપ્રીતિની વાત હરિભાઈ રાણાભાઈ ભાસ્કર નામના આશ્રમના જ એક વિદ્યાર્થીએ લખી છે. જયમલ્લભાઈ પરમાર તથા નિરંજન વર્મા આ આશ્રમમાં આવ્યા અને રહ્યાં. આશ્રમમાં તેમણે ગ્રામોદ્યોગ શરૂ કરાવ્યો.

વિદ્યાર્થીઓની નિરુભાઈ તરફની લાગણી તથા આદરને કારણે તેઓએ નિરુભાઈને આશ્રમના ગૃહપતિ તરીકે મૂકવા માટે વિનંતી કરી. આ વિનંતીનો સ્વીકાર થયો. ત્યારબાદ આશ્રમ જીવનમાં પરિવર્તન અસામાન્ય હતું. આ પરિવર્તનથી વિદ્યાર્થીઓનો સર્વતોમુખી વિકાસ થઈ શક્યો. નાનાભાઈ ભટ્ટ કે ‘દર્શક’ જે પદ્ધતિથી વિદ્યાર્થીઓના વિકાસમાં સહભાગી તથા પ્રેરક બનતા હતા તેનું જ પ્રતિબિંબ અહી ઝીલાતું જોવા મળે છે. જયમલ્લભાઈ તથા નિરુભાઈના માર્ગદર્શન હેઠળ આશ્રમમાં નવા પ્રાણના સંચાર થયા. ભજનમંડળી, વાચન અને ચર્ચાવિચારણા, હસ્તલિખિત માસિક, લેખન, પ્રવાસ જેવી વિદ્યાર્થીઓના જીવનની સર્વાંગી વિકાસની પ્રવૃત્તિઓએ જોર પકડ્યું. ગૃહપતિ તરીકે નિરુભાઈના જીવનની દરેક ક્ષણની મથામણ એ વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખીને જ થતી હતી. ‘ભાગવત’માં ઋષિ સાંદીપનિના આશ્રમમાં રહેલા કૃષ્ણ-સુદામા વચ્ચેના સંબંધની, ઉષ્માની લાગણીનું વર્ણન છે, તેનું પ્રતિબિંબ ભાવનગરના આ નાના આશ્રમના પછાત વર્ગના બાળકો તથા નિરુભાઈ વચ્ચેના સ્નેહમાં ઝીલાય છે.

નિરુભાઈ બાળકોને પ્રવાસે લઈ જાય અને કુદરતના વિવિધ સ્વરૂપોના ભાતીગળ રંગોનો પરિચય કરાવે. નિરંજન વર્માનો મૂળ ક્રાંતિકારી જીવ અને તેથી આવા પ્રવાસો દરમિયાન કોઈ જગાએ બાળકોને મંદિરમાં જતાં કોઈ રોકે તો સંઘર્ષમાં ઉતરવાની પણ પૂરી તૈયારી! અને આવા દરેક નાના-મોટા સંઘર્ષને અંતે આશ્રમના વિદ્યાર્થીઓને મંદિરમાં પ્રવેશ અપાવીને જ રહે. ‘શીંગડા માંડતા શીખવીશું’ની ‘દર્શક’દાદાવાળી વાત અહી આબેહૂબ પ્રગટ થતી જોવા મળે છે. ચારણો-રબારીઓના નેસમાં છાત્રાલયના બાળકોને એ સમયે (1936) દૂધપાક અને બાજરાના રોટલાના જમણની મહેમાનગતિ કરાવી શકનાર આ માનવ સામા પૂરે જ તર્યા હશે! નિરુભાઈની નિર્ભયતા, ભોળા તથા મહેમાનપ્રિય નેસવાસીઓની નિર્દોષતા તથા મહેમાનનવાજી એ બંનેનું તેમાં દર્શન થાય છે. જ્યાં પડાવ હોય ત્યાં ભજનની રમઝટ તો ખરી જ. આશ્રમના એક બાળકને

સર્પદંશ થતાં તેનું માથું ખોળામાં લઈ સમગ્ર રાત ચાકરી કરનાર નિરુભાઈ જ્યારે બાળક દેહ મૂકે છે ત્યારે જનેતા જેવું આક્રંદ કરે છે તે વાત આ સંબંધોની પરાકાષ્ટારૂપ છે. સમાજમાં જ્ઞાતિ આધારિત ભેદભાવ નાબૂદ કરવાના યજ્ઞકાર્યમાં આ ક્રાંતિકારીએ એ કાળમાં પણ સામા પૂરે તરીને નક્કર કામ કરી બતાવ્યું.

કરાંચીની શારદા મંદિરની બાલસંસ્થા શિશુકુંજ સાથે જોડાયેલા ઇન્દુભાઈ દવેએ નિરુભાઈના સાહિત્યકાર તરીકેના વ્યક્તિત્વનો અનોખો પરિચય કરાવ્યો છે. કરાંચીની એચ. વી. કારિયા શાળામાં નિરુભાઈના સત્કાર-સમારંભની વાત સાંભળી તેઓ કાર્યક્રમમાં ગયા. તેમને નિરુભાઈ કેવા લાગ્યા?

“મોં પર યુવાનીનું પ્રતિભાતેજ, વાળનાં ઝૂલફાં કપાળ પર ધસી આવેલા, ભીની લાગણીસભર આંખો.” આવા નિરુભાઈએ મેઘાણીને યાદ કરી દર્દભર્યા કંઠે ગીત ઉપાડ્યું:

વનરા તે વનની કાંટ્યમાં રે રાતાં ફૂલડાં,
હાં રે બાઈએ પધરાવ્યા પેટનાં બાળ
વનરામાં ગલ રાતાં ફૂલડાં.

ગીત આગળ ચાલ્યું તેમ કરુણાના ભાવોએ વાતાવરણ બાંધી લીધું.

જમણે તે હાથે મીચી આંખડી રે રાતાં ફૂલડાં,
હાં રે બાઈએ ડાબે તે હાથ દબવી છે ડોક.
વનરામાં ગલ રાતાં ફૂલડાં.

નિરુભાઈના ભાવ તથા કંઠની કરુણતાએ શ્રોતાઓ હીબકે ચડ્યા. મેઘાણીભાઈની બીજી અનેક વાતો કરીને કરાંચીમાં રહેતા ગુજરાતીઓને મંત્રમુગ્ધ કર્યા. ઇન્દુભાઈ લખે છે: “મેઘાણીભાઈની કોઈ પણ રચના જ્યારે વાંચું છું ત્યારે નિરુભાઈનો તેજ તથા વેદનાસભર ચહેરો નજર સમક્ષ તરવરે છે.”

જીવનના છેલ્લા વર્ષોમાં તેઓ આરોગ્યવરમ્ સેનેટોરિયમ(આંધ્રપ્રદેશ)માં સારવાર લેતા હતા અને ત્યાં જ તેમનો દેહ છૂટ્યો, ત્યારે એ સંસ્થાના સુપરિન્ટેન્ડન્ટ ડૉ. મૂલરે ‘ઊર્મિ-નવરચના’ને લખ્યું તે નિરુભાઈની અનોખી પ્રતિભાના પ્રતિબિંબ સમાન છે:

“જ્યારે સારા માણસોની આ જગતમાં ખોટ પડી રહી છે ત્યારે આવા પ્રતિભાવંત યુવાનના જવાથી દેશને ન પુરાય તેવી ખોટ પડી છે. એમને અમે જીવાડી શક્યા હોત તો સંસ્થા માટે ગૌરવની ઘટના ગણાત. તેઓ અનેકને પ્રેરણા પાઈને જીવનનો આદર્શ ઊભો કરતા ગયા છે.”

જીવનની છેલ્લી ક્ષણોમાં પણ આ ક્રાંતિકારી કેવા ઝળક્યા હશે! મા-ભોમની મુક્તિ માટે જીવ્યા ત્યાં સુધી સક્રિય રહ્યા. દરેક લડતમાં જાતને હોમી. સરકારી વૉરંટની

અવગણના કરીને ક્રાંતિના બીજને અમૃતજળ સીચ્યાં. લડતના કાર્યમાં એટલા ગળાડૂબ રહ્યા કે શરીરની પણ તેમણે લગીરે દરકાર ન કરી. આફતને આવકારીને ઉન્નત જીવન જીવી ગયા. ભગતસિંહ કે રામપ્રસાદ બિસ્મિલની જેમ છાતી કાઢીને જ જીવ્યા અને એ જ ખુમારીથી જગતને અલવિદા કરી. નિરંજન વર્માને યાદ કરી તેમના યોગદાનનું મૂલ્યાંકન કરીએ તો પ્રેરણાના સ્થાયી સ્રોત સમાન જીવનનો અનુભવ થશે. યુવાપેઢીને તેમનામાં એક રોલમોડેલનું દર્શન થઈ શકશે. તેઓ વિસ્મૃત થાય તો સમાજની સામૂહિક ખોટ છે.

જલતે ભી ગયે, કહતે ભી ગયે, આઝાદી કે પરવાને,
જીના ઉસી કા જીના હૈ, જો મરના વતન પે જાને.

*

25

યા દેવી સર્વ ભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા:

માતૃશક્તિની ઉપાસના તેમજ તે તરફની અવિચળ શ્રદ્ધા એ આપણાં સૌની સહિયારી વિરાસત છે. અનેક કર્મઠ અને વીરપાત્રો સાથે માના આશીર્વાદનું કવચ જોડાયેલું છે. ઉદાહરણ સ્વરૂપે હનુમાનજીની દૈવી શક્તિના સ્રોતમાં મા અંજનિનું એક વિશેષ યોગદાન છે. આથી જ માતૃત્વની ઉપાસના સાથે શક્તિસ્વરૂપે માનું સ્મરણ થાય છે. માતૃત્વનો મહિમા કોઈ પંથ કે સંપ્રદાયની મર્યાદામાં નથી. કોઈ ચોક્કસ કર્મકાંડ કે વિધિ-વિધાનમાં પણ માનો મહિમા સંપૂર્ણપણે સમાતો નથી. આ માતૃશક્તિએ જ કાલીસ્વરૂપે રામકૃષ્ણદેવનો પંથ ઉજાળ્યો છે. આ શક્તિએ જ ભારતની ઉગમણી દિશાના આ સંતને રામકૃષ્ણમાંથી રામકૃષ્ણ પરમહંસની પ્રાપ્તિ કરાવી છે. શક્તિનું આ તત્ત્વ જ કદાચ કસ્તૂરબાના સ્વરૂપે ખાદીમાં વીંટળાઈને ગાંધીભાઈને મહાત્મા બનવાની પાવનયાત્રામાં મશાલ લઈને ભું છે. વિકટમાં વિકટ કે ક્રૂર શાસકો સામે સમાજને આ તત્ત્વે જ દોર્યો છે. પ્રતિકારની શક્તિનું સર્જન કરીને જનજનમાં સિંચન કર્યું છે. એમ ન હોય તો કુમળી વયની કિશોરી મલાલા યુસુફઝાઈ તાલિબાનોની તોપના નાળચા સામે અડગ સ્વરૂપે ઊભી કેમ કરીને રહી શકી હોત?

જગતના પૂર્વના દેશોમાં શક્તિતત્ત્વની આરાધનાનું લક્ષણ જોવા મળે છે. શક્તિસ્વરૂપા જીજાબાઈ જેવી માતાઓએ બાળ શિવાને હીંચોળતાં-હીંચોળતાં સૃષ્ટિના તમામ કૂમળા છોડ સ્વરૂપી બાળકોના વિકાસમાં વૈચારિક તથા વીરતાપૂર્ણ જીવનનું ખાતર પૂરેલું છે. જીજાબાઈનો આ ઐતિહાસિક સંદેશો મેઘાણીભાઈના શબ્દોમાં અમરત્વને પામ્યો છે:

આજ માતા દેતી પાથરી રે કૂણાં ફૂલડાં કેરી સેજ,
કાલે તારી વીર પથારી, પાથરશે વીશ ભૂજાળી...
શિવાજીને નિંદરું નાવે માતા જીજાબાઈ ઝુલાવે
ધણણણ ડુંગરા ડોલે...

માના સ્વરૂપે જીજાબાઈ કહે છે: “કોઈ એક વ્યક્તિની મા નહીં, પરંતુ તારા જીવનસંગ્રામમાં સમષ્ટિની મા વ્યાપક સ્વરૂપે વિકસિત યા વિલસિત જોગમાયા સ્વરૂપે તારી ખેવના રાખવા ખડી હશે. શ્રદ્ધાનું કેવું મોટું તથા ઊંડું સિંચન દેશની અનેક માતાઓએ બાળહૃદયમાં કર્યું હશે! માનું સ્વરૂપ સંસ્કૃતિનું ધારક, સંવર્ધક તથા વિસ્તારક બન્યું છે.

નિજ પુત સોતે બાલ પાલને મેં
રઘુનાથ કે ગાયન ગાવતી થી,
કહી જ્ઞાન ગીતા સમજાવતી થી,
ભય મોત કા દૂર ભગાવતી થી
સમશેર ધરી કર ઝૂઝને કા
રણદાવ કા પાઠ પઢાવતી થી.
ઘર અંબિકા થી રણ ચંડિકા થી,
સોઈ હિન્દકી રાજપૂતાનિયા થી.

દુલા ભાયા કાગ(ભગતબાપુ)ના આ ઝમકદાર શબ્દોમાં બાળઉછેરના અઘરા છતાં અગત્યના કાર્યમાં માએ આપેલા અમૂલ્ય યોગદાનની વાત કરી છે. કવિ બોટાદકરે માની મમતાના સાતત્યપૂર્ણ પ્રવાહને વિશિષ્ટ રીતે પોંખેલું છે:

ગંગાના નીર તો વધે-ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે...
જનનીની જોડ સખી! નહી જડે રે લોલ.

ધરતીની દૃઢતાને શાસ્ત્રોએ પ્રમાણી છે, પરંતુ કવિને માતૃશક્તિની દૃઢતા – અચળતા મુઠ્ઠી ઊંચેરી લાગે છે.

ધરતી માતા એ હશે ધ્રુજતી રે લોલ,
અચલા અચૂક એક માત રે... જનનીની.

કોઈ સત્તાધારી મહારાજા કે શહેનશાહને નબળી ક્ષણે કોઈ અયોગ્ય વિચાર આવી જાય તો માતૃત્વનું આ જ લાગણીભર્યું સ્વરૂપ ચીસ પાડી ઠે છે.

રસહીન થઈ છે ધરા, દયાહીન થયો નૃપ,
નહી તો આવું ના બને, બોલી માતા ફરી રડી.

કવિ 'કલાપી'ની આ 'ગ્રામ્યમાતા ઓછા, પરંતુ અસરકારક શબ્દોમાં રાજવીની બદલાયેલી મનોસ્થિતિનું સચોટ નિદાન કરે છે!

વેદોમાં, 'શ્રીમદ્ ભાગવત' તથા પુરાણોમાં માતૃપૂજાનો મહિમા પથરાયેલો છે. 'શ્રી દેવી ભાગવત તો માતૃપૂજાની છડી પોકારે છે. 'માર્કંડેય પુરાણની 'સપ્તશતી'(ચંડીપાઠ)માં માતૃપૂજાની સર્વોત્કૃષ્ટ લાગણીઓ ઉત્તમ પ્રકારે ગૂંથી લેવામાં આવી છે. 'આનંદનો ગરબો' જનસાધારણમાં સદૈવ પ્રિય રહ્યો છે. આમ માતૃપૂજાની પરંપરા ગંગામૈયાના પ્રવાહની જેમ અવિરત વહેતી રહેલી છે. ગુજરાતમાં ઉજવાતા નોરતા તરફ વિશ્વના અનેક લોકોનું ધ્યાન કેન્દ્રિત થયું છે. નવરાત્રિના તહેવારોનું આકર્ષણ નિરંતર વધતું રહેલું છે.

લોકપ્રિય અને સુવિખ્યાત સર્જક કવિ 'દાદ કહે છે તેમ માતૃશક્તિની ઉપાસનાની એક ઉજ્જવળ પરંપરાની ચિનગારી આપણી ભૂમિમાં હજી પણ જીવંત તથા જાગૃત છે.

સાવ અલગ તાસીર છે આ ભૂમિની,
અહીં 'મહાભારત' વાવો અને 'ગીતા' નીકળે,
જનક જેવા આવી હજી હળને હાંકે
તો હજીએ આ ધરતીમાંથી સીતા નીકળે.
અહીં સોનમલા, અહીં આવડમા, અહીં નાગબાઈમા,
એના ધૂણા તપના હજીએ ધખતા નીકળે.

ચારણોએ માતૃસ્વરૂપા શક્તિતત્ત્વની ઉપાસના મન મૂકીને કરી છે. જનનીના શરણે જવામાં અને જીવવામાં તેમને જીવતરનું શ્રેય દેખાયું છે. 'આઈ તત્ત્વ'ના આ સ્વરૂપનું પ્રાગટ્ય ચારણ કવિઓની બળુકી કલમમાં સુપેરે થયું છે. આઈતત્ત્વનો કે શક્તિસ્વરૂપનો દોર વ્યક્તિગત રીતે અનેક વિભૂષિત માતાજીઓના જીવનમાં વીજળીના ચમકારાની જેમ ઝીલાયો છે, તેથી જગતને તેની પ્રભાવી અને પ્રતાપી શક્તિમાં વિશ્વાસ બેઠો છે. ત્યાગ, ઉદારતા, શીલ તથા સંયમના ઘેરા રંગોથી આ માતાજીઓના જીવન દેદીપ્યમાન બનેલા છે.

કચ્છમાં નખત્રાણા પાસે આવેલા લાખીયારવીરા ગામમાં આઈ જીવામાના સ્મરણો તથા તેમના ઉજ્જવળ બલિદાનને તમામ સમાજના લોકો ચૈત્ર માસમાં શ્રદ્ધાના સુમન ભાવથી અર્પણ કરે છે. ચૈત્રી પૂનમના પાવનકારી દિવસે આઈ જીવામા તથા તેમના પુત્રી દીપામાએ અન્યાયી શાસકને ખાળવા તેમજ ગામસમસ્તને અભય પ્રદાન કરવા આત્મસમર્પણ કર્યું હતું. માના સ્વરૂપનો મહિમા, તેમનું પૂજન તથા અર્ચન તમામ વર્ગના લોકો આજે પણ સામૂહિક રીતે કરે છે. સમાજની ઢાલ બને અને સમાજને અભયકવચ પૂરું પાડે તેને જનસમૂહ કદી વિસરતો નથી. અહીં ભાવનાનું – ઉપાસનાનું ઘોડાપૂર આપમેળે પ્રગટતું દેખાય છે. 2013ના વર્ષમાં લાખીયારવીરાના વતની શાન્તુભાઈ ગઢવીના ઉમળકાભર્યા આગ્રહથી આ પૂજા-અર્ચના પ્રસંગમાં સાક્ષી બનવાનું થયું. આવા વ્યક્તિવિશેષોના ચરિત્રોમાં ઘણી વાર કિંવદંતીનું તત્ત્વ ભળી જાય તેવું જોવા મળે છે, પરંતુ આઈ જીવામાના કિસ્સામાં સદ્ભાગ્યે તેમ બન્યું નથી.

મોરઝર(કચ્છ)ના મોરારદાનજી સુરતાણીઆએ કડીબદ્ધ ઐતિહાસિક તથ્યો અભ્યાસપૂર્ણ સંશોધનના આધારે જગત સામે મૂક્યા છે. આઈ જીવામાના ઉજળા અવતારની પ્રભાવી વાતો અગાઉ કચ્છના રાજ્યકવિ શંભુદાનજી અયાચીએ તેમની અભ્યાસુ કલમથી સવિસ્તર આલેખી છે. ઉપરાંત લોદ્રાણી(વાગડ)ના ઋષિસમાન વ્યક્તિત્વ તથા જ્ઞાન ધરાવતા પિંગળશીભાઈ પાયકે પણ જીવામાના પ્રસંગની વાતો શબ્દબદ્ધ કરેલી છે.

જે ઐતિહાસિક હકીકતો સંશોધનને કારણે પ્રકાશમાં આવી છે તે પ્રમાણે આઇ જીવામાનું પ્રાગટ્ય વાગડ વિસ્તારના જાટાવાડા ગામે થયેલું. જીવામાના લગ્ન લાખીયારવીરામાં શામળ પરિવારમાં થયેલું હતું. લાખીયારવીરાનું નામ જાણીતું તથા ઐતિહાસિક રીતે મહત્ત્વનું ગણાય છે, કારણ કે લાંબા સમય સુધી તેનો દરજ્જો કચ્છની રાજધાની તરીકે રહેલો હતો. ગામ સમસ્તના આગેવાનોને કચ્છના રાજવી સાથે સંબંધો પણ સુમેળભર્યા હતા. આમ છતાં એક પ્રસંગે કોઈ કથિત ખૂનકેસના હિસાબે રાજ્ય સાથેના ગામના સંબંધો ગેરસમજને કારણે તંગ થયા હતા. કથિત ખૂનકેસના સંદર્ભમાં અમુક લોકોની કાનભંભેરણીથી રાને શંકા હતી કે આ ખૂનકેસમાં લાખીયારવીરા ગામના કેટલાક ચારણ આગેવાનોનો હાથ હતો, આથી રાજવીએ (રા'ખેંગાર) ગામ પર હુમલો કરી ગામને ઉજ્જડ કરવાની ધમકી આપી તેવો ઇતિહાસ છે.

સમજદાર લોકોએ રા'ને સમજાવ્યા: “આ બાબતમાં કોઈ ગેરસમજ છે, આથી માન્યતાના આધારે તેમજ પુરાવા કે ખાતરીના અભાવે કોઈ ગામ સમસ્તને સજા કરવામાં શાણપણ નથી. પરંતુ શાસકો ઘણા પ્રસંગોએ પૂરતા વિચારના અભાવે શાણી સલાહ લેતાં નથી તેવો એક સામાન્ય અનુભવ છે, આથી લાખીયારવીરા ગામ સમસ્તના લોકોએ ભગવતી આઈ જીવામાને આ સમસ્યાનો ઉકેલ લાવવા તથા રા'ને સમજાવવા વિનંતી કરી. માતાજી આમ તો તેમના પતિ તથા યુવાન પુત્રના મૃત્યુ બાદ દુનિયાદારીની બાબતોમાં કોઈ રસ લેતા ન હતા. જોગમાયાના સતત નામસ્મરણમાં તેઓ વિરક્ત થઈને જીવન વ્યતીત કરતા હતા, આથી આવી કોઈ સાંસારિક બાબતમાં તેમણે શરૂઆતમાં તો રસ લેવા માટે અનિચ્છા દર્શાવી, પરંતુ ગામની વિનવણી તેમજ દીકરીના આગ્રહથી કોઈ ઉપાય કરવા માટે સંમત થયા. માતૃહૃદય વિશાળ હોય છે અને અનેક સમયે બાળકો માટે – સમાજ માટે કોઈ પણ જોખમ વહોરીને સહાય કરવા તત્પર થાય છે. જીવામાની એક ચરજમાં રણમલજી શામળે સુંદર શબ્દોમાં આ ચિત્રને શબ્દસ્થ કરેલું છે:

કોઈ જઈને જીવામાને જગાડો
લાખા હોમે વેલેરા પધારો રે, જીવામા!
વેલા સાદ દ્યો સાદ દ્યોને સુરરાયા,
જીવામા વેલા સાદ દ્યો.

ગામસમસ્તના કલ્યાણ માટે તેમજ ખૂનખરાબા રોકવા માટે માતાજી રાને વિનંતી કરે છે. તેના શાસકને ધર્મને યાદ કરી આ વિનાશ રોકવા સમજાવે છે. પરંતુ રાજા રાવણ કે દુર્યોધનથી માંડી અનેક શાસકો ન્યાયની વાત સમજવામાં અનેક સમયે નિષ્ફળ ગયેલા છે. અભિમાન તેમજ સત્તાનો મદ તેમને તેમ કરતાં રોકે છે. માતાજી નિરાશ થાય છે.

તેમનું મન સંસારમાંથી સંપૂર્ણ રીતે ઠી જાય છે. આવા કપરા સમયે ચારણ આઈઓ આત્મસમર્પણ કરતી, તેવા અનેક દાખલા આઈ ચરિત્રકારોએ નોંધેલા છે.

આઈએ ગામસમસ્તને દૃઢતાપૂર્વક જણાવ્યું: "મૂંગા મોઢે અન્યાય સહન કરી શકાય નહી. આવતીકાલે જ જમહરમાં (જીવતા અગ્નિપ્રવેશ) બેસવાનો મારો નિર્ધાર છે." પુત્રી દીપામાએ પણ માતા સાથે જ આત્મસમર્પણની વેદી ઉપર બલિદાન આપવાનો નિર્ધાર જાહેર કર્યો. પૂરી રાત લાખીયારવીરા ગામે પ્રાર્થના-સ્તુતિ કરવામાં અખંડ રીતે ગાળી. પ્રસંગની પવિત્રતા, ગંભીરતા તથા આઈની શક્તિનો ગામે અનુભવ કર્યો. બીજા દિવસે જમહરમાં બેસવાના નિર્ણયનો વાસ્તવિક અમલ ગગનભેદી જયનાદ વચ્ચે થયો. આઈઓની પવિત્રતાથી અગ્નિશિખાઓની પવિત્રતા વિશેષરૂપે જ્વલંત બની. 'યા દેવી સર્વ ભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતા:'વાળી શાસ્ત્રો ત વાત કચ્છની ઐતિહાસિક ધરતીમાં પુન: પ્રતિષ્ઠિત થઈ. ગામ તો બચી ગયું, પરંતુ સંશોધકોએ નોંધ્યું છે કે રા'નો કરુણ અંજામ આવ્યો. 350 વર્ષ પહેલાંની આ ઘટના માનવામાં આવે છે. આજે ત્યાં ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

મહત્ત્વની વાત એ રહી છે કે આઈઓના શીલ તથા સાદગીપૂર્ણ સંસ્કારી જીવન સામાન્ય સંજોગોમાં ભક્તિપરાયણ જ રહેતા, પરંતુ અન્યાયના પ્રતિકારની ઘડી આવે ત્યારે આ જ આઈઓનું ચંડિકા-સ્વરૂપ ક્ષણમાત્રમાં પ્રગટ થતું જોવા મળતું હતું. દૂર-સુદૂર કલકત્તા રહી કચ્છના વેપારી ખમીરથી સમૃદ્ધ થયેલા જીયાપરના ગ્રામજનો આજે પણ બહારથી વતનમાં આવે ત્યારે માતાજીના દર્શન કરીને પોતાના ઘરે જાય છે. શ્રદ્ધાનો પ્રવાહ અવિરત રહે તેવા કિસ્સા આપણે ત્યાં અજાણ્યાં નથી.

ગઈકાલ સુધી આપણી વચ્ચે રહીને આશીર્વાદના અમૃત વરસાવનારા આઈ શ્રી સોનબાઈમાની સ્મૃતિ કદી ઝાંખી થાય તેવી નથી. ભગતબાપુએ પોતાની ભાવના અનોખા શબ્દોમાં વ્યક્ત કરી:

માડી! તારો મઢડે નેસળ વાસ
ઉગમણે ઓરડે હો... જી.

ઉગમણા ઓરડાવાળા આઈ સોનલે ઉગમણી દિશાથી પ્રગટ થતાં સૂર્યની જેમ જ પોતાના પ્રકાશથી જાગૃતિનો એક નવો માહોલ સમગ્ર સમાજમાં ઊભો કર્યો. એક આયખામાં અનેક આયખાઓનું કાર્ય કરનાર આઈમા સૌને ઉન્નતિનું દિશાદર્શન કરાવીને ગયા. આઈના પ્રયાસોનું ઉજળું પરિણામ આજે જોવા મળે છે.

માડી! તેં તો ખારાં રે
ખેતરડાંને ખેડિયાં,
માડી! એમાં લીલી મોલાતું

લેર્યે જાય રે...
ભેળિયાળી તારાં ભામણાં.

આઈ શ્રી સોનબાઈમાના સાંનિધ્યમાં રહીને કચ્છના ઋષિસમાન ચારણ પિંગળશીભાઈ પાયકે આઈની પ્રેરણાથી અનેક કાર્યો કર્યા, પરંતુ પિંગળશીબાપુએ આઈમાના જીવનની કથા અને તેમના વચનોનું દસ્તાવેજીકરણ કરીને સમાજ પર વાળી ન શકાય તેવું ઋણ ચડાવ્યું છે. વીજળીના ચમકારા જેવું જીવન વ્યતીત કરીને આઈ તો સિધાવ્યા, પરંતુ તેમણે કરેલા સંસ્કારસિંચનના કારણે આજે ઘણી સંસ્થાઓ સમાજહિતના કાર્યો કરતી થઈ છે. આઈમા 'પોતાવટ'નું અપ્રતિમ ઉદાહરણ આપીને ગયા, પરંતુ તેમના સ્નેહ તથા વાણીની સુગંધ આજે પણ અનુભવી શકાય છે. ભગતબાપુએ આઈમાને 'આભકપાળી' કહીને ગરવાઈ તથા પવિત્રતાના ઊંચેરા શિખર સમાન તેમના વ્યક્તિત્વને બિરદાવેલું છે:

સોનલમા આભ કપાળી
ભજાં તોય ભેળિયાવાળી
પોતાવટ પાળવાવાળી

સમયના પરિવર્તન સાથે કેટલાક ફેરફારો સમાજજીવનમાં પણ થાય તે સ્વાભાવિક છે. કેટલાક ફેરફારો આવકાર્ય પણ છે. આમ છતાં આઈમાએ સમાજજીવનમાં શીલ તથા સંસ્કારની વાત અનેક પ્રસંગોએ કરી હતી તે બાબત પ્રાસંગિક તથા અનિવાર્ય છે. આ બાબતની ખેવના સૌએ રાખવી રહી. મઢડા મહાસંમેલન(1954)માં આઈમાએ વિદ્વાન કવિરાજ શંકરદાનજી દેથાના શબ્દો ટાંકીને સમાજને શીખ આપી હતી. આ શબ્દો સમજીને આચરણમાં ઢાળવાના યથાશક્તિ પ્રયાસો કરવાની ફરજ આપણી છે.

ઉત્તમ વિચારોથી નિરંતર
શુદ્ધ અંતર રાખવું.
બદકર્મથી ડરવું બહુ
સત્કર્મના સેવક થવું
રાખી સુરીતિ, નેક નીતિ
સત્ય બાબતની સમજ,
ભજવા અજર અજ અમર
એવા વૃષભધ્વજ કાં ગરુડધ્વજ.

*

26

માડી! તુજને કોક જ જાણે 'કાગ': કવિ કાગની રચનાઓમાં માતૃઉપાસના

કવિ દુલા ભાયા કાગ લખે છે: "જે ધરતીએ આપણને ઝીલ્યા, જે ધરતીએ આપણને પોષ્યા તે ધરતીને યાદ ન કરીએ તો શા કામનું? પ્રભુ, શક્તિ, મા આદિ જે બધું છે તેના ગુણગાન કરવા એ જ મુક્તિ છે એમ હું માનું છું. આથી મેં જગજનની મહામાયાના ગુણગાન કર્યા છે."

મીઠા વિનાનું અન્ન લૂખું કે જાગતી જોગમાયા,
એવું શક્તિ વિનાનું પંડ ખોખું, જોરાળી જોગમાયા.

કવિ એ સરસ્વતીનો ઉજળો વારસદાર છે. ચારણ કવિ શક્તિપુત્ર છે, આથી કાગ જેવા ચારણ કવિની રચનાઓમાં જગતજનની માનું તત્ત્વ કેન્દ્રસ્થાને છે. કવિ કાગની ઉપરના શબ્દોની પંક્તિઓ આ વાતની પ્રતીતિ કરાવે છે. શંકરાચાર્ય જેવા અદ્વૈતવાદી આચાર્યે પણ શક્તિના સ્તોત્ર લખીને સાર્થકતાનો ભાવ અનુભવ્યો છે. રામકૃષ્ણદેવનું તો સમગ્ર જીવન જ માને સમર્પિત હતું. કવિ કાગનું આવું જ સર્વગ્રાહી તર્પણ ભેળિયાવાળી મા સોનબાઈના ચરણોમાં થયેલું જોવા મળે છે.

માનવ કો પડશો નહીં, કપટ તર્કને કૂપ,
તર્કરહિત નિર્મળ સદા, સોનલ બ્રહ્મસ્વરૂપ.

કવિ કાગ પોતાના કાળના સંસ્કારગુરુ છે. નૂતન સૂર્યોદયની આગોતરી પરખ કરનાર આ ક્રાંતદ્રષ્ટા કવિના મૂળ ધરતી સાથે મજબૂત રીતે જોડાયેલા છે. આથી કવિની વાણીમાં ધરાની સોડમ તથા મીઠાશ બંને ભળ્યા છે. માતૃશક્તિની ઉપાસનાની સુંદર રચનાઓ અનેક સર્જકોએ કરી છે, પરંતુ લોકવાણીના બળુકા માધ્યમથી પ્રગટેલી કવિ કાગની રચનાઓ લોકોમાં ગવાતી-ઝીલાતી તથા વધાવાતી રહી છે. કવિએ સાર્વત્રિક પોષણ કરનારી જગજનનીના ખોળે છેવટે સમાઈ જવાની ઇચ્છા વ્યક્ત કરી છે:

જે કર માડી ઝીલીઆ, જે કર પોષ્યા જોય,
તેડી લેજે તોય, એ કરથી છેવટ કાગડા.

કવિ કાગને એ વાતની પૂર્ણ પ્રતીતિ છે કે કાળના પ્રતિકૂળ પ્રવાહમાં સૂનકાર તથા ભેંકાર દીસતા અનેક હૈયાસ્વરૂપી દીવડાઓને ઉજાસ જોગમાયાની કૃપા થકી જ

સાંપડેલો છે. માનવીના હૃદયમાં જ્યારે સ્નેહની સરવાણી સુકાય છે ત્યારે જીવતરની સ્નિગ્ધતા અને મીઠાશ અદૃશ્ય થાય છે. આવા ખારા ખેતર જેવા હૈયામાં શ્રદ્ધા અને ભક્તિની ખેતી થઈ શકતી નથી. આવી સ્થિતિમાં હૈયાના ખેતરને ખેડીને શ્રદ્ધા તથા સ્નેહનો ઉજળો ફાલ જોગમાયાના આશીર્વાદ થકી સંસારને સાંપડ્યો છે. કવિ પોતાને માની દયાનો દીવો ગણાવે છે. આ નાના શા દીવાની ભવ્ય ઝંખના કોઈના મારગમાં અજવાળું કરીને ઓલવાઈ જવાની છે.

માડી! કૈંક કોઠાના પડેલા ખાલી કોડિયાં,
માડી! એમાં દીવડાંની જગવી તે જ્યોત રે...
ભેળીઆળી તારાં ભામણાં!

માડી! તેં તો ખારાં ખેતરડાંને ખેડિયાં,
માડી! એમાં લીલી મોલાતું લેર્યે જાય રે...
ભેળીઆળી તારાં ભામણાં!

માડી! તારી દયાનો દીવડો રે જીવડો 'કાગનો
કોઈના કેડાને અજવાવી ઓલવાઈ જાય રે...
ભેળીઆળી તારાં ભામણાં!

માડી! તારાં વારણાં લઉં વીશ ભૂજવાળી રે...

જગતજનીના દેહ પર શોભાયમાન નના પરંપરાગત કાળાં ઓઢણાં(ભેળીઆ)નું સ્મરણ કરીને સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ કવિને માના આશીર્વાદનું પરિણામ દેખાય છે. માની સર્જનશક્તિ અસીમ છે, અમાપ છે. ભેળીઆની ભવ્યતા પણ જુદી છે. ઈશ્વરનું જેમ દરેક સર્જન વિશિષ્ટ છે તે સ્થિતિ અહી જોવા મળે છે. મા થકી જગતનું સર્જન જે તાણાંવાણાંમાં વણાયું છે તે સત્ય અને વ્રતના ઉજળા તાણાંવાણાંથી ગૂંથાયેલું છે. તેથી તેની શોભા અન્ય દુન્યવી ચીજોથી જુદી છે. માના આવા દૈદીપ્યમાન જગતના સર્જનનું દર્શન દરેક માનવને સહજ રીતે ઉપલબ્ધ છે.

ખરા દર્શનની યોગ્યતા માનવીએ ઉજળા કર્મ કરીને પ્રાપ્ત કરવી પડે છે. માના વ્યક્તિત્વ થકી ઉજળા એવા કાળા ભેળીઆનું ગૌરવ કાળા 'કાગને ભરપૂર છે. માના દર્શનનું ગૌરવ જીવનના ઉજળા કર્મ થકી કવિની જેમ સૌ કોઈને સુલભ છે. કવિ તો રાહબર છે. આ ઉન્નત માર્ગે ચાલવાનું પ્રણ તો આપણે સૌએ વ્યક્તિગત રીતે લેવું પડશે અને પ્રણ લીધા પછી ટકાવી રાખવું પડશે.

માડી! એમાં સતના તાણાં ને વ્રતના તાગડાં,
માડી! તારે ભેળીએ ભર્યા છે ભુંગર તપ રે...

જગદંબા ભોળી! કોણે રે વણ્યો મા! તારો ભેળીઓ?
માડી! કોઈ સતીઆ ભજે રે તારો ભેળીઓ
માડી! એને કૂડિયાં સંભાર્યે સળગી જાય રે...
જગદંબા! તારો ભેળીઓ.

માડી! મારો વાન છે કાળો ને કાળો ભેળીઓ
માડી! તેથી ભળી ગયો ભેળીયામાં કાળો 'કાગ રે...
જગદંબા તારો ભેળીઓ.

જગતમાં ઘણાંબધા લોકોનો એ સામાન્ય અનુભવ છે કે કેટલીક બાબતો તથા કેટલીક ઘટનાઓ શબ્દાતીત હોય છે. આવી ઘટના શબ્દોમાં સમાતી નથી. 'કાન્ત' જેવા કોઈ મોટા ગજાના કવિને સાગરકિનારે ઊભા રહીને ઉછળતા સમુદ્ર તથા ગતા ચંદ્રનું દર્શન કરીને રળિયામણા શબ્દો પ્રગટી શકે, પરંતુ મોટા ભાગે આવી ઘટનાઓનું વર્ણન કરવું મુશ્કેલ હોય છે. ગાંધીજીના ઓચિંતા મૃત્યુ પછી કેટલાયે લોકો અસાધારણ આઘાતને કારણે કોઈ પ્રતિક્રિયા આપી શક્યા ન હતા તે ઘટના જાણીતી છે. જગદંબાના અનેકવિધ સ્વરૂપનું દર્શન કર્યા પછી કવિ કાગને શબ્દોની પણ એક મર્યાદા આવી જતી હોય તેમ લાગે છે, કારણ કે જગદંબાનું સ્વરૂપ શબ્દાતીત છે તેની કવિને પ્રતીતિ થઈ હશે.

શબ્દની પણ આવરદા આવી જતી હોય તેવો કવિ કાગનો આ ભક્તિભાવ કાવ્યસર્જનની એક નૂતન સૌરભ પ્રસરાવી જાય છે. કવિની ભક્તિમાં એવી દૃઢ શ્રદ્ધા છે કે આ જગતની રચના અને તેની અનેકવિધ ગતિવિધિઓ એક મોટા રહસ્યનો વિષય છે. કુદરતની આ રચના સ્વયંપ્રકાશિત છે. તેને વળી વિશેષ પરચાના પુરાવાની ક્યાં જરૂર છે? પરમાત્માની આ સૃષ્ટિ અનેક પરચા ગર્ભમાં સમાવીને સ્થિર થયેલી છે. જેણે આ સ્વરૂપને નીરખ્યું છે તેની વાણી કવિ કહે છે કે વિરામ પામી છે. વિરાટ-દર્શન પછી કવિને માતાની નિદ્રાના ગીત ગાવાના ઓરતા જાગે છે:

ગાવાં-ગાવાં તારી સેજલડીના ગીત
ગાવાં-ગાવાં તારી નિંદરુંના ગીત

વાણીના સીમાડા, માડી! ત્યાં પૂરા થયા હો રાજ!
શબદની આવરદા બાઈ ત્યાં આવી રહી હો રાજ!

માડી! લટકે લાખું જો ભરમાંડ
માડી! લટકે ચાંદલિયો ને ભાણ
સાગરિયો વગાડે નવલખ નોબતું હો રાજ!

માડી! તારા પરચાનો નહી પાર
અધૂરિયા માગે રે મા! મને પરચા પૂરો રાજ

માડી! તુજને કોક જ જાણે 'કાગ'
મનમાં સમાણાં ને જંપી જીભડી હો રાજ!

જગદંબાની સ્તુતિ અનેક ઋષિઓએ શ્રદ્ધાપૂર્વક કરી છે. આ જ રીતે અનેક લોકકવિઓએ પણ માની મોટપને વધાવી છે. આ બધી સ્તુતિઓ સુંદર છે, પરંતુ કવિ કાગની અનેક રચનાઓ જે આઈશ્રી સોનબાઈમાને કેન્દ્રમાં રાખીને લખવામાં આવી છે તેનું સૌદર્ય વિશિષ્ટ છે. ભગતબાપુના આ સર્જનોમાં સર્જકની શકિત સાથે ભકિતનો ભાવ ભળેલા હોય તેમ અનુભવી શકાય છે, પરિણામે આ રચનાઓ વિશેષ લોકભોગ્ય બની છે. આજે પણ કવિ કાગની જગદંબા સ્તુતિઓ સાંભળવાનો લોકાગ્રહ અનેક કાર્યક્રમોમાં નજરોનજર જોવા મળેલો છે. આમ છતાં કવિ કાગ જેવા મોટા ગજાના સર્જકને સાંપ્રત સ્થિતિનો પૂરો અહેસાસ છે. જગદંબાની સ્તુતિ કરી તેના ચરણોમાં રહેનારો દેવીપુત્રોનો સમાજ ભૂતકાળમાં જે સ્થિતિમાં હતો તે સ્થિતિ વર્તમાનમાં જાળવી શક્યો નથી તેની કવિને પ્રતીતિ છે. આવી પ્રતીતિનો એક ખટકો પણ કવિની કાવ્યપંક્તિઓમાં નિહાળી શકાય છે. કવિની આ જાત ભણીની જાતરામાં વિવેક અને ગરવાઈનું દર્શન થાય છે.

રાસ રમતી હતી અમતણી જીભ પર
ઝણણ પદ નૂપુર ઝણકાર થાતાં
સચર ને અચર સૌ મુગ્ધ બનતા હતા
તાલ દઈ સંગમાં ગીત ગાતાં
નર નરાધીશ જગદીશ રીઝયા હતા
અમતણાં એ જ ઝરણાં સુકાયા
ખોળલે ખેલવ્યા બાળ ને માવડી
આજ તરછોડ મા જોગમાયા!

જે સર્જક અથવા જે સમાજ મા ભગવતીનો ઉપાસક છે તે આત્મઅર્પણમાં માનનારો હોય અને આકરા બલિદાન આપવાની ક્ષમતા ધરાવતો હોય તે પાયાની શરત છે. આવા આત્મસમર્પણની બાબત દુષ્કર હોવા છતાં ઇતિહાસમાં અનેક કાળે તથા પ્રસંગોએ સાર્વત્રિક હિત માટે, વ્યક્તિગત સુખ અને સલામતી સ્વેચ્છાએ ત્યાગ કરવાના ઉદાહરણો આલેખાયા છે. રાજસ્થાનના કેસરીસિંહજી બારહઠ્ઠ જેવા સર્જક અને ભગવતી ઉપાસકને પોતાના સમયકાળમાં દેશની આઝાદીનું કાર્ય એ ખરો યુગધર્મ જણાયો અને આત્મઅર્પણનો અનોખો સૂર તેમણે છેડ્યો. યુવાન પુત્રના બ્રિટિશ જેલમાં થયેલા અપમૃત્યુથી પણ તેમની ધીરજ સહેજે ડગી નહી. સમર્પણના આ સૂર તથા તેની

સાથે જોડાયેલો ભાવ જો સાંપ્રત સર્જનથી વેગળો થયો હોય તો કવિને આ સ્થિતિ રુચિકર લાગતી નથી. આથી પુન: ગૌરવ પ્રાપ્ત કરવાની કવિની આભથી ઊંચી મહેચ્છા છે અને તેનો પડઘો કવિના અર્થસભર શબ્દોમાં ઝીલાયો છે.

આત્મઅર્પણ તણાં પ્રથમ ભુવ ભારતે
ચારણે કંઠથી સૂર છેડ્યાં
લાખના લોહીની ધાર અટકાવવા
ચારણે આપના લોહી રેડ્યાં
સત્ય આગ્રહ તણાં ઉપાસક આદિથી
સ્વતંતર જીવનના ગુણ ગાયાં
ખોળલે ખેલવ્યાં બાળને માવડી!
આજ તરછોડમા, જોગમાયા!
સત તણાં સ્વાંગ રણભોમ રંગમેલમાં
પહેરીને અસતના દાંત ઝેર્યા
અંબિકા તુજ તણાં એ જ પુત્રો અમે
અસતના શામળા પાઠ પેર્યા.
અંધ લંપટ અને નફ્ટ છોરું બને
માત છોડે નહી તોય માયા... ખોળલે.

જગદંબાની સ્તુતિ કરતાં ભગતબાપુ સહિતના ચારણ તથા ચારણેતર સર્જકોએ કોઈ પણ પ્રકારની અંધશ્રદ્ધાનું કે પરચા આદિ બાબતોનું સમર્થન કે GLORIFICATION કર્યું નથી. જગતજનની માને તેમણે ઉગમણાં ઓરડાવાળી ગણાવીને નૂતન દર્શન કરાવનાર તથા સ્નેહનું નિરંતર સિંચન કરનાર તરીકે ઓળખાવી છે. આઈઓની આ જળી પરંપરાના ગુણ ગાતાં વિદ્દ્જનોએ નિહાળ્યું કે ઘણાં કિસ્સાઓમાં સંસારમાં રહીને આઈ માતાઓ શ્રમપ્રધાન અને ભક્તિપ્રધાન જીવન વ્યતીત કરતી હતી. મહેમાનોને ભોજન કરાવવાના કાર્યને તેઓ સહજ ધર્મ-કર્મ તેમ જ ગૃહસ્થીધર્મ ગણતી હતી. ‘રામાયણ’ પરત્વે તેમની ઊંડી પ્રીતિ હતી. પોતાના જ્ઞાનથી કોઈને પ્રભાવિત કરવાનો આછેરો પણ પ્રયાસ આ દેવીઓએ કર્યો નથી. આઈ માતાઓએ તો સ્નેહસિંચન કરીને જગતની લીલી વાડીને પોષણ આપવાનું કાર્ય કરેલું છે.

સમાજમાં અન્યાય કે અવ્યવસ્થા જણાય ત્યાં સાપ કાંચળી ઉતારે તેવી સહજતાથી પોતાના જીવનને સત્ય તથા ન્યાયની યજ્ઞવેદી પર ન્યોછાવર કરેલું છે. ઉત્તમ વિચારો જેટલું જ સમર્થન ઉત્તમ આચરણનું પણ આપણી આ માતૃપરંપરાએ કરેલું છે. ઉજળા આચરણના બળ થકી જ જોગમાયાના આશીર્વાદ મળે છે અને ફળે છે. વિદ્યાનો પરંપરાગત વારસો જાળવીને બેઠેલા કવિ કાગ સહિતના સર્જકો એ ખરેખર તો એક

સંસ્થાગત અને સ્થાયી વ્યવસ્થા છે. આ વ્યવસ્થા કે પરંપરાની ભવ્યતાને જગતે જોઈ છે અને પ્રમાણી છે. આ ઉજળી પરંપરાની મશાલ હાથમાં લેનારા બદલાયા કરે, પરંતુ તેનું તેજ તો યજ્ઞશિખાની જેમ સદાયે ઉજ્જ્વળ તથા પાવક રહે છે. આ વ્યવસ્થાના આત્મગૌરવનો તેજોવધ ન કરવાની ઝવેરચંદ મેઘાણીની સલાહ હૈયામાં સાચવી રાખીને જીવનમાં ઉતારવા જેવી છે. શક્તિના અલૌકિક મહિમાનું ગાન કરનાર અનેક સર્જકોમાં દુલા ભાયા કાગનું સ્થાન અગ્રસ્થાને રહેશે તે નિર્વિવાદ છે.

*

27

વંચિતોના વાલેશરી:

સનત મહેતા

1942નો એ માહોલ અસાધારણ હતો. ગાંધીજીના 'ભારત છોડો'ના ઐતિહાસિક એલાને પૂરા દેશમાં નૂતન ચેતનાનો સંચાર કર્યો હતો. બ્રિટન પણ બીજા વિશ્વયુદ્ધની ઝાળે પોતાના અનેક પ્રશ્નોમાં ગૂંચવાયેલું હતું. આથી ગોરી સરકાર માટે પણ ગાંધીજીપ્રેરિત 1942નું આંદોલન એક ગંભીર પડકાર સમાન હતું. સમયના આ માહોલમાં ભાવનગર શહેરની એક નોંધાયેલી ઘટના ફરી યાદ કરવી ગમે તેવી છે. યુવાન સનત મહેતા 1942ની આ ક્રાંતિમાં સક્રિય હતા. તેનું કારણ પણ શોધવા જવું પડે તેવું નથી. દેશભરના યુવાનોની આ મન:સ્થિતિ હતી. ભાવનગર રાજ્યમાં પણ સનત મહેતા જેવા અનેક યુવાનો ખુલ્લી રીતે મુક્તિ સંગ્રામમાં જોડાયા હતા. ભાવનગર રાજ્યના વિચક્ષણ દીવાન સર પટ્ટણીના સમયથી બ્રિટિશ હકૂમત સામે રણશિંગુ ફૂંકનાર સમૂહ તથા રાજ્યના ગોરી સરકાર સાથેના સંબંધો વચ્ચે તાલમેલ જાળવવા જાગૃત પ્રયાસો કરનાર રાજ્ય હતું, આથી સર પટ્ટણીના વારસદાર દીવાન અનંતરાય પટ્ટણીનું ધ્યાન આ ચળવળમાં સક્રિય રહેનાર યુવાનો તરફ સ્વાભાવિક રીતે જ હતું.

સનતભાઈના પિતા રાજ્યની નોકરીમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. રાજ્યના જ એક કર્મચારીનો પુત્ર આવી ચળવળમાં કેવી રીતે જોડાઈ શકે? આથી સનતભાઈના પિતા મગનલાલને કહેણ મળ્યું: "દીવાનસાહેબને મળી જાઓ." મગનલાલ હાજર થયા. દીવાનસાહેબે થોડા શબ્દોમાં જ ઘણું કહી નાખ્યું. અનંતરાય પટ્ટણી કહે છે: "માસ્તર! દીકરાને સંભાળો." જે સલાહ હતી કે આદેશાત્મક હતી તે વાત મગનલાલ બરાબર સમજતા હતા. શિક્ષકનો જીવ અને ગાંધી મહાત્મા પ્રત્યે શ્રદ્ધા અને આદર પણ ખરા, પરંતુ નોકરી ગુમાવવાનું પરવડે તેવું ન હતું. સામા છેડે પુત્ર પણ આ ચળવળથી દૂર રહે તેવી શક્યતા ન હતી તે વાત પિતા બરાબર સમજતા હતા. આથી યુવાન સનતભાઈએ પિતાની મૂંઝવણનો જાતે જ માર્ગ શોધી કાઢ્યો. ઘરની સલામતી તથા હૂંફ છોડીને ખુલ્લા વિશ્વમાં જુસ્સાપૂર્વક પ્રવેશ કર્યો. 'ડગલું ભર્યું કે ના હઠવું' એ ગુણ કેળવાયો યુવાનીમાં, પરંતુ તેનું જોમ તથા જુસ્સો સનત મહેતાના સ્વભાવ અને વર્તનમાં આજીવન ટકી રહ્યા.

'અમીર શહેરના ફકીર બાદશાહ' ગણાતા ઇન્દુચાચાના એક સંનિષ્ઠ વારસદાર તરીકે ઘણાં રાજકીય અભ્યાસુઓએ સનતભાઈને સકારણ મૂલવ્યા છે. ભાવનગર જિલ્લાના

જેસર ગામે એક શિક્ષક પિતાને ત્યાં જન્મ લેનાર સનત મહેતાનો જન્મ એપ્રિલ 1925માં થયો હતો. 2015ના ઑગસ્ટમાં તેઓ આપણી વચ્ચેથી સદાકાળ માટે ગયા. સનત મહેતા નામના તેજસ્વી વિચારક અને ગતિશીલ જાહેર સેવક આપણી વચ્ચે નથી તેની ખિન્નતા અનુભવી શકનારા અનેક લોકો હશે. આપણી 'બહુરત્ના વસુંધરા' હોવા છતાં કેટલોક ખાલીપો ઊભો થાય છે તે પુરાશે કે કેમ તેની વિમાસણ અનેક લોકોના મનમાં રહ્યા કરે છે.

ગુજરાત રાજ્યની સ્થાપના થયા બાદ રાજ્યના સમગ્ર વિકાસમાં જેમનું મહત્ત્વનું યોગદાન છે તેવા કેટલાક ઉજળા વ્યક્તિત્વોની સહેજે સુખદ સ્મૃતિ થાય છે. રાજ્યની સ્થાપના સાથે જ ડૉ. જીવરાજ મહેતા જેવા વિચક્ષણ અને કર્મઠ વ્યક્તિ ગુજરાતને પ્રથમ મુખ્યમંત્રી તરીકે પ્રાપ્ત થયા તે એક સુખદ યોગાનુયોગ છે. ડૉ. મહેતાની કુશળતા તેમણે રાજ્યના શરૂઆતના વર્ષોમાં સ્થાપેલી મજબૂત તથા પ્રજાલક્ષી પ્રણાલિઓમાં વ્યક્ત થાય છે. ગુજરાતનો જે ઉત્તરોત્તર વિકાસ થયો તેના પાયામાં ડૉ. જીવરાજ મહેતાનું અમૂલ્ય યોગદાન છે. આ જ રીતે ગુજરાતને કેટલાક જાગૃત તથા નિરંતર અભ્યાસુ ધારાસભ્યશ્રીઓ મળ્યા તેમાં સનત મહેતા ઉપરાંત મનોહરસિંહજી જાડેજા, મકરંદ દેસાઈ, દિનશા પટેલ, ડૉ. વસંત પરીખ, બાબુભાઈ વાસણવાળા જેવા અનેક મહાનુભાવોની સ્મૃતિ થાય છે. અલગ-અલગ વિચારધારા તેમજ રાજકીય પક્ષો સાથે જોડાણ ધરાવતા હોવા છતાં ગુજરાતના હિતનો પ્રશ્ન હોય ત્યાં પક્ષની વિચારધારાથી ઉપર ઊઠીને આપણી વિધાનસભાના સભ્યશ્રીઓએ દીર્ઘદૃષ્ટિપૂર્ણ વલણ લીધું છે. આ હકીકત આપણી મજબૂત તેમજ પરિણામલક્ષી સંસદીય માળખાની શાખ પુરાવે છે. દરેક ગુજરાતી તે માટે સકારણ ગૌરવ અનુભવી શકે છે.

લગભગ સાત દાયકાના ઉજળા અને સાતત્યપૂર્ણ જાહેર જીવનમાં સનતભાઈ વંચિતોના હિતોની રક્ષા માટે જીવ્યા છે અને ઝઝૂમ્યા છે. વેણીભાઈ પુરોહિતના શબ્દો યાદ આવે:

જીવવું છે, ઝૂરવું છે,
ઝૂઝવું છે જાને મન,
થોડી અદાઓ ફાંકડી,
થોડી ફિતુરી રાખવી.

ગુજરાતના વિકાસ માટેના અનેક પાયાના પ્રશ્નો તેમણે હાથમાં લીધા. એક વાર કામ શરૂ કર્યા પછી તેમાં આરપાર તરવાની તેમની ઝૂઝારુ વૃત્તિ કાયમ રહી હતી. ડંકેશ ઓઝાને આપેલા એક ઇન્ટરવ્યૂમાં તેઓ ખૂલીને કહે છે:

“મારી સગી માનું નામ નર્મદા. નર્મદા યોજના માટે હું જીવનભર ઝઝૂમ્યો તે બદલ મારી મા જીવી ત્યાં સુધી ગર્વ અનુભવતી હતી. મા અભણ અને પિતા એક આદર્શ અને સ્વમાની શિક્ષક. દિવસની કામગીરીને અંતે તેઓ રાત્રે અભણ માને 'સરસ્વતીચંદ્ર'

તથા ર. વ. દેસાઈની નવલકથાઓ વાંચી સંભળાવે. માએ પછી થોડું અક્ષરજ્ઞાન મેળવ્યું. અક્ષરજ્ઞાન મેળવ્યા પછી મા જીવ્યા ત્યાં સુધી તુલસીકૃત 'રામાયણ'ના એક-બે પાનાં વાંચીને સૂતા." કોઈ પણ વ્યક્તિના જીવનમાં માતા-પિતાના વિચારો તથા સંસ્કારોની રોપણી કેટલી ઊંડી થતી હશે? આવા સુસંસ્કાર જો સંવર્ધિત થાય તો ભાવિ જીવનનું ચાલકબળ તેજ બની રહે છે. સનતભાઈના માનસ પર માતા-પિતા સિવાય આવી જ એક ઉજળી છાપ ભાવનગર રાજ્યના કુશળ દીવાન સર પ્રભાશંકર પટ્ટણીની રહી છે તેવું તેઓએ જણાવેલું છે. રાજ્યના વહીવટમાં ઉદારતા અને સાદગીના જે બીજ આ ક્રાંતદર્શી દીવાને વાવેલા હતા તેની અસર સનતભાઈના જીવન ઉપર હતી.

ગુજરાત રાજ્યની સ્થાપના પછી કેટલાયે મંત્રીમંડળો થયા અને વિખરાયા. અનેક સામાજિક આગેવાનોએ મંત્રીમંડળમાં સ્થાન મેળવ્યું અને શક્તિ અનુસાર પોતાના હિસ્સે આવેલું કામ સંભાળ્યું, પરંતુ આવી મોટી યાદીમાં સનતભાઈનું નામ અલગ તરી આવે છે. તેઓ સત્તામાં હોય કે સત્તા બહાર હોય, પરંતુ જનવિકાસના અનેક કાર્યોમાં એકધારા સક્રિય રહેલા છે. જનસેવાના કાર્યો કરવા માટે સત્તામાં હોવાથી વિશેષ ઝડપી અને અસરકારક બની શકાય તેમ માનવામાં આવે છે. આ પ્રચલિત માન્યતા સામે સનત મહેતાએ અનેક પ્રશ્નોના ઉકેલમાં સંઘર્ષનો માર્ગ પસંદ કરીને પોતાના કામની અસરકારકતા દેખાડી. રણના ખારાપાટમાં પ્રાથમિક સુવિધાઓની લગભગ નહીવત્ સવલત સાથે આકરું જીવન જીવતા અગરિયાઓના પ્રશ્નમાં તેમણે રસ લીધો, એટલું જ નહી, પરંતુ અગરિયાઓની સ્થિતિનો ઊંડો અભ્યાસ કરી તેમના સુધી વિકાસના ફળ પહોંચી શકે તેવી વ્યવસ્થાના નિર્માણમાં તેઓ મહદંશે સફળ થયા. અગરિયાઓના પ્રશ્નોમાં સનતભાઈએ લીધેલા ઊંડા રસ તથા તે માટે તેમણે ભરેલા નક્કર પગલાંની અનેક વાતો અરવિંદભાઈ આચાર્ય (સુરેન્દ્રનગર) પાસેથી સાંભળીએ ત્યારે સનતભાઈના આવા દીર્ઘદૃષ્ટિવાળા પ્રયાસોની વિશેષ પ્રતીતિ થાય છે.

કચ્છના નાના રણમાં કૂવા ખોદી તેમાંથી ખારું પાણી ઉલેચીને સૂર્યપ્રકાશથી મીઠાનું ઉત્પાદન કરવામાં આવે છે. અન્ય સ્થળોએ આવું કામ કરતા અગરિયાઓ કરતાં કચ્છના નાના રણના મીઠા ઉત્પાદકોના પ્રશ્નો તથા સમસ્યાઓ જુદી છે. તેમના માટે પાણી તથા બળતણની તેમજ બીજી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે તેમણે અનેક પ્રયાસો મક્કમ થઈને કર્યા અને કેટલાક પરિણામો પણ મેળવ્યા. અમદાવાદ શહેરમાં અગરિયાઓના પ્રશ્નોને ઉજાગર કરવા વિશાળ રેલી કાઢવાનું આયોજન સનત મહેતાને જ સૂઝે. મીઠાના ઉત્પાદન સાથે સંકળાયેલા આ શ્રમિકોના જીવનની વરવી ખારાશ જેણે જોઈ-અનુભવી હોય તેને જ તેની પ્રતીતિ થઈ શકે છે. અગરિયાઓની જાગૃતિ, અનેક સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રયાસો તથા સરકારના પ્રયાસોથી સ્થિતિમાં સુધારો થયો હશે, પરંતુ છતાં પીવાનું પાણી, આરોગ્ય તથા બાળકોના શિક્ષણના અનેક પ્રશ્નો આજે પણ આ અસંગઠિત શ્રમિકો સામે મોઢું ફાડીને

ભેલાં છે. એ લોકો જ્યાં કામ કરે છે ત્યાં એમને મળવાનું થયું છે ત્યારે એ વાત અનુભવી છે કે કપરી મજૂરીનું કામ કરતા આ ભાઈ-બહેનોને તેઓ કેવી તકલીફ ભોગવી રહેલા છે તેની વાત કરવાનો પણ સમય કે સજ્જતા નથી.

આવી મૂંગી તથા ઊંડી વેદનાને સમજવાના પ્રયાસો ઘણા ઓછા લોકોએ કરેલા છે. તેમાં સનતભાઈનું સ્થાન અગ્રસ્થાને મૂકવું પડે. ગુજરાતમાં ગ્રામ મજૂર કમિશ્નરેટ શરૂ કરીને તેને મજબૂત બનાવવાનું સનતભાઈને જરૂરી જણાયું હતું, કારણ એટલું જ કે આ નેતાને અલગ-અલગ સ્થળે તથા અલગ સંજોગોમાં કામ કરતા શ્રમિકોના પ્રશ્નોનો સર્વગ્રાહી અભ્યાસ હતો. સંવેદનાના ઊંડા ધરા જેવું વ્યક્તિત્વ ધરાવતા સનતભાઈની સંવેદના તમામ શ્રમિકો સુધી વિસ્તરી છે. સનતભાઈએ એકથી વધારે વખત એ વાતનો પુનરોચ્ચાર કરેલો છે કે અગરિયા, કપાસ ઉત્પાદકો, માછીમારો તથા ડુંગળી ઉત્પાદકો સુધી આર્થિક તથા સામાજિક ન્યાય પહોંચે ત્યારે જ તેમને દેશની આઝાદીના દર્શન તેમજ તેની અનુભૂતિ થઈ શકશે. આ વાતમાં ઘૂંટાયેલી વેદના લઈને સનત મહેતા જીવ્યા. જયપ્રકાશ તથા ડૉ. લોહિયા જેવા સામાજિક નિસ્બતના સતત રહેતા અજંપાએ તેમને કદી જંપીને બેસવા દીધા નથી. ‘શ્રમિક વિકાસ સંસ્થાન’ જેવી સંસ્થાનું અસરકારક માળખું ભું કરી પોતાના કામમાં અનેકગણી શક્તિઓનું બળ ઉમેર્યું છે.

ખેડૂતને જગતના તાત કહીને ખાલી સહાનુભૂતિ પ્રગટ કરવાથી ખેડૂતોના પ્રશ્નોનો ઉકેલ આવી શકતો નથી, તે વાતની સતત પ્રતીતિ સનત મહેતા નામના આ ખરા કિસાનમિત્રને આજીવન રહી હતી. નર્મદા બંધનું કામ તથા મુખ્ય કેનાલોનું કામ પૂરું થાય તે વાતનો જ સંતોષ વ્યક્ત કરીને કામમાં શિથિલતા ન આવે તેની જાગૃતિ સનતભાઈએ સેવી હતી. જ્યાં સુધી નર્મદાના પાણીની વહેંચણી માટે ખેડૂતોના ખેતર સુધીનું કેનાલ નેટવર્ક પૂરું ન થાય ત્યાં સુધી જંપીને બેસી રહેવું તેમને મંજૂર ન હતું. પાણીની વહેંચણીમાં જો અસરકારકતા તથા હેતુલક્ષિતા ન જળવાય તો યોજનાના મૂળભૂત ઉદ્દેશો પાર પડી શકે નહી તેની સ્પષ્ટ સમજ સાથે સનતભાઈ આ બાબતની જાગૃતિ માટે સતત લખતા અને બોલતા રહેતા હતા. સાંપ્રત સમયે પણ સનતભાઈની આ વિચારધારા પ્રસ્તુત છે.

આ જ રીતે કપાસ, ડુંગળી કે બટાકા જેવી વસ્તુઓનું ઉત્પાદન ખેડૂત પરસેવો પાડીને કરે છે. બિયારણ, મજૂરી વગેરે બાબતોનું વધેલું ખર્ચ પણ ખેડૂત ભોગવે છે. આથી જ્યારે વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થાય અને ખેડૂતોને પોષણક્ષમ ભાવ ન મળે તો ખેડૂત સમૃદ્ધ થાય નહી તે હકીકત સનતભાઈની ઊંડી સમજ તથા ચિંતાની બાબત હતી. Problems of plentyનો લાભ તે સ્થિતિના જનક એવા કિસાનને મળે તે માટે અસરકારક વ્યવસ્થા ઊભી કરીને તેને પગભર કરવા સનતભાઈએ અનેકવિધ પ્રયાસો કર્યા. આ માટે સહકારી ધોરણે માળખું ભું કરવાના તેમના પ્રયાસો રહ્યા.

સનતભાઈના આવા પ્રયાસોની વિધેયાત્મક અસર સરકારના નિર્ણયો તથા સહકારી સંસ્થાઓની કામ કરવાની પદ્ધતિ પર વખતોવખત થયેલી છે. આમ, જગતના તાતને મૂંઝવતા અલગ-અલગ પ્રશ્નોના સર્વગ્રાહી ઉકેલ માટે સનતભાઈ આજીવન સક્રિય તથા પરિણામલક્ષી રહ્યા.

આપણાં આયોજનના માળખાને વિકેન્દ્રિત કરવાની જે આવકારદાયક પ્રથા શરૂ થઈ તે રાજ્યની સ્થાપના બાદ થયેલું એક મહત્ત્વનું તથા હેતુપૂર્ણ પગલું છે. સનતભાઈએ વિકેન્દ્રિત આયોજનના માળખાને સ્થાયી સ્વરૂપ આપવામાં મહત્ત્વનું કાર્ય કર્યું. અનેક નાના કામો જે ખૂટતી કડી (missing link) સમાન હોય તેવા કામોને ઝડપી મંજૂરીઓ જિલ્લા આયોજન મંડળો કરી શકે તે એક દીર્ઘદૃષ્ટિયુક્ત નિર્ણય છે. આ પ્રથાના કારણે નિર્ણયો ઝડપી થયા છે અને તેના અમલીકરણની વ્યવસ્થા વિશેષ અસરકારક બની છે. સાંપ્રત કાળમાં પણ આ આયોજન મંડળો ધબકતા અને અસરકારક છે. આ બાબત તેમના અસ્તિત્વની ઉપયોગિતાની શાખ પૂરે છે.

આપણાં સમાજમાં જનસાધારણની મનોવૃત્તિ પારખીને તેનો અંગત સ્વાર્થ માટે ભરપૂર ઉપયોગ કરનારાઓની કમી નથી. આજે પણ આ દોર ચાલુ હોય તેવા એંધાણ અવારનવાર પ્રકાશિત થતા સમાચારોમાંથી મળતા રહે છે. લક્ષ્મીચંદ ભગાજીની એક જાણીતી પેઢીમાં અનેક લોકોના નાણાં અટવાયા. બચત સ્વરૂપે આ પેઢીમાં અનેક મધ્યમવર્ગના લોકો, પેન્શનરો તથા વિધવા માતા-બહેનોએ પોતાની જીવનમૂડી અનામત તરીકે મૂકી હતી. પેઢી તરફથી આર્થિક વળતરની લોભામણી જાહેરાતોને કારણે આમ થવું તે સ્વાભાવિક પણ હતું. પેઢી તરફથી બચતનાં નાણાં પાછા મળવાની અનિશ્ચિતતા ઊભી થઈ ત્યારે અનેક નાના થાપણદારોના જીવ પડીકે બંધાયા. આવા છૂટાછવાયા થાપણદારોની પોતાના હિત માટે સામૂહિક રીતે લડવાની શક્તિ પણ મર્યાદિત હતી. સનતભાઈમાં અવિરત વહેતી સામાજિક નિસ્બતે તેમને આવા અસરગ્રસ્ત લોકોની વહારે ચડવા પ્રેરણા આપી. હાઈકોર્ટમાં જઈને ઊંડા અભ્યાસ થકી તેમણે કરેલી રજૂઆત અને પ્રયાસોના કારણે અનેક લોકોને તેમના નાણાં પરત મળ્યાં.

નર્મદા બંધના અસરગ્રસ્તો હોય કે સ્વરોજગારમાં પડેલી બહેનો માટે નાની-મોટી લોનની જરૂરિયાત હોય તે દરેક સ્થળે આ કર્મશીલ વિચારક પહોંચ્યા છે. તેમનામાં સંવેદનાની સરવાણી 91મા વર્ષે પણ પાતળી પડી ન હતી. તેઓએ ઉલ્લેખ કર્યો છે તેમ જન, જંગલ, જળ, જમીન અને જનાવર સાથે જોડાયેલા અનેક પ્રશ્નોના ઉકેલ માટે તેઓએ સતત મથામણ કરી છે. સરકારી અધિકારીઓ પાસેથી કુશળતાપૂર્વક કામ લેવાની તેઓ સૂઝ ધરાવતા હતા. અધિકારીઓને પણ તેમનામાં 'દોરવણી આપી શકે તેવા રાજપુરુષ'ના દર્શન થતા હતા. મહાગુજરાત આંદોલનના કર્ણધાર ઇન્દુચાચાની

આત્મકથા સંપુટને પુનઃ પ્રકાશિત કરીને તેમણે સાહિત્યજગતની પણ એક લેન્ડમાર્ક ઘટનાનું સર્જન કરેલું છે.

સનતભાઈ મહાગુજરાત આંદોલન વેળા ઇન્દુચાચા પછીના સૌથી વધારે લોકપ્રિય વક્તા રહ્યા. મહાગુજરાત આંદોલનમાં સનત મહેતાના યોગદાન વિશે ઘણાં ઓછા લોકોને જાણકારી હોય તેવો સંભવ છે. ઇન્દુચાચા પાછળના એક મોટા સમર્થક-વિચારક તરીકે સનતભાઈએ મહાગુજરાતના સંઘર્ષને દિશા તથા ગતિ પૂરા પાડવાનું ઐતિહાસિક કાર્ય કરેલું હતું. આ જ રીતે જૂનાગઢને મુક્તિ અપાવવા માટે આરઝી હકૂમતના સંઘર્ષમાં પણ રતુભાઈ અદાણી જેવા અગ્રજોને સનતભાઈનો સક્રિય સહયોગ મળેલો હતો. તેમની બોલવાની તથા લખાણની ભાષા સીધીસાદી તથા સરળ રહી છે. સનતભાઈનું વૈચારિક ફલક ખૂબ વિશાળ છે. સંસદીય બાબતોના તલસ્પર્શી અભ્યાસુ સનત મહેતા લોકપ્રિયતાના સિંહાસને સ્થપાયેલા છે. તેમને વંચિતો વહાલા હતા. સર્વોદય પ્રવૃત્તિના આગેવાન અપ્પાસાહેબ પટવર્ધને લખેલી વાત સનતભાઈએ જીવનમાં પચાવી હતી. અપ્પાસાહેબે લખ્યું છે: "જેની સેવા કરવા નીકળ્યા છીએ તેને તમારી સેવાની જરૂર ન પડે તેવી સવાર ગવાની વાટ જોઉં છું."

'વો સુબહ કભી તો આયેગી'ના ઇંતજારમાં સનતભાઈએ પણ આકરા ઉજાગરા આજીવન કર્યા. જીવનની ઢળતી સંધ્યાએ, નરમ તબિયતે વ્હીલચેરમાં બેસીને પણ પોતાની દૃષ્ટિએ સત્ય હોય તેવા પ્રશ્નને રજૂ કરવાની સનત મહેતા જેવી હિંમત ભાગ્યે જ જોવા મળે. જ્યાં જરૂર જણાય ત્યાં સમગ્ર વ્યવસ્થાને એકલા હાથે પડકારનાર આ વીર પુરુષ અનેક લોકો માટે પ્રેરણાના પુંજ સમાન હતા. અદમ્ય આશાવાદી અને સતત ઝૂઝારુ એવા આ નોખી માટીના માનવીને ગુજરાત કદી ભૂલી નહીં શકે.

*

28

કવિ પિંગળશીભાઈ લાલાની પાવન સ્મૃતિ

ભર્તૃહરિ મહારાજે તેમના યાદગાર શબ્દોમાં લખ્યું છે:

जयंति ते सुकृतिनो रससिद्धा: कविश्वरा:॥
नास्ति येशां यश: काये जरामरणजं भयम्॥

કવિઓ-સર્જકો તેમના સર્જનથી લોકસ્મૃતિમાં જીવંત રહે છે. કાળના વહેતા પ્રવાહમાં પણ તેમનું સાહિત્યસર્જન જીવંત રહે છે, ધબકતું રહે છે. રામગિરિ પર્વત પર બેસીને મેઘને સંદેશ આપતા યક્ષની કથાને ચિરકાળ યુવાની પ્રાપ્ત થયેલી છે. કાક અને મંજરી આજે પણ જનસામાન્યમાં જાણીતા નામો છે. ક. મા. મુનશી તેમના આ મોહક પાત્રોથી જીવંત છે. આ જ રીતે છત્રાવાના કવિ પિંગળશી મેઘાણંદ લીલા તેમની લોકપ્રિય રચનાઓના માધ્યમથી જીવંત છે. પિંગળશીબાપુને જ્યારે પણ મળવાનું થાય ત્યારે તેમની વિદ્વત્તા અને સૌજન્યના કારણે મનમાં આદર તથા અહોભાવ પ્રગટતા હતા.

મોરનાં ઈંડાં ચીતરવા ન પડે તેવો આપણી ભાષાનો રૂઢિપ્રયોગ ઘણાં અનુભવો તથા અનુભૂતિ પછી ચલણી થયો હશે. આ કહેવતને યથાર્થ ઠેરવે તેવા ઘણાં ઉદાહરણો જોવા મળે છે. નિરક્ષર સાક્ષર કહીને જેમને ક. મા. મુનશીએ છેક 1936માં એક ભવ્ય સમારંભમાં મુંબઈમાં બિરદાવ્યા હતા, તે મેઘાણંદબાપાનું અડીખમ વ્યક્તિત્વ તો હતું જ, પરંતુ સાથેસાથે મા સરસ્વતીના ચાર હાથ પણ તેમના પર હતા. આ પ્રભાવી મેઘાણંદબાપાના બે સુપુત્રો – મેરુભા તથા પિંગળશીભાઈ. બંને સરસ્વતીના આજીવન ઉપાસક અને સંસ્કારની વાતો સરળ રીતે લોકો સુધી પહોંચાડવાના કાર્યમાં જોડાયેલા હતા. ભાદર અને મધુવંતી પ્રદેશના ઘેડ વિસ્તારમાં છત્રાવા નામના નાના ગામમાં ચારણ જ્ઞાતિના લીલા શાખાના સમર્થ પુરુષ મેઘાણંદબાપાના દરેક પુત્ર સંસ્કારી હતા તે સ્વાભાવિક છે. પરંતુ સરસ્વતીની સાધના કરનાર મેરુભા તથા પિંગળશીભાઈ સોરઠ-સૌરાષ્ટ્રના ગામડે-ગામડે લોકહૃદયમાં બિરાજતા હતા.

લોકસાહિત્યના ખેડાણની અવિસ્મરણીય તથા જ્વલંત યાત્રામાં ભગતબાપુ અને મેરુભાની ગરવી જોડીએ અનેક રંગોની પૂરણી કરી હતી. પિંગળશીભાઈ આ બંને મહાનુભાવોના પથ પર ચાલનારા, પરંતુ સાહિત્યજગતમાં પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરનાર સર્જક હતા. આપણાં આ બહુશ્રુત સર્જક પિંગળશીભાઈએ સુંદર

કાવ્યોની સરવાણી ઉપરાંત વાર્તાઓ, જીવનચરિત્રો વગેરે પણ એટલા જ અધિકારપૂર્વક લખ્યા. અનેક વિષયોમાં પિંગળશીભાઈએ તેમની સર્જનશક્તિનું યોગદાન આપ્યું. આ સાહિત્યના સર્જકો તથા મરમીઓની ખૂબી એવી હતી કે તેમણે શ્લોકની વાત લોક સુધી પહોંચાડવાનું યજ્ઞકાર્ય કર્યું.

પિંગળશીભાઈ લીલા ઘણાં વર્ષો સુધી જામનગરમાં રહ્યા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના દીર્ઘદ્રષ્ટા કુલપતિ ડોલરરાય માંકડની પ્રેરણાથી સૌરાષ્ટ્રની લોક-પરંપરા, ચારણી-પરંપરાના સાહિત્ય સર્જકોનું સન્માન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ 1969માં કર્યું ત્યારે દુલા ભાયા કાગ સાથે પિંગળશીભાઈનું પણ બહુમાન તેમના સર્જનકાર્ય માટે થયું હતું. સૌરાષ્ટ્ર સરકારે લોકસાહિત્યના સંવર્ધન માટે રતુભાઈ અદાણીના પ્રયાસોથી જૂનાગઢમાં લોકસાહિત્ય વિદ્યાલયની સ્થાપના કરી હતી. આ વિદ્યાલયના માધ્યમથી પિંગળશીભાઈએ સાહિત્ય શીખવા આવનારા છાત્રોને લોકસાહિત્યના પાયાના પાઠ ભણાવ્યા હતા. તેમાંના ઘણાં છાત્રો પછીથી સુવિખ્યાત કલાકારો થયા હતા. સાહિત્ય સર્જન તથા કથનના સંસ્કાર તેમને વારસામાં મળેલા હતા. કવિની રચનાઓમાં ભજનવાણીનો પ્રવાહ ઝરણા જેવો રેલાયો છે. તેમની રચનાઓમાં વૈવિધ્ય તથા સરળતાનું સુંદર મિશ્રણ છે.

જીવનમાં મોહ તથા મમત્વના આવરણ અંગે શાસ્ત્રોમાં ઘણું લખાયું છે. મમત્વને કારણે જ ધૃતરાષ્ટ્ર 'મામકા'ને સત્યનો-ન્યાયનો માર્ગ બતાવી શક્યા નહી, પરિણામે માનવજાતિએ ભયંકર ખાનાખરાબીવાળા યુદ્ધમાં હોમાવું પડ્યું. શાસ્ત્રોની આ વાત ભક્ત કવિઓએ સરળ ભાષામાં જન-જન સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. કાયારૂપી ઝાડ અને તે પણ મૂળ વિનાનું નાશવંત હોવાથી તેને ક્ષીણ થવાની કે વિલીન થવાની અનિવાર્ય પ્રક્રિયા તરફ કવિ આપણને સચેત કરે છે, ચેતવણીનો સૂર ઉચ્ચારે છે. કસોટી આપણી વિવેકબુદ્ધિની છે. કવિએ તેમની વાત પૂરા મર્મ સાથે મૂકી છે.

મનવા શું કરે મારું-મારું,
આમાં તલભારેય નહી તારું.
આ પીંજરમાં પંખી બેઠું રૂડું ને રૂપાળું
કોઈ ન જાણે એની કરામત ઓચિંતું ઉડનારું
સોના જેમ સાચવતો તું આ પીંજરીયું પયારું
મૂળ વિનાનું ઝાડવું આ પાયેથી પડનારું...
કાયા માયાની શું કરવાની મોંઘામૂલી મનવારું
પિંગળશી કહે સીતારામનું સ્મરણ થાય તો સારું...
મનવા શું કરે મારું-મારું.

આપણા મધ્યયુગના ચિરંજીવી સંત સાહિત્યમાં ભક્તિની ઉત્કટતા સાથે શ્રદ્ધાનું દૃઢીકરણ થયેલું જોવા મળે છે. પરમતત્ત્વ તરફની ભાવભીની ભક્તિ તથા અખંડ શ્રદ્ધા આ સાહિત્યના શબ્દે શબ્દમાંથી પ્રગટે છે. હરિ સાથેનું આવું અનુસંધાન મીરાં, નરસિંહ કે કબીરવાણીનું મૂળ તત્ત્વ છે. આ જ વાતનો તંતુ પકડીને પિંગળશીભાઈ જેવા આ યુગના કવિએ મધ્યયુગના સંતકવિઓનું સર્જન-કૌવત આપણી આજની કાવ્યધારામાં કુશળતાથી ઉતાર્યું છે. હરિ તરફની શ્રદ્ધામાંથી હરિની અનંત કૃપાનો પ્રસાદ તેમને દરેક વખતે પ્રાપ્ત થયો છે. હરિની હાટડીએ જેનું હટાણું હોય તેને બીજી શી મણા રહે? હરિના આશીર્વાદ થકી જીવનની સર્વાધિક સાફલ્યતા માણવાની આંતરિક સૂઝ તથા શક્તિ કવિને સહજ રીતે મળી હોય તેમ લાગ્યા કરે છે.

હરિની હાટડીએ મારું કાયમ હટાણું,
જોયું કે ન જોયું મેં તો ટાણું કે કટાણું… હરિની હાટડીએ.
પૃથ્વી પવનને પાણી આપ્યા સૌને ઉલટ આણી,
કોઈ દિ ન માગ્યું એનું નારાયણે નાણું… હરિની હાટડીએ.
બાળવયમાં મોટું બોખું, આપ્યું માનું ધાવણ ચોખ્ખું,
દાંતની સંગાથે દીધું ચાવવા ચવાણું… હરિની હાટડીએ.
ગમે ત્યાંથી ગોતી ગોતી, હંસલાને આપે મોતી,
કીડીઓને કણકી-કણકી, હાથીડાંને માણું… હરિની હાટડીએ.
ધણી મેં ધાર્યો છે નામી, વ્યાધિ દીધી સઘળી વામી,
મળિયું પિંગળને મોટી પેઢીનું ઠેકાણું… હરિની હાટડીએ.
હરિની હાટડીએ મારું કાયમ હટાણું…

કવિને શાસ્ત્રોની વાત લોકસમૂહ સુધી પહોંચાડવાની ઝંખના છે. આથી 'ભગવદ્ગીતા'ને લોકભાષામાં ઉતારવાનું કામ તેમણે કુશળતાથી કર્યું. કાકાસાહેબના અભિનંદન તથા આશીર્વાદ તેમના આ કાર્ય થકી મળ્યાં. ભક્તિ તથા ભાવની ઉત્કટતા તેમની રચનાઓમાં જોવા મળે છે. કૃષ્ણ પરત્વે ગોપીઓના સમર્પિત તથા ઉત્કટ ભાવની વાત કરતાં લખે છે:

કંઠ રહ્યાં છે પ્રાણ હવે તો બિરહાનલમાં બરી બરી,
તો યદુનંદન વ્રજની કુંજમાં ફરી જન્મશું મરી મરી.

કવિની વાણીને બિરદાવતાં સાંઈ મકરંદ લખે છે: "સતની સરવાણી સુકાય ત્યારે આપણી તળ ધરતીના જ પોપડા ભેદવા પડે. આ કામ તો પાણીની પરખ તથા વાણીનો વિવેક હોય તેવા પાણીકળા લોકો જ કરી શકે." પિંગળશીભાઈની વાણીનું પાણી પ્રભાવી છે. પિંગળશીભાઈને નવયુગના લોકકવિ તરીકે ઓળખાવીને જયમલ્લભાઈ પરમારે 'ઊર્મિ-નવરચના માટે તેમની પાસે ખૂબ લખાવ્યું છે. પિંગળશીભાઈની

કાવ્યશક્તિની ખાસિયત તરફ ધ્યાન દોરતાં પ્રમુખસ્વામી મહારાજ તેમને સમાજની બદલાતી જતી રસ-રુચિઓ તથા સ્વભાવને પારખીને તેને અનુરૂપ અભિવ્યક્તિ કરનારા કવિ તરીકે ઓળખાવે છે. પિંગળશીભાઈની વાણી શાશ્વતનો વેણુનાદ છે. તેની સૌરભ કાળના પ્રવાહમાં ઝાંખી-પાંખી થાય તેવી નથી.

*

29

પત્રકારત્વને દિશા તથા દૃષ્ટિ આપનાર મનીષી

'જેમની સત્તાનો સૂર્ય કદી અસ્ત પામતો નથી' તેવી ઉક્તિ પ્રચલિત હતી તે બ્રિટિશ સત્તાધીશોએ તેમની હકૂમતના ઊંડા તથા મજબૂત પાયા સમગ્ર હિન્દુસ્તાનની ભૂમિમાં ખોડી દીધા હતા. તેમનો વિરોધ કરવાનો કોઈ વિચાર પણ કેમ કરી શકે? વિરોધ કરનાર મરજીવાઓ માટે આંદામાનની જેલ કે ફાંસીનો ફંદો તૈયાર રાખવામાં આવતો હતો. આ સ્થિતિમાં સૌરાષ્ટ્રના દેશી રજવાડાંઓ કેટલાક સુખદ અપવાદને બાદ કરતાં, બ્રિટિશ હકૂમતના આ ગોરા શાસકો સહેજ પણ નારાજ ન થાય તે રીતે પોતાનું શાસન સંભાળતાં હતાં. પ્રજાનું કલ્યાણ એ બ્રિટિશ અમલદારો કે દેશી રજવાડાઓની અગ્રતા ન હતી. આથી અન્યાયી સાયમન કમિશન સામે 1919માં દેશના અન્ય શહેરોની જેમ સૌરાષ્ટ્રના લીંબડી (જિલ્લો: સુરેન્દ્રનગર) નગરમાં નગરજનોની એક યાત્રા કાઢવામાં આવી તે સામાન્ય રીતે દેશી રજવાડામાં બને નહી તેવી ઘટના હતી.

લીંબડીમાં યોજવામાં આવેલી આ રેલીનો હેતુ જાણીતા ક્રાંતિવીર લાલા લજપતરાયને ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ આપવાનો હતો. પંજાબના આ અડીખમ આગેવાન (લાલ, બાલ અને પાલ પૈકીના એક) સાયમન કમિશનનો વિરોધ કરવા માટે યોજવામાં આવેલી વિશાળ કૂચની આગેવાની કરતા હતા. આ કૂચના યાત્રિકો પર ગોરા શાસકોની પોલીસે આડેધડ તથા બેરહમીપૂર્વક લાઠીચાર્જ કર્યો. બ્રિટિશ સત્તાધીશોના આ પાશવી બળનું નિદર્શન ભારતીય લોકોના વિરોધને મૂળમાંથી જ દબાવી દેવા માટે કરવામાં આવ્યું હતું. આ ઘટનામાં લાલાજી ગંભીર રીતે ઘવાયા અને માતૃભૂમિને મુક્ત કરવાનું સ્વપ્ન હૈયામાં ધારણ કરીને શહીદ થયા. સમગ્ર દેશમાં વિરોધનો એક સ્વયંભૂ જુવાળ પેદા થયો. લીંબડી નગરમાં યોજવામાં આવેલી આ શોકયાત્રાનો હેતુ લાલાજીની શહાદતને વંદન કરવાનો તથા તેમને ભાવાંજલિ આપવાનો હતો. શોકયાત્રામાં હાજર રહેવું એટલે સત્તાધીશોને નારાજ કરવા એ બાબત સૌ સમજતા હતા. આથી સ્વાભાવિક રીતે જ ઘણાં લોકો આ બાબતથી અળગા રહેલા હતા, પરંતુ આ શોકયાત્રામાં એક વ્યક્તિની હાજરી સૌકોઈનું ધ્યાન ખેંચે તેવી હતી. લીંબડીના ન્યાયાધીશ હોવા છતાં સફેદ સાફો ધારણ કરીને અમૃતલાલ શેઠ આ યાત્રાનું નેતૃત્વ સંભાળતા હતા.

આ બાબતનો અર્થ સ્પષ્ટ હતો: દેશપ્રેમી ન્યાયાધીશ રાજ્યની નોકરીમાં રહીને મૂંગા મોઢે અન્યાય સહન કરવા તૈયાર ન હતા. 'શૂર સંગ્રામ કો દેખ ભાગે નહીં' એ ઉક્તિ

પ્રમાણે તેઓએ સુવિધાપૂર્ણ જિંદગી સ્વેચ્છાએ છોડીને માભોમની મુક્તિ માટે તથા દુભાયેલા-દબાયેલાની વાચા બનવા માટે અડગ નિર્ધાર કર્યો હતો. સંઘર્ષનો આ માર્ગ આકરો હતો. જે પ્રદેશમાં તેઓ પ્રવેશ કરવાના હતા તે પ્રદેશ પણ અજાણ્યો હતો, પરંતુ શેઠસાહેબનો નિર્ણય અડગ અને અફર હતો. અંગ્રેજોના શાસન તથા કેટલાક દેશી રજવાડાઓના અન્યાયી તથા આપખુદ શાસનથી પ્રજા ત્રસ્ત બની હતી. પ્રજાની આ મૂંગી વેદનાને વાચા આપવાનો નીડર તથા બુલંદ સિંહનાદ અમૃતલાલ શેઠે કર્યો હતો. આથી અમદાવાદ જિલ્લાની સરહદે આવેલા રાણપુર ગામમાં ધૂણી ધખાવીને અખબાર શરૂ કરવાનું અમૃતલાલ શેઠે નક્કી કર્યું. 'સૌરાષ્ટ્ર' અખબારનો ઐતિહાસિક પ્રારંભ થયો. પત્રકારત્વના ક્ષેત્રમાં એક ઉજ્જવળ તથા ભાતીગળ ઘટનાના આ રીતે મંડાણ થયા. શેઠસાહેબની આ વિરલ યાત્રામાં ક્રમશઃ 'ફૂલછાબ'નો જન્મ થયો તથા 'જન્મભૂમિ જૂથ' જેવી પ્રતિષ્ઠિત તેમજ ધ્યેયલક્ષી સંસ્થાનું નિર્માણ થયું. 'સૌરાષ્ટ્ર' પત્રનું પ્રકાશન ગુજરાતના મુક્તિસંગ્રામની તવારીખનું એક શાનદાર પ્રકરણ છે. મહાત્મા ગાંધીના જન્મદિવસે બીજી ઑક્ટોબર – 1921ના દિવસે 'સૌરાષ્ટ્ર' પત્રનો પ્રારંભ થયો. પહેલા અંકના તંત્રીલેખમાં અમૃતલાલ શેઠે લખેલા શબ્દો આ કાર્યની ગરિમા પ્રગટ કરે તેવા છે:

"દિલમાં ઉમેદ રાખવી મનુષ્યની સેવા કરવાની... એ મનુષ્ય ભલે ગમે તે હોય – રાજા હોય કે રંક, સ્વધર્મી હોય કે પરધર્મી... તે સર્વની ભેદબુદ્ધિ સિવાય સેવા કરવી. મોટાથી દબાયા સિવાય કે નાનાને દુભવ્યા સિવાય લોકકલ્યાણની પ્રવૃત્તિ આદરવી."

"અમારું આ પત્ર જ્યાં જુલ્મો થતા જોશે, જ્યાં અન્યાય થતો દેખાશે ત્યાં પોતાનું સઘળું બળ તેની સામે વાપરશે. તીવ્રતાપૂર્વક અવાજ ઉઠાવશે."

આવી અહાલેક જગવનાર અમૃતલાલ શેઠના પત્રકારત્વને બચુભાઈ રાવતે 'ઊંઘતા દેશની જાગૃતિ માટેના એક સફળ સાધન' તરીકે ગણાવ્યું. મહાત્મા ગાંધીએ અમૃતલાલ શેઠ તથા 'સૌરાષ્ટ્ર' પત્રની અંતરનાદને જ અનુસરવાની પદ્ધતિને ધન્ય કહીને ઉમેર્યું:

"આવી શુદ્ધ, પૂર્ણ શાંત સ્વતંત્રતા 'સૌરાષ્ટ્ર સહુને શીખવો એમ હું ઇચ્છું છું." પડકારોને પડકારનારા શેઠસાહેબ આફતથી ડરે તેમ ન હતા.

નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.
જીવે મા માવડી એ કાજ મરવાની ઘડી છે,
ફિકર શી જ્યાં લગી તારી અમો પર આંખડી છે.

મેઘાણીભાઈના આ અમર શબ્દો 'સૌરાષ્ટ્ર' અખબારના નમ્ર છતાં મક્કમ ધ્યેયમંત્ર સમાન બની રહ્યાં. નર્મદ, હાજી મહમ્મદ અલારખિયા શિવજી, સામળદાસ ગાંધી,

શ્યામજી કૃષ્ણવર્મા કે છગન ખેરાજ વર્મા જેવા સમર્પિત પત્રકારોની હરોળમાં અમૃતલાલ શેઠ પોતાનું આગવું સ્થાન ધરાવે છે. 'સૌરાષ્ટ્ર' પત્ર શરૂ થયું તેના બીજા જ વર્ષે ઝવેરચંદ મેઘાણી 1922માં 'સૌરાષ્ટ્ર'માં જોડાયા અને 'સૌરાષ્ટ્ર'ની સુદીર્ઘ યાત્રામાં એક નૂતન પ્રાણના સંચાર થયા.

અમૃતલાલ શેઠનો જન્મ 25મી ઑગસ્ટ, 1891ના દિવસે લીંબડીમાં થયો. આ માસમાં જ જન્મ ધારણ કરનાર મેઘાણીભાઈ તથા શેઠસાહેબની સ્મૃતિની મીઠી સુગંધ શ્રાવણ માસની ભીની માટીમાંથી નિરંતર વહેતી રહેલી છે. છ દાયકા પહેલાં (1954) શેઠસાહેબે આપણી વચ્ચેથી વિદાય લીધી. પરંતુ પત્રકારત્વના ક્ષેત્રે તેમણે ચઢાવેલો સુવર્ણકળશ આજે પણ ઝળહળી રહેલો છે.

જયમલ્લભાઈ પરમારની ઘડાયેલી તથા નીવડેલી કલમે અમૃતલાલ શેઠના પ્રસંગો લખાયેલા છે. જે આ ક્ષેત્રમાં કાર્ય કરતા સૌ લોકો માટે માર્ગદર્શક બની શકે તેવા છે. વાચકના દિલમાં દૈવત જાગૃત થાય તેવું કાર્ય જયમલ્લભાઈએ કરેલું છે. તેના સુગ્રથિત પ્રકાશન માટે આપણે શેઠસાહેબના પુત્ર નરેન્દ્રભાઈ તથા સંપાદક રાજુલ દવેના આભારી છીએ.

'સૌરાષ્ટ્ર'ના લખાણોની એક વિશિષ્ટ શૈલી વિકસી, જેના માટે કાકાસાહેબ 'સૌરાષ્ટ્રશૈલી' જેવો શબ્દપ્રયોગ કરતા હતા. દેશી રજવાડાઓના અમાનુષી જુલમોને ખુલ્લા કરીને એક વ્યાપક જનજાગૃતિનું કાર્ય 'સૌરાષ્ટ્ર' થકી થયું, તેનો રસપ્રદ ઇતિહાસ છે. કેટલાક રાજવીઓને આવા પ્રયાસનો ભય પણ લાગવા માંડ્યો. મોતને મુઠ્ઠીમાં લઈને સતત પરિભ્રમણ કરતા અમૃતલાલ શેઠ નીડર અખબારનવેશ હતા. અનુકૂળ કે પ્રતિકૂળ સંજોગોમાં પણ ઘોડેસવારી કરીને શેઠ લાંબી ખેપો કરતા અને જાતતપાસની બારીક ચો સાઈથી હકીકતો પ્રસિદ્ધ કરતા હતા. સંશોધનમૂલ્યવાળા પત્રકારત્વના તેઓ નિર્ભય તથા વિરલ કહેવાય તેવા વીરલા હતા. કેટલાક દેશી રજવાડાઓએ તો 'સૌરાષ્ટ્રપત્ર' પર પોતાના રાજ્યમાં પ્રતિબંધ ફરમાવ્યો, પરંતુ જનસમૂહમાં વિસ્તાર પામેલી શેઠસાહેબની તથા તેમના અખબારની પ્રતિભા તેનાથી ઓર ખીલી ઊઠી. પ્રતિબંધ જેવા પ્રયાસોને નિષ્ફળતા મળી.

ધોલેરાના ઐતિહાસિક નમક સત્યાગ્રહનું તેમણે સમર્થ નેતૃત્વ કર્યું. 1934માં તેમણે મુંબઈથી 'ડેઈલી સન' તથા 'જન્મભૂમિ'નો પ્રારંભ કર્યો. આરઝી હકૂમતની જૂનાગઢની લડતને શેઠસાહેબે અસરકારક બળ પૂરું પાડ્યું. 1931ની ગોળમેજી પરિષદમાં હાજરી આપી. આ પરિષદમાં ગાંધીજીથી સ્વતંત્ર રીતે હાજર રહેવાનો તેમનો હેતુ અખિલ હિંદ દેશી રાજ્ય પ્રજા પરિષદના અવાજને વાચા આપવાનો હતો. કેટલાક દેશી રજવાડાઓના એકહથ્થુ તથા અન્યાયી શાસનથી પીડાતી પ્રજાની વેદનાને જગતના મંચ પર રજૂ કરવાનો તેમનો આ દીર્ઘદૃષ્ટિયુક્ત નિર્ણય હતો. શેઠસાહેબના પુત્રી

લાભુબહેન મહેતાએ ‘સૌરાષ્ટ્ર’ અખબારમાં કામ કરતા સૌ નાના-મોટા કર્મીઓની કુટુંબકથા સુંદર શબ્દોમાં લખી છે. ‘સૌરાષ્ટ્ર’નું રસોડું સૌને સમાનભાવે આવકારતું હતું અને સમાન ભાવથી ભોજનની સેવા આપતું હતું.

રામધારીસિંહજી ‘દિનકર’ લખે છે:

કલમ દેશકી બડી શક્તિ હૈ, ભાવ જગાને વાલી,
દિલ હી નહીં, દિમાગો મેં ભી, આગ લગાનેવાલી.

સત્યના માર્ગે ચાલીને લોકમિજાજનો ભાવ-જુવાળ પ્રગટાવીને શેઠસાહેબે પત્રકારત્વના ક્ષેત્રમાં અમૂલ્ય યોગદાન આપ્યું. આજે પણ મીડિયાની ભૂમિકા તથા હેતુલક્ષિતા બાબતમાં ચર્ચાઓ થતી રહે છે. સારા કે નબળા પાસાઓની ભિન્ન-ભિન્ન મતથી સમીક્ષા થતી રહે છે. આવા સમયે શેઠસાહેબનું જીવન તથા તેમના મિશન સામે ફરી એક દૃષ્ટિપાત કરવા જેવું છે. અખબારે વિશ્વસનિયતા મેળવવા માટે કરવા પડતા પ્રયાસો તથા તેના પરિણામોનો ઇતિહાસ આપણી આજની ભૂમિકાના સંદર્ભમાં માર્ગદર્શક બની રહે તેવો છે. 2015-16નું વર્ષ અમૃતલાલ શેઠની સવાસોમી જન્મજયંતિનું વર્ષ છે. કલમના આ કર્મનિષ્ઠ સિપાહીને સ્મરણ કરીને તેમની સ્મૃતિને વંદન કરવાનો અવસર છે.

*

30

મેઘાણી, આકાશવાણી અને હેમુ ગઢવી

બગવદરના મેરાણી ઢેલીબેનને ત્યાં અને ગામ સમસ્તમાં એક ઇંતેજારીનો તથા ઉત્સુકતાનો માહોલ ઊભો થયો છે. મેઘાણી જેવા મહેમાન ઢેલીબેનને ત્યાં આવીને ઉતર્યા છે. 'ધોળા-ધોળા લૂગડામાં મોટી-મોટી આંખોવાળા' મે'માનને જોઇને આવકાર દેવાનું મન થાય તેવી પ્રતીતિ ઢેલીબેનને થઈ છે. ઢેલીબેન તેમના મીઠા કંઠે અસલ ઢાળમાં લોકગીતો ગાતા જાય અને મહેમાન સ્ફૂર્તિથી પોતાની નોંધપોથીમાં આ ગીતો ટપકાવતા જાય. ગાયા સિવાય ઢેલીબેનને ગીતોના શબ્દો સૂઝે નહી એટલે ગાતા જાય અને મેઘાણી પૂરી પ્રસન્નતા સાથે આ ગીતો ઝીલતા જાય. સ્વાન્ત: સુખાયનો કેવો મોટો અનુભવ આ બંને સાહિત્યના જીવોને થયો હશે? પરંતુ હવે મે'માન જમવા બેસે છે એ પ્રસંગ તો ઢેલીબેનના શબ્દોમાં સાંભળવો ગમે તેવો છે:

"...(મેઘાણીભાઈ) જમવા બેઠા. મહેમાન માટે રિવાજ પ્રમાણે પાટલો ઢાળ્યો હતો, પણ આ મહેમાન પાટલે ન બેઠા! હું ચૂલા પાસે નીચે બેસીને રોટલા ઘડતી હતી, તેથી પોતે પણ પાટલો ખસેડીને ભોંય પર બેઠા. પાટલા પર બેસવાનો આગ્રહ કર્યો તો કહે: રોટલા ઘડનાર નીચે બેસે અને ખાનાર ઊંચે પાટલા ઉપર બેસે એ ક્યાંનો ન્યાય?" નરોત્તમ પલાણ ઢેલીબેનની રૂબરૂ મુલાકાતનો સંદર્ભ આપીને લખે છે: "વયોવૃદ્ધ ઢેલીબેનની આંખમાંથી મેઘાણીભાઈની જીવંત તસવીર મેં પીધી!" વર્ષો પછી પોતાના મોંઘેરા મહેમાનને યાદ કરી ઢેલીબેન ભાવવિભોર થયા હતા.

લોકસાહિત્યને મેઘાણી જેવા ઋજુ હૃદયના સંશોધક મળ્યા તે સાહિત્યનો વિરલ તથા સુખદ યોગાનુયોગ છે. ધારદાર સાહિત્યનું નિર્માણ કે તેનું અસરકાર સંશોધન સુવિધાપૂર્ણ જગ્યાએ બેસીને ન થાય. તે માટે તો ધરતીનો ખોળો ખૂંદવો પડે. મેઘાણીભાઈએ તેમ કર્યું. હજુ જાણે ગઈકાલે જ આપણી વચ્ચેથી અલવિદા કહીને ગયેલા એવા કર્મશીલ લેખક-વિચારક મહાશ્વેતાદેવીએ પણ આમ જ કર્યું. સાહિત્યકારો અને સમાજ આવા કર્મયોગી સર્જકોના કપરા કર્મયોગથી અનેક ઉજળા પડછાયા નિહાળી શક્યા. અણખેડ્યા પંથ અને અણદીઠી ભોમની ખેપો કરીને શબ્દના મેઘાણી નામધારી આ સોદાગરે સાહિત્ય એકઠું કર્યું. પિંગળશીભાઈ લીલાએ લખ્યું છે તેમ: "મેઘાણીએ ધરણીના પડને ઢંઢોળીને નેકટેકની ખાતર ખપી ગયેલા અનેક વીરલાઓની વાતોને જગત સમક્ષ રજૂ કરી છે."

કોણ હવે કોદાળી લઈ ધરણી-પડ ઢંઢોળે?
કોણ હવે સમશાન જગાડી ખપી ગયેલાં ખોળે?

કોણ હવે કહેવાનો ગરવી ગૌરવની કહાણી?
અમર લોકથી આવ્ય અમારા શાયર મેઘાણી.

જીવનમાં પાંચ દાયકા પણ પૂરા ન કરી શકનાર આ સંશોધકે અનેક વિષયોનું ખેડાણ કરીને તેનું નવનીત સમાજને વહેંચ્યું છે. મેઘાણીભાઈના વ્યક્તિત્વમાં એક વશીકરણ હતું. બેઠી દડીનું શરીર, સ્વપ્નદર્શી આંખો તથા કાઠિયાવાડી ઢબનો સાફો (પાઘડી) તેમના વ્યક્તિત્વને ઓર નિખાર આપતા હતા. આ નખશિખ લોકસાહિત્યકાર શાંતિનિકેતનમાં ગયા તો ત્યાં પણ તેમને સાંભળવા સંસ્થા નિવાસીઓ ટોળે વળતા હતા. પહાડના આ બાળકનું વ્યક્તિત્વ તથા કૃતિત્વ પાઘડી હતા. 'સૌરાષ્ટ્ર', 'ફૂલછાબ' તથા 'જન્મભૂમિ'માં તેમની કલમ મહોરી ઊઠી હતી. પોતે પોતાના ઈમાન પર મુસ્તાક રહ્યા અને શબદના સોદાગરોને તે રાહે ચાલવા ઇશારો કર્યો.

હૈયા કેરી ધારણે તારે ઉર ઊઠે જે સૂર જી,
એ જ સૂરોને ઈમાની ભાઈ! ગાયા કર ચકચૂક...
જી... જી... શબદના વેપાર.

આપણાં સાહિત્યને જન-જન સુધી પહોંચાડવાના કામમાં આકાશવાણી(AIR)એ મહત્ત્વનું અને સુદીર્ઘ યોગદાન આપેલું છે. Public broadcasterની જવાબદારી સ્વીકારી તેનું હેતુપૂર્ણ રીતે વહન કરવું તે પડકારયુક્ત કાર્ય છે. સાહિત્યના-સંગીતના પ્રસારણ માટે આકાશવાણીમાં થયેલા અનેક પ્રયાસો ઉજળા ઇતિહાસનો વિષય છે. કોઈ પણ સાહિત્યિક કૃતિનું રેડિયો નાટકના સ્વરૂપે પ્રસારણ સાંભળીએ ત્યારે તેમાં મહત્ત્વનું યોગદાન આપનાર ચં. ચી. મહેતા સૌની નજર સામે તરે છે. આપણાં વિશાળ દેશમાં દરેક પ્રદેશની વિશેષ સંસ્કૃતિને અનુરૂપ ભિન્ન-ભિન્ન પ્રકારનું સાહિત્ય હોય છે. તુકારામની છાપ જે મરાઠી ભાષાના પદને લાગી હોય કે નરસિંહની ભાત જે ગુર્જરી ગીતોમાં ભરી હોય તે આપણી મોંઘેરી વિરાસત છે. રેડિયો તથા લોકકલાકારોના માધ્યમથી તે લોક સુધી પહોંચી શકી છે. નાનજી મિસ્ત્રી જેવા કસબીઓની કમાલ જાહેર કાર્યક્રમો ઉપરાંત આકાશવાણીના માધ્યમથી જનસમૂહ સુધી અસરકારક રીતે પહોંચી છે. આ જ રીતે ઢેબરભાઈ તથા રસિકભાઈ પરીખ જેવા સાહિત્યપ્રેમીઓની દીર્ઘદૃષ્ટિને કારણે અને દુલા ભાયા કાગ જેવાની રજૂઆતની અસાધારણ શૈલીને કારણે રાજકોટને રેડિયો સ્ટેશન મળ્યું.

રાજકોટ રેડિયો સ્ટેશન તરફથી સાહિત્યના અનેક સ્વરૂપોની સાથે લોકસાહિત્યનું જે પ્રસારણ થયું છે તેણે મેઘાણીભાઈના બળકટ લોકસાહિત્યને પાંખો પૂરી પાડી છે. રજૂઆતની શૈલીનું પણ એક આગવું મહત્ત્વ હોય તે વાત સર્વસ્વીકૃત છે. મેઘાણીભાઈ રચિત તથા સંશોધિત સાહિત્યની સરવાણીને હેમુ ગઢવી, ઈસ્માઈલ વાલેરા તથા વેલજી

ગજ્જર જેવા સમર્થ વાહકોનો કંઠ મળ્યો તે સોનામાં સુગંધ ભળ્યા જેવું કાર્ય થયું. મેઘાણીભાઈના ગીતો જાણે હેમુભાઈના કંઠમાં સોળે કળાએ મહોરી ઊઠ્યાં હતાં.

આભમાં ઊગેલ ચાંદલો ને જીજાબાઈને આવ્યા બાળ,
બાળુડાને માત હિંચોળે, ધણણણ ડુંગરા ડોલે.
શિવાજીને નિંદરું નાવે, માતા જીજાબાઈ ઝૂલાવે.

મેઘાણીભાઈએ જીવનના સંધ્યાકાળે સંતોની અમૃતવાણીનું જે સંશોધન કર્યું હતું તે ભજનોએ લોકસમૂહને ઘેલો કર્યો. નારાયણસ્વામી, યશવંત ભટ્ટ, કનુભાઈ બારોટ કે પ્રાણલાલ વ્યાસ જેવા મેઘકંઠીલા કલાધરોએ આ રચનાઓની પ્રસ્તુતિ કરીને તેમને ચાર ચાંદ લગાડી દીધાં.

હેમુ ગઢવી માત્ર છત્રીસ વર્ષની વયે અકાળે જ ડાયરામાંથી ઊભા થઈને વસમું પ્રયાણ કરી ગયા. હેમુભાઈના કંઠની લોકપ્રિયતાની પ્રતીતિ એ વાત પરથી થાય છે કે માત્ર છત્રીસ વર્ષની વયમાં જગતમાંથી એક્ઝિટ કરી જનાર આ કલાધરને આજે પણ લોકો સ્નેહપૂર્વક સંભારે છે. હેમુભાઈ રહ્યા નહી તેની ખોટ સમાજને સાલતી રહી છે. (2015) હેમુ ગઢવીની 50મી પુણ્યતિથિની ઉજવણી નિમિત્તે યોજવામાં આવેલા કાર્યક્રમોને જે વ્યાપક લોક પ્રતિસાદ મળ્યો તે આ વાતની ફરી ખાતરી કરાવે છે. જન્માષ્ટમીના દિવસે જ કૃષ્ણની બંસરીમાંથી છૂટો પડેલો સૂર જાણે ફરી કૃષ્ણની બંસરીમાં ભળી ગયો. મેઘાણીભાઈ લોકસાહિત્યને ગદ્ય-પદ્ય સ્વરૂપે પ્રગટ કરવામાં નૂતન શૈલીનું નિર્માણ કરી ગયા. હેમુ ગઢવીએ પણ પ્રસ્તુતિની એક નવતર શૈલી વિકસાવી, જેને લોકોએ આકંઠ માણી અને દિલોજાનથી વધાવી.

શામળદાસ કૉલેજ ભાવનગરમાં 1912થી ચારેક વર્ષનો સમય મેઘાણીભાઈએ પસાર કર્યો. ગાવાનો અને અભિનય કરવાનો શોખ ત્યારે જ પ્રગટ થયો હતો. કલાપી તેમના પ્રિય કવિ હતા. મહાકવિ ન્હાનાલાલના રાસ થકી તેમની લોકગીતો તરફની રસવૃત્તિ વિશેષ સચેત બની હતી. કવિની રસવૃત્તિ તેમના નિરંતર જનસંપર્ક તથા લોકસંવાદને આભારી છે. શ્રમિકોના ગીતોનું આકર્ષણ તેમને હંમેશાં રહ્યું છે. ભાવનગરના વસવાટ દરમિયાન એક ચણતરકામ પર કામ કરતી મજૂરણ બહેનોને તેમણે જોઈ. મજૂરણો ચણતરકામ કરવા માટે ટિપ્પણી લઈને પરિશ્રમનો પરસેવો વહાવતી હતી. ચણતર માટેનો માલ ખાંડતાં-ખાંડતાં તાલ અને સૂરમાં ગીતના શબ્દો રેલાવી પોતાના આકરા પરિશ્રમનો થાક ઓછો કરતી હતી. મેઘાણીના સંશોધક જીવને તો શ્રમિકો પાસેથી તાજા-નવા શબ્દો મળ્યાં.

કરસનજી તેડા મોકલે રે, રાધા! મારે મોલે આવ.
ઝીણા ઝરમર મેહ રે, ઝીણા ઝરમર મેહ.

જાઉં તો ભીંજાય ચૂંદડી રે, નહીતર તૂટે રે સનેહ,
ધોળી ભીંજાય મારી ચૂંદડી રે, મારે તો રાખવો સનેહ.

બહેનોના આ ટિપ્પણી નૃત્યમાં રાધા અને કાન વચ્ચેના સંબંધોનું માધુર્ય રસાતું હતું – ઘૂંટાતું હતું. વિદ્વાનોની વાણીને પણ જે દોહ્યલું છે તેવું શબ્દમાધુર્ય અને ભાવમાધુર્ય આ મજૂરણોની વાણીમાંથી ટપકતું હતું અને મરમી મેઘાણી કૃતકૃત્ય થઈને તે ઝીલતાં હતા.

મેઘાણીભાઈ અને હેમુ ગઢવીનું સ્મરણ ઑગસ્ટ માસમાં થાય તે સ્વાભાવિક છે. મેઘાણીભાઈની જન્મજયંતિ તથા હેમુભાઈની પુણ્યતિથિ આ મહિનામાં આવે તે વાત સાહિત્યરસિકોના ધ્યાન બહાર જતી નથી. જગતના લોકો કોઈને માનમોભો, નાણાં કે સત્તા આપે છે. ઘણાં લોકો આવા માનમોભાથી લાભાન્વિત થાય છે. પરંતુ જગતના લોકો સ્નેહ તો કોઈ-કોઈ વીરલાઓને જ આપે છે. એક વિશાળ લોકસમૂહ આ બંને સાહિત્યકર્મીઓ પર ઓળઘોળ થયેલ છે.

*

31

યે કહાની હૈ દિયે કી ઔર તુફાન કી

મોરબી અને મચ્છુ

સૌરાષ્ટ્ર-કચ્છની ઉત્સવપ્રિય તથા ભાતીગળ સંસ્કૃતિ ધરાવતી પ્રજાને શ્રાવણ માસનું વિશેષ મહત્ત્વ છે. અષાઢના મેહુલિયાએ ઉદારતા દાખવી હોય ત્યારે શ્રાવણના સરવડા પણ મીઠા લાગે છે. પ્રમાણમાં સૂકી એવી આ ધરતી નવા રૂપ અને રંગ ધારણ કરે છે. આ ધરતીમાં જ શ્રાવણ માસને પોતાની હાજરીથી વિશેષ ગરિમા આપતા દેવાધિદેવ મહાદેવ સોમનાથમાં બિરાજે છે. પૂરા દેશના લોકો આ જ્યોતિર્લિંગના દર્શનની મહેચ્છા રાખે છે. અનેક લોકમેળાઓ શ્રાવણની સુંદરતામાં મેઘધનુષી રંગો પૂરે છે. આવો જ માહોલ 1979ના વર્ષના શ્રાવણ માસમાં પણ હતો. સોનામાં સુગંધ ભળે તેમ 1979માં જન્માષ્ટમી તથા 15મી ઑગસ્ટ બંને એક જ દિવસે આવતા હતા. તે સમયમાં રાજકોટ જિલ્લાના મોરબી નગરના લોકો પણ આવા જ ઉમંગ-ઉત્સાહથી સાતમ-આઠમના તહેવારો માણવા થનગની રહ્યા હતા. તહેવારોની ઉજવણીમાં પરંપરા તથા આસ્થા એ બંને બાબતોનું પ્રાધાન્ય હોય છે. બાળકૃષ્ણના વધામણા માટે નગર તૈયાર થતું હતું. મોરબીની ઓળખ મચ્છુકાંઠાના નગર તરીકે સ્થાપિત થયેલી છે. મોરબીને શણગારી મચ્છુ નદી કચ્છના અખાતને મળે છે અને પોતાના અસ્તિત્વને આ ખારાપાટમાં ઓગાળે છે.

દેશ આઝાદ થયા પછી નદીઓના ધમમસતા પ્રવાહને નાથવા માટે બંધો બાંધવાનું કામ ઝડપી બનાવવામાં આવ્યું. નદીઓના ભારે પૂરથી થતી નુકસાનીમાંથી રાહત મેળવવા ઉપરાંત બંધનું નિર્માણ થયા બાદ ડેમનું પાણી પૂરું પાડીને ખેતી સમૃદ્ધ કરી શકાય છે, તે હકીકત સૌના ધ્યાનમાં હતી. કચ્છ તથા સૌરાષ્ટ્રમાં આમ પણ અપૂરતા તેમજ અનિયમિત વરસાદને કારણે ખેતીના ઉત્પાદન પર હંમેશાં માઠી અસર રહેવા પામતી હતી. આથી આ વિસ્તારની નદીઓ પર બંધ બાંધવાનો વિચાર થાય તે સ્વાભાવિક ઘટના છે. દેશ સ્વતંત્ર થયા બાદ અલગ સૌરાષ્ટ્ર રાજ્યની રચના કરવામાં આવી. સૌરાષ્ટ્ર સરકારે વાંકાનેર નગર પાસે મચ્છુ નદી પર એક ડેમના નિર્માણનો પ્રોજેક્ટ હાથ પર લીધો. આ બંધ મચ્છુ બંધ - 1 તરીકે ઓળખાયો. આ ડેમનું નિર્માણ થયા પછી પણ મચ્છુ નદીના પાણીના પ્રવાહને નિયંત્રિત કરીને બીજો એક બંધ બનાવી શકાય તેવી સ્થિતિ હતી અને વ્યાપક લાગણી પણ હતી.

આ રીતે મોરબી પાસે મચ્છુ-2 બંધનો વિચાર થયો. 1972માં આ બંધનું કામકાજ લગભગ પૂર્ણ કરવામાં આવ્યું. એક એવો ઐતિહાસિક સંદર્ભ ચર્ચામાં રહેલો છે કે 1920ના દસકામાં મોરબી ઠાકોર લખધીરજી જાડેજાએ એમની રાજધાનીના વિસ્તારના ખેડૂતોના લાભ માટે મચ્છુ નદી પર બંધ બાંધવાનો વિચાર કરેલો. તે સમયના દેશના સુવિખ્યાત તથા વિદ્વાન ઈજનેર સર એમ. વિશ્વેસરૈયાની આ બાબતમાં તાંત્રિક સલાહ-માર્ગદર્શન મોરબીના રાજવીએ મેળવેલા હતા. સર વિશ્વેસરૈયાને આ બંધ મોરબી નગરની સલામતી માટે યોગ્ય જણાયો ન હતો. આ સલાહ પરથી બંધ બાંધવાની યોજના જે-તે સમયે પડતી મૂકવામાં આવેલી તેમ કહેવાય છે. જોકે સત્તાવાર નોંધ મુજબ જમીનના હક બાબતની ગૂંચવણોને કારણે ઠાકોર લખધીરજીએ બંધ બાંધવાની યોજના પડતી મૂકી હતી.

1979ના ઑગસ્ટ માસમાં મચ્છુ – 2ના ભંગાણની જે ઘટના બની તે વિશ્વની કુદરતી દુર્ઘટનાઓની યાદીમાં સ્થાન મેળવે તેવી વિનાશકારી હતી. 1979ની 11મી ઑગસ્ટે બપોરે મચ્છુ-2 બંધ ઉપર માત્ર છ-સાત માણસો ઊભા હતા. નિયતિના પ્રલયકારી ખેલ સામે તેઓ લાચારીનો ભાવ અનુભવતા હતા. ધોધમાર વરસાદ અટકવાનું નામ લેતો ન હતો. પાણીની સપાટી સતત વધતી જતી હતી. પાણીના ધસમસતા પ્રવાહના મોજા કોંક્રીટના બંધની ટોચે અથડાતા હતા. ઉપરનો કાચો પાળો ગમે ત્યારે તૂટે તેવી સ્થિતિ સ્પષ્ટ થતી જતી હતી. હવે આ કુદરતી પ્રવાહને ખાળવાનું કામ માનવીએ બાંધેલ બંધ કરી શકે તેમ ન હતું. બંધના ટેલિફોન અને વાયરલેસ એકમો મહદ્અંશે ખોરવાઈ ગયા હતા. મચ્છુના પાણી વિકરાળ સ્વરૂપ ધારણ કરીને મોરબી તરફ ધસતા હતા.

નગરના અન્ય લોકોની જેમ મોરબીની તાલુકા જેલના કેદીઓને અસાધારણ તથા વિકરાળ સ્વરૂપધારી એવો વરસાદ તથા શેરીઓમાં ઉભરાતા પાણી ચિંતા કરાવતા હતા. સૌ કેદીઓ જેલના ખુલ્લા મેદાનમાં ઊભા રહી કુદરતનું તાંડવ નજરે જોતા હતા. કેદીઓની નજર સતત હાંફળાફાંફળા થઈને દોડધામ કરતા પોલીસના પરિચિત માણસો તરફ હતી. જેલની નજીક આવેલા પોલીસ સ્ટેશનની છત પર પોલીસના લોકો તેમના કુટુંબીજનો સાથે મરણિયા થઈને પહોંચવાની કોશિશ કરતા હતા. કેદીઓને થયું કે આપણે હવે શું કરવું? જેલની અંદરના દરેક ભાગમાં પણ પાણીનો જથ્થો સતત વધતો જતો હતો. તેઓ તાળાબંધ જગાએ હતા, એ વાતની પ્રતીતિથી કેદીઓના જીવ પડીકે બંધાયા હતા. સતત મથામણ પછી કેદીઓ પહેલા માળની બારીનો ટેકો લઈ કેદની ખોલીઓના છાપરે પહોંચ્યા. એકબીજાના સક્રિય તથા હિંમતભર્યા ટેકાથી આમ થઈ શક્યું. પાણીના ઊંચા મોજાઓ વધારે ને વધારે વિકરાળ થતા જતા હતા. કેદખાનાના છાપરે ઊભા રહીને કેદીઓએ કંપારી છૂટે તેવા દૃશ્યો નજરોનજર જોયા. અનેક લોકો તથા પ્રાણીઓ પાણીના વહેતા પ્રવાહમાં તરફડિયા મારતા હતા.

પાણીની રાક્ષસી શકિત સામે પામર માનવીનું જોર કેટલું? વહેતા પ્રવાહમાં કૂમળા બાળકો માનવીની પકડમાંથી છૂટી પડતા નજરે જોવા મળ્યાં. કેદીઓમાંથી બે-ત્રણ કેદીઓએ કોઈ અદૃશ્ય પ્રેરણાથી નિશ્ચય કર્યો: હવે જીવીએ કે મરીએ. આપણાંથી જેટલું બને તેટલું કરીએ. પાણીના સેલારા મારતા પ્રવાહમાં કેદીઓ તણાતા લોકોને બચાવી લેવાના કામમાં પડ્યા. પાણીના ઘૂઘવતા દરિયામાં જેલના આ બંદીવાન લોકો શક્ય બને તેટલા લોકોના મુકિતદાતા થવા કફન બાંધીને નીકળી પડ્યા હતા. માનવીના અંતરના ઊંડાણમાંથી માનવતાનું પવિત્ર ઝરણું ક્યારે અને કોનામાં પ્રગટ થશે તેના કોઈ ધારાધોરણ નથી હોતા. બચાવકાર્ય કરતા-કરતા આ કેદીઓની શકિત કપરા પરિશ્રમથી ઓગળવા લાગી. જે ઘાવ શરીર પર થયા તેની પીડા પોતે કરેલા બચાવના કાર્યના સંતોષ સામે આ મરજીવાઓને ફિક્કી લાગતી હતી.

જેમના સંગીતની પ્રસ્તુતિથી મોરબી નગર તથા રજવાડાની બેઠકો શણગાર સજતા હતા તેવા મીર પરિવારના ભાઈઓ-બહેનો મકાનના ધાબા પર ઊંચા શ્વાસે ચડતા હતા. પુરુષોએ પોતાના પૂરથી ઘેરાયેલા મકાનોમાં પાછા જઈ ઘરની કિંમતી ચીજવસ્તુઓ સલામત રાખવા માટે વિચાર કર્યો. મહિલાઓને આ વિચાર જોખમી તથા નિરર્થક જણાયો. મીર પરિવારની બહેનો પતિનું નામ લઈને ન બોલાવવાની પરંપરાગત રૂઢિઓ છોડી પોતાના પતિને નામ લઈને છત પર આવી જવા સમજાવતી હતી, વલવલતી હતી. તહેવારના કારણે બહેનોએ પહેરેલા ભારે કપડા તથા દાગીના આજે જીવલેણ બોજારૂપ પુરવાર થયા હતા. કુદરતની તાકાત સામે મોરબીના મરમી માનવીઓ લાચારીથી નતમસ્તકે ઊભા હતા.

મચ્છુ ડેમ હોનારતના સાડાત્રણ દાયકા પછી 'ઝીલો રે મચ્છુ'નો પડકાર પુસ્તક પ્રગટ થયું. ગુજરાતની જાણીતી સંસ્થા પ્રવીણ પ્રકાશન પ્રા. લિ. (રાજકોટ) તરફથી આ ગુજરાતી પુસ્તકનું પ્રકાશન હોનારતના દિવસને યાદ રાખીને 2015ની ઑગસ્ટની 11મી તારીખે કરવામાં આવ્યું. આ પુસ્તક જળ-હોનારતનો ભોગ બનેલા અને હાનિ ભોગવનારા નિર્દોષ માનવીઓને અર્પણ કરવામાં આવેલું છે. પુસ્તકના મૂળ લેખકો ઉત્પલ સાંડેસરા તથા ટોમ વૂટન છે. આ બંને લોકો અમેરિકાની હાવર્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ-સંશોધકો છે. વર્ષ 2006માં આ બંને સંશોધકોએ લગભગ ત્રણ મહિના સુધી જાતમાહિતી – મુલાકાતો અને દસ્તાવેજો પરથી આ પુસ્તક અંગ્રેજીમાં લખ્યું. લેખકોએ જણાવ્યું છે કે તેમને નિવેદન આપનારા લોકોના હિંમતભર્યા અને સરળ વ્રતાંત સિવાય આ કાર્ય થઈ ન શક્યું હોત. અનેક સરકારી અધિકારીઓ તેમજ સંસ્થાઓએ પણ લેખકોને ઉમળકાથી સહયોગ આપ્યો. માનવવેદનાની અને તેમાંથી પ્રગટ થતી કરુણા તથા વીરતાની અનેક વાતોનું રસ જળવાય તે રીતે આલેખન કરવા માટે આ બંને લેખકો આપણાં અભિનંદનના અધિકારી છે. મૂળ અંગ્રેજીમાં

લખાયેલા પુસ્તકનું ટાઇટલ 'No one had a tongue to speak' હતું. ગુજરાતી ભાષાંતર નિરંજન સાંડેસરાએ કરેલું છે.

સમીક્ષકોએ પુસ્તકોમાં રજૂ થયેલ વિગતો દરેક કાળમાં સાંપ્રત છે તેમ લખ્યું તે યથાર્થ છે. લોકો કામ કરતા જાય અને વેદનાના આંસુ પણ સારતા જાય તેવું વિરલ દૃશ્ય દુનિયાએ પૂરગ્રસ્ત મોરબીમાં જોયું. અનેક સંસ્થાઓ તથા વ્યક્તિઓ રાહત તથા પુન:નિર્માણના કામમાં સ્વેચ્છાએ જોતરાઈ ગઈ. આફતને પણ અવસરમાં પલટી નાખવાનો ગુજરાતીઓનો જુસ્સો જગતે જોયો. રાજ્યની સરકારે મોરબીમાં જ પડાવ પાથરીને ત્વરિત તથા અસરકારક નિર્ણયો કર્યા. તત્કાલીન મુખ્યમંત્રી બાબુભાઈ પટેલની વહીવટમાં જોવા મળતી માનવીય સંવેદનશીલતાનો અનુભવ મોરબીએ કર્યો. આમ છતાં મોરબીના નાગરિકોની ખુમારી તથા પ્રયાસો સિવાય જે કામ થયું તે થવા પામ્યું ન હોત.

કચ્છનો ભીષણ ભૂકંપ હોય, મુંબઈમાં તાજ હોટેલ ખાતે સર્જાયેલા હુમલાની કથા હોય કે મોરબીની મચ્છુ હોનારતની ઘટના હોય – અંતે તો તેમાંથી ભોગ બનેલા માનવીની અસાધારણ શક્તિ અને ખમીરના દર્શન થાય છે. સરકાર તથા સમાજ માટે આવી સંશોધન-ગાથાઓ અને તેનું સુયોગ્ય દસ્તાવેજીકરણ ભવિષ્યની સજ્જતા કેળવવા માટે ઉપયોગી તથા માર્ગદર્શક બની શકે છે.

*

32

મીઠા અને મરમી માનવીની વિદાય

લોકહૈયામાં બિરાજેલા હેમુ ગઢવીની ઓચિંતી વિદાયને જોતજોતામાં પાંચ દાયકાનો સમય પસાર થયો છે. હેમુભાઈ જાણે કાર્યક્રમો-નાટકો તથા આકાશવાણીના માધ્યમથી સૌરાષ્ટ્ર-કચ્છના ગામડેગામડે પહોંચ્યા હતા. અચાનક તેઓના જવાથી લોકસાહિત્યના ચાહકવર્ગમાં સન્નાટો પ્રસરી ગયો હતો. આમ થવા પાછળના કારણો પણ હતા. હેમુ ગઢવીની ખોટ કોણ પૂરી શકશે? લોકોના મનમાં આ પ્રશ્ન ઘોળાતો હતો. આવા ચિંતા તથા આતુરતાના કપરા કાળમાં જાંબુડાની ધરતીનું ધાવણ ધાવીને ઉછરેલો એક યુવાન ચારણ લોકસાહિત્ય જગતના મેદાનમાં આવ્યો. નમ્રતા, વિવેક તથા સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે આ કલાકારે સાહિત્યસેવાના પડકારરૂપ કાર્યમાં અને કપરા કાળમાં ઝંપલાવ્યું. આ કલાકારના બુલંદ તથા મીઠા અવાજ તરફ લોકસાહિત્યના ચાહકોનું ધ્યાન ગયું. જાંબુડાના લાખાભાઈ ગઢવી હેમુભાઈની ખોટ પૂરવાના યથાશક્તિ પ્રયાસ કરવા લાગ્યા. તેમના અનેક જાહેર કાર્યક્રમોમાં હેમુભાઈને યાદ કરીને તેઓએ પોતાની શૈલીથી સાહિત્યની લહાણ કરી. જગતે તેને પૂરા ભાવથી આવકારી તથા બિરદાવી.

જીવનના આઠ દાયકાની સફળ યાત્રા કરીને લાખાભાઈ 2016માં આપણી વચ્ચેથી વિદાય થયા. લોકસાહિત્યનું એક વટવૃક્ષ ધરાશાયી થયું. લાખાભાઈની વિદાય અનેક ચાહકો-સાહિત્યપ્રેમીઓને આકરી લાગી.

ચારણોના કેટલાક વિખ્યાત ગામોની યાદી બનાવીએ તો જાંબુડાનું નામ તેમાં અવશ્ય આવે. આજે પણ 70-80 ચારણકુટુંબો જાંબુડામાં રહે છે. લાંબા-જાળફળા-પાલિયા-ઠાકરિયા અને ભાન જેવી અલગ-અલગ અટક ધરાવતા ચારણ કુટુંબોના સંપ-સુલેહ અકબંધ રહેલા છે. ગામને આ પ્રતિષ્ઠા તેના સજ્જન, સેવાભાવી તથા વિદ્વાન વ્યક્તિઓના કારણે મળે તે સ્વાભાવિક છે. ગઈ કાલ સુધી આપણી વચ્ચે રહી સમાજ તથા સાહિત્યજગતને માર્ગદર્શન પૂરું પાડનાર મૂળુભાઈ પાલિયાસાહેબની સ્મૃતિ જાંબુડાને યાદ કરતાં થાય છે. એ જ રીતે લાખાભાઈ મૂળુભાઈ અને રાજાણી (લાંબા) કુટુંબના દેવસુરબાપુ જેવા રત્નો આ ગામે સમાજના ચરણે ધર્યા છે. લોકસાહિત્યના મર્મજ્ઞ અને સમર્થ વાહક લાખાભાઈ આ બધા લોકોના વારસદાર હતા.

સમાજમાં અનેક પ્રકારના કાર્યક્રમોનું આયોજન થતું રહે છે. સમાજનો મોટો વર્ગ નાટક, સંગીત, નૃત્ય જેવા કલાના સ્વરૂપને માણતો હોય છે. આવી અલગ-અલગ પ્રકારની અનેક પ્રસ્તુતિઓમાં લોકસાહિત્યનું એક જુદું સ્થાન જોવા મળે છે એમ

કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી. લોકસાહિત્ય થકી આપણાં સંસ્કાર-સંસ્કૃતિની અનેક વાતો જનસમુદાય સુધી પહોંચી છે. લાખાભાઈ તથા ભીખુદાનભાઈ (જૂનાગઢ) જેવા આપણાં મોટા ગજાના સાહિત્યમર્મીઓએ સમાજમાં સંસ્કાર સિંચન થાય તેવી વાતો કરી છે. લાખાભાઈ ઘણાં વર્ષો સુધી તેમના સમયના સૌથી વધારે લોકપ્રિય કલાકાર રહ્યાં. આવું સ્થાન આટલા વર્ષો સુધી જાળવી રાખવું તે સામાન્ય ઘટના નથી. લાખાભાઈ સાથે કાર્યક્રમોમાં ભાગ લેનાર કલાકારો પાસેથી અવારનવાર એ વાત સાંભળવા મળી છે કે લાખાભાઈ હંમેશાં પોતાની તથા સાથી કલાકારોની ગરિમા જળવાય તે બાબતમાં સજાગ રહેતા હતા.

આકાશવાણીમાં લાખાભાઈનું રેકોર્ડિંગ સારા એવા પ્રમાણમાં છે. લાખાભાઈનો બુલંદ કંઠ આજે પણ રેડિયો પર ગાજતો-ગૂંજતો રહે છે. હેમુભાઈએ ફિલ્મી ગીતોમાં પદાર્પણ કર્યું અને તેની એક જુદી ભાત પણ લોકો જોઈ શક્યા, પરંતુ દુર્ભાગ્યે હેમુભાઈ ત્યારબાદ લાંબુ રહ્યાં નહી. લાખાભાઈએ આ દિશામાં ઠાઠથી પ્રયાણ કર્યું અને ફિલ્મોમાં પોતાનો સુરીલો કંઠ રેલાવ્યો. આઈ.એન.ટી. જેવી સંસ્થાના નાટકોને પણ લાખાભાઈના સ્વરે શોભાયમાન કર્યા.

જાહેર કાર્યક્રમોમાં પ્રેક્ષકોને જકડી રાખવાની એક આગવી સૂઝ તથા સમજ લાખાભાઈમાં હતી. ભાવનગરના આવા જ ડાયરાના એક કાર્યક્રમમાં કવિ શ્રી દાદની એક પ્રસિદ્ધ રચના રજૂ કરવા માટે પ્રેક્ષકોમાંથી ફરમાઈશ આવી. પ્રેક્ષકોના ફરમાઈશને લગતા આવા ગણગણાટ વચ્ચે કોઈકે કહ્યું: "આ રચના તો હમણાં જ બીજા એક જાણીતા કલાકાર ડાયરાના એક કાર્યક્રમમાં રજૂ કરીને ગયા છે." ચકોર લાખાભાઈના ધ્યાન બહાર આ કોમેન્ટ કેવી રીતે જાય? આ પછી લાખાભાઈએ બાજી સંભાળી. બ્રહ્માનંદસ્વામીના ચારણી શૈલીના છંદથી તેમણે શ્રીગણેશ કર્યા. લોકોને બ્રહ્માનંદસ્વામીના શબ્દની તાકાત અને લાખાભાઈના સ્વરની તાકાતનો પરિચય થયો. એકચિત્તે અને શાંતિપૂર્વક લોકો હવે લાખાભાઈ કઈ પ્રસ્તુતિ કરશે તેની ઉત્સુકતામાં બેઠા હતા. હવે લાખાભાઈએ જે શબ્દો કહ્યાં તેમાં ચારણની ચતુરાઈ અને હાજરજવાબીપણાંની પ્રતીતિ થાય છે. લાખાભાઈએ પ્રેક્ષકો સાથે આંખ મિલાવી વિશ્વાસપૂર્વક કહ્યું:

"અમારા કવિ દાદની રચના રજૂ કરવાની હમણાં જ ફરમાઈશ થઈ. રચના તો અદ્ભુત છે, પરંતુ કોઈકે એમ પણ કહ્યું કે આ રચના સાંભળી છે, તેથી તેની ફરી પ્રસ્તુતિ શા માટે કરવી? પરંતુ, મિત્રો! દરેક પ્રસ્તુતિ સમાન નથી હોતી. ભલે રચના એક જ હોય. આપણો અનુભવ છે કે ઘઉંના ફાડા એક જ હોય, પરંતુ તેમાંથી થૂલી પણ બને અને મનભાવન લાપસી પણ બની શકે અને મિત્રો! આ લાખો ગઢવી આજે તમને લાપસી પીરસવાનો છે!" પછી તરત બુલંદ કંઠે કવિ દાદની રચના ઉપાડી:

ધડ ધીંગાણે જેના માથા મસાણે,
એનો પાળિયો થઈને પૂજાવું,
ઘડવૈયા! મારે ઠાકોરજી નથી થાવું.

આજે અનેક વર્ષો પછી સ્મૃતિમાંથી એ વાત ખસતી નથી કે આ રચના પૂરી થયા બાદ જે તાળીઓના અવિરત ગડગડાટ લાંબા સમય માટે ગૂંજતા રહ્યા તેવો અનુભવ ભાગ્યે જ થયો છે. લાખાભાઈ કલાકારોમાં 'મુઠ્ઠી ઊંચેરા' હતા.

ભગતબાપુએ લખ્યું:

ચારણો સૌ સરસ્વતીને સેવે
ગીતા રામાયણ ગાય.

પિતાના 'રામાયણ'ના સંસ્કાર લાખાભાઈને મળ્યા હતા. 'રામાયણ' તથા 'સૌરાષ્ટ્રની રસધાર' અને 'કાગવાણી'ની અનેક રચનાઓ આ દેવીપુત્રના ગળે શોભતી હતી.

હેમુભાઈ બહુ વહેલા ગયા. બચુભાઈ (વઢવાણ) પણ એક અલગ છાપ છોડીને સિધાવ્યા. ઈશ્વરદાનની તથા દાદુભાઈ ખુમદાનની અણધારી વિદાય સૌને આઘાત આપી ગઈ. ભાઈ હરસુરની મધુર યાદો તેની વિદાય પછી પણ સ્મૃતિમાં લીલીછમ રહી છે. આજે સંસ્કારની આ મોંઘેરી ધરોહરને સાચવી ભીખુદાનભાઈ અજવાળા પાથરે છે, જેની નોંધ ભારત સરકારે લીધી છે. નવા ચહેરાઓ લોકસાહિત્યના ક્ષેત્રમાં પ્રવેશ્યા છે અને તેમને સફળતા પણ મળેલી છે. આ યુવાન કલાકારો આપણાં સાહિત્યનું ઉજળું ભવિષ્ય સૂચવે છે. લાખાભાઈની વિદાય એ એક ભાતીગળ વ્યક્તિત્વની વિદાય છે. દુષ્કાળ સો વર્ષે પડે તોય આકરો લાગે તેવી આ બાબત છે. આઈ શ્રી સોનબાઈમા તથા ભગતબાપુની પ્રસન્નતા લાખાભાઈએ ભરપૂર મેળવી હતી. આવી કૃપાદૃષ્ટિ લાખાભાઈની ખરી મૂડી છે. સાહિત્યપ્રેમીઓના દિલમાં લાખાભાઈનું સ્થાયી સ્મારક રચાયેલું છે.

મીઠપવાળા માનવી, જગ છોડી જાશે,
કાગા એની કાણ, ઘરોઘર મંડાશે.

(સમાપ્ત)